નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે

# સુભાષિત પદ્ય રત્નાકર

- ભાગ બીજો -

-: પ્રકાશક :-

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

# સુભાષિત પદ્ય રત્નાકર

- ભાગ બીજો -

-: સંગ્રાહક અને અનુવાદક :-

**મુનિરાજ શ્રી વિશાળવિજયજી**

-: પ્રેરક :-

**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્**
**વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

-: પ્રકાશક :-

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

C/o. બી. સી. જરીવાલા
શોપ નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ, 'ઈ' રોડ, મુંબઈ-૨

C/o. ચંદ્રકાંત એસ. સંઘવી
૬, બી, અશોકા કોમ્પ્લેક્ષ,
પાટણ (ઉ.ગુ.)

સંવત : ૨૦૬૦ મૂલ્ય : ૬૦/-

મુદ્રણ : **પારસ પ્રિન્ટસ**, ફોર્ટ, મુંબઈ -૧ : ફોન ૨૨૮૨૫૭૮૪

## 卐 દિવ્યકૃપા 卐

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ, ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

## 卐 શુભાશિષ 卐

પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

## 卐 પુણ્યપ્રભાવ 卐

પરમ પૂજ્ય સમતાસાગર સ્વ. પંન્યાસજી

**શ્રી પદ્મવિજયજી ગણિવર્યશ્રી**

## 卐 પ્રેરણા-માર્ગદર્શન 卐

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**



કર્મ સાહિત્ય વિશારદ સિદ્ધાંત મહોદધિ
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



મોક્ષ માર્ગના સાચા સારથી

સૂરિપ્રેમના આજ્ઞાંકિત પટ્ટાલંકાર

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

# 卐 શ્રુતભક્તિ-અનુમોદન 卐

સુભાષિતો ને સુક્તિઓના સંગ્રહરૂપ

પ્રસ્તુત **શ્રી સુભાષિત પદ્ય રત્નાકર**ના

આ **દ્વિતીય ભાગ**ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુસૂરિશ્વરજી મ.** ના પટ્ટપ્રભાવક

ગચ્છાધિપતિ શ્રી આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી મ.** ના

સં.૨૦૫૯ ના યશસ્વી ચાતુર્માસની સ્મૃતિ નિમિત્તે-

**શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ,**

**ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ**

તરફથી જ્ઞાનનિધિમાંથી લેવામાં આવ્યો છે.

ટ્રસ્ટ, સંઘના આ સુકૃતની ભૂરિ ભૂરિ

અનુમોદના કરે છે.

લી. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ** *(મુંબઈ)*

# ॥ सूरिप्रेमाष्टकम् ॥

*रचयिता - पंन्यासः कल्याणबोधिविजयगणी*

*(उपजाति)*

प्रकृष्टशक्तावपि मुक्तवान् यो
व्याख्यानदानं परसत्त्ववान् हिः ।
ब्रह्मैकनिष्ठामनुपालनाय
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥१॥

मिष्टान्नभोज्यानि फलानि यो हि
आम्रप्रमुखाण्यपि भुक्तवान्न ।
मां जिह्मजिह्वाजडनागपाशात्
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥२॥

आक्रोशसोढाऽनपराधकारी
स्वरक्षणे यस्य न काऽपि वाञ्छा।
अहो! प्रशान्ति-र्नतमस्तकर्षिः
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥३॥

वृद्धेऽपि काये बहुरुग्निकाये
न यस्य काङ्क्षा प्रतिकर्मणे हि ।
अन्तोऽरियोद्धा भवभीतिधर्ता
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥४॥

मुग्धीकृता दृक् चरितं निरीक्ष्य
गुणैकपश्या - परिकुण्ठितापि ।
यन्नामतो सिध्यति वाञ्छितं द्राक्
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥५॥

आयुःक्षयेण च्युतयोगयागः
*समागतश्चैव गतश्च सेद्धुं* ।
प्राणाँश्च दत्त्वा जिनशासनाय
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥६॥

क्वासन्नसिद्धस्य पुनो मयाप्तिः?
क्व तद्गुणाब्धे-र्लवलेशलब्धि?
तथापि याचे भवरागनागात्
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥७॥

यदीयसेवा इयमेव शिष्टा
यदाशयस्य प्रतिपालनैव ।
*श्रीहैमचन्द्रे*प्सितमेकमेव
पायात्स पापात् परमर्षि-प्रेमः ॥८॥

卐 卐 卐

# ॥ सूरिभुवनभान्वष्टकम् ॥

*रचयिता - पंन्यासः कल्याणबोधिविजयगणी*

*(वसंततिलका)*

सज्ज्ञानदीप्तिजननैक-सहस्रभानो !
सद्दर्शनोच्छ्रयविधौ परमाद्रिसानो !
दुष्कर्मभस्मकरणैकमनःकृशानो !
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥१॥

यो वर्द्धमानतपसामतिवर्द्धमान -
भावेन भावरिपुभिः प्रतियुध्यमानः ।
क्रुच्छद्मलोभरहितो गलिताभिमानो
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥२॥

तेजः परं परमतेज इतो समस्ति
कुदृष्टिभिद्तदमिचंदनि चामिदृष्टिः ।
भूताऽपि शैलमनसां नयनेऽश्रुवृष्टिः
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥३॥

तुभ्यं नमो भविकपङ्कजबोधभानो !
तुभ्यं नमो दुरितपङ्कविशोषभानो !
तुभ्यं नमो निबिडमोहतमोघ्नभानो !
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥४॥

गुणैर्महानसि गुरो ! गुरुताप्रकर्ष !
पापेष्वपि प्रकृतदृष्टिपियूषवर्ष !
वृत्त्यैकपूतपरिशुद्धवचोविमर्श !
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥५॥

कल्लोलकृद्वरकृपा भवतो विभाति
विस्फुर्जते लसदनर्घ्यगुणाकरोऽन्तः ।
गम्भीरताऽतिजलधे ! नयनिम्नगाधे !
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥६॥

सीमानमत्र न गता न हि सा कलाऽस्ति
प्रक्रान्तदिक्सुगुणसौरभभाग्गुरोऽसि
दृष्टाश्च दोषनिकरा दशमीदशायां
भावाद् भजे भुवनभानुगुरो ! भवन्तम् ॥७॥

त्वद्पादपद्मभ्रमरेण देव ।
*श्रीहेमचन्द्रो*क्तिकृता सदैव ।
भानो ! नुतोऽसि भूरिभक्तिभावात्
त्वत्संस्मृतिसाश्रुससम्भ्रमेण ॥८॥ (इन्द्रवज्रा)

卐 卐 卐

# પ્રકાશકીય

જિનશાસનના વિવિધ શાસ્ત્રોમાંથી સુભાષિત પદ્યોનો સંગ્રહ એટલે **સુભાષિત-પદ્ય-રત્નાકર.** યદ્યપિ સુભાષિત વિષે સુભાષિત રત્નભાંડાગારાદિ પ્રખ્યાત છે પરંતુ તેમાં મુખ્યત્વે અજૈન ગ્રંથોના સુભાષિતોનો સંગ્રહ છે, જ્યારે અહીં જૈનગ્રંથરત્નના સુભાષિતો મુખ્યતયા સંગૃહિત થયા છે તથા તે ભાષાંતરસહિત આપ્યા છે. **મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજાએ** અભ્યાસકાળ દરમ્યાન સંગૃહિત કરેલ શ્લોકોને 'સર્વજનહિતાય' ને 'સર્વજનસુખાય' ની ભાવનાથી સર્વને વિષયવાર અલગ પાડીને ગુજરાતી ભાષાંતર સહિત ૪ ભાગમાં રજૂ કર્યા છે. જે ખરેખર પરિશ્રમ માંગી લે તેવું કાર્ય છે. તેની સમર્થતા અને ઉપયોગિતા જાણવા કિંચિદ્ વક્તવ્ય અને અનુક્રમણિકા જોવા સુજ્ઞ વાંચકોને ભલામણ છે.

પૂ. મુ. શ્રી વિશાળવિજયજી સંપાદિત આ ગ્રંથના ચારેય ભાગ **શ્રી વિજય ધર્મસૂરિ જૈન ગ્રંથમાળા** તરફથી પ્રકાશિત થયેલા

છે. આ પુનઃ પ્રકાશન પ્રસંગે પૂર્વ સંપાદકનો ઉપકાર માનીએ છીએ તથા પૂર્વ પ્રકાશક પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યકત કરીએ છીએ.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ આજથી ૨૬ વર્ષ પૂર્વે સાત ક્ષેત્રની ભક્તિ અર્થે સ્થપાયેલ...જિનશાસનના વિવિધ કાર્ય કરતાં કરતાં **'શ્રુતરક્ષા'** એ તેનું અભિન્ન અંગ બની રહ્યું. પૂર્વ મહાપુરૂષો રચિત-સંપાદિત અને હાલ જીર્ણ-શીર્ણ અવસ્થાને પામેલા શાસ્ત્રોને અભયદાન એ તેનો ઉદ્દેશ રહ્યો છે. પ્રભુની શ્રુત પરંપરા હજી ૧૮,૫૦૦ વર્ષ સુધી અખંડ ચાલી રહે એ જ એક ઉદાર આશયથી આજ સુધીમાં લગભગ ૩૦૦ પુસ્તકો પ્રકાશિત કરીને શ્રી સંઘને ચરણે ભેટ ધરવામાં આવ્યા છે. **પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ.શ્રી.વિ. હેમચંદ્રસૂરિશ્વરજીના મ.** ની પ્રેરણા અને માર્ગદર્શન એ જ અમારા ટ્રસ્ટનો પ્રાણ છે. હજી પણ પૂજ્યશ્રી અમારા પર અનુગ્રહ કરે અને અમે વધુ શ્રુતરક્ષા ને શાસનસેવા કરી શકીએ એ જ અંતરની અભ્યર્થના સહ.

**દ. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ વતી,**
**શ્રી ચંદ્રકુમાર બાલુભાઈ જરીવાલા**
**શ્રી લલિતકુમાર રતનચંદ કોઠારી**
**શ્રી પુંડરિકભાઈ અંબાલાલ શાહ**

# શ્રુતસમુદ્ધારક

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.ના ઉપદેશથી)

૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ.પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૪. શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ.પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ
(પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ
(પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ

૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ.
(આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૦. શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ.
(આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૧. શ્રી દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ.
(પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ. મ.સા.ની પ્રેરણાથી)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ
(પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગળપારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ.
(પ.પૂ. આચાર્યદેવ શ્રી રૂચકચંદ્ર સૂરિ મ. ની પ્રેરણાથી)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
(પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા.
(સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પૂ. મુનિ શ્રી કલ્યાણબોધિ વિ.મ.ની પ્રેરણાથી)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ. ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ.
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ. ની પ્રેરણાથી)

૨૩. શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ.
(પ.પૂ. આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા. ની પ્રેરણાથી)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૨૬. શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત.
(વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ.
(પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબના સંવત ૨૦૫૩ ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ), મુંબઈ.
(મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પ્રેરક - મુનિશ્રી સંયમબોધિ વિ. મ.)

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ.
(પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસુરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ ના ચાતુર્માસ નિમીત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા. ની પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨.

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના.
(પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના.
(પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત.
(પૂ. પં. અક્ષયબોધિ વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ.
(મુનિશ્રી અપરાજિત વિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૩૭. શ્રી જવાહરનગર જૈન શ્વે. મૂર્તિ પૂજક સંઘ, ગોરેગામ, મુંબઈ
(પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)

૩૮. શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પૂ. પ્ર. શ્રી રંજનશ્રીજી મ.સા. પૂ.પ્ર. શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ
(પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈ)
(પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી.
(પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્યની તથા પૂ. પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨. શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.

૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.
(પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ.
(પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ.

૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ પૂ. જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(પ્રેરક - ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ. મ.)

૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈનનગર, અમદાવાદ
(પૂ. મુનિશ્રી સત્યસુંદર વિ. ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ - મુંબઈ
(પ્રેરક-પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી)

૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ

૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન, દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ. બાબુલનાથ, મુંબઈ
(પ્રેરક - મુનિશ્રી સત્ત્વભૂષણ વિજયજી)

૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક - ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)

૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ. બાણગંગા, મુંબઈ.
(પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.)

૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઈ.
(પ્રેરક - મુનિશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસજી શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ.
(પ્રેરક - ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)

૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ.
(પ્રેરક - મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા (ઈસ્ટ)
(કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.)

૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ
(પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.)

૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા
(પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ - કોલ્હાપુર
(પ્રેરક- પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)

૬૦. શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ
(પ્રેરક- પૂ. પુણ્યરતિ વિજયજી મહારાજા)

૬૧. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ
(પ્રેરક- પૂ. પં. શ્રી ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા
પૂ. પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિવર્ય)

૬૨. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના
(પં. કલ્યાણબોધિ વિજયજીની વર્ધમાન તપ સો ઓળીની
અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજીની પ્રેરણાથી)

૬૩. ઓમકાર સૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત
(પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિશ્રી
જિનેશરત્નવિજયજી મ.)

૬૪. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

૬૫. શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગામ

૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ
(પ્રેરક- પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ

૬૮. શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ,
પાર્લા, મુંબઈ

# શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ
# દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

૧ જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ સટીક કાયસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક.
૨ ન્યાયસંગ્રહ સટીક.
૩ ધર્મસંગ્રહ સટીક ભાગ-૧
૪ ધર્મસંગ્રહ સટીક ભાગ-૨
૫ ધર્મસંગ્રહ સટીક ભાગ-૩
૬ જીવસમાસ ટીકાનુવાદ
૭ જંબુદ્વીપ સંગ્રહણી સટીક
૮ સ્યાદ્વાદમંજરી સાનુવાદ
૯ સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર
૧૦ બૃહત્ ક્ષેત્રસમાસ સટીક
૧૧ બૃહત્ સંગ્રહણી સટીક
૧૨ બૃહત્ સંગ્રહણી સટીક
૧૩ ચેઈયવંદણ મહાભાસ
૧૪ નયોપદેશ સટીક
૧૫ પુષ્પમાળા (મૂળ અનુવાદ)
૧૬ મહાવીરચરિયં
૧૭ મલ્લિનાથ ચરિત્ર
૧૮ વાસુપૂજ્ય ચરિત્ર
૧૯ શાંતસુધારસ સટીક
૨૦ શ્રાદ્ધગુણ વિવરણ
૨૧ તત્ત્વજ્ઞાન તરંગિણી
૨૨ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૩/૪
૨૩ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૫/૬
૨૪ અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ
૨૫ મુક્તિપ્રબોધ
૨૬ વિશેષણવતીવંદન પ્રતિક્રમણ અવચૂરી
૨૭ પ્રવ્રજ્યા વિધાનકુલક સટીક
૨૮ ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક)
૨૯ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૧ છાયા સાથે)
૩૦ વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૨ છાયા સાથે)
૩૧ વ્યવહાર શુદ્ધિ પ્રકાશ
૩૨ અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ
૩૩ પ્રકરણ સંદોહ

૩૪ ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક
૩૫ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ - ભાગ-૧ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)
૩૬ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ - ભાગ-૨ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)
૩૭ પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન)
૩૮ સંબોધસપ્તતિ સટીક
૩૯ પંચવસ્તુ સટીક
૪૦ શ્રી જંબુસ્વામી ચરિત્ર
૪૧ શ્રી સમ્યક્ત્વ સપ્તતિ સટીક
૪૨ ગુરુ ગુણ ષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક
૪૩ સ્તોત્ર રત્નાકર
૪૪ ઉપદેશ સપ્તતિ
૪૫ ઉપદેશ રત્નાકર
૪૬ શ્રી વિમલનાથ ચરિત્ર
૪૭ સુબોધા સમાચારિ
૪૮ શાંતિનાથ ચરિત્ર ગ્રંથ
૪૯ નવપદ પ્રકરણ સટીક ભાગ-૧
૫૦ નવપદ પ્રકરણ સટીક ભાગ-૨
૫૧ નવપદ પ્રકરણ લઘુ વૃત્તિ
૫૨ શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ
૫૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર
૫૪ વિજયપ્રશસ્તિ ભાષ્ય (વિજયસેનસૂરિ ચરિત્ર)
૫૫ કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃતદ્વયાશ્રય)
૫૬ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૧
૫૭ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૨
૫૮ ઉપદેશ પદ ભાગ-૧
૫૯ ઉપદેશ પદ ભાગ-૨
૬૦ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૧
૬૧ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૨
૬૨ પાર્શ્વનાથ ચરિત્ર
૬૩ વિચાર રત્નાકર
૬૪ ઉપદેશ સપ્તતિકા
૬૫ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ
૬૬ પુષ્પ પ્રકરણ માળા
૬૭ ગુર્વાવલી
૬૮ પુષ્પ પ્રકરણ
૬૯ નેમિનાથ મહાકાવ્ય
૭૦ પાંડવ ચરિત્ર ભાગ-૧
૭૧ પાંડવ ચરિત્ર ભાગ-૨
૭૨ પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય
૭૩ હીર પ્રશ્નોત્તરાણિ

૭૪ ધર્મવિધિ પ્રકરણ
૭૫ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૧
૭૬ દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
૭૭ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨-૩
૭૮ પ્રકરણત્રયી
૭૯ સમતાશતક (સાનુવાદ)
૮૦ ઉપદેશમાળા-પુષ્પમાળા
૮૧ પૃથ્વીચંદ્ર ચરિત્ર
૮૨ ઉપદેશમાળા
૮૩ પાઈયલચ્છી નામમાલા
૮૪ દોઢસો સવાસો ગાથાના સ્તવનો
૮૫ દ્વિવર્ણ રત્નમાલા
૮૬ શાલિભદ્ર ચરિત્ર
૮૭ અનંતનાથ ચરિત્ર પૂજાષ્ટક
૮૮ કર્મગ્રંથ અવચૂરી
૮૯ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા.-૧
૯૦ ધર્મબિન્દુ સટીક
૯૧ પ્રશમરતિ સટીક
૯૨ માર્ગણાદ્વાર વિવરણ
૯૩ કર્મસિદ્ધિ
૯૪ જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
૯૫ ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
૯૬ ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
૯૭ સવાસો દોઢસો ગાથાના સ્તવનો
૯૮ દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા
૯૯ કથાકોષ
૧૦૦ જૈન તીર્થ દર્શન
૧૦૧ જૈન કથા સંગ્રહ ભાગ-૧
૧૦૨ જૈન કથા સંગ્રહ ભાગ-૨
૧૦૩ જૈન કથા સંગ્રહ ભાગ-૩
૧૦૪ રયણસેહર નિવકહા સટીક
૧૦૫ આરંભસિદ્ધિ
૧૦૬ નેમિનાથ ચરિત્ર ગદ્ય
૧૦૭ મોહોન્મુલનમ્ (વાદસ્થાનમ્)
૧૦૮ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૦૯ શ્રી ચંદ્રપ્રભસ્વામી ચરિત્ર (અનુવાદ)
૧૧૦ આપણા જ્ઞાનમંદિરો
૧૧૧ પ્રમાલક્ષણ
૧૧૨ આચાર પ્રદીપ
૧૧૩ વિવિધ પ્રશ્નોત્તર
૧૧૪ આચારોપદેશ અનુવાદ
૧૧૫ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧
૧૧૬ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨
૧૧૭ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૧
૧૧૮ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૨

૧૧૯ ચૈત્યવંદન ચોવીશી તથા પ્રશ્નોત્તર ચિંતામણી
૧૨૦ દાન પ્રકાશ (અનુવાદ)
૧૨૧ કલ્યાણ મંદિર-લઘુશાંતિ સટીક
૧૨૨ ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩ પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
૧૨૪ જૈન કુમારસંભવ મહાકાવ્ય
૧૨૫ દેવચંદ્ર સ્તવનાવલિ
૧૨૬ આનંદકાવ્ય મહોદધિ ભાગ-૧
૧૨૭ શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ સાથે)
૧૨૮ જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯ પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ
૧૩૦ પ્રાચીન કોણ શ્વેતામ્બર કે દિગમ્બર (ગુજરાતી)
૧૩૧ જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
૧૩૨ સુમતિ ચરિત્ર (અનુવાદ)
૧૩૩ તત્ત્વામૃત (અનુવાદ)
૧૩૪ ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૧
૧૩૫ ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર પર્વ-૨
૧૩૬ જૈન કથા સંગ્રહ ભાગ-૪ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૭ જૈન કથા સંગ્રહ ભાગ-૫ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૮ જૈન કથા સંગ્રહ ભાગ-૬ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૯ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૧
૧૪૦ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૨
૧૪૧ શ્રીમોક્ષપદ સોપાન (ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ)
૧૪૨ રત્નશેખર રત્નવતી કથા (પર્વતિથિ માહાત્મ્ય પર)
૧૪૩ ષષ્ઠિશતકમ્ (સાનુવાદ)
૧૪૪ નમસ્કાર મહામંત્ર (નિબંધ)
૧૪૫ જૈન ગોત્ર સંગ્રહ (પ્રાચીન જૈન ઈતિહાસ સહિત)
૧૪૬ નયમાર્ગદર્શન યાને સાતનયનું સ્વરૂપ
૧૪૭ મહોપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજા ચરિત્ર
૧૪૮ મુક્તિ માર્ગદર્શન યાને ધર્મપ્રાપ્તિના હેતુઓ
૧૪૯ ચેતોદૂતમ્
૧૫૦ મૂર્તિમંડન પ્રશ્નોત્તર
૧૫૧ પિંડવિશુદ્ધિ અનુવાદ
૧૫૨ નંદિસૂત્ર (મૂળ)
૧૫૩ નંદિસૂત્ર સટીક (બીજી આવૃત્તિ)

૧૫૪ નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
૧૫૫ અનુયોગ દ્વાર સટીક
૧૫૬ દશવૈકાલિક સટીક
૧૫૭ દશવૈકાલિક સટીક
૧૫૮ ઓઘનિર્યુક્તિ સટીક
૧૫૯ પિંડનિર્યુક્તિ સટીક
૧૬૦ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૧ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૨ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૩ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૪
૧૬૪ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૫ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૬ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૭ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૧
૧૬૮ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૨
૧૬૯ આવશ્યક સૂત્રની દીપિકા ભાગ-૩
૧૭૦ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૧
૧૭૧ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૨
૧૭૨ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૩
૧૭૩ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૧
૧૭૪ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૨
૧૭૫ જીવાજીવાભિગમ સૂત્ર ભાગ-૧
૧૭૬ જીવાજીવાભિગમ સૂત્ર ભાગ-૨
૧૭૭ રાજપ્રશ્નીય
૧૭૮ આચારાંગ દીપિકા
૧૭૯ ભગવતી સૂત્ર ભાગ-૧
૧૮૦ ભગવતી સૂત્ર ભાગ-૨
૧૮૧ ભગવતી સૂત્ર ભાગ-૩
૧૮૨ પન્નવણા સૂત્ર સટીક ભાગ-૧
૧૮૩ પન્નવણા સૂત્ર સટીક ભાગ-૨
૧૮૪ ઋષિભાષિતસૂત્ર
૧૮૫ હારિભદ્રીય આવશ્યક ટીપ્પણક
૧૮૬ સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક
૧૮૭ આચારાંગ દીપિકા ભાગ-૧
૧૮૮ સૂત્રકૃતાંગ દીપિકા
૧૮૯ ઠાણાંગ સટીક ભાગ-૧
૧૯૦ ઠાણાંગ સટીક ભાગ-૨
૧૯૧ અનુયોગદ્વાર મૂળ
૧૯૨ સમવાયાંગ સટીક
૧૯૩ આચારાંગ દીપિકા ભાગ-૨
૧૯૪ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૧
૧૯૫ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૨
૧૯૬ ભગવતી સૂત્ર
૧૯૭ કલ્પસૂત્ર પ્રદીપિકા
૧૯૮ કલ્પસૂત્ર કૌમુદિ
૧૯૯ આનંદ કાવ્ય મહોદધિ ભાગ-૩

२०० श्री श्रुतज्ञान अमीधारा
२०१ उत्तराध्ययन सूत्र-मूळ
२०२ उपधान विधि प्रेरक विधि
२०३ हीरस्वाध्याय भाग-१
२०४ हीरस्वाध्याय भाग-२
२०५ चैत्यवंदनादि भाष्यत्रयी (विवेचन)
२०६ भोजप्रबंध
२०७ श्री वस्तुपाल चरित्र (भाषान्तर)
२०८ श्री योगबिंदु सटीक
२०९ गुरु गुण रत्नाकर काव्यम्
२१० जगद्गुरु काव्यम्
२११ योगदष्टिसमुच्चय (अनुवाद)
२१२ जैन ज्योतिर्ग्रंथ संग्रह
२१३ प्रमाण परिभाषा
२१४ प्रमेय रत्नकोष
२१५ जैन स्तोत्र संग्रह भाग-२
२१६ श्री योगदष्टिसमुच्चय (भावानुवाद)
२१७ नवस्मरण (ईंग्लीश सार्थ सानुवाद)
२१८ आठ दष्टिनी सज्झाय
२१९ आगमसार (देवचंद्रजी)
२२० नयचक्रसार (देवचंद्रजी)
२२१ गुरुगुणषट्त्रिंशिका (देवचंद्रजी)
२२२ पंचकर्मग्रंथ (देवचंद्रजी)
२२३ विचारसार (देवचंद्रजी)
२२४ श्री पर्युषण पर्वादिक पर्वोनी कथाओ
२२५ विमळ मंत्रीनो रास
२२६ बृहत् संग्रहणी अंतर्गत यंत्रोनो संग्रह
२२७ दमयंती चरित्र
२२८ बृहत्संग्रहणी यंत्र
२२९ जैन स्तोत्र संग्रह
२३० यशोधर चरित्र
२३१ चंद्रवीरशुभादि कथा चतुष्टयम्
२३२ विजयानंद अभ्युदयम् महाकाव्य
२३३ जैनधर्मवरस्तोत्र-गोधूलिकार्थ-
सभाचमत्कारेति कृतित्रितयम्
२३४ अनेकार्थ रत्नमंजूषा
२३५ सिरिपासनाहचरियं
२३६ सम्यक्त्व कौमुदी (भाषांतर)
२३७ विमलनाथ चरित्र (अनुवाद)
२३८ जैन कथारत्नकोष भाग-१ (अनुवाद)
२३९ जैन कथारत्नकोष भाग-२
२४० जैन कथारत्नकोष भाग-३
२४१ शत्रुंजय तीर्थोद्धार (अनुवाद)
२४२ जैन स्तोत्र तथा स्तवनसंग्रह सार्थ
२४३ वस्तुपाल चरित्र
२४४ सिद्धप्राभृत सटीक
२४५ सूक्तमुक्तावली
२४६ नलायनम् (कुबेरपुराणम्)

૨૪૭ બંધહેતૂદયત્રિભંગી પ્રકરણાદિ

૨૪૮ ધર્મપરીક્ષા

૨૪૯ આગમીય સૂક્તાવલ્યાદિ

૨૫૦ જૈન તત્વસાર સટીક

૨૫૧ ન્યાયસિદ્ધાંત મુક્તાવલી

૨૫૨ હૈમધાતુપાઠ

૨૫૩ નવીન પૂજા સંગ્રહ

૨૫૪ સિદ્ધચક્રારાધન વિધિ વિ. સંગ્રહ

૨૫૫ નાયાધમ્મકહાઓ (પુસ્તક)

૨૫૬ પ્રમાણનયતત્વાલોકાલંકાર (સાવ.)

૨૫૭ તત્વાર્થધિગમસૂત્ર (ગુજરાતી)

૨૫૮ વિચારસપ્તતિકા સટીક +
વિચારપંચાશિકા સટીક

૨૫૯ અધ્યાત્મસાર સટીક

૨૬૦ લીલાવતી ગણિત

૨૬૧ સંક્રમકરણ (ભાગ-૧)

૨૬૨ સંક્રમકરણ (ભાગ-૨)

૨૬૩ ભક્તામરસ્તોત્ર (પ્રત)

૨૬૪ ષટ્સ્થાનક પ્રકરણ (પ્રત)

૨૬૫ સુવ્રતઋષિકથાનક + સંવેગદ્રમકંદલી (પ્રંત)

૨૬૬ શ્રી શત્રુંજયમહાતીર્થેદ્ધાર (મૂળ)

૨૬૭ જીવાનુશાસનમ્

૨૬૮ પ્રબંધ ચિંતામણી (હિન્દી ભાષાંતર)

૨૬૯ દેવચંદ્ર (ભાગ-૨)

૨૭૦ ભાનુચંદ્ર ગણિત

૨૭૧ દિગ્વિજય મહાકાવ્ય

૨૭૨ વિજ્ઞપ્તિ લેખ સંગ્રહ

૨૭૩ આબૂ (ભાગ-૧)

૨૭૪ આબૂ (ભાગ-૨)

૨૭૫ આબૂ (ભાગ-૩)

૨૭૬ આબૂ (ભાગ-૪)

૨૭૭ આબૂ (ભાગ-૫)

૨૭૮ ન્યાય પ્રકાશ

૨૭૯ શ્રી શોભન સ્તુતિ ગ્રંથ

૨૮૦ ઋષભ પંચાશિકા ગ્રંથ

૨૮૧ કુમારવિહારશતકમ્

# કિંચિદ્ વકતવ્ય.

લગભગ વીસેક વર્ષ પહેલાંની વાત છે. સંસ્કૃત કાવ્યગ્રંથો અને ચરિત્ર ગ્રન્થોનો અભ્યાસ અને વાચન કરતાં, ' ભવિષ્યમાં વ્યાખ્યાનાદિ પ્રસંગે કામમાં આવશે ' એ ઇરાદાથી કેવળ મારા જ ઉપયોગને માટે નોંધી લેવાતો ' શ્લોક સંગ્રહ ' આમ બીજાઓના પણ ઉપયોગ માટે પુસ્તકાકારે બહાર પડશે, એવી સ્વપ્નમાં યે મેં આશા નહિ રાખેલી. દશેક વર્ષના મારા વાચનમાંથી આવા હજારેક શ્લોકોનો સંગ્રહ મારી પાસે થયો, એ સંગ્રહને જોનારાઓ પૈકીના ઘણા શુભેચ્છકોની એ ભલામણે વધારે સંગ્રહ કરવા તરફ મને ઉત્સાહિત કર્યો કે— ' આવો સંગ્રહ જો પુસ્તકાકારે બહાર પડે તો તે ઘણા ઉપદેશકો, ઉપદેશકો જ નહિ, પરન્તુ સામાન્ય વર્ગને પણ ઉપકારી થાય.' પરિણામે અભિનવ ગ્રન્થોનું વાચન અને તેમાંથી સુંદર લાગતાં સુભાષિતોનો સંગ્રહ હું કરતો જ ગયો. મારા આ સંગ્રહમાં લગભગ ચારેક હજાર શ્લોકોનો સંગ્રહ, કે જેમાં પ્રાકૃત ગાથાઓનો પણ સમાવેશ થાય છે, થતાં તેને છપાવવા માટે તૈયારી કરી કે જેના ફલસ્વરૂપ તેમાંના બે ભાગો, જનતાની સમક્ષ મૂકવા હું ભાગ્યશાળી થયો છું.

મારા આ સંગ્રહો તેના ખપી જીવોને વધારે ઉપયોગી થાય, એટલા માટે મારાથી બની શક્યું તેટલા અંશે તેના વિષયો અને પેટાવિષયો પાડવાનો પ્રયત્ન કર્યો છે. એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે ઘણી વખત એક જ સુભાષિત કયા વિષયમાં મૂકવું, એ સમજવું બહુ કઠિન થઇ પડે છે. એનો વિષય ઘણી વસ્તુઓની સાથે સંબંધ રાખે છે, તેમ છતાં પણ જેટલું વિચારી શકાયું તેટલું વિચારીને તેમ જ બીજા વિદ્વાન્ મહાનુભાવોની સલાહ લઇને વિષય વિભાગો પાડવામાં આવ્યા છે. આશા છે કે—આના ઉપયોગી મહાનુભાવોને અમે કરેલી છાંટણીથી જરૂર લાભ થશે.

વિષયોની છાંટણી કરવામાં એક બીજી મુશ્કેલી પણ ભૂલવા જેવી નથી જ. ધાર્મિક વિષયો અને વ્યાવહારિક વિષયોને જુદા કરવા એ ઘણું જ કઠિન કામ છે, એમ મને લાગ્યું છે. માર્ગાનુસારી ગૃહસ્થોના ૩૫ ગુણો, કે શ્રાવકોના ૨૧ ગુણો, નીતિ કે સદાચાર; કર્ત્તવ્ય કે વિનય–વિવેક; આ બધા વિષયો, નૈતિક વિષયો જેવા દેખાવા છતાં, જેમ ધાર્મિક વિષયોથી જુદા પાડી શકાય નહિ, તેમ શ્રાવકનાં ૧૨ વ્રતો, ભાવના કે ધ્યાન; પંદર કર્માદાન કે અઢાર પાપસ્થાન એ ધાર્મિક ગણાતા વિષયો વ્યાવહારિક વિષયોથી જુદા પાડી શકાય નહીં. એમ હોવા છતાં, આ પુસ્તકોનો લાભ લેનારાઓની અનુકૂળતાને માટે આ પુસ્તકોમાં આપેલા બધા વિષયોને, બની શકયું તેટલા વિચારપૂર્વક, ધાર્મિક અને વ્યાવહારિક એમ બે વિભાગોમાં વ્હેંચી દેવામાં આવ્યા છે.

યદ્યપિ સુભાષિતોના સંગ્રહરૂપે સુભાષિતરત્નભાંડાગાર, સુભાષિત–સુધારત્નભાંડાગાર, અને એવા અનેક ગ્રન્થો બહાર પડ્યા છે, પરન્તુ એમાં મોટે ભાગે હિંદુ ગ્રંથોમાંનો જ સંગ્રહ છે. તેમજ તે ગ્રંથો સાનુવાદ નથી. આ બે ખામી મારા આ સંગ્રહમાંથી દૂર કરવામાં આવી છે. એટલે કે હિંદુ ગ્રંથો ઉપરાન્ત જૈન ગ્રંથો પૈકીનાં સુંદરમાં સુંદર સુભાષિતો આ સંગ્રહમાં જેમ વિશેષરૂપે લેવામાં આવ્યાં છે, તેવી જ રીતે દરેક સુભાષિતનો અનુવાદ પણ તેની સાથે આપવામાં આવ્યો છે.

એક બીજી પણ વિશેષતા આમાં છે. કોઇ પણ શ્લોક ક્યાંથી લેવામાં આવ્યો છે, એ સ્થાન પણ તે ગ્રંથના પૃષ્ઠ, અધ્યાય વિગેરે સાથે આપવામાં આવ્યું છે. આ વિશેષતા ભાગ્યે જ અત્યાર સુધીના આવા બીજા સંગ્રહમાં જોવાય છે.

મારો આ સંગ્રહ લગભગ ચાર હજાર શ્લોકોનો છે. તેનું એક જ પુસ્તક થતાં ઘણું મોટું થઇ જવાના કારણે અને વાચકોની અનુકૂળતાને માટે, એ બધા સંગ્રહને ચાર ભાગમાં બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાંનો પહેલો ભાગ થોડા જ વખત ઉપર બહાર પડી ચૂક્યો છે. અને આજે બીજો ભાગ જનતા સમક્ષ મૂકાય છે. આ દરેક ભાગો લગભગ ચારસો ચારસો પાનાના થશે.

મારા સંગ્રહમાં જે પ્રાકૃત ગાથાઓનો સંગ્રહ થએલો, તેને જુદા જ પુસ્તકરૂપે બહાર પાડવાનો વિચાર ગોઠવેલો હોઇ, આ સંગ્રહમાં અપવાદ સિવાય માત્ર સંસ્કૃત શ્લોકો જ આપવામાં આવ્યા છે.

આવા એક બૃહત્ સંગ્રહને માટે જેમ એકાદ સારી પ્રસ્તાવનાની જરુર છે, તેમ આખા ગ્રંથમાં આવતા તમામ શ્લોકોની અકારાદિ અનુક્રમણિકા તથા ઉપયોગમાં લીધેલા ગ્રંથોનું સૂચીપત્ર વિગેરે કેટલીક ઉપયોગી બાબતો આપવાની પણ જરૂર છે, પરન્તુ તે બધું આખોએ સંગ્રહ તૈયાર થયા પછી જ આપી શકાય, એટલે તે બધી બાબતો ચોથા ભાગમાં આપવાનું રાખી, આ પ્રત્યેક ભાગમાં તો તેમાં આવતા વિષયોની અનુક્રમણિકા, સાંકેતિક અક્ષરો અને ચિહ્નોની સમજુતી તથા શુદ્ધિ પત્રક; એટલું જ માત્ર આપવું ઉચિત ધાર્યું છે.

માત્ર આ પુસ્તકની ઉત્પત્તિના સંબંધમાં જ જે કંઇ બે એક બાબતો કહેવાની હતી તે કહી છે. આ પ્રસંગે મારા તે બે મહાન્ ઉપકારીઓના ઉપકારને પ્રગટ કરવા નહીં ભૂલું કે જેઓની અસીમ કૃપા અને અમી-દૃષ્ટિએ મારા જેવા અજ્ઞાની અને જડબુદ્ધિવાળા જીવને ચૈતન્ય અર્પ્યું છે અને મારા જીવનની કાયાપલટ કરી મને ઋણી બનાવ્યો છે. તેઓ છે-મારા દાદાગુરુ જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી અને મારા ગુરુ શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહા-રાજ. મારા ગુરુએ આ ગ્રંથને સુંદર પદ્ધતિસર અને શુદ્ધ બનાવી આપવા માટે શ્રમ સેવ્યો છે, એ બદલ પણ હું તેઓશ્રીનો અત્યંત ઋણી છું.

વિષયો અને પેટાવિષયોની ચૂંટણી કરવામાં, તેમજ પ્રુફો વિગેરે તપાસ-વામાં સાયલાનિવાસી ન્યાયતીર્થ-તર્કભૂષણ પંડિત રતિલાલ દીપચંદ દેસા-ઇએ અને શુદ્ધિપત્રક બનાવવામાં ન્યાય-સાહિત્યતીર્થ મુનિરાજ શ્રીહિમાં-શુવિજયજીએ આપેલા યોગ બદલ તેઓને ધન્યવાદ આપવો ભૂલીશ નહીં.

ઉપર્યુક્ત બન્ને ગુરુદેવોની અસીમ કૃપા, મારા બાકીના બે ભાગો જલદી બહાર પાડવાનું સામર્થ્ય અર્પે, એ અંતરની અભિલાષા પૂર્વક વિરમું છું.

જૈન ઉપાશ્રય, ઉદયપુર.
કારતક શુદ ૧૧
વી. સં. ૨૪૬૨, ધર્મ સં. ૧૪

ધર્મજયન્તોપાસક-
**મુનિ વિશાળવિજય.**

# विषयानुक्रमाणिका

( बीजा भागनी )


**मङ्गलाचरण** : કુલ શ્લોક ૫ : પૃષ્ઠ ૩૮૫

**૫૫ सम्यक्त्व** : કુલ શ્લોક ૫૦ : પૃષ્ઠ ૩૮૭

| | | | |
|---|---|---|---|
| સમ્યકત્વનું લક્ષણ | ૩૮૭ | ક્રિયારુચિ સમ્યકત્વ | ૩૯૭ |
| સમ્યકત્વની દુર્લભતા | ૩૮૮ | આજ્ઞારુચિ સમ્યકત્વ | ૩૯૭ |
| સમ્યકત્વનું મહત્ત્વ | ૩૯૦ | સંક્ષેપરુચિ સમ્યકત્વ | ૩૯૭ |
| સમ્યકત્વ : સાચી શુદ્ધિ | ૩૯૩ | ઉપદેશરુચિ સમ્યકત્વ | ૩૯૮ |
| સમ્યકત્વના ભેદ | ૩૯૪ | ધર્મરુચિ સમ્યકત્વ | ૩૯૮ |
| નિસર્ગ સમ્યકત્વ | ૩૯૫ | સૂત્રરુચિ સમ્યકત્વ | ૩૯૮ |
| અધિગમ સમ્યકત્વ | ૩૯૫ | સમ્યકત્વની શોભા | ૩૯૯ |
| બીજરુચિ સમ્યકત્વ | ૩૯૬ | સમ્યકત્વના નાશનું કારણ | ૩૯૯ |
| વિસ્તારરુચિ સમ્યકત્વ | ૩૯૬ | સમ્યકત્વનું ફળ | ૪૦૦ |
| આગમરુચિ સમ્યકત્વ | ૩૯૬ | | |

**૫૬ दान** : કુલ શ્લોક ૫૭ : પૃષ્ઠ ૪૦૫

| | | | |
|---|---|---|---|
| દાનનું મહત્ત્વ | ૪૦૫ | નિષ્ફળ દાન | ૪૧૧ |
| દાન : સાચું રક્ષણ | ૪૦૭ | સાચું દાન | ૪૧૧ |
| દાનનો ઉપદેશ | ૪૦૮ | દાનનું દૂષણ | ૪૧૧ |
| દાન વગર બધું નકામું | ૪૧૦ | દાનની શોભા | ૪૧૨ |
| દાતા–અદાતા–વિવેક | ૪૧૦ | કુપાત્રદાન | ૪૧૨ |

| | | | |
|---|---|---|---|
| સુપાત્રદાન | ૪૧૩ | ભૂમિદાન | ૪૧૭ |
| નિમિત્તદાન | ૪૧૪ | દયાદાન | ૪૧૮ |
| જગદાન | ૪૧૪ | અભયદાન | ૪૧૮ |
| અન્નદાન | ૪૧૫ | જ્ઞાનદાન | ૪૧૮ |
| વિત્તદાન | ૪૧૬ | દાનનું ફળ | ૪૨૦ |
| વસતિદાન | ૪૧૬ | દાનની અનુમોદનાનું ફળ | ૪૨૬ |

**૫૭ તપ** : કુલ શ્લોક ૩૦ : પૃષ્ઠ ૪૨૭

| | | | |
|---|---|---|---|
| તપનું મહત્ત્વ | ૪૨૭ | આભ્યંતરતપ | ૪૩૩ |
| તપસ્વીની પ્રશંસા | ૪૨૯ | શારીરિક તપ | ૪૩૪ |
| તપનો ઉપદેશ | ૪૨૯ | વાચિક તપ | ૪૩૪ |
| તપ વગર નકામું | ૪૩૦ | માનસિક તપ | ૪૩૪ |
| તપ : કર્મના નાશનો ઉપાય | ૪૩૦ | કેવું તપ કરવું | ૪૩૫ |
| બાહ્યતપ | ૪૩૨ | તપનું ફળ | ૪૩૫ |

**૫૮ ભાવ** : કુલ શ્લોક ૧૫ : પૃષ્ઠ ૪૩૮

| | | | |
|---|---|---|---|
| ભાવનું મહત્ત્વ | ૪૩૮ | જેવો ભાવ તેવી સિદ્ધિ | ૪૪૧ |
| ભાવ વગર નકામું | ૪૪૦ | ભાવનું ફળ | ૪૪૧ |
| ભાવ અને ક્રિયા | ૪૪૧ | | |

**૫૯. ચાર ભાવના** : કુલ શ્લોક ૧૩ : પૃષ્ઠ ૪૪૪

| | | | |
|---|---|---|---|
| ચાર ભાવનાનાં નામ તથા સ્વરૂપ | ૪૪૪ | પ્રમોદ ભાવના | ૪૪૭ |
| ચાર ભાવનાનો ઉપદેશ | ૪૪૫ | કારુણ્ય ભાવના | ૪૪૭ |
| મૈત્રી ભાવના | ૪૪૬ | માધ્યસ્થ ભાવના | ૪૪૮ |
| | | કઇ ભાવના કોના વિષે | ૪૪૮ |

**૬૦ બાર ભાવના** : કુલ શ્લોક ૯૨ : પૃષ્ઠ ૪૪૯

| | | | |
|---|---|---|---|
| બાર ભાવનાનાં નામ | ૪૪૯ | એકત્વભાવના | ૪૫૯ |
| અનિત્યભાવના | ૪૫૦ | અન્યત્વભાવના | ૪૬૫ |
| અશરણભાવના | ૪૫૬ | અશુચિત્વભાવના | ૪૬૭ |

સંસારભાવના ૪૭૧
આશ્રવભાવના ૪૭૧
સંવરભાવના ૪૭૩
નિર્જરાભાવના ૪૭૩
લોકભાવના ૪૭૪
સ્વાખ્યાતધર્મભાવના ૪૭૫
દુર્લભબોધિભાવના ૪૭૭

**६१ प्रभावना : કુલ શ્લોક ૨ : પૃષ્ઠ ૪૭૮**

પ્રભાવના અને ભાવના ૪૭૮

**६२ त्याग : કુલ શ્લોક ૫ : પૃષ્ઠ ૪૭૯**

ત્યાગનું મહત્ત્વ ૪૭૯
ત્યાગનું કારણ ૪૮૦
ત્યાગનું ફળ ૪૮૦

**६३ क्रिया : કુલ શ્લોક ૧૧ : પૃષ્ઠ ૪૮૧**

ક્રિયાનું મહત્ત્વ ૪૮૧
ક્રિયાની આવશ્યકતા ૪૮૧
ક્રિયા કેવી જોઈએ ૪૮૨
ક્રિયા શા માટે ૪૮૨
ક્રિયા વગરનું જ્ઞાન ૪૮૨
ક્રિયા વગર બધું નકામું ૪૮૩
ક્રિયાવાન્ સાચો પંડિત ૪૮૩
ક્રિયાનું ફળ ૪૮૪

**६४ शुभ ध्यान : કુલ શ્લોક ૪૩ : પૃષ્ઠ ૪૮૬**

સામાન્ય ધ્યાનના ભેદો ૪૮૬
શુભ ધ્યાનનું મહત્ત્વ ૪૮૬
શુભ ધ્યાની : ભાગ્યશાળી ૪૮૮
શુભ ધ્યાનનો ઉપદેશ ૪૮૮
શુભ ધ્યાનના ભેદ ૪૮૯

[ **धर्मध्यान** ]

ધર્મધ્યાનનું સ્વરૂપ ૪૯૦
ધર્મધ્યાનના ભેદ ૪૯૦
આજ્ઞાવિચય ધ્યાન ૪૯૧
અપાયવિચય ધ્યાન ૪૯૨
વિપાકવિચય ધ્યાન ૪૯૩
સંસ્થાનવિચય ધ્યાન ૪૯૩
ધર્મધ્યાનનો ઉપાય ૪૯૪
ધર્મધ્યાનનું ફળ ૪૯૪

[ **शुक्लध्यान** ]

શુક્લ ધ્યાનનું સ્વરૂપ ૪૯૫
શુક્લ ધ્યાનનાં ભેદ અને ફળ ૪૯૫

[ **ईश्वर-ध्यान-सम्बन्धी** ]

પ્રભુધ્યાનના પ્રકાર ૪૯૬
પ્રભુધ્યાનનો અનુક્રમ ૪૯૬

પિંડસ્થધ્યાન ૪૯૭
પદસ્થધ્યાન ૪૯૭
રૂપસ્થધ્યાન ૪૯૭
રૂપાતીતધ્યાન ૪૯૮
શુભ ધ્યાન ક્યાં સુધી કરવું ૪૯૯
શુભ ધ્યાનનાં અવયવો ૪૯૯
કયા ધ્યાનનું શું ફળ ૫૦૦
શુભ ધ્યાનનું ફળ ૫૦૦

**૬૫ अशुभ ध्यान : કુલ શ્લોક ૫ : પૃષ્ઠ ૫૦૩**

આર્ત્તધ્યાનનું સ્વરૂપ ૫૦૩
રૌદ્રધ્યાનનું સ્વરૂપ ૫૦૩
આર્ત્તધ્યાનથી નુકસાન ૫૦૪
શુભ–અશુભ–ધ્યાનફળ ૫૦૪
અશુભ ધ્યાનનું કડવું ફળ ૫૦૫

**૬૬ देव : કુલ શ્લોક ૨૪ : પૃષ્ઠ ૫૦૬**

દેવનું સ્વરૂપ ૫૦૬
કેવા દેવનું ધ્યાન ધરવું ૫૦૮
દેવપણાનો અનુક્રમ ૫૦૯
દેવની એકતા ૫૧૦
પરદેવ–માન–ફળ ૫૧૧
દેવને નમસ્કાર ૫૧૧
**[ देव-गुरु-धर्म ]**
દેવ–ગુરુ–ધર્મનું–સ્વરૂપ ૫૧૨
દેવ–ગુરુ–ધર્મ વગર નકામું ૫૧૨
દેવ–ગુરુ–ધર્મનું ફળ ૫૧૩

**૬૭ कुदेव : કુલ શ્લોક ૫ : પૃષ્ઠ ૫૧૪**

કુદેવનું સ્વરૂપ ૫૧૪
કુદેવ–નિંદા ૫૧૪
કુદેવનું ફળ ૫૧૫
કુદેવ–કુગુરુ–કુધર્મ ૫૧૫

**૬૮ गुरु : કુલ શ્લોક ૨૦ : પૃષ્ઠ ૫૧૬**

ગુરુ શબ્દનો અર્થ ૫૧૬
ગુરુનું સ્વરૂપ ૫૧૬
ગુરુનું મહત્ત્વ ૫૧૮
ગુરુ : સાચો પ્રકાશ ૫૧૯
ગુરુ : સાચો રક્ષક ૫૨૦
ગુરુ કોણ કોણ ૫૨૦
ગુરુને નમસ્કાર ૫૨૧
ગુરુભક્તિ ૫૨૧
ગુરુને ભૂલનાર : પાપી ૫૨૨
ગુરુભક્તિનું ફળ ૫૨૨

**૬૯ कुगुरु : કુલ શ્લોક ૭ : પૃષ્ઠ ૫૨૪**

કુગુરુનું સ્વરૂપ ૫૨૪
કુગુરુની નિન્દા ૫૨૪
કુગુરુનો ત્યાગ ૫૨૫
કુગુરુથી નુકસાન ૫૨૫

## ૭૦ मुनि-योगी : કુલ શ્લોક ૭૧ : પૃષ્ઠ પ૨૭

| | | | |
|---|---|---|---|
| મુનિનું સ્વરૂપ | પ૨૭ | મુનિનું કુટુંબ | પ૪૬ |
| મુનિસ્વરૂપ અને મુનિઅવગણનાનું ફળ | પ૩૨ | મુનિનો વૈભવ | પ૪૭ |
| મુનિનું મહત્ત્વ | પ૩પ | મુનિની રાત્રિ | પ૪૮ |
| સાચો મુનિ | પ૩૮ | મુનિ અને પ્રાણાયામ | પ૪૮ |
| મુનિનો પ્રભાવ | પ૪૦ | મુનિ અને પશુ | પ૪૯ |
| મુનિ : સાચો સુખી | પ૪૦ | મુનિના પતનનાં કારણો | પ૪૯ |
| મુનિ : સાચો વીર | પ૪૨ | વેષધારી મુનિ | પ૪૯ |
| મુનિ : મોક્ષસાધક | પ૪૨ | મુનિપણાની ભાવના | પપ૧ |
| મુનિની અમીરી | પ૪૩ | મુનિ થવાનો આદેશ | પપ૧ |
| | | મુનિ–રક્ષણનું ફળ | પપ૨ |

## ૭૧ मुनि-आचार : કુલ શ્લોક ૩૯ : પૃષ્ઠ પપ૩

| | | | |
|---|---|---|---|
| મુનિનાં વ્રત | પપ૩ | મુનિનું પાત્ર | પપ૭ |
| મુનિનો આચાર | પપ૩ | ભિક્ષા સંબંધી આચાર | પપ૮ |
| મુનિને ત્યાજ્ય | પપ૩ | વર્ષાઋતુની સ્થિરતા | પ૬૧ |
| મુનિની ભાષા | પપપ | ગમનાગમનના નિયમો | પ૬૩ |
| મુનિના બ્રહ્મચર્યના નિયમો | પપપ | સ્થિરતાના નિયમો | પ૬૪ |
| જાગત્યાગ | પપ૬ | | |

## ૭૨ धर्म : કુલ શ્લોક ૯૪ : પૃષ્ઠ પ૬૬

| | | | |
|---|---|---|---|
| ધર્મનું સ્વરૂપ | પ૬૬ | ધર્મ : સાચું અમૃત | પ૭૬ |
| ધર્મની સ્થાપના | પ૬૯ | ધર્મ : સાચું મનુષ્યત્વ | પ૭૬ |
| ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ, સ્થિતિ અને નાશ | પ૬૯ | ધર્મના દશ પ્રકાર | પ૭૬ |
| ધર્મનું મહત્ત્વ | પ૭૦ | ધર્મના ચાર પ્રકાર | પ૭૮ |
| ધર્મ : સાચો રક્ષક | પ૭૩ | ધર્મ વગર નકામું | પ૭૯ |
| ધર્મ : સાચો સુખનો ઉપાય | પ૭પ | ધર્મીની વિશેષતા | પ૮૦ |
| ધર્મ : સાચું ધન | પ૭પ | ધર્મીના ગુણ | પ૮૧ |
| | | સાચું ધર્મીપણું | પ૮૧ |

ધર્મના કારણભૂત વિચારો ૫૮૨
ધર્માચરણની દુર્લભતા ૫૮૨
ધર્મનું શીઘ્ર આચરણ ૫૮૩
ધર્મ અને પાપ ૫૮૩
ધર્મ તજનાર: મૂર્ખ ૫૮૪
ધર્મ કરવાનું કારણ ૫૮૫
ધર્મનો ઉપદેશ ૫૮૭
ધર્મનું ફળ ૫૯૦

[ जैनधर्म ]

જૈનધર્મનું સ્વરૂપ ૫૯૫
જૈનધર્મનું મહત્ત્વ ૫૯૫
જૈનધર્મનું અમરપણું ૫૯૬
જૈનધર્મની શ્રદ્ધા ૫૯૭
જૈનધર્મનો સાર ૫૯૭
જૈનધર્મની દુર્લભતા ૫૯૭
જૈનધર્મનું ફળ ૫૯૮

**૭૩ कुधर्म** : કુલ શ્લોક ૪ : પૃષ્ઠ ૫૯૯

કુધર્મ ૫૯૯
કુધર્મની નિરર્થકતા ૫૯૯

**૭૪ जीव–आत्मा** : કુલ શ્લોક ૫૨ : પૃષ્ઠ ૬૦૧

જીવ–આત્માનું સ્વરૂપ ૬૦૧
આત્મા: સ્વયંકર્તા, સ્વયં-ભોક્તા ૬૦૨
જીવનું સર્વત્ર વ્યાપકપણું ૬૦૩
જીવને ગર્ભમાં જ મળતી બાબતો ૬૦૪
જીવના પ્રકાર ૬૦૪
સૂક્ષ્મ જીવ ૬૦૫
બહિરાત્મા અંતરાત્મા ૬૦૬
આત્મવંચના ૬૦૬
આત્માનો સંતોષ ૬૦૬
આત્મજ્ઞાન ૬૦૭
આત્મહિત ૬૦૭
આત્મરક્ષણ ૬૦૯
આત્માના ગુણ ૬૧૦
આત્મસ્વરૂપ–વિચાર ૬૧૦
આત્મોપદેશ ૬૧૧
આત્માધીન ગુણ: કર્માધીન ધન ૬૧૨
આત્માના સુખનું મહત્ત્વ ૬૧૩
જીવ અને કર્મ ૬૧૩
જીવ અને મરણ ૬૧૬
જીવ અને ચૈતન્ય ૬૧૬
જીવ અને મોક્ષ ૬૧૬
જીવ અને શરીર ૬૧૭
જીવાત્મા અને પરમાત્મા ૬૧૮

**૭૫ कर्म** : કુલ શ્લોક ૪૨ : પૃષ્ઠ ૬૨૦

કર્મના પ્રકાર ૬૨૦
જ્ઞાનાવરણીય કર્મ ૬૨૦

મોહનીય કર્મ ૬૨૦
મોહનીય કર્મનું જોર ૬૨૧
કર્મનું જોર ૬૨૧
કર્મનું અવશ્યંભાવિપણું ૬૨૪
કર્મ : સંસારભ્રમણ ૬૨૫
કર્મ : જીવોમાં અસમાનતા કરનાર ૬૨૬
કર્મનું આવરણ : રજ ૬૨૬
કર્મ તેવી બુદ્ધિ ૬૨૬
કરે તે પામે ૬૨૭
કરે તેવું પામે ૬૨૮
કર્મ અને ફળ ૬૩૧
કર્મના ફળના પ્રકાર ૬૩૧
કર્મનો ત્યાગ ૬૩૧
કર્મનાશનો ઉપાય ૬૩૨
કર્મનાશ : મોક્ષ ૬૩૩

**૭૬ चार गति : કુલ શ્લોક ૪૪ : પૃષ્ઠ ૬૩૫**

**[ देवगति ]**

દેવગતિથી આવેલ ૬૩૫
દેવગતિથી આવેલ અને તેમાં જનાર ૬૩૬
દેવગતિનાં દુઃખ ૬૩૬
દેવગતિનાં કારણ ૬૩૭

**[ मनुष्यगति ]**

મનુષ્યગતિનું દુર્લભપણું ૬૪૦
મનુષ્યગતિને સફળ કરવી ૬૪૦
મનુષ્યગતિથી આવેલા ૬૪૨
મનુષ્યગતિથી આવેલા અને તેમાં જનાર ૬૪૩
મનુષ્ય અને દેવનું સુખ ૬૪૩
મનુષ્યગતિનાં દુઃખ ૬૪૩
મનુષ્યગતિનાં કારણ ૬૪૪

**[ तिर्यञ्चगति ]**

તિર્યંચગતિથી આવેલ ૬૪૫
તિર્યંચગતિમાં જનાર ૬૪૫
તિર્યંચગતિમાં દુઃખ ૬૪૬
નરક અને તિર્યંચનું દુઃખ ૬૪૬
તિર્યંચગતિનાં કારણ ૬૪૭

**[ नरकगति ]**

નરકથી આવેલ ૬૪૭
નરકમાં જનાર ૬૪૮
નરકથી આવેલ અને તેમાં જનાર ૬૪૮
નારકીનું અસહ્ય દુઃખ ૬૪૮
નરકગતિનાં કારણ ૬૫૧

**૭૭ मन : કુલ શ્લોક ૩૮ : પૃષ્ઠ ૬૫૩**

મનનું સ્વરૂપ ૬૫૩
મનનું મહત્ત્વ ૬૫૩
મનની પ્રબલતા ૬૫૪
મહાન પુરુષોનું મન ૬૫૫
મનને જાણવાનાં સાધનો ૬૫૫
મનનું એકાગ્રપણું ૬૫૫

અસ્થિર મનની નિંદા ૬૫૬
સ્થિર-અસ્થિર મન ૬૫૬
મનની અશાંતિનાં કારણો ૬૫૬
મનનો નિરોધ ૬૫૭
મનના નિરોધનો ઉપાય ૬૫૮
મનનો નિગ્રહ ન કરવાથી નુકસાન ૬૫૮
મન તેવું વચન ૬૫૯
મનની શુદ્ધિ ૬૫૯
મનની શુદ્ધિનું મહત્ત્વ ૬૫૯
મનની શુદ્ધિનો ઉપાય ૬૬૩
મનની શુદ્ધિ વગર નકામું ૬૬૩
મનની શુદ્ધિનું ફળ ૬૬૪
અશુદ્ધ મન-વચન-કાયાથી નુકસાન ૬૬૫
મન-વચન-કાયાની શુદ્ધિનો ઉપાય ૬૬૬

**૭૮ ज्ञान** : કુલ શ્લોક ૫૬ : પૃષ્ઠ ૬૬૭

જ્ઞાનનું સ્વરૂપ ૬૬૭
સાચું જ્ઞાન ૬૬૭
જ્ઞાનનું મહત્ત્વ ૬૭૦
કર્મક્ષય તેટલું જ્ઞાન ૬૭૪
જ્ઞાનના પ્રકાર ૬૭૪
જ્ઞાનના અવાંતર પ્રકાર ૬૭૫
કેવળજ્ઞાનનું સ્વરૂપ ૬૭૫
જ્ઞાનનો ઉપાય ૬૭૫
આત્મજ્ઞાન ૬૭૭
બ્રહ્મજ્ઞાનનો ઉપાય ૬૭૮
જ્ઞાન વગર નકામું ૬૭૯
જ્ઞાન અને ક્રિયા ૬૮૦
જ્ઞાન અને મદ ૬૮૧
જ્ઞાન અને રાજ્ય ૬૮૨
જ્ઞાન : સૂર્ય ૬૮૨
જ્ઞાન : અગ્નિ ૬૮૩
જ્ઞાન : દીપક ૬૮૪
જ્ઞાનનું ફળ ૬૮૪

**૭૯ अज्ञान** : કુલ શ્લોક ૮ : પૃષ્ઠ ૬૮૭

અજ્ઞાન : અંધકાર ૬૮૭
અજ્ઞાની : પશુ ૬૮૭
અજ્ઞાની અને જ્ઞાની ૬૮૭
અજ્ઞાનથી નુકસાન ૬૮૮

**૮૦ अध्यात्म** : કુલ શ્લોક ૯ : પૃષ્ઠ ૬૯૦

અધ્યાત્મનું સ્વરૂપ ૬૯૦
અધ્યાત્મનું મહત્ત્વ ૬૯૦
અધ્યાત્મ વગર નકામું ૬૯૨
અધ્યાત્મનું ફળ ૬૯૨

**૮૧ चारित्र** : કુલ શ્લોક ૨૭ : **પૃષ્ઠ ૬૯૩**

ચારિત્રનું સ્વરૂપ ૬૯૩
ચારિત્રના પ્રકાર ૬૯૪
કયું ચારિત્ર ક્યારે થાય ૬૯૫
ચારિત્રની વિશેષતા ૬૯૫
ચારિત્રનો સમય ૬૯૭
ચારિત્ર : સાચું ભૂષણ ૬૯૮
ચારિત્ર : જ્ઞાનનું ફળ ૬૯૮
ચારિત્ર વગર નકામું ૬૯૮
ચારિત્ર જાણવાનો માર્ગ ૬૯૯
ચારિત્રની વૃદ્ધિનો ઉપાય ૭૦૦
દર્શન, જ્ઞાન અને ચારિત્ર ૭૦૦
ચારિત્રનું ફળ ૭૦૧

**૮૨ लेश्या** : કુલ શ્લોક ૮ : **પૃષ્ઠ ૭૦૪**

લેશ્યાનું સ્વરૂપ ૭૦૪
લેશ્યાનાં નામ ૭૦૪
કૃષ્ણલેશ્યા ૭૦૫
નીલલેશ્યા ૭૦૫
પીતલેશ્યા ૭૦૫
પદ્મલેશ્યા ૭૦૬
શુક્લલેશ્યા ૭૦૬
લેશ્યાનું ફળ ૭૦૬

**૮૩ पांच समिति** : કુલ શ્લોક ૧૩ : **પૃષ્ઠ ૭૦૭**

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં નામ ૭૦૭
ઇર્યાસમિતિ ૭૦૭
ભાષાસમિતિ ૭૦૮
એષણાસમિતિ ૭૦૯
આદાન નિક્ષેપ સમિતિ ૭૧૦
ઉત્સર્ગ ( પારિષ્ઠાપનિકા ) સમિતિ ૭૧૦
સમિતિનું ફળ ૭૧૧

**૮૪ त्रण गुप्ति** : કુલ શ્લોક ૫ : **પૃષ્ઠ ૭૧૨**

ત્રણ ગુપ્તિનું સ્વરૂપ ૭૧૨
મનોગુપ્તિ ૭૧૨
વચનગુપ્તિ ૭૧૩
કાયગુપ્તિ ૭૧૩

**૮૫ योग** : કુલ શ્લોક ૧૧ : **પૃષ્ઠ ૭૧૪**

યોગની વિશેષતા ૭૧૪
યોગની ભાવના ૭૧૫
મનોનિગ્રહ વગરનો યોગ નકામો ૭૧૬
યોગનું ફળ ૭૧૬

**૮૬ सात क्षेत्र : કુલ શ્લોક ૨૧ : પૃષ્ઠ ૭૧૮**

સાત ક્ષેત્રનાં નામ ૭૧૮
સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ ૭૧૮
જિનમૂર્તિ ભરાવવાનું ફળ ૭૧૯
જિન ચૈત્ય કરાવવાનું ફળ ૭૨૦
જીર્ણોદ્ધારનું ફળ ૭૨૧
જિનાગમનું મહત્ત્વ ૭૨૧
જિનાગમ-સેવાફળ ૭૨૨
સંઘનું મહત્ત્વ ૭૨૩
સંઘની સેવાનું ફળ ૭૨૪
દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય ન વાપરવું ૭૨૫
સાત ક્ષેત્રમાં ધન વાપરવાનું ફળ ૭૨૬

**૮૭ तीर्थ : કુલ શ્લોક ૧૦ : પૃષ્ઠ ૭૨૭**

તીર્થયાત્રા વિધિ ૭૨૭
ભાવતીર્થ ૭૨૭
તીર્થયાત્રાનું ફળ ૭૩૦

**૮૮ संसार : કુલ શ્લોક ૨૮ : પૃષ્ઠ ૭૩૧**

સંસારનો સ્વભાવ ૭૩૧
સંસાર–વૈચિત્ર્ય ૭૩૨
સંસારનું પલટાતું રૂપ ૭૩૪
સંસાર : કર્માધીનપણું ૭૩૫
સંસાર : સ્વપ્ન ૭૩૫
સંસાર : મોહમદિરા ૭૩૬
સંસાર : જન્મ–મરણ ૭૩૬
સંસાર : કેદખાનું ૭૩૭
સંસાર : કેવળ દુઃખ ૭૩૭
સંસારભીરુનું આચરણ ૭૪૧
સંસારમાં સાર ૭૪૨

**૮૯ पुण्य : કુલ શ્લોક ૧૭ : પૃષ્ઠ ૭૪૩**

પુણ્યનું મહત્ત્વ ૭૪૩
પુણ્યનાં કારણો ૭૪૪
પુણ્ય વગર નકામું ૭૪૪
પુણ્ય વગર અપ્રાપ્ય ૭૪૫
જ્યાં પુણ્ય ત્યાં બધું ૭૪૬
પુણ્યનું ફળ ૭૪૬

**૯૦ पाप : કુલ શ્લોક ૧૫ : પૃષ્ઠ ૭૫૦**

ધર્મના નામે પાપ ૭૫૦
પાપનું અનિવાર્ય ફળ ૭૫૦
પાપનું ફળ ૭૫૧
પાપ પુણ્યનાં કારણ ૭૫૩
પાપ અને પુણ્યનું ફળ ૭૫૪
પાપના નાશનો ઉપાય ૭૫૪

**९१ आश्रव** : કુલ શ્લોક ૩ : પૃષ્ઠ ૭૫૫

આશ્રવનું સ્વરૂપ ૭૫૫
આશ્રવનાં કારણ ૭૫૫
આશ્રવ–નિરોધ–ઉપાય ૭૫૫

**९२ संवर** : કુલ શ્લોક ૩ : પૃષ્ઠ ૭૫૬

સંવરનું સ્વરૂપ ૭૫૬
સંવર–નિર્જરાનું સ્વરૂપ ૭૫૬
દ્રવ્ય–ભાવ સંવર ૭૫૬

**९३ वन्ध** : કુલ શ્લોક ૨ : પૃષ્ઠ ૭૫૭

બંધનું સ્વરૂપ ૭૫૭
સંવર–બંધનું સ્વરૂપ ૭૫૭

**९४ निर्जरा** : કુલ શ્લોક ૬ : પૃષ્ઠ ૭૫૮

સકામ નિર્જરા : તપ ૭૫૮
સકામ–અકામ નિર્જરા ૭૫૮
નિર્જરાનું સ્વરૂપ ૭૫૯
નિર્જરા–મોક્ષનું સ્વરૂપ ૭૫૯
અકામનિર્જરાનું ફળ ૭૫૯
નિર્જરાનો ઉપાય ૭૬૦

**९५ भावशौच** : કુલ શ્લોક ૧૪ : પૃષ્ઠ ૭૬૧

ભાવશૌચ ૭૬૧
ભાવશૌચનું મહત્ત્વ ૭૬૨
ભાવશૌચ એ જ સાચું શૌચ ૭૬૩
ભાવશૌચ વગર નકામું ૭૬૪
ભાવશૌચનાં સાધનો ૭૬૫

**९६ परीषह** : કુલ શ્લોક ૭ : પૃષ્ઠ ૭૬૬

ઇચ્છા પૂર્વક સહન કરવું ૭૬૬
આક્રોષ પરીષહ ૭૬૭
વધ પરીષહ ૭૬૭
પરીષહને જીતનાર સાચો શૂરવીર ૭૬૭
પરીષહ નહિ સહવાથી નુકસાન ૭૬૮
પરીષહના જયનું ફળ ૭૬૮

**९७ प्रायश्चित्त** : કુલ શ્લોક ૨ : પૃષ્ઠ ૭૬૯

પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ ૭૬૯
પ્રાયશ્ચિત્તનું ફળ ૭૬૯

## ૧૮ जैनेतर दर्शन : કુલ શ્લોક ૬૦ : પૃષ્ઠ ૭૭૦


[ बौद्ध-दर्शन ]

બૌદ્ધોની માન્યતા ૭૭૦
બૌદ્ધોનાં પ્રમાણ અને ભેદ ૭૭૦
વૈભાષિક અને સૌત્રાન્તિકનો મત ૭૭૧
યોગાચાર અને માધ્યમિકનો મત ૭૭૧
પાંચ સ્કંધ ૭૭૧
સમુદય ૭૭૨
બાર આયતન ૭૭૨
બૌદ્ધ ભિક્ષુ ૭૭૨
મુક્તિનું સ્વરૂપ ૭૭૩

[ शैव-दर्शन ]

શૈવના બે ભેદ: નૈયાયિક અને વૈશેષિક ૭૭૩
નૈયાયિક વૈશેષિકની વિશેષતા ૭૭૪
નૈયાયિકના દેવ ૭૭૪
નૈયાયિકનાં પ્રમાણ ૭૭૫
નૈયાયિકનાં સોળ તત્ત્વ ૭૭૫
નૈયાયિકની મુક્તિ ૭૭૫
વૈશેષિક ઔલૂક્ય કેમ કહેવાય છે? ૭૭૬
વૈશેષિકનાં પ્રમાણ ૭૭૬
*વૈશેષિકનાં છ તત્ત્વ ૭૭૬*
વૈશેષિકની મુક્તિ ૭૭૭
દ્રવ્યના નવ ભેદ ૭૭૭
નિત્ય-અનિત્ય દ્રવ્ય ૭૭૮
ચોવીશ ગુણ ૭૭૮
પાંચ કર્મ ૭૭૯
પર-અપર-સામાન્ય અને વિશેષ ૭૭૯
સમવાય સંબંધ ૭૭૯
તપસ્વીઓના ભેદ ૭૮૦

[ साङ्ख्य-दर्शन ]

દેવની માન્યતા ૭૮૧
પ્રકૃતિનું સ્વરૂપ ૭૮૧
પચીશ તત્ત્વો ૭૮૨
જગત્ અને પ્રમાણ ૭૮૩
આત્માનું સ્વરૂપ ૭૮૩
સંન્યાસીનું સ્વરૂપ ૭૮૪
મોક્ષનું સ્વરૂપ ૭૮૪

[ मीमांसक-दर्शन ]

મીમાંસકનાં ભેદ ૭૮૫
સર્વજ્ઞનો અભાવ ૭૮૫
ભટ્ટનાં છ પ્રમાણ ૭૮૫
પ્રભાકરનાં પાંચ પ્રમાણ ૭૮૬
સંન્યાસી ૭૮૬
સંન્યાસીના ભેદ ૭૮૬
મોક્ષનું સ્વરૂપ ૭૮૭

*[ नास्तिक-दर्शन ]*

નાસ્તિકની માન્યતા ૭૮૭
નાસ્તિકના વિચારો ૭૮૮

[ प्रमाण–स्वरूप ]

| | | | |
|---|---|---|---|
| પ્રત્યક્ષ અને અનુમાન | ૭૮૮ | ઉપમાન | ૭૮૯ |
| અનુમાનના પ્રકાર | ૭૮૯ | આગમ અને અર્થાપત્તિ | ૭૮૯ |
| | | અભાવ | ૭૯૦ |

९९ जीव सम्बन्धी शङ्का समाधान : કુલ શ્લોક ૮ : પૃષ્ઠ ૭૯૧

१०० जैन–दर्शन : કુલ શ્લોક ૧૦ : પૃષ્ઠ ૭૯૪

| | | | |
|---|---|---|---|
| જૈનદર્શનની માન્યતા | ૭૯૪ | શ્વેતાંબર અને દિગંબરનો ભેદ | ૭૯૬ |
| અનેકાન્તવાદ | ૭૯૫ | શ્વેતાંબર સાધુ | ૭૯૭ |
| અનન્તધર્માત્મક વસ્તુ | ૭૯૫ | દિગંબર સાધુ | ૭૯૭ |
| નવ તત્ત્વ | ૭૯૬ | મોક્ષનું સ્વરૂપ | ૭૯૮ |
| ૭ દ્રવ્ય | ૭૯૬ | | |

१०१ मोक्ष : કુલ શ્લોક ૫૧ : પૃષ્ઠ ૭૯૯

| | | | |
|---|---|---|---|
| મોક્ષનું સ્વરૂપ | ૭૯૯ | આત્માનાજ મોક્ષ અને સંસાર | ૮૧૩ |
| સાચો મોક્ષ | ૭૯૯ | બાહ્યસુખમાં મોક્ષ નથી | ૮૧૩ |
| મોક્ષ–સુખનું મહત્ત્વ | ૮૦૦ | મોક્ષ : જ્ઞાનક્રિયાસાધ્ય | ૮૧૩ |
| મોક્ષપ્રાપ્તિનો ઉપાય | ૮૦૨ | મોક્ષ : સ્વયંસાધ્ય | ૮૧૪ |
| મોક્ષની યોગ્યતા | ૮૦૮ | જીવની મોક્ષ તરફ ઊર્ધ્વગતિ | ૮૧૪ |
| મોક્ષ પછી કર્મ નથી લાગતું | ૮૧૧ | સ્વર્ગ અને મોક્ષમાં ફેર | ૮૧૫ |
| મોક્ષમાં અનંત જીવોનો અવિરોધ | ૮૧૨ | કર્મના ક્ષયથી જ મોક્ષ | ૮૧૫ |

# શ્લોકોનાં પ્રમાણોમાં આપેલ ગ્રન્થોનાં તથા સ્થળોનાં ટુંકાં નામોની સમજુતી.

अ०—अध्याय, अध्ययन, अधिकार.
आ. स०-जैन आत्मानन्द सभा, भावनगर.
आगमोदय समिति सुरत.
आग० स०-आगमोदय समिति, सुरत.
आत्मा० स०—जैन आत्मानन्द सभा, भावनगर.
उ०—उल्लास, उद्देश.
उपनि०—उपनिषद्.
त्रिषष्टि—त्रिषष्टिशलाकापुरुषचरित्र.
दे० ला०—देवचन्द लालभाई पुस्तकोद्धारक फंड, सुरत.
नारदपरिव्रा०-नारदपरिव्राजिकास्मृति.
पृ०—पृष्ठ.
प्र०—प्रस्ताव.
प्रक०—प्रकरण.
प्र० स०-जैनधर्म प्रसारक सभा, भावनगर.
भा०—भाग.
य० ग्रं० } यशोविजय जैन ग्रंथमाला, भावनगर.
य० वि० ग्रं० } यशोविजय जैन ग्रंथमाला, भावनगर.
याज्ञ०—याज्ञवल्क्यस्मृति.
वि० ध० ल०—विजयधर्मलक्ष्मी ज्ञानमंदिर, आगरा.
वृद्धयाज्ञ० } वृद्धयाज्ञवल्क्यस्मृति.
वृद्धयाज्ञव० } वृद्धयाज्ञवल्क्यस्मृति.
श्लो०—श्लोक.
ही. हं०—पंडित हीरालाल हंसराज, जामनगर.
हे. जै. ग्रं-हेमचन्द्राचार्य जैन ग्रंथमाला.

જે શ્લોકના પ્રમાણના અંતે ફુલ ( * ) નું નિશાન આપ્યું છે તે શ્લોક તે ગ્રંથકારનો પોતાનો બનાવેલો નથી, પણ બીજાના ગ્રંથમાંથી એ ગ્રંથમાં લીધેલો છે, એમ સમજવું.

શ્લોકના પ્રમાણના ઉલ્લેખમાં કૌંસ (       ) માં આપેલ નામ ગ્રંથકર્તાનું અથવા તો પ્રકાશકનું સમજવું.

# સુભાષિત પદ્ય રત્નાકર

- ભાગ બીજો -

अर्हँ नमः । ऐँ नमः ॥

जगत्पूज्य-श्रीविजयधर्मसूरीश्वरेभ्यो नमो नमः ।

मुनिश्री-विशालविजयमहाराजसंगृहीतः-

# सुभाषित-पद्य-रत्नाकरः

## ( द्वितीयो भागः )

## गूर्जरभाषाऽनुवादसहितः ।

### मंगलाचरणम् .

॥ १ ॥

जगत्प्रभावं कलिताऽऽत्मभावं,
स्वच्छस्वभावं हतपापभावम् ।
देवेन्द्रवंद्यं जगतां सुनन्द्यं,
शङ्खेश्वरं पार्श्वजिनं प्रवन्दे ॥

॥ २ ॥

अनन्यसाधारणकीर्तिभाजं,
सद्धर्मधैर्यादिगुणैकराजम् ।
विज्ञानचारित्रपवित्रराज्यं,
प्राज्यं नतोऽस्मि प्रभुधर्मसूरिम् ॥

॥ ३ ॥

शान्त्या कृत्या बोधयन् सज्जनान् वै,
सद्विद्याभिः पण्डितान् मोदयँस्तु ।
सच्चारित्रात् जीवनं शोधयँश्च,
वन्द्यः स्याद् मे सद्गुरुः सद्गुणाढ्यः ॥

॥ ४ ॥

जिनेन्द्रचन्द्रप्रभवं प्रमाणं,
जगत्पदार्थप्रतिभासकं च ।
अज्ञानपापात्मतमःप्रणाशि,
श्रुतं सदा संप्रथयेत् प्रकाशम् ॥

॥ ५ ॥

सन्मार्गदर्शकं जीयाद् हेयज्ञेयत्वबोधकम् ।
आनन्दकन्दजीमूतं, सदा सूक्तं सतां मुखे ॥

સમ્યક્ત્વનું લક્ષણઃ—

या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥ १ ॥

योगशास्त्र, प्रकाश २, श्लो० २.

દેવને વિષે જ જે શુદ્ધ દેવની બુદ્ધિ, ગુરૂને વિષે જ જે શુદ્ધ ગુરૂપણાની બુદ્ધિ અને ધર્મને વિષે જ જે શુદ્ધ ધર્મબુદ્ધિ, તેજ સમ્યક્ત્વ કહેવાય છે. ૧.

रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥ २ ॥

योगशास्त्र, पृ० ३८, श्लो० १७. (प्र. स.)

જિનેશ્વરે કહેલા જીવાદિક તત્ત્વોને વિષે જે રૂચિ થવી તે સમ્યક્ શ્રદ્ધા–સમકિત–કહેવાય છે. અને તે સમકિત સ્વભાવથી અથવા ગુરૂના ઉપદેશથી--એમ બે પ્રકારે થઇ શકે છે. ૨.

आत्माऽस्ति कर्मास्ति पराभवोऽस्ति,
मोक्षोऽस्ति तत्साधकहेतुरस्ति ।
इत्येवमन्तःकरणे विधेया,
दृढप्रतीतिः सुविचारणाभिः ॥ ३ ॥

अध्यात्मतत्त्वालोक, प्र० १, श्लो० १४.

આત્મા-જીવ છે એટલે શરીરથી જૂદો જીવ છે, કર્મ પણ છે, કર્મથી જીવનો પરાભવ પણ છે-બીજી બીજી ગતિમાં જવાનું છે, કર્મને અભાવે મોક્ષ પણ છે, અને તે મોક્ષ સાધવાના ઉપાય પણ છે. આ પ્રમાણે ચિત્તને વિષે સારી રીતે વિચાર કરીને દૃઢ શ્રદ્ધા કરવી. (આ સમકિત કહેવાય છે.) ૩.

**विमुक्तशंकादिसमस्तदूषणं, विमुक्ततत्त्वाप्रतिपत्ति चोज्ज्वलम्।**
**वदंति सम्यक्त्वमनंतदर्शना जिनेशिनो नाकिनुतांघ्रिपंकजाः॥४॥**

सुभाषितरत्नसंदोह, श्लो० १५२.

જેની અંદરથી શંકા વિગેરે સમસ્ત દોષ દૂર થયા છે, જેમાંથી તત્વો પ્રત્યેની અશ્રદ્ધા દૂર થયેલી છે અને જે ઉજ્વળ છે તેને, દેવતાઓએ જેમના ચરણકમળને નમસ્કાર કરેલ છે એવા અનંતદર્શનના ધારક જિનેશ્વર ભગવાને, સમ્યકત્વ કહેલું છે. ૪

**शमैः शाम्यति क्रोधादिरपकारे महत्यपि ।**
**लक्ष्यते तेन सम्यक्त्वं, तदाद्यं लक्षणं भवेत् ॥ ५ ॥**

उपदेशप्रासाद, भाग १, पृ० ८५.

મોટો અપકાર કર્યા છતાં શમતાવડે ક્રોધાદિકનો નાશ કરે છે તેથી તેને સમકિત છે એમ જણાય છે. આ સમકિતનું પહેલું લક્ષણ છે. ૫.

**સમ્યકત્વની દુર્લભતાઃ—**

**मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्पताऽऽयुरुपलब्धौ ।**
**श्रद्धा कथकश्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥ ६ ॥**

प्रशमरति, श्लो० १६२.

પહેલાં તો મનુષ્યભવ જ દુર્લભ છે. તેના કરતાં કર્મભૂમિ દુર્લભ છે, તેના કરતાં આર્યદેશ દુર્લભ છે, આર્યદેશ કરતાં ઉત્તમ કુળ દુર્લભ છે, ઉત્તમ કુળ કરતાં આરોગ્ય દુર્લભ છે, આરોગ્ય કરતાં લાંબું આયુષ્ય દુર્લભ છે, એ લાંબા આયુષ્ય કરતાં શ્રદ્ધા દુર્લભ છે, શ્રદ્ધા કરતાં સાચો ઉપદેશક દુર્લભ છે, અને એ ઉપદેશક કરતાં પણ શાસ્ત્ર સાંભળવાનો પ્રસંગ દુર્લભ છે. પણ આ બધીય દુર્લભ વસ્તુઓ સુલભ થઇ જાય-મળી જાય છતાં સમકિતની પ્રાપ્તિ તો દુર્લભજ સમજવી. ૬.

सुरेन्द्रनागेन्द्रनरेन्द्रसंपदः ।
सुखेन सर्वा लभते भ्रमन् भवे ।
अशेषदुःखक्षयकारणं परं,
न दर्शनं पावनमश्नुते जनः ॥ ७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १५४.

સંસારમાં ભમતો એવો મનુષ્ય ઈંદ્રની, નાગેંદ્રની કે રાજાની તમામ સંપત્તિને સહેલાઇથી મેળવે છે, પરન્તુ તમામ દુઃખના ક્ષયના કારણ સમાન પવિત્ર સમકિતને નથી પામી શકતો. ૭.

मानुष्यमार्यदेशश्च, जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र, कथञ्चित् कर्मलाघवात् ॥ ८ ॥
प्राप्तेषु पुण्यतः श्रद्धा–कथक–श्रवणेष्वपि ।
तत्त्वनिश्चयरूपं तद् बोधिरत्नं सुदुर्लभम् ॥ ९ ॥

योगशास्त्र, प्रकाश ४. श्लो० १०८, १०९.

મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ જાતિ, સર્વ ઇન્દ્રિયોની

પટુતા–પરિપૂર્ણતા, અને તેમાં પણ લાંબું આયુષ્ય; એ બધું કર્મની લઘુતાથી અને વિશેષ પુણ્યોદયથી કોઇ પ્રકારે પ્રાપ્ત થાય છે. વળી ધર્મની અભિલાષા, ધર્મનો ઉપદેશ આપનાર ગુરૂમહારાજ, અને ધર્મનું શ્રવણ, એ સર્વ પુણ્યોદયથી મળવા છતાં પણ તત્ત્વનિશ્ચય સ્વરૂપ સમ્યક્ત્વરૂપી રત્ન પામવું વિશેષ દુર્લભ છે. ૮, ૯.

### સમ્યક્ત્વનું મહત્વઃ—

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबंधोर्न परो हि बंधुः,
सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥ १० ॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० ८.*

સમકિતરૂપી રત્નથી શ્રેષ્ઠ એવું કોઇ રત્ન નથી, સમ્યક્ત્વરૂપી મિત્રથી કોઇ ઉત્તમ મિત્ર નથી, સમકિતરૂપી ભાઈ કરતાં બીજો સારો ભાઇ નથી અને સમ્યક્ત્વ ના લાભ કરતાં બીજો કોઇ સારો લાભ નથી. ૧૦.

दमो दया ध्यानमहिंसनं तपो
जितेन्द्रियत्वं विनयो नयस्तथा ।
ददाति नैतत्फलमङ्गधारिणां,
यदत्र सम्यक्त्वमनिन्दितं धृतम् ॥ ११ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १६७.

ધારણ કરેલું નિર્દોષ સમકિત આ જગતમાં પ્રાણીઓને જે ફળ આપે છે, તે ફળ દમ, દયા, ધ્યાન, અહિંસા, તપ.

જિતેંદ્રિયપણું, વિનય અને નય, એ સર્વ કોઈ પણ આપતાં નથી. ૧૧.

मूलं बोधिद्रुमस्यैतद् द्वारं पुण्यपुरस्य च ।
पीठं निर्वाणहर्म्यस्य, निधानं सर्वसंपदाम् ॥ १२ ॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० १.*

આ સમકિત, બોધિવૃક્ષના મૂળસમાન છે, પુણ્યરૂપી નગરના દ્વાર સમાન છે, નિર્વાણરૂપી મહેલની બેઠક સમાન છે અને તમામ સંપત્તિના ખજાનારૂપ છે. ૧૨.

मूलं धर्मस्य सम्यक्त्वं, स्वर्गसौख्यफलप्रदम् ।
अनुक्रमेण मोक्षस्य, सुखदं भणितं ध्रुवम् ॥ १३ ॥

हिंगुलप्रकरण, सम्यक्त्वप्रक्रम, श्लो० ४.

ધર્મના મૂળરૂપ એવું સમકિત, સ્વર્ગના સુખરૂપી ફલને દેનારૂં છે, તથા અનુક્રમે ખરેખર, મોક્ષનું સુખ દેનારૂં કહ્યું છે. ૧૩.

गुणानामेक आधारो रत्नानामिव सागरः ।
पात्रं चारित्रवित्तस्य, सम्यक्त्वं श्लाघ्यते न कैः ? ॥१४॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० २.

જેમ રત્નોનો આધાર સમુદ્ર છે, તેની માફક ગુણોના અદ્વિતીય આધારરૂપ, અને ચારિત્રરૂપી ધનના પાત્ર સમાન એવા સમકિત ના કોણ વખાણ ન કરે ? ૧૪.

न बान्धवा नो सुहृदो न वल्लभा,
न देहजा नो धनधान्यसंचयाः ।

**तथा हिताः सन्ति शरीरिणां जने,**
**यथाऽत्र सम्यक्त्वमदूषितं हितम् ॥ १५ ॥**

सुभाषितरत्नसंदोह, श्लो० १७०.

આ જગતમાં, પ્રાણીઓને, નિર્દોષ ધારણ કરેલું સમકિત જેવું હિતકારક છે, તેવા બંધુઓ, મિત્રો, સ્ત્રી, પુત્ર, ધન અને ધાન્યના સમૂહો હિતકારક નથી. ૧૫.

**कनीनिकेव नेत्रस्य, कुसुमस्येव सौरभम् ।**
**सम्यक्त्वमुच्यते सारं, सर्वेषां धर्मकर्मणाम् ॥ १६ ॥**

अध्यात्मसार, प्रबंध ४, श्लो० ५.

જેવી રીતે આંખોનો સાર કીકીઓ છે અને ફુલોનો સાર સુગંધી છે, તેજ પ્રમાણે તમામ ધર્મકૃત્યોનો સાર તે સમકિત છે. ૧૬.

**वरं नरकवासोऽपि, सम्यक्त्वेन समायुतः ।**
**न तु सम्यक्त्वहीनस्य, निवासो दिवि राजते ॥ १७ ॥**

तत्त्वामृत, श्लो० ४.

સમકિત સહિત, નરકમાં વસવું પણ સારૂં છે. પરંતુ સમકિત રહિત થઈને સ્વર્ગમાં પણ વસવું સારૂં નથી. ૧૭.

**कोऽप्यन्य एव महिमा ननु शुद्धदृष्टे-**
***र्यच्छ्रेणिको ह्यविरतोऽपि जिनोऽत्र भावी ।***

पुण्यार्गलः किमितरोऽपि न सार्वभौमो
रूपच्युतोऽप्यधिगुणस्त्रिजगन्नतश्च ॥१८॥

कर्पुरप्रकरण, श्लो० १५.

ખરેખર, સમ્યગ્દૃષ્ટિ પ્રાણીનો મહિમા કોઈ જુદાજ પ્રકારનો હોય છે, કે જેનાથી વિરતિને નહિં પામેલ એવો પણ શ્રેણિક રાજા આ ભરતક્ષેત્રમાં તીર્થંકર થનાર છે. શું સામાન્ય માણસ પણ પોતાના પુણ્યના બળથી સમસ્ત પૃથ્વીનો સ્વામી નથી થતો ? કે શું રૂપ વગરનો પણ અત્યંત ગુણવાન માણસ ત્રણે જગતમાં નથી પૂજાતો ? ૧૮.

## સમ્યક્ત્વઃ સાચી શુદ્ધિઃ—

मनःशुद्धिश्च सम्यक्त्वे, सत्येव परमार्थतः ।
तद्विना मोहगर्भा सा, प्रत्यपायानुबन्धिनी ॥ १९ ॥

अध्यात्मसार, प्रबंध ४, श्लो० १.

સાચેસાચી મનની શુદ્ધિ તો સમકિત હોય ત્યારેજ થાય છે. કારણ કે સમકિત વગર તેમાં ઉંડે ઉંડે મોહ રહી જાય છે અને તેથી પગલે પગલે પાપને બાંધે છે. ૧૯.

सम्यक्त्वसहिता एव, शुद्धा दानादिकाः क्रियाः ।
तासां मोक्षफले प्रोक्ता, यदस्य सहकारिता ॥ २० ॥

अध्यात्मसार, प्रबंध ४, श्लो० २.

દાનાદિકની બધી ક્રિયાઓ સમકિત સાથે હોય તોજ શુદ્ધ

ગણાય છે. કારણ કે એ ક્રિયાઓના મોક્ષરૂપ ફળ આપવામાં આ–સમકિત–નું સહકારીપણું ( સાથેરહેવાપણું ) કહેલું છે. ૨૦:

तीर्थेषु शुद्ध्यति जलैः शतशोऽपि धौतं,
नान्तर्गतं विविधपापमलावलिप्तम् ।
चित्तं विचिन्त्य मनसेति विशुद्धबोधाः,
सम्यक्त्वपूतसलिलैः कुरुताभिषेकम् ॥ २१ ॥

सुभाषितरत्नभांडागार.*

શરીરની અંદર રહેલું ચિત્ત, વિવિધ પ્રકારના પાપરૂપી મળથી મલિન થયેલું હોય તે, તીર્થના જળવડે સેંકડો વાર ધોવાથી પણ શુદ્ધ થતું નથી, એમ મનમાં વિચારીને, હે વિશુદ્ધ બોધવાળા મનુષ્યો ! સમ્યકત્વરૂપી પવિત્ર જળવડે તમે સ્નાન કરો. તેથીજ ચિત્તની શુદ્ધિ થશે. ૨૧.

સમ્યકત્વના ભેદઃ—

उपशामिकमेकं च, परं क्षायोपशामिकम् ।
तृतीयं क्षायिकं तुर्यं, सास्वादनं च वेदकम् ॥ २२ ॥

हिंगुलप्रकरण, सम्यक्त्वप्रक्रम, श्लो० १०.

એક ઉપશામિક સમકિત, બીજું ક્ષાયોપશામિક સમકિત, ત્રીજું ક્ષાયિક સમકિત, ચોથું સાસ્વાદન સમકિત તથા પાંચમું વેદક સમ્યક્ત્વ જાણવું. ૨૨.

शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणैः ।
लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यक्त्वमुपलक्ष्यते ॥ २३ ॥

योगशास्त्र, पृ० ६३, श्लो० १५. ( प्र. स. )

શમ-શાંતિ, સંવેગ-વૈરાગ્ય, નિર્વેદ-સંસારપર કંટાળો, અનુકંપા-દયા અને આસ્તિકપણું-શ્રદ્ધા, આ પાંચ લક્ષણોવડે, સારી રીતે, સમકિત ઓળખી શકાય છે. ૨૩.

## નિસર્ગ સમ્યક્ત્વઃ—

आन्तर्मौहूर्त्तिकं सम्यग्दर्शनं प्राप्नुवन्ति यत् ।
निसर्गहेतुकमिदं सम्यक्छ्रद्धानमुच्यते ॥ २४ ॥

उपदेशप्रासाद, भाग १, पृ० ९. ( प्र. स. )

એક આંતર્મુહૂર્ત્તનું જે સમકિત દર્શન પ્રાપ્ત થાય છે, તે સમ્યક્ પ્રકારની શ્રદ્ધાવાળું નિસર્ગ ( સ્વાભાવિક ) સમકિત કહેવાય છે. ૨૪.

द्रव्यक्षेत्रादिभावा ये, जिनैः ख्यातास्तथैव च ।
श्रद्धत्ते स्वयमेवैतान्, स निसर्गरुचिः स्मृतः ॥ २५ ॥

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० १. (प्र. स.)

જે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ પદાર્થો જિનેશ્વરોએ જે પ્રમાણે કહ્યા છે તેને તેજ પ્રકારે જે પોતે પોતાની મેળેજ શ્રદ્ધા કરે તે નિસર્ગરૂચિ સમકિતી કહેવાય છે. ૨૫.

## અધિગમ સમ્યક્ત્વઃ—

गुरूपदेशमालम्ब्य, प्रादुर्भवति देहिनाम् ।
यत्तु सम्यक्छ्रद्धानं तत्, स्यादधिगमजं परम् ॥ २६ ॥

उपदेशप्रासाद, भाग १, पृ० ९. ( प्र. स. )

ગુરૂના ઉપદેશનું અવલંબન કરીને, પ્રાણીઓને જે સમ્યક્ પ્રકારની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે; તે બીજું અધિગમ સમકિત કહેલું છે. ૨૬.

## બીજરૂચિ સમ્યક્ત્વઃ—

**स बीजरुचिरासाद्य, पदमेकमनेकधा ।**
**योऽध्यापयति सम्यक्त्वं, तैलबिन्दुमिवोदके ॥ २७ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ५. (प्र. स.)

જળને વિષે જેમ તેલનું બિંદુ પ્રસરી જાય છે તેમ, જે પુરૂષ એક જ પદને પામીને, પછી તેને સમ્યક્ પ્રકારે અનેક રીતે બીજાને ભણાવે તે બીજરૂચિ સમકિતી કહેવાય છે. ૨૭.

## વિસ્તારરૂચિ સમ્યક્ત્વઃ—

**द्रव्याणां निखिला भावाः, प्रमाणैरखिलैर्नयैः ।**
**उपलम्भगता यस्य, स विस्ताररुचिर्मतः ॥ २८ ॥**

पार्श्वनाथचरित्र ( गद्य ), पृ० १७, श्लो० ७. (प्र. स.)

જે મનુષ્યે પદાર્થોના સમગ્ર ભાવો સર્વ પ્રમાણ અને નયોવડે જાણ્યા હોય તેને વિસ્તારરૂચિ સમકિતી કહેલો છે. ૨૮.

## આગમરૂચિ સમ્યક્ત્વઃ—

**श्रीसर्वज्ञागमो येन, दृष्टः स्पष्टार्थतोऽखिलः ।**
**आगमज्ञैरभिगमरुचिरेषोऽभिधीयते ॥ २९ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ६. (प्र. स.)

જે મનુષ્યે શ્રી સર્વજ્ઞના આગમો સર્વે સ્પષ્ટ રીતે અર્થથી જોયા હોય તે આગમરૂચિ સમકિતી છે એમ આગમના જાણુનારા કહે છે. ૨૯.

## ક્રિયારૂચિ સમ્યક્ત્વઃ—

**ज्ञानदर्शनचारित्रतपःसमितिगुप्तिषु ।**
**यः क्रियासु रतो नित्यं, स विज्ञेयः क्रियारुचिः ॥३०॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ८. (प्र. स.)

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઃ આ સર્વ ક્રિયાઓને વિષે જે નિરંતર આસક્ત હોય તેને ક્રિયારૂચિ સમકિતી જાણવો. ૩૦.

## આજ્ઞારૂચિ સમ્યક્ત્વઃ—

**रागो द्वेषश्च मोहश्च, यस्याज्ञानं क्षयं गतम् ।**
**तस्याज्ञायां रुचिं कुर्वन्निहाज्ञारुचिरिष्यते ॥ ३१ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ३ (प्र. स.)

જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન ક્ષય પામ્યા છે તેવા જિનેશ્વરની આજ્ઞાને વિષે જે રૂચિ ધરાવે તેને અહીં આજ્ઞારૂચિ સમકિતી કહેલો છે. ૩૧.

## સંક્ષેપરૂચિ સમ્યક્ત્વઃ—

**आज्ञाप्रवचने जैने, कुदृष्टावनभिग्रहः ।**
**यः स्याद् भद्रभावेन, तं संक्षेपरुचिं विदुः ॥ ३२ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ९. (प्र. स.)

મિથ્યાદૃષ્ટિને વિષે-મિથ્યાત્વને વિષે જે આગ્રહવાળો ન થયો હોય અને જિનેશ્વરની આજ્ઞારૂપ સિદ્ધાંતને વિષે ભોળા ભાવે વર્તતો હોય, તેને સંક્ષેપરૂચિ સમકિતી કહ્યો છે. ૩૨.

ઉપદેશરૂચિ સમ્યક્ત્વઃ—

**यः परेणोपदिष्टस्तु छद्मस्थेन जिनेन वा ।**
**तानेव मन्यते भावादुपदेशरुचिः स्मृतः ॥ ३३ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० २. (प्र. स.)

કોઈ પણ છદ્મસ્થ અથવા જિનેશ્વર ભગવાનથી ઉપદેશાએલો જે મનુષ્ય તેમણે બતાવેલાં તત્ત્વોને ભાવથી માને - અંગીકાર કરે તે ઉપદેશરૂચિ સમકિતી કહેવાય છે. ૩૩.

ધર્મરૂચિ સમ્યક્ત્વઃ—

**यो धर्मं श्रुतचारित्रास्तिकायविषयं खलु ।**
**श्रद्दधाति जिनाख्यातं, स धर्मरुचिरिष्यते ॥ ३४ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७. (प्र. स.)

જે પુરૂષ જિનેશ્વરે કહેલા શ્રુત, ચારિત્ર અને અસ્તિકાયના વિષયવાળા-એ ત્રણ નામના-ધર્મને વિષે શ્રદ્ધા કરતો હોય, તે ધર્મરૂચિ સમકિતી કહેવાય છે. ૩૪.

સૂત્રરૂચિ સમ્યક્ત્વઃ—

**अधीयानु श्रुतं तेन, सम्यक्त्वमवगाहते ।**
**अंगोपांगप्रविष्टेन, यः स सूत्ररुचिः स्मृतः ॥ ३५ ॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० १७, श्लो० ४. (प्र. स.)

જે મનુષ્ય શ્રુતને ભણીને, પછી તે અંગોપાંગરૂપ શ્રુતવડે કરીને સમકિત પામે તેને સૂત્રરૂચિ સમકિતી કહેલો છે. ૩૫.

## સમ્યક્ત્વની શોભાઃ—

**शमसंवेगनिर्वेदानुकंपाभिः परिष्कृतम् ।**
**दधतामेतदच्छिन्नं, सम्यक्त्वं स्थिरतां व्रजेत् ॥ ३६ ॥**

अध्यात्मसार, प्रबंध ४, श्लो० ५८.

શાંતિ, મોક્ષની અભિલાષા, સંસારથી ઉદાસીનતા અને પ્રાણીઓ પ્રત્યેની અનુકમ્પાઃ આ ચારથી શોભાયમાન એવું સમકિત ધારણ કરનારાઓનું સમકિત સ્થિરતાને પામે છે. ૩૬.

**जैनधर्मे च दक्षत्वं, संस्थैर्योन्नतिभक्तयः ।**
**तीर्थसेवेति पंचापि, सम्यक्त्वभूषणानि च ॥ ३७ ॥**

हिंगुलप्रकरण, सम्यक्त्वप्रक्रम श्लो० २.

જૈન ધર્મમાં દક્ષતા, સ્થિરતા, ઉન્નતિ, ભક્તિ, તથા તીર્થ સેવા એ પાંચે સમકિતનાં ભૂષણ છે. ૩૭.

## સમ્યક્ત્વના નાશનું કારણઃ—

**चैत्यद्रव्यहृतिः साध्वीशीलभङ्गर्षिघातने ।**
**तथा प्रवचनोड्डाहो मूलाग्निर्बोधिशाखिनः ॥ ३८ ॥**

त्रिषष्ठी०, पर्व ८, सर्ग १०, श्लो० २८.

દેરાસરના દ્રવ્યનું હરણ કરવું, સાધ્વીના શીયળનો ભંગ કરવો, સાધુનો ઘાત કરવો, તથા પ્રવચનની નિંદા કરવી, આ સર્વે સમ્યક્ત્વરૂપી વૃક્ષના મૂળમાં અગ્નિ સમાન છે. ૩૮.

शंका कांक्षा विचिकित्सा, जैनादन्यस्य संस्तुतिः ।
तत्संस्तवोऽपि पंचैव, सम्यक्त्वदूषणानि च ॥ ३९ ॥

हिंगुलप्रकरण, सम्यक्त्वप्रक्रम, श्लो० ३९.

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, જૈન સિવાય અન્યની સ્તુતિ અને અન્ય મતની પ્રશંસા એ પાંચે સમકિતના દૂષણો છે. ૩૯.

अपि तापससङ्गत्या, सम्यक्त्वं हि विनश्यति ।
मनोरमं क्षीरमिवारनालेन कृशोदरि ! ॥ ४० ॥

त्रिषष्ठी०, पर्व ८, सर्ग ३, श्लो० ५१३.

હે કૃશોદરી (કૃશ ઉદરવાળી)-સુંદર સ્ત્રી, જેવી રીતે સરસ દૂધ કાંજીવડે બગડી જાય છે તેમ, તાપસાદિકની સોબતથી પણ સમકિત નાશ પામે છે. ૪૦.

સમ્યક્ત્વનું ફળ:—

दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतधारकत्वं,
सम्यक्त्वमूलानि महाफलानि ॥ ४१ ॥

धर्मपरीक्षा, पृ० ३७. ( आ. स. )*

દાન દેવું, બ્રહ્મચર્ય પાળવું, તપ કરવો, દેવપૂજા કરવી, તીર્થયાત્રા કરવી, ઉત્તમ દયા પાળવી, સારૂં શ્રાવકપણું અંગીકાર કરવું, અને વ્રતો ધારણ કરવાં: આ સર્વે સમકિત સહિત હોય તો જ મહાફળ આપનારાં થાય છે. ૪૧.

तनोति धर्मं विधुनोति पातकम्,
　　ददाति सौख्यं विधुनोति बाधकम् ।
चिनोति मुक्तिं विनिहन्ति संसृतिं,
　　जनस्य सम्यक्त्वमनिन्दितं धृतम् ॥ ४२ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १७१.

ધારણ કરેલું એવું નિર્દોષ સમકિત, પ્રાણીઓના ધર્મને વિસ્તારે છે, પાપનો નાશ કરે છે, સુખને આપે છે, બધા (દુઃખ) નો નાશ કરે છે, મોક્ષને એકઠો કરે છે, અને સંસારને હણે છે. ૪૨.

सम्यग्दर्शनसंपन्नः, कर्मणा न हि बध्यते ।
दर्शनेन विहीनस्तु, संसारं प्रतिपद्यते ॥ ४३ ॥

मनुस्मृति, अ० ६, श्लो० ७४.

જે મનુષ્ય સમ્યગ્દર્શનવડે યુક્ત હોય તે કર્મથી બંધાતો નથી, અને જે દર્શન રહિત હોય તે સંસારને પામે છે. ૪૩.

यथार्थतत्त्वं कथितं जिनेश्वरैः,
　　सुखावहं सर्वशरीरिणां सदा ।
निधाय कर्णे विहितार्थनिश्चयो
　　न भव्यजीवो वितनोति दुर्मतिम् ॥ ४४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १५७.

સર્વ પ્રાણીઓને નિરંતર સુખકારક યથાર્થ ( સત્ય ) તત્ત્વ જિનેશ્વરોએ કહેલું છે, તેને કાનને વિષે સ્થાપન કરીને ( સાંભળીને ) જેણે અર્થનો નિશ્ચય કર્યો હોય છે એવો ભવ્ય જીવ કદાપિ વિપરીત બુદ્ધિને પ્રાપ્ત થતો નથી. ૪૪.

पण्डितोऽसौ विनीतोऽसौ, धर्मज्ञः प्रियदर्शनः ।
यः सदाचारसंपन्नः, सम्यक्त्वदृढमानसः ॥ ४५ ॥

तत्त्वामृत, श्लो० ४३.

જે મનુષ્ય સદાચારથી યુક્ત હોય અને જેનું મન સમકિતમાં દૃઢ હોય, તે પુરૂષ જ પંડિત છે, તે જ વિનયવાન છે, તે જ ધર્મને જાણનાર છે, અને તેનું જ દર્શન સર્વને પ્રિય હોય છે. ૪૫.

अतुलसुखनिधानं सर्वकल्याणबीजं,
जननजलधिपोतं भव्यसत्त्वैकचिह्नम् ।
दुरिततरुकुठारं पुण्यतीर्थं प्रधानं,
पिबत जितविपक्षं दर्शनाख्यं सुधाम्बु ॥ ४६ ॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० १*

ન માપી શકાય એટલા સુખના ભંડારરૂપ, તમામ કલ્યાણના બીજ રૂપ, સંસારરૂપી સમુદ્રમાં નાવ સમાન, જીવના ભવ્યપણાના અદ્વિતીય નિશાન સમાન, પાપરૂપી વૃક્ષોને માટે કુહાડી સમાન, પવિત્ર તીર્થ સમાન અને વિપક્ષનો જય કરનાર એવા ઉત્તમ સમકિતરૂપી અમૃતનું, હે લોકો ! તમે પાન કરો ! ૪૬.

सम्यक्त्वेन हि युक्तस्य, ध्रुवं निर्वाणसंगमः ।
मिथ्यादृशोऽस्य जीवस्य, संसारे भ्रमणं सदा ॥ ४७ ॥

तत्त्वामृत, श्लो० ४१.

સમકિત સહિત એવા જીવને અવશ્ય મોક્ષનો સંગમ થાય છે, અને મિથ્યાદષ્ટિવાળા જીવનું સદા સંસારમાં ભ્રમણ થાય છે.૪૭.

धनेन हीनोऽपि धनी मनुष्यो,
यस्यास्ति सम्यक्त्वधनं प्रधानम् ।
धनं भवेदेकभवे सुखाय,
भवे भवेऽनन्तसुखी सुदृष्टिः ॥ ४८ ॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० ६*

જે માણસની પાસે સમકિતરૂપી ઉત્તમ ધન હોય તેને, તેની પાસે પૈસો ટકો ન હોય છતાં, ધનવાન સમજવો ! વળી પૈસા ટકાનું ધન તો એક ભવમાં જ સુખ આપનારૂં છે, જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ તો દરેકે દરેક ભવમાં અનંત સુખને મેળવે છે. ૪૮.

सम्यक्त्वं परमं रत्नं, शङ्कादिमलवर्जितम् ।
संसारदुःखदारिद्र्यं, नाशयेत् सुविनिश्चितम् ॥ ४९ ॥

तत्त्वामृत, श्लो० ४२.

શંકાદિક દોષવડે રહિત એવું સમકિતરૂપી ઉત્તમ રત્ન, સંસારનાં દુઃખ અને દારિદ્રનો અવશ્ય નાશ કરે છે. ૪૯.

यद्देवैरपि दुर्लभं च घटते येनोच्चयः श्रेयसां,
यन्मूलं जिनशासने सुकृतिनां यज्जीवितं शाश्वतम् ।
तत्सम्यक्त्वमवाप्य पूर्वपुरुषश्रीकामदेवादिवद्
दीर्घायुः सुरमाननीयमहिमा श्राद्धो महर्द्धिर्भव ॥५०॥

सूक्तमुक्तावलि, अधिकार ५५, श्लो० १०*

જે સમકિત દેવતાઓને પણ દુર્લભ છે, જેનાથી કલ્યાણનો સમૂહ થાય છે, જે શ્રીજિનશાસનમાં સુકૃતિના મૂળ સમાન છે અને જે અમર જીવન સમાન છે, તે સમકિતને પામીને શ્રી કામદેવાદિક પૂર્વ પુરૂષોની માફક, તું લાંબા આયુષ્યવાળો, દેવતાઓવડે પૂજિત મહિમાવાળો અને મોટી સમૃદ્ધિવાળો એવો શ્રાવક થા! ૫૦.



# दान ( ५६ )

દાનનું મહત્ત્વઃ—

दानं दुर्गतिवारणं गुणगणप्रस्तारविस्तारणं,
तेजःसन्ततिधारणं कृतविपच्छ्रेणीसमुत्सारणम् ।
अंहःसन्ततिदारणं भवमहाकूपारनिस्तारणम्,
धर्म्माभ्युन्नतिकारणं विजयते श्रेयःसुखाकारणम् ॥ १ ॥

धर्मकल्पद्रुम, पृ० ५८, श्लो० ४५. ( दे. ला. )

દાન દુર્ગતિને વારનારૂં છે, ગુણના સમૂહને વિસ્તારનારૂં છે, તેજના સમૂહને ધારણ કરનારૂં છે, આપત્તિ( કષ્ટ )ના સમૂહનો નાશ કરનારૂં છે, પાપના સમૂહને ફાડનારૂં છે, સંસારરૂપી સમુદ્રને તારનારૂં છે, ધર્મની ઉન્નતિનું કારણ છે, અને મોક્ષના સુખને બોલાવનારૂં છે. આવું દાન જ જગતમાં વિજયવાળું વર્તે છે. ૧.

याचितो यः प्रहृष्येत, दत्त्वा च प्रीतिमान् भवेत् ।
तं दृष्टाऽप्यथवा श्रुत्वा, नरः स्वर्गमवाप्नुयात् ॥ २ ॥

યાચના કરવાથી જે દાતાર હર્ષ પામે, અને દાન આપીને જે મનમાં પ્રસન્ન થાય, તેવા દાતારને જોઈને અથવા સાંભળીને એટલે જોવાથી કે સાંભળવાથી પણ મનુષ્ય સ્વર્ગને પામે છે. ( અર્થાત્ આવા દાતારને જોનાર કે સાંભળનાર પણ સ્વર્ગે જાય તો પછી દાતાર સ્વર્ગે જાય તેમા શું આશ્ચર્ય ? ) ૨.

सत्क्षेत्रप्रतिपादितः प्रियवचोबद्धालवालावलि-
निर्दोषेण मनःप्रसादपयसा निष्पन्नसेकक्रियः ।
दातुस्तत्तदभीप्सितं किल फलन्कालेऽपि बालोऽप्यसौ,
राजन्दानमहीरुहो विजयते कल्पद्रुमादीनपि ॥३॥

कल्हण कवि.

હે રાજા! દાનરૂપી વૃક્ષ સુપાત્રરૂપ સારા ક્ષેત્રમાં વાવ્યું હોય, તેને પ્રિય વચનરૂપી કયારાની પંક્તિ કરી હોય, અને મનની પ્રસન્નતારૂપી નિર્મળ જળવડે તેને પાણી પાવાની ક્રિયા કરેલી હોય, તો તે વૃક્ષ બાળક છતાં પણ યોગ્ય સમયે દાતારને-વાવનારને-તે તે ઇચ્છિત ફળને આપનાર થાય છે. અને તે દાનવૃક્ષ કલ્પવૃક્ષાદિક સર્વને જીતી લે છે. ૩.

विश्वोपकारि धनमल्पमपि प्रशस्यं,
किं नंदवत् फलममानपरिग्रहेण ।
प्रीत्यै यथा हिमरुचिर्न तथा हिमौघः,
स्याद्वा यथाऽत्र जलदो जलधिस्तथा न ॥ ४ ॥

कर्पूरप्रकरण, श्लो० ४०.

થોડું પણ વિશ્વને ઉપકાર કરવાવાળું ધન પ્રશંસા કરવા યોગ્ય છે. પરંતુ નંદ રાજાની પેઠે પ્રમાણરહિત એવા પરિગ્રહે કરીને શું? અર્થાત્ કાંઇ નહિ. દ્રષ્ટાંત કહે છે કે, હિમરૂચી એટલે શીતલ કિરણોવાળો ચંદ્રમા લોકને જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે, તેવો હિમનો સમૂહ લોકને પ્રીતિ ઉત્પન્ન કરતો નથી, તેમજ મેઘ જેવી પ્રીતિ ઉત્પન્ન કરે છે તેવી ખારો સમુદ્ર પણ પ્રીતિ

ઉત્પન્ન કરી શકતો નથી. ( અર્થાત્ ચંદ્ર અને મેઘ નાના હોવા છતાં લોકને ઉપકાર કરનાર હોવાથી વખણાય છે. અને હિમ, તથા સમુદ્ર બહુ મોટા હોવા છતાં લોકને સીધે સીધી રીતે ઉપકારી નહિં હોવાથી વખણાતા નથી. ) ૪.

**नास्ति वेदात् परं शास्त्रं, नास्ति मातुः परो गुरुः ।**
**नास्ति दानात् परं मित्रमिह लोके परत्र च ॥ ५ ॥**

अत्रिसंहिता, अ० १, श्लो० १५१.

વેદથી બીજું કોઇ ઉત્તમ શાસ્ત્ર નથી, માતાથી બીજો કોઈ ઉત્તમ ગુરૂ નથી, અને આ લોકમાં તથા પરલોકમાં દાનથી બીજો કોઇ ઉત્તમ મિત્ર નથી ( દાન જ બન્ને ભવમાં હિતકારક છે ). ૫.

દાનઃ સાચું રક્ષણઃ—

**उपार्जितानामर्थानां, त्याग एव हि रक्षणम् ।**
**तडागोदरसंस्थानां, परिवाहोऽम्भसामिव ॥ ६ ॥**

जैनपंचतंत्र, पृ० ४.

જેમ તળાવની મધ્યે રહેલા જળનો પરિવાહ એટલે માણુસો લઇ જાય એ જ તેનું રક્ષણ છે, તેમ ઉપાર્જન કરેલા ધનનું દાન કરવું એ જ રક્ષણ છે. ૬.

**यद्ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने ।**
**तत्ते वित्तमहं मन्ये, शेषं कस्यापि रक्षसि ॥ ७ ॥**

वेदव्यासस्मृति, अ० ४, श्लो० १६.

જે ધન તું હંમેશાં સુપાત્રોને આપે છે, અને જે તું ખાય છે-ભોગવે છે, તે વિત્ત તારૂં છે એમ હું માનું છું, અને બાકી રહેલું ધન કોઈકનું તું રક્ષણ કરે છે એમ હું માનું છું. ૭.

## દાનનો ઉપદેશ:—

अत्यन्तं यदि वल्लभं धनमिदं त्यक्तुं त्वया नेष्यते,
सौहार्दाद्यदहं ब्रवीमि वचनं तद्भद्र ! शीघ्रं कुरु ।
भक्त्या सत्कृतिपूर्वकं गुणवते पात्राय यच्छ स्वयं,
येनानेन सुरक्षितं बहुविधं जन्मान्तरे प्राप्यते ॥ ८ ॥

धर्मकल्पद्रुम, पृ० ७३, श्लो० ५४०. (दे. ला.)

હે ભદ્ર ! જો આ ધન તને અત્યંત વહાલું છે, અને તેથી કરીને તું તેને ત્યાગ કરી શકતો નથી-વાપરી શકતો નથી અને સંગ્રહ જ કરે છે તો હું તને મિત્રાઈથી જે વચન કહું તે પ્રમાણે તું શીઘ્રપણે કર. તે એ કે-તારા ધનને તું પોતે જ ભક્તિથી સત્કારપૂર્વક ગુણવાન સુપાત્રને આપ, કે જેથી કરીને તેણે સારી રીતે રક્ષણ કરેલું તે ધન તને, ઘણા પ્રકારે, બીજા ભવમાં પ્રાપ્ત થાય. ૮.

देयं भोज ! धनं धनं सुविधिना नो संचितव्यं कदा,
श्रीकर्णस्य बलस्य विक्रमनृपस्याद्यापि कीर्तिर्यतः ।
येनेदं बहु पाणिपादयुगलं घृष्यन्ति भो मक्षिका
अस्माकं मधु दानभोगरहितं नष्टं चिरात् संचितम् ॥ ९ ॥

उपदेशतरंगिणी, पृ० १०, श्लो० ३३. (य. ग्रं.)

હે ભોજ રાજા ! મળેલા દ્રવ્યનું વિધિપૂર્વક નિરંતર ઘણું દાન દેવું, કારણકે દાનના પ્રભાવથી જ શ્રીકર્ણ રાજા, બળી રાજા અને વિક્રમ રાજાની કીર્તિ હજુ સુધી જગતમાં પ્રસિદ્ધ છે. જેથી કરીને અહો ! મધમાખીઓ પોતાના હાથપગને અત્યંત ઘસે છે, તે જણાવે છે કે—અમે ઘણા કાળથી સંગ્રહ કરેલું અમારૂં મધ, દાન અને ભોગવડે રહિત હોવાથી, તત્કાળ નાશ પામ્યું. ૯.

**न्यायागतेन द्रव्येण, कर्तव्यं पारलौकिकम् ।**
**दानं हि विधिना देयं, काले पात्रे गुणान्विते ॥ १० ॥**

दक्षस्मृति, अ० ३, श्लो० २५.

ન્યાયથી પ્રાપ્ત થયેલા ધનવડે પરલોક સંબંધી કાર્ય કરવું જોઇએ. તથા અવસરે—યોગ્ય વખતે ગુણવાન પાત્રને વિધિ પૂર્વક દાન દેવું. ૧૦.

**अशनादीनि दानानि, धर्मोपकरणानि च ।**
**साधुभ्यः साधुयोग्यानि, देयानि विधिना बुधैः ॥११॥**

उत्तराध्ययनसूत्रटीका (कमलसंयम), पृ० २१०*

ડાહ્યા માણસોએ સાધુને યોગ્ય ( નિર્દોષ ) એવા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તથા ચારિત્ર ધર્મના ઉપકરણનું દાન સાધુઓને આપવું. ૧૧.

**ग्रासादर्धमपि ग्रासमर्थिभ्यः किं न दीयते ।**
**इच्छानुरूपो विभवः, कदा कस्य भविष्यति ? ॥ १२ ॥**

जैनपंचतंत्र, पृ० १३५, श्लो० ५०*

પોતાના કોળીયામાંથી અડધો કોળીયો પણ યાચકને કેમ ન આપવો ? આપવો જ જોઇએ. કેમકે પોતાની ઈચ્છામાં આવે તેટલો વૈભવ તો કોને અને કયારે થશે ? ઇચ્છા જેટલો વૈભવ થવો અસંભવિત છે. ૧૨.

દાન વગર બધું નકામું:—

**यदि नास्तमिते सूर्ये, न दत्तं धनमर्थिनाम् ।**
**तद्धनं नैव जानामि, प्रातः कस्य भविष्यति ॥ १३ ॥**

प्रबंधचिंतामणि, पृ० ६६, श्लो० ५.

જો સૂર્ય આથમતાં સુધીમાં, યાચકોને ધનનું દાન કરવામાં ન આવે તો સવારમાં તે ધન કોનું થશે એ હું જાણતો નથી. ૧૩.

**भिक्षुका नैव याचन्ते, बोधयन्ति दिने दिने ।**
**दीयतां दीयतां किञ्चिददातुः फलमीदृशम् ॥ १४ ॥**

ભિક્ષુકો હંમેશાં (ઘેર ઘેર) અટન કરે છે તે યાચનાને માટે નથી ફરતા, પરંતુ તેઓ મનુષ્યોને બોધ કરે છે કે કાંઈ પણ દાન આપો, દાન આપો. દાન નહીં આપનારાને આવું એટલે અમારા જેવું ફળ મળે છે. ( અમે દાન આપ્યું નહીં હોય તેથી અમારે ભિખ માગવી પડે છે, માટે તમે દાન આપો. ) ૧૪.

દાતા-અદાતા-વિવેકઃ—

**संग्रहैकपरः प्रायः, समुद्रोऽपि रसातलम् ।**
**दाता तु जलदः पश्य, भुवनोपरि गर्जति ॥ १५ ॥**

प्रबंधचिंतामणि, पृ० १४०, श्लो १.

જો, સંગ્રહ કરવામાં તત્પર હોવાના કારણે સમુદ્ર પણ રસાતલને પામ્યો અને દાતાર એવો મેઘ તો જગતના ઉપર રહી ગર્જના કરે છે. ૧૫.

નિષ્ફળ દાનઃ—

मायाऽहंकारलज्जाभिः, प्रत्युपक्रिययाऽथवा ।
यत्किंचिद्दीयते दानं, न तद्धर्मस्य साधकम् ॥ १६ ॥

विवेकविलास, दशम उल्लास, श्लो० १५.

જે કાંઇ દાન માયા–કપટથી, અહંકારથી, લજ્જાથી અથવા પ્રત્યુપકારની ભાવનાથી દેવામાં આવે, તે દાન ધર્મનું સાધક નથી.૧૬.

સાચું દાનઃ—

दातव्यमिति यद् दानं, दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च, तद् दानं सात्त्विकं विदुः ॥ १७ ॥

भगवद्गीता, अ० १७, श्लो० २०.

" આપવું જોઇએ " એ પ્રમાણે વિચાર કરીને જે દાન ઉપકાર નહીં કરનારા પાત્રને, યોગ્ય કાળ અને યોગ્ય દેશને વિષે અપાય તે દાન સાત્ત્વિક છે એમ પંડિતો કહે છે. ૧૭.

દાનનું દૂષણઃ—

अनादरो विलंबश्च, वैमुख्यं विप्रियं वचः ।
पश्चात्तापश्च दातुः स्याद्दानदूषणपंचकम् ॥ १८ ॥

उपदेशप्रासाद, भाग २, पृ० १३४. ( प्र. स. )*

દાન આપવામાં અનાદર, વિલંબથી આપવું, અવળું મુખ કરવું, કડવું વચન બોલવું અને દાન દીધા પછી પશ્ચાત્તાપ કરવો, આ પાંચ દાતારનાં દાન દેવાનાં દૂષણ છે. ૧૮.

દાનની શોભાઃ—

आनंदाश्रूणि रोमांचो बहुमानं प्रियं वचः ।
तथाऽनुमोदना पात्रे, दानभूषणपंचकम् ॥ १९ ॥

उपदेशप्रासाद, भाग २, पृ० १३४. ( प्र. स. )

સુપાત્રને દાન આપતી વખતે આનંદનાં અશ્રુ આવે, શરીરમાં રોમાંચ ઉભા થાય, મનમાં બહુમાનની ભાવના થાય, પ્રિય વચન બોલે, અને દાનની અનુમોદના કરે, આ સુપાત્ર દાનનાં પાંચ ભૂષણ છે. ૧૯.

કુપાત્રદાનઃ—

कुपात्रदानाच्च भवेद्दरिद्रो दारिद्र्यदोषेण करोति पापम् ।
पापप्रभावान्नरकं प्रयाति, पुनर्दरिद्रः पुनरेव पापी ॥ २० ॥

गरुडपुराण, अ० ८, श्लो० १७.

કુપાત્રને વિષે દાન દેવાથી મનુષ્ય દરિદ્રી થાય છે, દરિદ્રતાના દોષથી પાપ કરવામાં પ્રવર્તે છે, પાપના પ્રભાવથી નરકે જાય છે, અને ત્યાંથી નીકળીને ફરીથી દરિદ્રી થાય છે અને ફરીથી પાછો પાપી થાય છે. ૨૦.

સુપાત્રદાનઃ—

चारित्रं चिनुते तनोति विनयं ज्ञानं नयत्युन्नतिं,
पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम् ।
पुण्यं कन्दलयत्यघं दलयति स्वर्गं ददाति क्रमा-
न्निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ॥२१॥

सिंदूरप्रकरण, श्लो० ७७.

પવિત્ર ધનને સુપાત્રમાં સ્થાપન કર્યું હોય તો તે ચારિત્રને એકઠું કરે છે, વિનયને વિસ્તારે છે, જ્ઞાનને ઉન્નત કરે છે, પ્રશમ–શમતા–ને પોષે છે, તપને બળવાન કરે છે, આગમને ઉલ્લસિત–વિકસ્વર–કરે છે, પુણ્યને ઉત્પન્ન કરે છે, પાપનો નાશ કરે છે, સ્વર્ગને આપે છે, અને અનુક્રમે–પરંપરાએ–મોક્ષલક્ષ્મી-ને પણ આપે છે. ૨૧.

दानं धर्मपुरो विष्णुस्तच्च पात्रे प्रतिष्ठितम् ।
मौक्तिकं जायते स्वातिवारि शुक्तिगतं यथा ॥ २२ ॥

उपदेशप्रासाद, भाग ३, पृ० ९६. ( प्र. स. )

સર્વ ધર્મમાં દાનધર્મ તેજસ્વી છે ( દાન જ ધર્મરૂપી નગરનો રાજા છે ). તે દાન જો સુપાત્રને વિષે સ્થાપન કર્યું હોય તો છીપમાં પડેલું સ્વાતિ નક્ષત્રનું જળ જેમ મોતી થાય છે તેમ તે દાન મુક્તિને માટે થાય છે. ૨૨.

सुदानात् प्राप्यते भोगः, सुदानात् प्राप्यते यशः ।
सुदानाज्जायते कीर्त्तिः, सुदानात् प्राप्यते सुखम् ॥२३॥

पद्मपुराण, खंड २, अ० ३८, श्लो० ४२.

સારૂં અથવા સુપાત્રને દાન આપવાથી ભોગ પ્રાપ્ત થાય છે, સુદાનથી યશ પ્રાપ્ત થાય છે, સુદાનથી કીર્તિ પ્રાપ્ત થાય છે, અને સુદાનથી સુખ પ્રાપ્ત થાય છે. ૨૩.

**सुपात्रदानाच्च भवेद्धनाढयो धनप्रभावेण करोति पुण्यम् ।**
**पुण्यप्रभावात् सुरलोकवासी, पुनर्धनाढयः पुनरेव भोगी ॥२४॥**

गरुडपुराण, अ० ७, श्लो० २१.

સુપાત્રને વિષે દાન દેવાથી મનુષ્ય ધનાઢ્ય થાય છે, ધનના પ્રભાવથી તે પુણ્ય કાર્ય કરે છે, પુણ્યના પ્રભાવથી તે દેવલોકમાં વસનારો થાય છે, અને ત્યાંથી ચવીને ફરીથી ધનાઢ્ય થાય છે અને ફરીથી ભોગી થાય છે. ૨૪.

## નિમિત્તદાનઃ—

**ग्रहणोद्वाहसंक्रान्तौ, स्त्रीणां च प्रसवे तथा ।**
**दानं नैमित्तिकं ज्ञेयं, रात्रौ चापि प्रशस्यते ॥ २५ ॥**

अत्रिसंहिता, अ० १, श्लो० ३२७.

સૂર્ય ચંદ્રના ગ્રહણ વખતે, વિવાહને સમયે, સૂર્ય સંક્રાંતિને દિવસે તથા સ્ત્રીની પ્રસૂતિના સમયે જે દાન આપવું તે નૈમિત્તિક દાન જાણવું. આવાં દાન રાત્રિએ આપવાં પડે તો પણ તે પ્રશસ્ત છે—વખાણવા લાયક છે. ૨૫.

## જળદાનઃ—

**यदमीषां महर्षीणां, जलदानादपि प्रिये ! ।**
**सुकृतं प्राप्यते लोकैर्न हि तद्यज्ञकोटिभिः ॥ २६ ॥**

वाराहपुराण, अ० ४१, श्लो० २२.

હે પ્રિયા ! આ મહર્ષિઓને જળનું પણ દાન આપવાથી લોકો જે પુણ્ય મેળવે છે, તે પુણ્ય કરોડ યજ્ઞોથી પણ મળતું નથી. ૨૬.

**અન્નદાનઃ--**

**सङ्गीतानवगीतरूपरमणीकर्पूरकस्तूरिका-**
**श्रीखण्डागुरुवाजिवारणमणिस्वर्णादिवस्तुभरः।**
**सङ्गे यस्य सुखं करोति विरहे दुःखं करोत्यङ्गिनां,**
**सद्यः प्रीतिकरं तदन्नमनघं यत्नेन देयं बुधैः॥२७॥**

अनंगरंग उल्लास २, श्लो० ३६.

સંગીત, મનોહર રૂપ, સ્ત્રી, કપૂર, કસ્તૂરિ, બાવના ચંદન, અગુરૂ, અશ્વ, હસ્તી, મણિ અને સુવર્ણાદિક વસ્તુના સમૂહ આ સર્વે જે અન્નની સાથે ( એટલે કે ભરેલું પેટ ) હોય તોજ મનુષ્યોને સુખ કરે છે અને તે વિયોગમાં ( ખાલી પેટે ) દુઃખ કરે છે, તે તત્કાળ પ્રીતિ કરનારૂં અને અમૂલ્ય એવું અન્ન, ડાહ્યા પુરૂષોએ, યત્નથી દેવું યોગ્ય છે. ૨૭.

**को न याति वशं लोके, मुखे पिण्डेन पूरितः।**
**मृदङ्गो मुखलेपेन, करोति मधुरध्वनिम् ॥ २८ ॥**

લોકમાં કયો એવો માણુસ છે કે જે મુખમાં પિંડ ભરી દેવાથી ( અન્નદાન કરવાથી ) તે વશ ન થાય ? મૃદંગ પણ મુખપર લોટનો લેપ કરવાથી મધુર શબ્દને કરે છે. ૨૮.

વિત્તદાનઃ—

लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते,
प्रीतिश्चुम्बति सेवते सुभगता नीरोगताऽऽलिङ्गति ।
श्रेयःसंहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगस्थिति-
र्मुक्तिर्वाञ्छति यः प्रयच्छति पुमान् पुण्यार्थमर्थं निजम् ॥२९॥

सिंदूरप्रकरण, श्लो० ७९.

જે પુરૂષ પુણ્યને અર્થે પોતાના ધનનું દાન આપે છે, તે પુરૂષને લક્ષ્મી ઇચ્છે છે, બુદ્ધિ શોધે છે, કીર્તિ તેની સન્મુખ જુએ છે, પ્રીતિ તેને ચુંબન કરે છે, સૌભાગ્ય તેને સેવે છે, નિરોગતા–આરોગ્યતા–તેને આલિંગન કરે છે, કલ્યાણનો સમૂહ તેની પાસે આવે છે, સ્વર્ગના ભોગની સ્થિતિ તેને વરે છે, અને મુક્તિ તેની વાંછા–ઇચ્છા–કરે છે. ૨૯

વસતિદાનઃ—

उपाश्रयो येन दत्तो मुनीनां गुणशालिनाम् ।
तेन ज्ञानाद्युपष्टम्भदायिना प्रददे न किम् ? ॥ ३० ॥

उत्तराध्ययनसूत्रटीका ( भावविजय ), अ० १, पृ० १२.

( ચારિત્રના ) ગુણોવડે શોભતા મુનિઓને જેણે ઉપાશ્રય આપ્યો હોય તેણે જ્ઞાનાદિક–જ્ઞાન, દર્શન અને ચારિત્ર–એ સર્વને ઉપષ્ટંભ–ટેકો ( સહાય ) આપ્યો કહેવાય છે, અને તેથી તેણે શું આપ્યું ન કહેવાય ? સર્વ આપ્યું છે. ૩૦

सुरर्द्धिः सुकुलोत्पत्तिर्भोगलब्धिश्च जायते ।
साधूनां स्थानदानेन, क्रमान्मोक्षश्च लभ्यते ॥ ३१ ॥

उत्तराध्ययनसूत्रटीका ( भावविजय ), अ० १, पृ० १२.

મુનિઓને સ્થાન ( વસતી ) નું દાન આપવાથી દેવની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, સારા કુળમાં જન્મ થાય છે અને ભોગની પ્રાપ્તિ થાય છે, તથા અનુક્રમે મોક્ષ પણ પમાય છે. ૩૧.

ભુમિદાનઃ—

यथा बीजानि रोहन्ति, प्रकीर्णानि महीतले ।
एवं कामाः प्ररोहन्ति, भूमिदानसमर्जिताः ॥ ३२ ॥
यथाऽप्सु पतितः शक्र ! तैलबिन्दुः प्रसर्पति ।
एवं भूमि (मेः) कृतं दानं, सस्ये सस्ये प्ररोहति ॥३३॥
अन्नदः सुखितो नित्यं, वस्त्रदश्चैव रूपवान् ।
स नरः सर्वदो भूप ! यो ददाति वसुंधराम् ॥ ३४ ॥

बृहस्पतिस्मृति, पृ० १०८, श्लो० ११, १२, १३.

જેમ પૃથ્વીપર વીખરેલા ધાન્ય વિગેરેના બીજો ઉગે છે, તેમ ભૂમિદાન દેવાથી ઉપાર્જન કરેલા-પ્રાપ્ત થયેલા-કામભોગો ઉગે છે-ઉદય પામે છે. હે ઇંદ્ર ! જેમ જળમાં પડેલું તેલબિંદુ જળમાં પ્રસરી જાય છે, તેમ ભૂમિનું કરેલું દાન તેમાં ઉગેલા ધાન્યના કણ કણને વિષે વ્યાપી જાય છે. જે માણુસ અન્નનું દાન કરે છે, તે નિત્ય સુખી થાય છે, વસ્ત્રનું દાન કરે છે, તે

રૂપવાન થાય છે, અને હે રાજા! જે પૃથ્વીનું દાન કરે છે, તે મનુષ્યે સર્વ દાન કર્યું છે એમ જાણવું. ૩૨, ૩૩, ૩૪.

દયાદાનઃ—

इयं मोक्षफले दाने, पात्रापात्रविचारणा ।
दयादानं तु सर्वज्ञैः, कुत्रापि न निषिध्यते ॥ ३५ ॥

पार्श्वनाथचरित्र (पद्य), सर्ग ६, श्लो. ५४. (य.ग्र.)

આ પાત્ર અને અપાત્રનો વિચાર મોક્ષરૂપ ફળ મેળવવાના દાનને વિષે કરવાનો છે. પરંતુ દયાદાનનો તો સર્વજ્ઞોએ કોઇ પણ ઠેકાણે નિષેધ કર્યો નથી. ૩૫.

અભયદાનઃ—

चतुःसागरपर्यन्तां, यो दद्यात्पृथिवीमिमाम् ।
एकश्च जीवितं दद्यात्तयोरभयदोऽधिकः ॥ ३६ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ६९.

જે કોઇ માણુસ આ ચાર સમુદ્ર પર્યંતની પૃથ્વીનું દાન કરે અને બીજો કોઇ માણુસ પ્રાણીને જીવિત આપે-અભયદાન આપે, તો તે બન્નેમાં અભયદાન આપનાર અધિક પુણ્યશાળી છે. ૩૬.

हुतमिष्टं च तप्तं च, तीर्थसेवाफलं श्रुतम् ।
सर्वाण्यभयदानस्य, कलां नार्हन्ति षोडशीम् ॥ ३७ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ७०.

મનુષ્યે જે કાંઇ હોમ કર્યો હોય, પૂજા કરી હોય, તપ કર્યું હોય, તીર્થસેવા કરી હોય અને શાસ્ત્રને અભ્યાસ કર્યો હોય, આ સર્વ શુભ કાર્યો અભયદાનના સોળમા અંશને લાયક થતા નથી. ૩૭.

रक्षेच्छरणमायातं, प्राणैरपि धनैरपि ।
स यशो महदाप्नोति, जनैः सर्वैः प्रपूज्यते ॥ ३८ ॥

मानसो, प्रक० १, अ० २०, श्लो० ३०६.

કોઇ પણ પ્રાણી શરણે આવ્યો હોય તો તેનું જે મનુષ્ય પોતાના પ્રાણવડે અને ધનવડે કરીને પણ રક્ષણ કરે છે તે મોટા યશને પામે છે, તથા સર્વ જનો તેને પૂજે છે. ૩૮.

दीयते म्रियमाणस्य, कोटिर्जीवितमेव च ।
धनकोटिं न गृह्णीयात्, सर्वो जीवितुमिच्छति ॥ ३९ ॥

योगवासिष्ठ, श्लो० २७.

કોઇ મરતા માણુસને કરોડ ધન આપીએ અથવા તેને તેનું જીવિત આપીએ, તો તે કરોડ ધનને ગ્રહણ કરશે નહીં પરંતુ જીવિતને જ ગ્રહણ કરશે. તેથી સિદ્ધ થાય છે કે સર્વ કોઇ પ્રાણી જીવવાને જ ઇચ્છે છે. ૩૯.

[ નોટ—અભયદાન સંબંધી વધુ શ્લોકો, પહેલા ભાગના બાવીસ અને તે પછીના પેજમાં આપેલ છે. ]

**જ્ઞાનદાનઃ—**

अन्नदानात् परं नास्ति, विद्यादानं ततोऽधिकम् ।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं तु विद्यया ॥ ४० ॥

જગતમાં અન્નદાનથી બીજું કોઇ દાન શ્રેષ્ઠ નથી, તો પણ તે અન્નદાન કરતાં એક વિદ્યાદાન અધિક છે. કેમકે અન્નથી તો માત્ર એક ક્ષણ વાર તૃપ્તિ થાય છે, અને વિદ્યાથી તો જીવન પર્યંત તૃપ્તિ થાય છે. ૪૦.

कर्मारण्यं दहति शिखिवन्मातृवत्पाति दुःखात्,
सम्यग्गीर्तिं वदति गुरुवत् स्वामिवद् यद् बिभर्ति ।
तत्त्वातत्त्वप्रकटनपटु स्पष्टमाप्नोति पूतं,
तत्संज्ञानं विगलितमलं ज्ञानदानेन मर्त्यः ॥ ४१ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ४९४.

જ્ઞાનદાન કરવાથી માણસ, કોઇપણ જાતના મળવગરનું પવિત્ર જ્ઞાન મેળવે છે કે જે જ્ઞાન અગ્નિની માફક કર્મરૂપી વનને બાળી નાખે છે, માતાની માફક દુઃખમાંથી બચાવી લ્યે છે, ગુરૂની માફક સારી વાણી વદે છે, સ્વામીની માફક જે પોષણ કરે છે અને જે તત્ત્વ અને અતત્ત્વનો સ્પષ્ટ રીતે ભેદ પારખવામાં સમર્થ હોય છે. ૪૧.

**દાનનું ફળઃ—**

क्वचित् कामासक्तः क्वचिदपि कषायैरपहृतः,
क्वचिन्मोहग्रस्तः क्वचन वधनोपायनिरतः ।
न धर्मार्थं किञ्चित्सुचरितमगारी प्रकुरुते,
परिभ्रष्टो दानात्स यदि न तदालम्बनमिह ॥ ४२ ॥

धर्मकल्पद्रुम, पृ० ३७, श्लो० २४६. ( प्र. स. )

આ સંસારમાં, ગૃહસ્થ કોઈ વખત કામને વિષે આસક્ત હોય છે, કોઇ વખત ક્રોધાદિક કષાયથી હણાયેલો હોય છે, કોઇ વખત મોહથી ગ્રસ્ત થાય છે અને કોઈ વખત પ્રાણીના વધનો ઉપાય કરવામાં તત્પર હોય છે, પરંતુ ધર્મને માટે કાંઇપણ સારૂં આચરણ કરતો નથી. તેથી તે ગૃહસ્થી જો દાનથી પણ ભ્રષ્ટ થાય અર્થાત્ જો દાન પણ આપે નહી તો તેને આ જગતમાં કાંઇ પણ આલંબન નથી જ. ( ઉપરના બધા કૃત્યો છતાં જો એ દાન આપતો હોય તો તે કાંઈક બચી શકે છે. ) ૪૨.

**दत्वा दानं जिनमतरुचिः कर्मनिर्नाशनाय,**
**भुक्त्वा भोगांस्त्रिदशवसतौ दिव्यनारीसनाथः ।**
**मर्त्यावासे वरकुलवपुर्जैनधर्मं विधाय,**
**हत्वा कर्म स्थिरतररिपुं मुक्तिसौख्यं प्रयाति ॥ ४३ ॥**

सुभाषितरत्नसंदोह, श्लो० ४९७.

શ્રી જિનેશ્વર ભગવાનના સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખનાર મનુષ્ય, પોતાના કર્મનો નાશ કરવાના હેતુથી, દાન આપવાના કારણે, સ્વર્ગલોકમાં, દેવાંગનાઓની સાથે ભોગ ભોગવે છે, પછી મનુષ્યલોકમાં, ઉત્તમકુળ અને ઉત્તમ શરીરવડે જૈન ધર્મનું આરાધન કરીને, હમેંશા સાથે રહેનાર કર્મરૂપી શત્રુને હણીને મોક્ષસુખને પામે છે. ૪૩.

**ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः ।**
**अन्नदानात् सुखी नित्यो निर्व्याधिर्भेषजाद् भवेत् ॥४४॥**

**विक्रमचरित्र, खंड २, सर्ग ११, श्लो० ८६३.**

મનુષ્ય, જ્ઞાનનું દાન કરવાથી જ્ઞાનવાળો થાય છે, અભયદાન આપવાથી પોતે ભય રહિત થાય છે, અન્નનું દાન કરવાથી નિત્ય સુખી થાય છે અને ઓષધનું દાન કરવાથી નીરોગી રહે છે. ૪૪.

व्याजे स्याद्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणम् ।
क्षेत्रे दशगुणं प्रोक्तं, पात्रेऽनन्तगुणं भवेत् ॥ ४५ ॥

उपदेशतरंगिणी, पृ० १२, श्लो० ४०. ( य. ग्र. )

વ્યાજે ધન આપવાથી તે ધન બમણું થઈ શકે છે, વેપારમાં ધન ચારગણું થાય છે, સારા ક્ષેત્રમાં વાપરવાથી દશગણું થાય છે, અને પાત્રમાં આપેલું ધન અનંતગણું થાય છે એમ કહ્યું છે. ૪૫.

दानेन भूतानि वशीभवन्ति, दानेन वैराण्यपि यान्ति नाशम् ।
परोऽपि बन्धुत्वमुपैति दानात्, ततः पृथिव्यां प्रवरं हि दानम्४६

उपदेशतरंगिणी, पृ० २३६. ( य. ग्रं. )*

દાનથી સર્વ પ્રાણીઓ વશ થાય છે, દાનથી વેર પણ નાશ પામે છે, દાનથી શત્રુ પણ બંધુપણાને પામે છે એટલે મિત્ર થઇ જાય છે, તેથી આ જગતમાં દાન જ શ્રેષ્ઠ છે. ૪૬.

सत्पात्रं महती श्रद्धा, काले देयं यथोचितम् ।
यद्दीयते विवेकज्ञैस्तदनन्ताय कल्पते ॥ ४७ ॥

जैनपंचतंत्र, पृ० ३८, श्लो० ५८.*

ઉત્તમ પાત્ર, મોટી શ્રદ્ધા અને દોષ રહિત દેવાની વસ્તુ અ-

વસરે જે વિવેકી પુરૂષોવડે અપાય છે, તે અનન્ત ફળને માટે થાય છે. ( એટલે કે સુપાત્રને, શ્રદ્ધા પૂર્વક, નિર્દોષ વસ્તુનું, અવસરે, દાન આપવાથી તેનું અનંત પુણ્ય થાય છે. ) ૪૭.

नो शीलं प्रतिपालयन्ति गृहिणस्तप्तुं तपो न क्षमा
आर्त्तध्याननिराकृता जडधियस्तेषां कुतो भावना ? ।
इत्येवं निपुणेन हन्त मनसा सम्यग् मया निश्चितं,
नोत्तारो भवकूपतोऽपि सुदृढं दानावलम्बात्परः ॥४८॥

धर्मकल्पद्रुम, पृ० ७८, श्लो० ४३. ( दे. ला. )

ગૃહસ્થાશ્રમમાં રહેલા મનુષ્યો બ્રહ્મચર્ય પાળતા નથી, તપ કરવામાં સમર્થ નથી, તેમની જડબુદ્ધિ હોવાથી તેઓ આર્ત-ધ્યાનવડે પરાભવ પામેલા હોય છે તેથી તેમને ભાવના તો કયાંથી જ હોય? આ પ્રમાણે હોવાથી નિપુણ મનથી વિચાર કરીને મેં નિશ્ચય કર્યો છે કે અત્યંત દૃઢ એવા દાનધર્મનો આશ્રય લીધા સિવાય બીજો કોઇ સંસારકૂપથી ઉતરવાનો ઉપાય નથી. ૪૮.

सेनाङ्गपरिवाराद्यं, सर्वमेव विनश्यति ।
दानेन जनितानन्दे, कीर्तिरेकैव तिष्ठति ॥ ४९ ॥

प्रबंधचिंतामणि, पृ० १४०, श्लो० २.

સેના, શરીર, પરિવાર વિગેરે બધું નાશ પામે છે, પરંતુ દાનથી મેળવેલી કીર્તિ જ એકલી અમર રહે છે. ૪૯.

भूपाला अपि दुर्यपालसचिवश्रीसार्थवाहादयो
व्याला व्याघ्रगजादयः स्थलचरा भारंडपक्ष्यादयः ।

भूतप्रेतपिशाचयक्षनिवहा आयांति वश्ये निजे,
येषां दानमनर्गलं करकजे तिष्ठेद्ववश्यं यदि ॥ ५० ॥

हिंगुलप्रकरण, दानप्रक्रम, श्लो० ५.

જેઓના હસ્તકમળમાં અત્યંત દાન રહેલું છે, ( એટલે કે જેઓ હાથથી દાન કરે છે ) તેઓને રાજાઓ, કિલ્લાના રક્ષકો, પ્રધાનો, સાર્થવાહ આદિકો, સર્પ, વાઘ, તથા હાથી, આદિક થળચરો, ભારંડ આદિક પક્ષીઓ, ભૂત, પ્રેત, પિશાચ, તથા યક્ષોના સમૂહો પણ પોતાને વશ થાય છે. ૫૦.

दानेन भोगाः सुलभा भवन्ति,
दानेन वैराण्यपि यान्ति नाशम् ।
दानेन भूतानि वशीभवन्ति,
तस्माद्धि दानं सततं प्रदेयम् ॥ ५१ ॥

मनुस्मृति, अ० ६, श्लो ४२.

દાનવડે ઉત્તમ ભોગ સુલભ થાય છે, દાનથી વૈર પણ નાશ પામે છે, અને દાનથી પ્રાણીઓ વશ થાય છે, તેથી નિરંતર દાન દેવું જોઈએ ૫૧.

दशभिर्भोजितैर्विप्रैर्यत् कृते जायते फलम् ।
अर्हद्भक्तस्य तद्दाने, जायते तत्फलं कलौ ॥ ५२ ॥

महाभारत, वीराटपर्व, अ० ३२, श्लो० ४३.

કૃતયુગમાં દશ બ્રાહ્મણો જમાડવાથી જે ફળ થાય છે, તેટલું ફળ કલિયુગમાં અરિહંતના એક ભક્તને દાન આપવાથી થાય છે. ૫૨.

न दानादधिकं किञ्चिद्‌दृश्यते भुवनत्रये ।
दानेन प्राप्यते स्वर्गः, श्रीर्दानेनैव लभ्यते ॥ ५३ ॥

दानेन शत्रून् जयति, व्याधिर्दानेन नश्यति ।
दानेन लभ्यते विद्या, दानेन युवतीजनः ॥ ५४ ॥

आदिपुराण, पाराशरसंहिता, अ० १८, श्लो० ३३, ३४.

ત્રણુ ભુવનમાં દાનથી અધિક કાંઈ પણુ દેખાતું નથી. કેમકે દાનવડે સ્વર્ગ પમાય છે, દાનવડે લક્ષ્મી મળે છે, દાનવડે શત્રુઓ જીતાય છે, દાનવડે વ્યાધિ નાશ પામે છે, દાનવડે વિદ્યા પ્રાપ્ત થાય છે, અને દાનવડે સ્રીજન પ્રાપ્ત થાય છે —વશ થાય છે. ૫૩, ૫૪.

चारित्रं चिनुते तनोति विनयं ज्ञानं नयत्युन्नतिं ।
पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यापदम् ।
पुण्यं कंदलयत्यघं दलयति स्वर्गं ददाति क्रमा–
न्निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ॥५५॥

सिंदूरप्रकरण, श्लो० ७७.

સુપાત્રમાં નાખવામાં આવેલું પવિત્ર ધન, ચારિત્રને વધારે છે, વિનય આપે છે, જ્ઞાનની ઉન્નતિ કરે છે, શાંતિને પોષે છે, તપને વધારે છે, આપત્તિને ઉખેડી નાખે છે, પુણ્યને રોપે છે, પાપને પીસી નાખે છે, સ્વર્ગને આપે છે અને અનુક્રમે યાવત્ મોક્ષ લક્ષ્મીને પણુ આપે છે. ૫૫.

## દાનની અનુમોદનાનું ફળઃ—

फलं यच्छति दातृभ्यो दानं नात्रास्ति संशयः ।
फलं तुल्यं ददात्येतदाश्चर्यं त्वनुमोदकम् ॥ ५६ ॥

उपदेशप्रासाद,भाग २, पृ० १५०. (प्र. स.)

દાન દાતારને ફળ આપે છે તેમાં તો કાંઈ પણ સંશય-શંકા-નથી, પરંતુ દાતારની તુલ્ય ફળ અનુમોદના કરનારને પણ આપે છે એ આશ્ચર્ય છે. ૫૬.

चिरादेकेन दानादिक्लेशैः पुण्यं यदर्जितम् ।
तस्यानुमोदनाभावात्, क्षणादन्यस्तदर्जयेत् ॥ ५७ ॥

सूक्तमुक्तावलि, पृ० २०९. श्लो० ११. (ही. हं.)*

એક મનુષ્યે ચિરકાળ સુધી દાનાદિકના ક્લેશવડે જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તે પુણ્ય બીજો મનુષ્ય એક ક્ષણ વાર તેની અનુમોદના કરવાથી જ ઉપાર્જન કરે છે. ૫૭.

# तप ( ५७ )

तपनुं महत्वः—

तपः सर्वाक्षसारंगवशीकरणवागुरा ।
कषायतापमृद्वीका, कर्माजीर्णहरीतकी ॥१॥

आचारोपदेश, वर्ग १, श्लो० ५४.

તપ તમામ ઇંદ્રિયોરૂપી હરણોને વશ કરવામાં જાળ સમાન છે, કષાયના તાપને શાંત કરવામાં દ્રાક્ષ સમાન છે અને કર્મરૂપી અજીર્ણને નાશ કરવામાં હરડે સમાન છે. ૧.

यद्दुरापं दुराराध्यं, दुराधर्षं दुरुत्सहम् ।
तत्सर्वं तपसा शक्यं, तपो हि दुरतिक्रमम् ॥ २ ॥

महाभारत, शांतिपर्व, अ० १५९, श्लो० ५.

જે વસ્તુ દુઃખથી પ્રાપ્ત થાય તેવી હોય, જે દુઃખે આરાધી શકાય એવું હોય, જે દુઃખે કબજે કરી શકાય તેવું હોય અને જે દુઃખે સહન થઇ શકે તેવું હોય, તે સર્વ તપવડે થઇ શકે છે. કેમકે તપને કોઇ પણ ઓળંગી શકતું નથી. ૨.

यत्पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल-
ज्वालाजालजलं यदुग्रकरणग्रामाहिमन्त्राक्षरम् ।

यत्प्रत्यूहतमःसमूहदिवसं यल्लब्धिलक्ष्मीलता-
मूलं तद्विविधं यथाविधि तपः कुर्वीत वीतस्पृहः ॥३॥

सिन्दूरप्रकरण, श्लो० ८१.

જે તપ, પૂર્વે ઉપાર્જન કરેલા કર્મરૂપી પર્વતને કાપવામાં વજ્ર સમાન છે, જે તપ કામદેવરૂપી દાવાનળની જ્વાળાના સમૂહને બુઝાવવામાં જળ સમાન છે, જે તપ ઉગ્ર ઇંદ્રિયોના સમૂહરૂપી સર્પને વશ કરવામાં મંત્રાક્ષર સમાન છે, જે તપ વિઘ્નરૂપી અંધકારના સમૂહનો નાશ કરવામાં દિવસ સમાન છે, તથા જે તપ લબ્ધિ અને લક્ષ્મીરૂપી લતાનું મૂળ છે, તેવું વિવિધ પ્રકારનું તપ વિધિ પ્રમાણે, સ્પૃહા રહિતપણે કરવું જોઇએ. ૩.

तपः सकललक्ष्मीणां, नियन्त्रणमशृङ्खलम् ।
दुरितप्रेतभूतानां, रक्षामन्त्रो निरक्षरः ॥ ४ ॥

सूक्तमुक्तावलि, पृ० २०७, श्लो० २. ( हि. हं. )*

તપ એ સમગ્ર લક્ષ્મીનુ, સાંકળ વિનાનું, બંધન છે, અને પાપરૂપી ભૂત પ્રેતને દૂર કરવાનો અક્ષર રહિત રક્ષામંત્ર છે. ૪.

यत् परं यद्दुराराध्यं, यच्च दूरे व्यवस्थितम् ।
तत् सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥ ५ ॥

वृद्धचाणाक्यनीति, अध्याय १७, श्लो० ३.

જે વસ્તુ પર—આગળ—છે ( અથવા શ્રેષ્ઠ છે ), જેની આરાધના દુષ્કર છે, અને જે અતિ દૂર રહેલ છે, તે સર્વ તપવડે સિદ્ધ થાય છે, કેમકે તપ જ દુરતિક્રમ છે. એટલે કે તપના ફળને કોઇ અટકાવી શકે તેમ નથી. ૫.

**તપસ્વીની પ્રશંસાઃ—**

**अपायबहुलं पापं, ये परित्यज्य संश्रिताः ।**
**तपोवनं महासत्त्वास्ते धन्यास्ते तपस्विनः ॥ ६ ॥**

મહાસત્ત્વવાળા જે પુરૂષો ઘણા કષ્ટવાળા પાપ કર્મનો અથાત્ પાપ કર્મવાળા ગૃહાવાસનો—ત્યાગ કરી, તપોવનમાં રહેલા હોય તે જ પુરૂષો ધન્ય છે અને તે જ તપસ્વી છે. ૬.

**તપનો ઉપદેશઃ—**

**यावत्स्वास्थ्यं शरीरस्य, यावच्चेन्द्रियसंपदः ।**
**तावद्युक्तं तपःकर्तुं, वार्धक्ये केवलं श्रमः ॥ ७ ॥**

तत्त्वामृत, श्लो० १७.

જ્યાં સુધી શરીરની આરોગ્યતા છે અને જ્યાં સુધી ઇંદ્રિયોની સંપત્તિ છે ત્યાં સુધીમાં તપસ્યા કરી લેવી ઉચિત છે. કારણ કે વૃદ્ધા અવસ્થામાં તો કેવળ થાક જ બાકી રહે છે. ૭.

**अद्यश्वीनविनाशस्य, शरीरस्य शरीरिणाम् ।**
**सकामनिर्जरासारं, तप एव महत् फलम् ॥ ८ ॥**

योगशास्त्र, पृ० ११०, श्लो० ३८. (प्र. स.)

મનુષ્યોનું આ શરીર કે જે આજ કાલ વિનાશ પામવાનું છે, તેનું મોટું ફળ એ જ છે કે સકામ નિર્જરા કરનારૂં તપ જ કરવું. ૮.

**तपांसि तन्याद् द्विविधानि नित्यं, मुखे कटुन्यायतिसुंदराणि ।**
**निघ्नंति तान्येव कुकर्मराशिं, रसायनानीव दुरामयान् यत् ॥९॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १५, श्लो० २.

શરૂઆતમાં કડવાં લાગે તેવાં, પણ પરિણામે સુંદર એવાં બન્ને પ્રકારનાં તપો હમેશાં કરવાં, કારણ કે જેવી રીતે રસાયન દુષ્ટ રોગોને દૂર કરે છે, તેમ તે કુકર્મના ઢગલાનો વિનાશ કરે છે. ૯.

તપ વગર નકામું:—

**अपालयित्वा सहकारपादपं,**
**फलर्द्धिमुद्यानपतिर्लभेत न ।**
**काले यथा चारु तपस्तथा जनो-**
**ऽप्यपालयित्वा लभते न तत्फलम् ॥ १० ॥**

करुणावज्रायुधनाटक, श्लो० ४६.

જેમ ઉદ્યાનપાલક આમ્રવૃક્ષનું પાલન કર્યા વિના, સમય આવે ત્યારે, તેના ફળની સમૃદ્ધિ પામી શકતો નથી, તે જ પ્રમાણે મનુષ્ય ઉંચા પ્રકારના તપનું પાલન કર્યા વિના, તેનું મોક્ષાદિ ફળ પામી શકતો નથી. ૧૦.

તપઃ કર્મના નાશનો ઉપાયઃ—

**प्रलीयन्ते न कर्माणि, तपःकर्म विना ननु ।**
**सकर्मा शिवशर्माणि, शाश्वतानि लभेत न ॥ ११ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० ४४.

ખરેખર, તપ કર્યા વિના કર્મોનો વિનાશ થતો નથી, અને કર્મ સહિત કોઈ પણ પ્રાણી મોક્ષના શાશ્વત સુખને મેળવી શકતો નથી. ૧૧.

**नो भूयाज्ज्वलनैर्विना रसवतीपाको यथा कर्हिचित्,**
**संजायेत यथा विना मृदुमृदां पिंडं न कुंभः क्वचित् ।**
**तंतूनां निचयाद्विना सुवसनं न स्याद्यथा जातुचि-**
**न्नोत्पद्येत विनोत्कटेन तपसा नाशस्तथा कर्मणाम् ॥१२॥**

**कस्तूरीप्रकरण, श्लो० २२.**

જેવી રીતે અગ્નિ વગર કદી પણ રસોઈ રંધાતી નથી, નરમ માટીના પિંડા વગર કોઈ દિવસ ઘડો બનતો નથી અને તાંતણાના સમૂહ વગર કપડું કદી પણ બનતું નથી, તેવી જ રીતે ઉત્કટ તપસ્યા વગર કર્મોનો નાશ થતો નથી. ૧૨.

**मलं स्वर्णगतं वह्निर्हंसः क्षीरगतं जलम् ।**
**यथा पृथक्करोत्येवं, जन्तोः कर्ममलं तपः ॥ १३ ॥**

**उतराध्ययनसूत्रटीका (भावविजय), अ० २, पृ० ५८, श्लो० ४५.**

જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જૂદો પાડે છે, તથા દૂધમાં રહેલા જળને જેમ હંસ જૂદું પાડે છે, તેમ તપ જંતુના કર્મરૂપ મેલને ( આત્માથી ) જૂદો પાડે છે. ૧૩.

**कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना ।**
**दावाग्निं न यथाऽपरः शमयितुं शक्तो विनाऽम्भोधरम् ।**
**निष्णातः पवनं विना विसरतुं नान्यो यथाऽम्भोधरं,**
**कर्मौघं तपसा विना किमपरो हन्तुं समर्थस्तथा ॥१४॥**

જેમ દાવાનળ વિના બીજો કોઈ અરણ્યને બાળવામાં સમર્થ નથી, જેમ દાવાનળને શાંત કરવામાં મેઘ વિના બીજો કોઈ શક્તિમાન નથી, તથા જેમ મેઘને વિખેરી નાંખવામાં વાયુ વિના બીજો કોઇ નિપુણ નથી, તેમ કર્મનો સમૂહ હણવામાં તપ વિના બીજો કોઇ સમર્થ નથી. ૧૪.

**બાહ્યતપઃ—**

**अनशनमूनोदरता, वृत्तेः संक्षेपणं रसत्यागः ।**
**कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ॥ १५ ॥**

प्रशमरति, श्लो० १७५.

અનશન, ( આહારત્યાગ ), ઉનોદરી, ( આહારમાં ઓછાશ કરવી ), વૃત્તિસંક્ષેપ ( નિયમિત રહેવું ), રસત્યાગ ( વિકાર કરનાર વિગઈ તજવી ), કાય કલેશ ( શીતતાપાદિ સમભાવે સહેવાં ) અને સંલીનતા ( સ્થિરાસને રહેવું ): એ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો છે. ૧૫.

**अनशनमौनोदर्य, वृत्तेः संक्षेपणं तथा ।**
**रसत्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तपः ॥ १६ ॥**

त्रिषष्टि०, पर्व १, सर्ग १, श्लो० १९८.

અનશન-ઉપવાસાદિક, ઊનોદરી ઓછું ખાવું તે, વૃત્તિનો સંક્ષેપ, રસનો ત્યાગ, કાયકલેશ અને સંલીનતા-અંગોપાંગનો સંકોચ: આ છ પ્રકારનું બાહ્ય તપ છે. ૧૬.

આભ્યંતરતપ:—

प्रायश्चित्तं वैयावृत्त्यं, स्वाध्यायो विनयोऽपि च ।
व्युत्सर्गोऽथ शुभध्यानं, षोढेत्याभ्यन्तरं तपः ॥ १७ ॥

त्रिषष्टि०, पर्व १, सर्ग १, श्लो० १९९.

પ્રાયશ્ચિત્ત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન: આ છ પ્રકારનો આભ્યંતર તપ છે. ૧૭.

निर्जराकरणे बाह्याच्छ्रेष्ठमाभ्यन्तरं तपः ।
तत्राप्येकातपत्रत्वं, ध्यानस्य मुनयो जगुः ॥ १८ ॥

त्रिषष्टि०, पर्व ४, सर्ग १, श्लो० ८३९.

નિર્જરા કરવામાં બાહ્ય તપ કરતાં આભ્યંતર તપ શ્રેષ્ઠ છે અને તેમાં પણ એટલે આભ્યંતર તપમાં પણ ધ્યાનનું એકછત્રધારીપણું છે એટલે કે ધ્યાન જ સર્વોત્તમ છે એમ મુનિઓ કહે છે. ૧૮.

प्रायश्चित्तध्याने वैयावृत्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ॥१९॥

प्रशमरति, श्लो० १७६.

પ્રાયશ્ચિત ( પાપની આલોચના ), ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય, એ રીતે આભ્યંતર તપ પણ છ પ્રકારનો છે. ૧૯.

શારીરિકતપઃ—

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च, शारीरं तप उच्यते ॥ २० ।

भगवद्गीता, अ० १७, श्लो० १४.

દેવ, બ્રાહ્મણ, ગુરૂ અને વિદ્વાનની પૂજા કરવી, પવિત્રતા રાખવી, સરળતા રાખવી, બ્રહ્મચર્ય પાળવું અને કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી, આ શારીરિક તપ કહેવાય છે. ૨૦.

વાચિકતપઃ—

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियं हितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥ २१ ॥

भगवद्गीता, अ० १७, श्लो० १५.

કોઇને ઉદ્વેગ ન કરે તેવું, સત્ય, પ્રિય અને હિતકારક જે વચન બોલવું તથા સ્વાધ્યાયના અભ્યાસવાળું જે વાક્ય બોલવું તે વાચિકતપ કહેવાય છે. ૨૧.

માનસિકતપઃ—

मनःप्रसादः सौम्यत्वं, मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्, तपो मानसमुच्यते ॥ २२ ॥

भगवद्गीता, अ० १७, श्लो० १६.

મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન, આત્માનો નિગ્રહ અને ભાવની વિશુદ્ધિ, આ સર્વ માનસિક તપ કહેવાય છે. ૨૨.

કેવું તપ કરવું:—

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥ २३ ॥

ज्ञानसार, तपोऽष्टक, श्लो० ७.

જે તપ કરતાં જરા પણ અશુભ ધ્યાન ન થાય, જે તપવડે મન, વચન અને કાયાના યોગની હાનિ ન થાય—નબળા ન થાય, અને ઇંદ્રિયો પણ ક્ષીણ ન થાય, તે જ (તેટલો જ) તપ કરવો જોઇએ. ( સુઇ રહીને, દુ:ખ વેઠીને કે બીજી કોઇ પણ મુશ્કેલીથી તપસ્યા કરવામાં આવે તે અજ્ઞાન કષ્ટ કહેવાય છે. ) ૨૩.

તપનું ફળ:—

तनोति धर्मं विधुनोति कल्मषं,
हिनस्ति दुःखं विदधाति संपदम् ।
चिनोति सत्वं विनिहन्ति तामसं,
तपोऽथवा किं न करोति देहिनाम् ? ॥ २४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८९६.

તપ માણુસોના ધર્મને વધારે છે, પાપને દૂર કરે છે, દુ:ખનો નાશ કરે છે, સંપત્તિને પેદા કરે છે, બળને ભેગું કરે છે અને અજ્ઞાનનો નાશ કરે છે. ભલા એવું શું છે કે જે તપ નથી કરતું ? ૨૪.

तपः शिवकुमारवच्चरति मंदिरस्थोऽपि यः.
स देवपरिषद्यपि द्युतिमहत्वविस्फूर्तिभृत् ।
कृशान्वकृशतापनोल्लसितवर्णकं कांचनं,
न धातुषु विशिष्टतां नृपतिमौलितामेति च ? ॥२५॥

कर्पूरप्रकरण, श्लो० ८६.

જે પુરૂષ શિવકુમારની માફક પોતાના ઘરમાં રહેવા છતાં પણ તપસ્યા કરે છે તે દેવતાઓની સભામાં પણ કાંત અને મહત્વના તેજને ધારણ કરે છે. કારણ કે શું સુવર્ણ, કે જેનો રંગ અગ્નિના મોટા તાપમાં પ્રકાશિત થયો છે તે, બધી ધાતુઓમાં શ્રેષ્ઠપણાને અથવા તો રાજાના મુગટપણાને નથી પામતું ? ૨૫.

वस्त्रं जलेन पूतं स्यात्पुनस्तन्मलिनं भवेत् ।
तपसा च कृतः शुद्धो देहो न स्यान्मलीमसः ॥ २६ ॥

हिंगुलप्रकरण, तपप्रक्रम, श्लो० २.

વસ્ત્ર જલથી પવિત્ર થાય છે, પણ તે પાછું મલીન થાય છે. પણ તપથી શુદ્ધ કરેલું શરીર ફરીથી મલીન થતું નથી. ૨૬.

यथाऽम्बुदा विलीयन्ते, प्रचंडपवनाहताः ।
तथा तीव्रतपोऽपास्ताः, पाप्मानः प्रबला अपि ॥२७॥

उत्तराध्ययनसूत्रटीका(भावविजय), अ० २, पृ० ५८, श्लो० ४६.

જેમ પ્રચંડ વાયુથી હણાયેલાં વાદળાંઓ લય પામે છે વીખરાઇ જાય છે, તેમ ઉત્કટ–ભયંકર–પાપના સમૂહ પણ તીવ્ર તપથી હણાયેલા લય ( ક્ષય ) પામે છે. ૨૭.

यत्किंचित् त्रिषु लोकेषु, प्रार्थयन्ति नराः सुखम् ।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥ २८ ॥
इतिहाससमुच्चय, अ० १३, श्लो० ४३.

આ ત્રણુ જગતને વિષે મનુષ્ય જે કાંઈ સુખની પ્રાર્થના કરે છે, તે સર્વ સુખ તપવડે સાધી શકાય છે. કેમકે તપ દુરતિક્રમ છે—તપનું ફળ અવશ્ય મળે છે. ૨૮.

यस्माद् विघ्नपरम्परा विघटते दास्यं सुराः कुर्वते,
कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति ।
उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंसं च यत्कर्मणां,
स्वाधीनं त्रिदिवं शिवं च भवति श्लाघ्यं तपस्तन्न किं ? ॥२९॥
सिंदूरप्रकरण, श्लो० ८२.

જે તપથી વિઘ્નનો સમૂહ નાશ પામે છે, દેવો દાસપણું કરે છે, કામ શાંત થાય છે, ઇંદ્રિયોનો સમૂહ કબજે થાય છે, કલ્યાણુ પ્રાપ્ત થાય છે, મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, કર્મનો સમૂહ નાશ પામે છે, તથા સ્વર્ગ અને મોક્ષ આધીન થાય છે, તે તપ વખાણુવા લાયક કેમ ન હોય ? ૨૯.

जिनेन्द्रचंद्रोदितमस्तदूषणं, कषायमुक्तं विदधाति यस्तपः ।
न दुर्लभं तस्य समस्तविष्टपे, प्रजायते वस्तु मनोज्ञमीप्सितम् ३०
सुभाषितरत्नसंदोह, श्लो० ८९९.

જે મનુષ્ય શ્રી જિનેશ્વર ભગવાને કહેલું, કોઇ પણુ પ્રકારના દૂષણુથી રહિત અને કષાયો વગરનું તપ કરે છે તેને, આખા સંસારમાં, કોઇ પણુ ઇચ્છિત વસ્તુ દુર્લભ નથી થતી. ૩૦.

# भाव (५८)

## ભાવનું મહત્વ:—

न काष्ठे विद्यते देवो न शिलायां न कर्दमे ।
भावेषु विद्यते देवस्तस्माद्भावो हि कारणम् ॥ १ ॥

सूक्तमुक्तावलि, पृ० २१०, श्लो० १६. (ही. हं.)

કાષ્ઠને વિષે દેવ નથી, પથ્થરમાં નથી, તથા કાદવમાં પણ નથી. પરંતુ ભાવને વિષે જ—શ્રદ્ધાને વિષે જ—દેવ રહેલા છે, તેથી ભાવ જ મુખ્ય કારણ છે. ૧.

विवेकवनसारिणीं प्रशमशर्मसंजीवनीं,
भवार्णवमहातरीं मदनदावमेघावलीम् ।
चलाक्षमृगवागुरां गुरुकषायशैलाशनिं,
विमुक्तिपथवेसरीं भजत भावनां किं परैः ? ॥२॥

सिंदूरप्रकरण, श्लो० ८७.

વિવેકરૂપી વનના માર્ગ સમાન, શાંતિના સુખ માટે સંજીવની બુટી સમાન, ભવરૂપી સમુદ્ર માટે મોટા વહાણ સમાન, કામરૂપી દાવાનળને શાંત કરવામાં મેઘમાળા સમાન, ચપળ એવી ઇંદ્રિયોરૂપી મૃગોને માટે જાળપાશ સમાન, મહાન કષાયરૂપી પહાડો માટે વજ્ર સમાન અને મોક્ષમાર્ગમાં

( સામાન ઉપાડવા માટે ) ખચ્ચર સમાન એવી ભાવનાનો આશ્રય કરો. બીજાને શા માટે વળગો છો ? ૨.

**दानशीलतपःसंपद्भावेन भजते फलम् ।**
**स्वादःप्रादुर्भवेद्भोज्ये,किं नाम लवणं विना ? ॥ ३ ॥**

सूक्तमुक्तावलि, पृ० २०९, श्लो० ८. (ही. हं. )*

દાન, શીલ અને તપની સંપદા ભાવ પ્રમાણે ફળને પામે છે, કેમકે ભોજનને વિષે જો લવણ ન હોય તો તે શું સ્વાદિષ્ટ લાગે છે ? ૩.

**भावस्यैकाङ्गवीरस्य, सान्निध्याद्बहवः शिवम् ।**
**ययुर्नैकोऽपि दानाद्यैर्भावहीनैर्घनैरपि ॥ ४ ॥**

सूक्तमुक्तावलि, पृ० २०९, श्लो० ९. (ही. हं. )*

અદ્વિતીય વીર એવા એક ભાવના જ સમીપપણાથી ઘણા પ્રાણીઓ મોક્ષમાં ગયા છે, પરંતુ ભાવ વિના બહુ દાનાદિકથી પણ, એક પ્રાણી પણ મોક્ષમાં ગયો નથી. ૪.

**दानमिज्या तपः शौचं, तीर्थं वेदाः श्रुतं तथा ।**
**सर्वाण्येतानि तीर्थानि, यदि भावोऽस्ति निर्मलः ॥ ५ ॥**

इतिहाससमुच्चय, अ० २५, श्लो० १७.

જો નિર્મળ ભાવ ( મન ) હોય તો દાન, યજ્ઞ, તપ, શૌચ, તીર્થ, વેદ અને શાસ્ત્ર આ સર્વે તીર્થરૂપ છે. ૫.

ભાવ વગર નકામું:—

ज्वालाभिश्शलभा जलैर्जलचरास्तिर्यग्जटाभिर्वटा
मुण्डैरेडकका: समस्तपशवो नग्नाः खरा भस्मभिः ।
काष्ठाभिस्सकला द्रुमाः शुकवराः पाठाद् बका ध्यानतो
नो शुध्यन्ति विशुद्धभावचपला नैते क्रियातत्पराः ॥६॥

પતંગીયા અગ્નિની જ્વાળાને સહન કરે છે, જળચરો નિરંતર જળવડે સ્નાન કરે છે, વટવૃક્ષો મોટી જટા ધારણ કરે છે, ઘેટા મુંડપણું ધારણ કરે છે, સર્વ પશુઓ નગ્નપણું ધારણ કરે છે, ગધેડાઓ શરીરે ભસ્મ ચોળે છે, સર્વ વૃક્ષો કાષ્ઠને ધારણ કરે છે, શ્રેષ્ઠ પોપટો શાસ્ત્ર ભણે છે, તથા બગલા પણ ધ્યાન ધરે છે. પરંતુ તે સર્વે શુદ્ધ થતા નથી. કેમકે તેઓ વિશુદ્ધ ભાવથી રહિત છે તેથી તેઓ ક્રિયામાં તત્પર કહેવાય નહીં. ૬.

नीरागे तरुणीकटाक्षितमिव त्यागव्यपेतप्रभोः,
सेवाकष्टमिवोपरोपणमिवाम्भोजन्मनामश्मनि ।
विष्वग्वर्षमिवोषरक्षितितले दानार्हदर्चातपः,
स्वाध्यायाध्ययनादि निष्फलमनुष्ठानं विना भावनाम् ॥७॥

सिंदूरप्रकरण, श्लो० ८५.

જેવી રીતે રાગ વગરના માણુસમાં યુવતિ સ્ત્રીના કટાક્ષો નિષ્ફળ જાય છે, દાનની ભાવના વગરના શેઠની સેવા કેવળ કષ્ટરૂપ થાય છે, કમળનું પત્થર ઉપર વાવવું નકામું નીવડે છે અને ઉસર ભૂમિમાં પડેલો વરસાદ નકામો નિવડે છે તે જ પ્રમાણે દાન, જિનપૂજા વિગેરે ક્રિયાઓ ભાવના વગર નિષ્ફળ થાય છે. ૭.

## ભાવ અને ક્રિયા:—

**क्रियाशून्यस्य यो भावो भावशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं दृष्टं, भानुखद्योतयोरिव ॥ ८ ॥**

**श्राद्धप्रतिक्रमणवृत्ति, पृ० ४. ( दे. ला. )***

કોઇ માણુસ ક્રિયા કરતો ન હોય પણ તેના ભાવ સારા હોય અને કોઈ માણુસ ભાવરહિતપણે ક્રિયા કરતો હોય, આ બન્નેમાં સૂર્ય અને પતંગીયા જેટલું અંતર પંડિતોએ જોયું છે, એટલે કે ભાવ સૂર્ય સમાન છે અને ક્રિયા પતંગીયા સમાન છે. ૮.

## જેવો ભાવ તેવી સિદ્ધિ:—

**देवे तीर्थे तथा मन्त्रे, दैवज्ञे भेषजे गुरौ ।**
**यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ॥ ९ ॥**

દેવને વિષે, તીર્થને વિષે, જ્યોતિષીને વિષે, વૈદ્યને વિષે અને ગુરૂને વિષે જેની જેવી ભાવના-શ્રદ્ધા હોય, તેવી તેને સિદ્ધિ થાય છે, એમ હું માનું છું. ૯.

## ભાવનું ફળ:—

**भव्यैश्च भावना भाव्या, भरतेश्वर वद्यथा ।**
**फलंति दानशिलाद्या वृष्ट्या यथेह पादपाः ॥ १० ॥**

**हिंगुलप्रकरण, भावप्रक्रम, श्लो० १.**

ભવ્ય લોકોએ ભરત રાજાની પેઠે ભાવના ભાવવી, કે જેથી, વૃષ્ટિથી અહિં જેમ વૃક્ષો ફળે છે, તેમ દાન શીલ આદિક ફળે. ૧૦.

विशुद्धादेव संकल्पाद् धर्मः सद्भिरुपार्ज्यते ।
स्वल्पेनैव प्रयासेन, चित्रमेतदहो परम् ॥ ११ ॥

तत्वामृत, श्लो० ७२.

સજ્જન પુરૂષો પવિત્ર એવી ભાવનાથી થોડા જ પ્રયત્નની ધર્મની પ્રાપ્તિ કરી લે છે એ ખરેખર આશ્ચર્યકારક છે. ૧૧.

दाने शीले तपस्येव, भावना मिलिता यदि ।
तदा मोक्षसुखाकांक्षा, चिंतनीया जनैरिह ॥ १२ ॥

हिंगुलप्रकरण, भावप्रक्रम, श्लो० ३.

દાન, શીલ, અને તપમાં જો ભાવના મળેલી હોય, તો જ અહિં લોકોએ મોક્ષસુખની ઈચ્છા ચીંતવવી. ૧૨.

सर्वतो देशतश्चैव, विरतिः सफला तदा ।
यदा भावयुता लोके, स्वर्गमोक्षसुखप्रदा ॥ १३ ॥

हिंगुलप्रकरण, भावप्रक्रम, श्लोक ४.

જો ભાવે કરીને યુક્ત હોય તો જ સર્વવિરતિ અને દેશ-વિરતિ, આ લોકમાં સફળ થાય છે, તથા સ્વર્ગ અને મોક્ષના સુખને દેનારી થાય છે. ૧૩.

सर्वं झीप्सति पुण्यमीप्सति दयां धित्सत्यघं भित्सति,
क्रोधं दित्सति दानशीलतपसां साफल्यमादित्सति ।
कल्याणोपचयं चिकीर्षति भवांभोधेस्तटं लिप्सति,
मुक्तिस्त्रीं परिरिप्सते यदि जनस्तद् भावयेद् भावनाम् ॥१४॥

सिंदूरप्रकरण, श्लो० ८६.

જો માણુસ બધું જાણુવા ચાહતો હોય, પુણ્યને ચાહતો હોય, દયને ધારણુ કરવા ઇચ્છતો હોય, પાપને તોડવા ઇચ્છતો હોય, ક્રોધને દૂર કરવા ઇચ્છતો હતો, દાન, શીળ અને તપની સફળત ચાહતો હોય, કલ્યાણુનો સમૂહ કરવા ઇચ્છતો હોય, ભવરૂપી સમુદ્રના પારને પામવા ચાહતો હોય અને મુક્તિરૂપી સ્ત્રીને પરણવા ચાહતો હોય, તો માણુસે ભાવના ભાવવી જોઇએ. ૧૪.

**षट्खंडराज्ये भरतोनिमग्नस्तांबूलवक्त्रः सविभूषणश्च ।**
**आदर्शहर्म्ये जटिते सुरत्नैर्ज्ञानं स लेभे वरभावतोऽत्र ॥१५॥**

हिंगुलप्रकरण, भावप्रक्रम, श्लो० ५.

છ ખંડના રાજ્યમાં આસક્ત થએલા, મુખમાં તાંબુલવાળા, તથા આભૂષણુવાળા એવા ભરત મહારાજે ઉત્તમ રત્નોથી જડેલા એવા આરિસાભૂવનમાં પણુ ઉત્તમ ભાવથી કેવળજ્ઞાન મેળવ્યું છે. ૧૫

# चार भावना ( ५९ )

ચાર ભાવનાનાં નામ તથા સ્વરૂપઃ—

परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ १॥

धर्मबिंदु, अध्याय ४, २२६ मा सूत्रनी टीकामां.

બીજાના હિતની જે ચિંતા ( વિચાર ) તે મૈત્રી નામની ભાવના કહેવાય છે, બીજાના દુઃખને વિનાશ કરવાની જે ચિંતા તે કરૂણા ભાવના કહેવાય છે, બીજાનું સુખ જોઇ હર્ષ પામવો તે મુદિતા–પ્રમોદ–ભાવના કહેવાય છે, અને બીજાના દોષની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા–માધ્યસ્થ–ભાવના કહેવાય છે. ૧.

परे हितमतिर्मैत्री, मुदिता गुणमोदनम् ।
उपेक्षा दोषमाध्यस्थ्यं, करुणा दुःखमोक्षधीः ॥ २ ॥

योगसार, प्रस्ताव २, श्लो० ५.

અન્ય સર્વ જીવોને વિષે જે હિતબુદ્ધિ રાખવી તે મૈત્રી કહેવાય છે, અન્યના ગુણોને વિષે આનંદ પામવો તે મુદિતા કહેવાય છે, અન્યના દોષને વિષે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે, અને અન્ય જીવોને દુઃખથી મુક્ત કરવાની જે બુદ્ધિ તે કરૂણા કહેવાય છે. ૨.

मैत्री परस्मिन् हितधीः समग्रे,
भवेत् प्रमोदो गुणपक्षपातः ।
कृपा भवार्ते प्रतिकर्तुमीहो—
पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥ ३ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १, श्लो० १२.

બીજા સર્વ પ્રાણીઓ ઉપર હિતબુદ્ધિ રાખવી તે મૈત્રી કહેવાય છે, ગુણને વિષે જે પક્ષપાત રાખવો તે પ્રમોદભાવના કહેવાય છે, સંસારથી પીડા પામેલા પ્રાણીઓને વિષે તેમની પીડા દૂર કરવાની જે ઇચ્છા તે કૃપાભાવના કહેવાય છે, તથા જેના દોષ દૂર થઇ શકે તેમ ન હોય એવા પ્રાણીની જે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્યભાવના કહેવાય છે. ૩.

## ચાર ભાવનાનો ઉપદેશઃ—

भजस्व मैत्रीं जगदंगिराशिषु,
प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः ।
भवार्तिदीनेषु कृपारसं सदा-
प्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥ ४ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १, श्लो० १०.

હે આત્મન્! જગતના સર્વ જીવો ઉપર મૈત્રીભાવ ધારણ કર; સર્વ ગુણવાન પુરૂષો તરફ સંતોષ દૃષ્ટિથી જો. સંસારની પીડાથી દુઃખી થતાં પ્રાણીઓ ઉપર કૃપા રાખ. અને નિર્ગુણી પ્રાણીઓ ઉપર ઉદાસવૃત્તિ—માધ્યસ્થભાવ—રાખ. ૪.

**मैत्रीं प्रमोदं करुणां च सम्यग्मध्यस्थतां चानय साम्यमात्मन् ।**
**सद्भावनास्वात्मलयं प्रयत्नात्, कृताविरामं रमयस्व चेतः ॥५॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १५, श्लो ८.

હે આત્મન્! મૈત્રી, પ્રમોદ, કરૂણા, અને મધ્યસ્થતાને સારી રીતે ભાવ, (અને તે વડે) સમતા ભાવ પ્રગટ કર. અને પ્રયત્ને કરી સદ્‌ભાવનામાં લીન થયેલા એવા અને અશાંત એવા (તારા) મનને ક્રીડા કરાવ.-આનંદ આપ! ૫.

**મૈત્રીભાવનાઃ—**

**मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ ६ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ११८. (प्र. स.)

કોઇપણ પ્રાણી પાપ ન કરો, અને કોઇપણ પ્રાણી દુઃખી ન થાઓ, તથા આખું જગત એટલે જગતના સર્વ પ્રાણીઓ મોક્ષ પામો. આવી જે બુદ્ધિ થાય તે મૈત્રી કહેવાય છે. ૬.

**सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित्पापमाचरेत् ॥ ७ ॥**

धर्मबिंदु, अध्याय ३, सूत्र २१२ नी टीका.

તમામ પ્રાણીઓ સુખી રહો, તમામ પ્રાણીઓ રોગ રહિત રહો, તમામ પ્રાણીઓ કલ્યાણને જુઓ અને કોઇપણ પાપનું આચરણ ન કરો. (આ મૈત્રી ભાવના છે.) ૭.

## પ્રમોદભાવનાઃ—

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥ ८ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ११९. ( प्र. स. )

જેમના સર્વ દોષો નાશ પામ્યા હોય અને જેઓ વસ્તુતત્ત્વને જોનારા છે તેમના ગુણોને વિષે જે પક્ષપાત કરવો–ગુણો જોઇને ખુશી થવું–તે પ્રમોદ કહેવાય છે. ૮.

## કારૂણ્યભાવનાઃ—

दीनदुःस्थितदारिद्र्यप्राप्तानां प्राणिनां सदा ।
दुःखनिवारणे वाञ्छा, साऽनुकम्पाऽभिधीयते ॥ ९ ॥

उपदेशप्रासाद, भाग १, पृ० ९१. ( प्र. स. )*

જે પ્રાણીઓ દીન હોય, દુઃખી હોય અને દારિદ્રને પામેલા હોય તેમના દુઃખનું નિવારણ કરવાની જે નિરંતર ઇચ્છા તે અનુકંપા ( દયા ) કહેવાય છે. ૯.

दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥ १० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० १२०. (प्र. स.)

દીનતાને પામેલા, પીડા પામેલા, ભય પામેલા અને જીવિતની યાચના કરનારા એવા પ્રાણીઓના દુઃખનો પ્રતીકાર કરવાની જે બુદ્ધિ તે કારૂણ્યભાવના કહેવાય છે. ૧૦.

માધ્યસ્થભાવના:—

**क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु ।**
**आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥ ११ ॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० १२१.**

નિ:શંકપણે ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરૂની નિંદા કરનારા તથા પોતાની પ્રશંસા કરનારા મનુષ્યોને વિષે જે ઉપેક્ષા રાખવી, તે માધ્યસ્થ્ય કહેલું છે. ૧૧.

કઇ ભાવના કોના વિષે:—

**मैत्री सकलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनेयेषु, करुणा सर्वदेहिषु ॥ १२ ॥**
**धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ताः, स तेषामतिदुर्लभः ॥ १३ ॥**

**योगसार, प्र. २, श्लो० ६, ७.**

સર્વ પ્રાણીઓને વિષે સ્નેહ રાખવો તે મૈત્રી ભાવના, ગુણીજનોને જોઈ આનંદ પામવો તે પ્રમોદ ભાવના, વિનય રહિત–અકૃત્ય કરનારા–પ્રાણીઓને જોઇ તેની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના અને સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી તે કરૂણા ભાવના કહેવાય છે. આ મૈત્ર્યાદિક ચાર ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. આ ભાવનાઓ જેણે જાણી ન હોય તથા તેનો અભ્યાસ કર્યો ન હોય, તેમને તે ધર્મરૂપી કલ્પવૃક્ષ દુર્લભ છે. ૧૨, ૧૩.

# बार भावना (६०)

**બાર ભાવનાનાં નામઃ—**

**साम्यं स्याद् निर्ममत्वेन, तत्कृते भावनाः श्रयेत् ।**
**अनित्यतामशरणं, भवमेकत्वमन्यताम् ॥ १ ॥**
**अशौचमाश्रवविधिं, संवरं कर्मनिर्जराम् ।**
**धर्मस्वाख्याततां लोकं, द्वादशीं बोधिभावनाम् ॥ २ ॥**

योगशास्त्र, पृ० २९७, श्लो० ५५, ५६. (प्र. स.)

મમતાનો ત્યાગ કરવાથી સમતા પ્રાપ્ત થાય છે, તે મમતાનો ત્યાગ કરવા માટે બાર ભાવનાનો આશ્રય કરવો જોઈએ, તે આ પ્રમાણે–૧ અનિત્યભાવના, ૨ અશરણભાવના, ૩ સંસારભાવના, ૪ એકત્વભાવના, ૫ અન્યત્વભાવના, ૬ અશૌચભાવના, ૭ આશ્રવવિધિભાવના, ૮ સંવરભાવના, ૯ કર્મનિર્જરાભાવના ૧૦ ધર્મસ્વાખ્યાતતાભાવના, ૧૧ લોકભાવના, અને બારમી બોધિભાવના. ૧, ૨.

**भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।**
**अशुचित्वं संसारः कर्मास्रवसंवरविधिश्च ॥ ३ ॥**

निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥ ४ ॥

प्रशमरति, श्लो० १४९, १५०.

અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચીત્વ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, સદ્ધર્મસ્વરૂપચિંતન, અને સમ્યકત્વ-બોધિદુર્લભતા-એવી રીતે દ્વાદશ, વિશુદ્ધ ભાવના ભાવવી. ૩. ૪.

અનિત્યભાવના:—

यत्प्रातस्तन्न मध्याह्ने, यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽस्मिन् ही !, पदार्थानामनित्यता ॥५॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ५७.

હા હા ! જે સવારે દેખ્યું હોય તે બપોરે દેખાતું નથી, અને જે બપોરે દેખ્યું હોય તે રાત્રે દેખાતું નથી. એવી રીતે આ સંસારમાં પદાર્થોની અનિત્યતા જ નજરે પડે છે. ૫.

संपदो जलतरङ्गविलोला यौवनं त्रिचतुराणि दिनानि ।
शारदाभ्रमिव चञ्चलमायुः, किं धनैः कुरुत धर्ममनिन्द्यम् ॥६॥

उपदेशमाला ( भाषांतर ), पृ० ५. ( प्र. स. ) *

સંપદાઓ જળના તરંગ જેવી ચપળ છે, યૌવન ત્રણ ચાર દિવસ રહેવાનું છે, આયુષ્ય શરદ ઋતુના વાદળાની જેવું ચંચળ છે, ધન ઉપાર્જન કરવાથી શું ફળ છે ? નિર્મળ ધર્મનું જ ઉપાર્જન કરો. ૬.

**एता याः प्रेक्षसे लक्ष्मीश्छत्रचामरचञ्चलाः ।**
**स्वप्न एष महाबुद्धे ! दिनानि त्रीणि पञ्च वा ॥ ७ ॥**

હે મહાબુદ્ધિમાન ! જે આ છત્ર અને ચામરના જેવી ચંચલ લક્ષ્મીને તું જુએ છે, તે માત્ર સ્વપ્ન જ છે. કેમકે તે ત્રણ કે પાંચ દિવસની જ છે. ( અલ્પ કાળ રહેનારી હોવાથી સ્વપ્ન જેવી છે. ) ૭.

**श्रीर्जलतरङ्गतरला सन्ध्यारागस्वरूपमपि रूपम् ।**
**ध्वजपटचपलं च बलं, तडिल्लतातुल्यमेवायुः ॥ ८ ॥**

લક્ષ્મી જળના કલ્લોલ જેવી ચપળ છે, શરીરનું રૂપ સંધ્યાકાળના રંગ જેવું છે, પરાક્રમ ધ્વજના વસ્ત્રના છેડા જેવું ચપળ છે, અને આયુષ્ય વીજળી જેવું ચપળ છે—જગતમાં સર્વ વસ્તુ વિનશ્વર છે. ૮.

**यद्वद्द्रुमे महति पक्षिगणा विचित्राः,**
**कृत्वाऽऽश्रयं हि निशि यान्ति पुनः प्रभाते ।**
**तद्वज्जगत्यसकृदेककुटुम्बजीवाः,**
**सर्वे समेत्य पुनरेव दिशो भजन्ते ॥ ९ ॥**

उत्तराध्ययनसूत्रटीका, पृ० १०६. ( वि. ध. ल. ) *

જેમ એક મોટા વૃક્ષ ઉપર રાત્રિને સમય ભિન્ન ભિન્ન પક્ષીઓના સમૂહો આશ્રય કરીને પછી પ્રાતઃકાળે જુદે જુદે ઠેકાણે ચાલ્યા જાય છે, તેમ આ જગતમાં સર્વે એક કુટુંબના જીવો વારંવાર ભેળા થઈને પછી જુદી જુદી દિશામાં—યોનિમાં ઉત્પન્ન થાય છે—જાય છે. ૯.

याति कालो गलत्यायुर्विभूतिरतिचञ्चला ।
प्रियेषु क्षणिकं प्रेम, केयं धर्मेऽवधीरणा ? ॥ १० ॥

કાળ ચાલ્યો જાય છે, આયુષ્ય ગળતું જાય છે, લક્ષ્મી અત્યંત ચપળ છે, અને પ્રિય વસ્તુને વિષે જે પ્રીતિ છે તે એક ક્ષણુવાર રહેવાની છે. છતાં હે જીવ ! ધર્મને વિષે તારો આ અનાદર કયો છે ? ૧૦.

चेतोहरा युवतयः स्वजनोऽनुकूलः,
सद्बान्धवाः प्रणयगर्भगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरङ्गाः,
संमीलने नयनयोर्न हि किञ्चिदस्ति ॥ ११ ॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ४३.

ચિત્તને હરણુ કરનારી સ્ત્રીઓ હોય, અનુકૂળ સ્વજન હોય, સારા બાંધવો હોય, નમ્રતા ભરેલી વાણી બોલનારા ચાકરો હોય, આંગણામાં હાથીના સમૂહો ગર્જના કરતા હોય, અને ચપળતાવાળા ઘણા અશ્વો હોય. આવી મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થઇ હોય તો પણુ જ્યારે નેત્રો મીંચાઇ જાય છે ( મૃત્યુ આવે છે ) ત્યારે તે સઘળામાંથી કાંઇ પણુ રહેતું નથી. ૧૧.

अनित्यं यौवनं रूपं, जीवितं द्रव्यसंचयः ।
आरोग्यं प्रियसंवासो गृध्येत्तत्र न पण्डितः ॥ १२ ॥

महाभारत, शांतिपर्व, अ० २०३, श्लो० ४.

યૌવન, રૂપ, જીવિત, દ્રવ્યનો સમૂહ, નીરોગતા અને

પ્રિય વસ્તુનો સંયોગ, આ સર્વ વસ્તુ અનિત્ય છે. તેથી તેમાં પંડિત જનો એ ગૃદ્ધિ–આસક્તિ કરવી નહીં. ૧૨.

चलं राज्यैश्वर्यं धनकनकसारः परिजनो
नृपाद्वा वाल्लभ्यं चलममरसौख्यं च विपुलम् ।
चलं रूपारोग्यं बलमिह चलं जीवितमिदं,
जनो दृष्टो यो वै जनयति सुखं सोऽपि हि चलः ॥१३॥

नलचंपुनाटक, उच्छ्वास ५, श्लो० १७.

આ જગતમાં રાજ્યનું ઐશ્વર્ય ચલાયમાન ( અનિત્ય ) છે, ધન અને સુવર્ણનો સાર ચલાયમાન છે, પરિવાર ચલાયમાન છે, રાજાની મિત્રાઈ ચલાયમાન છે, દેવતાનું મોટું સુખ ચલાયમાન છે, નીરોગતા ચલાયમાન છે, બળ ચલાયમાન છે, આ જીવિત ચલાયમાન છે, તથા જે જન જોવાથી સુખ ઉત્પન્ન થાય છે તે જન પણ ચલાયમાન છે. અર્થાત્ સર્વ ક્ષણભંગુર–અનિત્ય છે. ૧૩.

इन्द्रचापसमा भोगाः, संपदो जलदोपमाः ।
यौवनं जलरेखेव, सर्वमेतदशाश्वतम् ॥ १४ ॥

तत्त्वामृत, श्लो० १५२.

ભોગો ઇંદ્રધનુષ જેવા છે, સંપદાઓ વાદળાં જેવી છે, અને યુવાવસ્થા જળની રેખા જેવી છે, આ સર્વ અનિત્ય છે. ૧૪.

जीवितं विद्युता तुल्यं, संयोगाः स्वप्नसन्निभाः ।
सन्ध्यारागसमः स्नेहः, शरीरं तृणबिन्दुवत् ॥ १५ ॥

तत्त्वामृत, श्लो० १५१.

પ્રાણીઓનું જીવિત વીજળી જેવું છે, સંયોગો સ્વપ્ન જેવા છે, સ્નેહ સંધ્યાના રંગ જેવો છે, અને શરીર તૃણપર રહેલા જળના બિંદુ સમાન છે. અર્થાત્ સર્વ અનિત્ય છે. ૧૫.

**सर्वे क्षयान्ता निचयाः, पतनान्ताः समुच्छ्रयाः ।**
**संयोगा विप्रयोगान्ता मरणान्तं हि जीवितम् ॥ १६ ॥**

સર્વે પદાર્થના સમૂહો છેવટ ( પરિણામે ) નાશ પામનારા છે, જેઓ ઉચ્ચ સ્થાનને પામેલા હોય છે તેઓ છેવટ પડવાના જ છે, સર્વે સંયોગો પરિણામે વિયોગ પામનારા જ છે, અને લાંબું જીવિત હોય તો પણ છેવટ મરણ થવાનું જ છે. ૧૬.

**मरणं प्रकृतिः शरीरिणां, विकृतिर्जीवनमुच्यते बुधैः ।**
**क्षणमप्यवतिष्ठते श्वसन्, यदि जन्तुर्ननु लाभवानसौ ॥१७॥**

कालीदास.

મરણ એ પ્રાણીઓની પ્રકૃતિ ( સ્વભાવ ) છે, અને જીવવું તે વિકૃતિ ( વિકાર ) છે, એમ પંડિતો કહે છે. જો પ્રાણી એક ક્ષણવાર પણ શ્વાસ લેતો રહેતો હોય ( જીવતો હોય ), તો તે તેને ખરેખર લાભ જ સમજવાનો છે. ૧૭.

**को हि जानाति कस्याद्य, मृत्युकालो भविष्यति ।**
**युवैव धर्मशीलः स्यादनित्यं खलु जीवितम् ॥ १८ ॥**

*मत्स्यपुराण, अ० १७४, श्लो० १६.*

આજે કોનો મરણસમય થશે તે કોઇ પણ જાણતું નથી.

તેથી દરેક મનુષ્યે યુવાવસ્થામાં જ ધર્મ કરવામાં તત્પર થવું જોઇએ. કેમકે આ જીવિત અનિત્ય જ છે. ૧૮.

**यौवनं जीवितं चित्तं, छाया लक्ष्मीश्च स्वामिता ।**
**चञ्चलानि षडेतानि, ज्ञात्वा धर्मरतो भवेत् ॥ १९ ॥**

યોવન, જીવિત, ચિત્ત, કાંતિ, લક્ષ્મી અને પ્રભુતા આ છ પદાર્થ ચંચળ છે, એમ જાણીને મનુષ્યે ધર્મમાં તત્પર થવું. ૧૯.

**इत्यनित्यं जगद्वृत्तं, स्थिरचित्तः प्रतिक्षणम् ।**
**तृष्णाकृष्णाहिमन्त्राय, निर्ममत्वाय चिन्तयेत् ॥ २० ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६०.

રાગરૂપી કાળા નાગને વશ કરવાને મંત્ર તુલ્ય એવા નિર્મમત્વ માટે એ પ્રમાણે જગત્‌ના સ્વરૂપને સ્થિર ચિત્તે દરેક ક્ષણે અનિત્ય ચિંતવવું. ૨૦.

**जीवितं यौवनं लक्ष्मी, रूपं प्रियसमागमः ।**
**चलं सर्वमिदं वात्या, नर्तिताब्धितरङ्गवत् ॥ २१ ॥**

महावीरचरित्र, सर्ग १, श्लो० २४८.

આયુષ્ય, યુવાવસ્થા, લક્ષ્મી, રૂપ, પ્રિય વસ્તુને તથા જનને સમાગમઃ આ સર્વ પદાર્થો વાયુએ ઉછાળેલા સમુદ્રના તરંગની જેવા ચપળ છે. ૨૧.

**इष्टजनसंप्रयोगर्द्धिविषयसुखसंपदस्तथाऽऽरोग्यम् ।**
**देहश्च यौवनं जीवितं सर्वाण्यनित्यानि ॥ २२ ॥**

प्रशमरति, श्लो० १५१.

ઇષ્ટજનસંયોગ, સમૃદ્ધિ, વિષયસુખની સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વે અનિત્ય છે. ૨૨.

**અશરણુભાવના:—**

**पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम् ।**
**अत्राणो नीयते जन्तुः, कर्मभिर्यमसद्मनि ॥ २३ ॥**

योगशास्त्र, पृ० २९८, श्लो० ६२. (प्र.स.)

પિતા, માતા, બહેન, ભાઇ અને પુત્રો વિગેરે સર્વે જોતા છતાં રક્ષણ વિનાનો જંતુ, પોતાનાં કર્મવડે, યમરાજને ઘેર લઇ જવાય છે. ૨૩.

**शोचन्ति स्वजनानन्तं, नीयमानान् स्वकर्मभिः ।**
**नेष्यमाणं तु शोचन्ति, नात्मानं मूढबुद्धयः ॥ २४ ॥**

योगशास्त्र, पृ० २९८, श्लो० ६३. (प्र.स.)

મૂઢ બુદ્ધિવાળા મનુષ્યો પોતપોતાના કર્મવડે મૃત્યુ પામતા સ્વજનોનો શોક કરે છે, પરંતુ પોતાને પણ મૃત્યુ લઇ જવાનો છે, તેનો શોક તો કરતા નથી. ૨૪.

**संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते ।**
**वने मृगार्भकस्येव, शरणं नास्ति देहिनः ॥ २५ ॥**

योगशास्त्र, पृ० २९८, श्लो० ६४. (प्र.स.)

દુ:ખરૂપી દાવાનળની બળતી જ્વાળાવડે ભયંકર એવા આ સંસારમાં રહેલા પ્રાણીને, વનમાં રહેલા મૃગના બાળકની જેમ, કાંઇ પણ શરણ નથી. ૨૫.

**माता यदि विषं दद्यात्, पित्रा विक्रीयते सुतः ।**
**राजा हरति सर्वस्वं, कस्तत्र पालको भवेत् ॥ २६ ॥**

पद्मपुराण, खंड ३, अ० १३, श्लो० ३२.

જો કદાચ માતા જ પુત્રને વિષ આપે, પિતા જ પુત્રને વેચે, અને રાજા જ સર્વસ્વનું હરણુ કરે, તો ત્યાં તેનું રક્ષણુ કરનાર કોણુ હોય ? કોઈ જ ન હોય. ૨૬.

**रोगाघ्रातो दुःखार्दितस्तथा स्वजनपरिवृतो जीवः ।**
**क्वणति करुणं सबाष्पं रुजं निहन्तुं न शक्तोऽसौ ॥ २७॥**

રોગથી વ્યાપ્ત થયેલો, દુઃખથી પીડા પામેલો અને સ્વજનોથી પરિવરેલો જીવ, કરૂણુ સ્વરે અને અશ્રુ સહિત, આક્રંદ કરે છે, પરંતુ તે રોગને હણુવા સમર્થ થતો નથી. ૨૭.

**एकस्य जन्ममरणे, गतयश्च शुभाशुभा भवावर्ते ।**
**तस्मादाकालिकहितमेकेनैवात्मनः कार्यम् ॥ २८ ॥**

प्रशमरति, श्लो० १५३.

આ સંસારરૂપી સમુદ્રમાં જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે. તેમ જ શુભ અને અશુભ ગતિ પણુ એકલાની જ થાય છે. એટલા માટે કોઇ પણુ સમય ગુમાવ્યા વગર પોતાના આત્માનું હિત કરવું. ૨૮.

**व्याधिजन्मजरामृत्युग्रस्तानां प्राणिनामिह ।**
**विना जिनोदितं धर्मं, शरणं कोऽपि नापरः ॥ २९ ॥**

महावीरचरित्र, सर्ग १, श्लो० २४९.

વ્યાધિ, જન્મ, જરા-વૃદ્ધાવસ્થા અને મૃત્યુ વિગેરેથી વ્યાપ્ત થયેલા પ્રાણીઓને આ જગતમાં જિનેશ્વરે કહેલા ધર્મ વિના બીજો કોઇ પણ શરણભૂત નથી. ૨૯.

न पिता भ्रातरः पुत्रा न भार्या न च बान्धवाः ।
न शक्ता मरणात् त्रातुं, मग्नाः संसारसागरे ॥ ३० ॥

उत्तराध्ययनसूत्रटीका ( कमलसंयम ), पृ० २६४. *

સંસારરૂપી સમુદ્રમાં ડૂબેલા પિતા, ભાઇ, પુત્રો, ભાર્યા અને બાંધવો એ કોઇ પણ, મરણથી રક્ષણ કરવા સમર્થ નથી. ૩૦.

नश्यति नौति याति वितनोति करोति रसायनक्रियां,
चरति गुरुव्रतानि विवराण्यपि विशति विशेषकातरः ।
तपति तपांसि खादति मितानि करोति च मन्त्रसाधनं,
तदपि कृतान्तदन्तयन्त्रक्रकचक्रमणैर्विदार्यते ॥ ३१ ॥

आचारांगसूत्रवृत्ति, पृ० १८४. *

પ્રાણી મૃત્યુના ભયથી કદાચ નાશી જાય, સ્તુતિ કરે, ક્યાંક જતો રહે, વિસ્તાર કરે, રસાયણની ક્રિયા કરે, મોટાં વ્રતો કરે, વધારે ભય પામીને ગુફાઓમાં પ્રવેશ કરે, તપ કરે, પરિમિત ભોજન કરે, તથા મંત્રની સાધના કરે, તો પણ યમરાજના દાંતરૂપી કરવતના યંત્રના આક્રમણવડે વિદારાય છે-દાંતરૂપી કરવતવડે ફાડી નંખાય છે. ૩૧.

नापत्यानि न वित्तानि, न सौधानि भवन्त्यहो ।
मृत्युना नीयमानस्य, पुण्यपापे परं पुनः ॥ ३२ ॥

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ३५.

મૃત્યુને પામતા જીવની સાથે તેના પુત્રો જતા નથી, ધન જતું નથી, મહેલ વિગેરે કાંઇ પણ જતું નથી. માત્ર પુણ્ય અને પાપ જ તેની સાથે જાય છે. ૩૨.

जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥ ३३ ॥

प्रशमरति, श्लो० १५२.

જન્મ, જરા, અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ અને વેદનાથી ભરેલા એવા આ સંસારમાં શ્રી જિનેશ્વર ભગવાનના વચનને છોડીને બીજું કોઈ પણ શરણ નથી. ૩૩.

इन्द्रोपेन्द्रादयोऽप्येते, यन्मृत्योर्यान्ति गोचरम् ।
अहो ! तदन्तकातङ्के, कः शरण्यः शरीरिणाम् ? ॥ ३४ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६१.

અહો ! ઈન્દ્ર અને વાસુદેવાદિ જેવા મોટા મોટા પણ જે મૃત્યુને વશ થાય છે, તે મૃત્યુનો ભય આવતાં બીજા સાધારણ પ્રાણીઓને કોનું શરણ હોય ? અર્થાત્ મરણ વખતે કોઇનું શરણ હોતું નથી. ૩૪.

એકત્વભાવનાઃ—

एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।
सुखान्यनुभवत्येको दुःखान्यपि स एव हि ॥ ३५ ॥

महावीरचरित्र, सर्ग १, श्लो० २५१.

પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે, તથા તે એકલો જ સુખોને અનુભવે છે અને દુઃખોને પણ તે એકલો જ અનુભવે છે. ૩૫.

**द्रव्याणि तिष्ठन्ति गृहेषु नार्यो**
**विश्रामभूमौ स्वजनाः स्मशाने ।**
**देहश्चितायां परलोकमार्गे,**
**कर्मानुगो याति स एव जीवः ॥ ३६ ॥**

उपदेशप्रासाद ( भाषांतर ), पृ० ५० ( प्र. स. )*

મનુષ્ય મરણ પામે છે ત્યારે તેનું સર્વ ધન ઘરમાં જ રહે છે, તેની સ્ત્રીઓ વિશ્રામની ભૂમિ સુધી જ પાછળ જાય છે, તેના સ્વજનો સ્મશાન સુધી જ જાય છે, અને તેનું શરીર ચિતામાં જ રહે છે, પરંતુ કોઇ પણ તેની સાથે જતું નથી. માત્ર તે એક જીવ જ પરલોકના માર્ગમાં જાય છે. અને ત્યારે તેની પાછળ તેના કરેલા શુભાશુભ કર્મ જ જાય છે. ૩૬.

**एक उत्पद्यते जन्तुर्यात्येकश्च भवान्तरम् ।**
**एको दुःखी सुखी चैकस्तथैकः सिद्धिसौख्यभाक् ॥३७॥**

પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ ભવાંતરમાં જાય છે, એકલો જ દુઃખી અને સુખી થાય છે, તથા એકલો જ મોક્ષસુખને ભજનારો થાય છે. ૩૭.

**एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।**
**कर्माण्यनुभवत्येकः, प्रचितानि भवान्तरे ॥ ३८ ॥**

*योगशास्त्र, प्रकाश ४, श्लो० ६८.*

આ જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે, વળી પોતે એકઠાં કરેલાં કર્મોને પણ એકલો જ ભોગવે છે. ૩૮.

सदैकोऽहं न मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् ।
न तं पश्यामि यस्याहं, नासौ भावीति यो मम ॥३९॥

आचारांगसूत्रवृत्ति, पृ० १९१, श्लो० ३. *

હું સદા એકલો જ છું, મારો કોઇ નથી, તેમ જ હું પણ બીજા કોઇનો નથી, જેનો હું હોઉં તેને હું જોતો નથી અને જે મારો છે તે મારો થવાનો જ નથી. ૩૯.

एकोऽहं नैव मे कश्चित्, स्वः परो वाऽपि विद्यते ।
यदेको जायते जन्तुर्म्रियते चैक एव हि ॥ ४० ॥

उत्तराध्ययनसूत्रटीका, पृ० २०६. ( वि. ध. ल. )*

હું એકલો જ છું, મારે કોઈ પણ પોતાનો કે પારકો નથી એટલે સ્વજન કે અન્યજન નથી, કારણ કે જંતુ એકલો જ ઉત્પન્ન થાય છે, અને એકલો જ મરે છે. ૪૦.

एकः प्रसूयते जन्तुरेक एव प्रलीयते ।
एको हि भुङ्क्ते सुकृतमेकश्चान्योऽतिदुष्कृतम् ॥ ४१ ॥

इतिहाससमुच्चय, अ० १७, श्लो० ५२.

પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ વિનાશ પામે છે. એક પ્રાણી સુકૃતને ભોગવે છે અને બીજો એક પ્રાણી દુષ્કૃત( પાપ )ને ભોગવે છે. ૪૧.

**रोगहरणेऽप्यशक्ताः, प्रत्युत धर्मस्य ते तु विघ्नकराः ।**
**मरणाच्च न रक्षन्ति स्वजनाः परेभ्यः किमभ्यधिकाः? ॥४२॥**

સ્વજનો રોગ હરણ કરવામાં પણ અશક્ત છે, ઉલટા તેઓ ધર્મમાં વિઘ્ન કરનારા છે, તેમ જ તેઓ મરણથી બચાવી શકતા નથી. તો પછી સ્વજન અને પરજનમાં શો તફાવત છે ? સ્વજનો પરજનથી કઈ રીતે અધિક છે ? કોઇ પણ રીતે અધિક નથી. ૪૨.

**मातृपितृसहस्राणि, पुत्रदारशतानि च ।**
**अनेकशो व्यतीतानि, कस्य त्वं तानि कस्य च? ॥४३॥**

इतिहाससमुच्चय, अ० १८, श्लो० ६४.

હજારો માતાપિતાઓ અને સેંકડો પુત્ર અને સ્ત્રીઓ અનેક વાર વીતી ગયા છે. તેમાં તું કોનો છે ? અને તેઓ સર્વે કોના છે ? કોઇ કોઇનું નથી. ૪૩.

**संसार एवायमनर्थसारः,**
**कः कस्य कोऽत्र स्वजनः परो वा? ।**
**सर्वे भ्रमन्तः स्वजनाः परे च,**
**भवन्ति भूत्वा न भवन्ति भूयः ॥ ४४ ॥**

आचारांगसूत्रटीका, पृ० १९१, श्लो० १. *

આ સંસાર જ અનર્થના સારવાળો-અસાર છે. તેમાં કોણ કોનો સ્વજન કે પરજન છે ? ( કોઇ પણ કોઈનો એકાંત સ્વજન પણ નથી અને એકાંત પરજન પણ નથી. ) કેમકે આ સંસારમાં ભ્રમણ કરતા સર્વે જીવો સ્વજન અને પરજન પણ થાય છે, અને થઇને પછી ફરીથી થતાં નથી. ૪૪.

विचिन्त्यमेतद्भवताऽहमेको
न मेऽस्ति कश्चित् पुरतो न पश्चात् ।
स्वकर्मभिर्भ्रान्तिरियं ममैव,
अहं पुरस्तादहमेव पश्चात् ॥ ४५ ॥

आचारांगसूत्रवृत्ति, पृ० १९१, श्लो० २. ❋

હે જીવ ! તારે આ પ્રમાણે વિચાર કરવો જોઇએ કે હું એકલો જ છું, મારી આગળ અને પાછળ કોઇ પણ નથી, મારા કર્મવડે કરીને જ સંસારમાં આ મારૂં ભ્રમણ છે અને આગળ પણ હું જ છું અને પાછળ પણ હું જ છું. ૪૫.

एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचित् ।
न तं पश्यामि यस्याहं, नासौ दृश्योऽस्ति यो मम ॥ ४६ ॥

उत्तराध्ययनसूत्रटीका, पृ० २०४. ( वि. ध. ल. )

હું એકલો જ છું, મારૂં કોઇ નથી, હું પણ કોઇનો નથી, હું જેનો છું તેને હું જોતો નથી, અને જે મારો છે તે દેખાતો નથી. ૪૬.

तस्मात् स्वजनस्योपरि सङ्गं परिहाय निर्वृतो भूत्वा ।
धर्मं कुरुष्व यत्नाद् यत् परलोकस्य पथ्यदनम् ॥ ४७ ॥

उमास्वातिवाचक.

તેથી કરીને સ્વજનના સંગનો ત્યાગ કરી, નિર્વૃતિવાળો થઇ અને પ્રયત્નથી, પરલોકના ભાતા સમાન, ધર્મને તું કર. ૪૭.

तस्मात् स्वजनस्यार्थे, यदिहाकार्यं करोषि रे मूढ ! ।
भोक्तव्यं तस्य फलं, प्रत्येकेनैव ते बाढम् ॥ ४८ ॥

उमास्वातिवाचक.

તેથી કરીને હે મૂઢ! આ જગતમાં તું જે કાંઇ સ્વજનને અર્થે અકાર્ય કરે છે, તેનુ ફળ તારે એકલાએ જ અત્યંત ભોગવવાનું છે. ૪૮.

न भ्राता बान्धवाः कस्य, न च स्वजनबान्धवाः ।
एवं संसारसंबन्धो मायामोहसमन्वितः ॥ ४९ ॥

पद्मपुराण, खंड २, अ० ७, श्लो० ४.

કોઈના કોઇ ભાઇ નથી, કોઈ કોઇનો બંધુ નથી અને કોઇ કોઈના કુટુંબી નથી. આ પ્રમાણે આ સંસારનો સંબંધ માયા અને મોહથી યુક્ત છે. ૪૯.

अन्यैस्तेनाऽर्जितं वित्तं, भूयः संभूय भुज्यते ।
स त्वेको नरकक्रोडे, क्लिश्यते निजकर्मभिः ॥ ५० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६९.

તે પ્રાણીએ મહાઆરંભાદિવડે મેળવેલા ધનને, સંબંધી વિગેરે એકઠાં થઇને ભોગવે છે, છતાં પાપ કરી ધન ઉપાર્જન કરનાર તે પ્રાણી, પોતાનાં કાર્યોવડે, નરકમાં તો એકલોજ કલેશ પામે છે. ૫૦.

जन्म मृत्युं हि यात्येको भुनक्त्येकः शुभाशुभम् ॥
नरकेषु पतत्येक एको याति परां गतिम् ॥ ५१ ॥

वृद्धचाणाक्यनीति. अ० ५. श्लो० १३.

આ આત્મા એકલો જ જન્મ અને મરણને પામે છે, એકલો જ શુભાશુભ કર્મના ફળને ભોગવે છે, એકલો જ નરકમાં પડે છે, અને એકલો જ મોક્ષગતિને પામે છે. ૫૧.

અન્યત્વભાવનાઃ—

अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥५२॥

प्रशमरति, श्लो० १५४.

હું સ્વજનથી, પરિજનથી, વૈભવથી, અને શરીરથી જુદો છું એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક સંતાપ સંભવતો નથી. ૫૨.

यत्रान्यत्वं शरीरस्य, वैसादृश्याच्छरीरिणः ।
धनबन्धुसहायानां, तत्रान्यत्वं न दुर्वचम् ॥ ५३ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७०.

( આત્મા ચેતન, અમૂર્ત અને શાશ્વત છે, જ્યારે શરીર અચેતન, મૂર્ત અને અનિત્ય છે. આવી રીતે ) જ્યાં આત્માથકી શરીરનું પણ અસદૃશપણું હોવાથી જુદાઈ છે, ત્યાં ધન, બાંધવો અને મિત્રાદિનું આ આત્મા થકી જુદાપણું કહેવું એ જરા પણ ખોટું નથી. ૫૩.

यो देहधनबन्धुभ्यो भिन्नमात्मानमीक्षते ।
क्व शोकशङ्कुना तस्य, हन्तातङ्कः प्रतन्यते ॥ ५४ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७१.

જે પ્રાણી દેહ, ધન અને બાંધવો થકી પોતાના આત્માને જુદો દેખે છે, તેને શોકરૂપી શલ્ય પીડા કેમ ઉપજાવી શકે? અર્થાત્ દેહ, બાંધવો વિગેરેથકી પોતાના આત્માને ભિન્ન માનનાર અને આચરણમાં ઉતારનાર મનુષ્યને કદાપિ શોક સ્પર્શી શકતો નથી. ૫૪.

अन्यद्वपुरिदं जीवाज्जीवश्चान्यः शरीरतः ।
जानन्नपीति को दक्षः, करोति ममतां तनौ ? ॥ ५५ ॥

ज्ञानशतक, श्लो० ३९.

આ કાયા જીવથી જુદી જ છે અને જીવ આ શરીરથી ભિન્ન છે. એમ જાણતાં છતાં કયો ડાહ્યો પુરૂષ શરીરમાં મમત્વ કરે ? ૫૫.

पुराऽऽसीत् स्वजनस्तेऽन्यः, साम्प्रतं वर्ततेऽपरः ।
देहान्ते भविताऽन्यस्य, तस्माच्च परतोऽपरः ॥ ५६ ॥
एवं व्यवस्थिते लोके, कः कस्य स्वजनोऽपि वा ।
को वा परजनः कस्य, मोह एव च केवलम् ? ॥ ५७ ॥

इतिहाससमुच्चय, अ० १७, श्लो० ६६, ६७

પહેલાં ( પૂર્વ જન્મમાં ) જે તારો સ્વજન હતો તે બીજો હતો, અને હાલ ( આ ભવમાં ) બીજો છે. વળી દેહને અંતે એટલે મરી ગયા પછી તે બીજાનો સ્વજન થશે. તે થકી ( હવે પછીના ભવમાં ) તારો તેથી બીજો સ્વજન થશે. ૫૬.

આ પ્રમાણે લોકની વ્યવસ્થા હોવાથી કોણ કોનો સ્વજન છે ? અને કોણ કોનો પરજન છે ? અર્થાત્ કોઇ કોઇનો સ્વજન કે પરજન નથી. પણ કેવળ મોહ જ છે. ૫૭.

भिन्नः शरीरतो जीवो जीवाद्भिन्नश्च विग्रहः ।
विदन्निति वपुर्नाशेऽप्यन्तः खिद्येत कः कृती ? ॥ ५८ ॥

उत्तराध्ययनसूत्रटीका (भावविजय) अ० २, पृ० ६०, श्लो० ३८.

આ જીવ શરીરથી ભિન્ન છે, અને આ શરીર જીવથી ભિન્ન છે, એમ જાણતો કયો પંડિત શરીરનો નાશ થાય તો પણ મનમાં ખેદ પામે? કોઇ પંડિત ખેદ પામે જ નહીં. ૫૮.

स्वशरीरशरीरिणावपि, श्रुतसंयोगविपर्ययौ यदा ।
विरहः किमिवानुतापयेद्वद बाह्यैर्विषयैर्विपश्चितम् ? ॥५९॥

रघुवंश, सर्ग ७, श्लो० ८९.

જ્યારે પોતાના શરીર અને આત્મા પણ સંયોગ અને વિયોગવાળા શ્રુતિમાં કહેલા સાંભળ્યા છે, તો પછી બાહ્ય વિષયોનો વિયોગ વિદ્વાનને શી રીતે પરિતાપ ઉપજાવે તે તું કહે. ૫૯.

## અશુચિત્વભાવનાઃ—

अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्यः ॥ ६० ॥

प्रशमरति श्लो० १५५.

આ શરીરમાં ( શુદ્ધ વસ્તુને પણ ) અશુદ્ધ કરવાની શક્તિ છે તે કારણે; તથા એના મૂળ કારણ અને ઉત્તર કારણ પણ અશુદ્ધિવાળાં છે તેથી દરેક સ્થળે આ શરીરના અશુદ્ધપણાની ભાવના ચિંતવવાની હોય છે. ૬૦.

विलेपनार्थमासक्तः, सुगन्धिर्यक्षकर्दमः ।
मलीभवति यत्राशु, क्व शौचं तत्र वर्ष्मणि ॥ ६१ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.

કેસર, કસ્તૂરી, ચંદન, કપૂર અને અગરૂ, એ પાંચે સુગંધી પદાર્થના બનાવેલ યક્ષકર્દમ નામના ખુશબોદાર ચૂર્ણનો લેપ જેના ઉપર લગાવવાથી મળરૂપ થઈ જાય છે, તે શરીરમાં પવિત્રતા શી ? ૬૧.

जग्ध्वा सुगन्धि ताम्बूलं, सुप्तो निश्युत्थितः प्रगे ।
जुगुप्सते वक्त्रगन्धं, यत्र तत् किं वपुः शुचि ? ॥ ६२ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७६ नी टीका.

રાત્રે સુગંધી તાંબૂલ ખાઇને સૂઈ ગયા પછી સવારે ઉઠતાં મોઢું દુર્ગન્ધ મારે છે, તો તે શરીર પવિત્ર કેમ કહેવાય ? ૬૨.

स्वतः सुगन्धयो गन्धधूपपुष्पस्रगादयः ।
यत्सङ्गाद् यान्ति दौर्गन्ध्यं, सोऽपि कायः शुचीयते ॥ ६३ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.

ગંધ, ધૂપ અને પુષ્પમાળા વિગેરે સ્વતઃ સુગંધી પદાર્થો પણ જેના સંગથી દુર્ગંધવાળા થઇ જાય છે, એવી પણ કાયાને પવિત્ર માનવી એ કેટલું અજ્ઞાન કહેવાય ? ૬૩.

दोषधातुमलाकीर्णं, कृमिगण्डूपदास्पदम् ।
रोगभोगिगणैर्जग्धं, शरीरं को वदेत् शुचि ? ॥ ६४ ॥

*योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.*

દોષિત ધાતુ અને મળવડે વ્યાપ્ત, કરમીયાં અને ગંડૂપદ વિગેરે જીવડાંઓના સ્થાનરૂપ, તથા રોગરૂપ સર્પના સમુદાય-વડે ભક્ષણ કરાતા આ શરીરને પવિત્ર કોણ કહે ? ૬૪.

**सुस्वादून्यन्नपानानि, क्षीरेक्षुविकृती अपि ।**
**भुक्तानि यत्र विष्ठायै, तच्छरीरं कथं शुचि ? ॥६५॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.**

જે શરીરમાં સારા સ્વાદિષ્ટ અન્નપાન ખાધાં હોય તે પણ વિષ્ટા થઇ જાય છે, તથા દૂધ અને શેરડી જેવી ઉત્તમ ચીજ પણ વિકારરૂપ થઇ જાય છે, તે શરીર પવિત્ર કેમ કહેવાય ? ૬૫.

**मातृजग्धान्नपानोत्थरसं नाडीक्रमागतम् ।**
**पायं पायं विवृद्धः सन्, शौचं मन्येत कस्तनौ ? ॥६६॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.**

માતાએ ખાધેલા અનાજ અને પાણીમાંથી પેદા થયેલ રસને નાડી વાટે પી પીને વૃદ્ધિ પામેલા આ શરીરમાં કોણ પવિત્રતા માને ? ૬૬.

**शुक्रशोणितसम्भूतो मलनिःस्यन्दवर्धितः ।**
**गर्भे जरायुसंछन्नः, शुचिः कायः कथं भवेत् ? ॥६७॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका.**

વીર્ય અને રૂધીરથી પેદા થયેલ, મળના ખાબોચીયામાં વૃદ્ધિ પામેલ, અને ગર્ભમાં, ગર્ભાશયથી ઢંકાયેલ કાયા પવિત્ર કેમ હોય ? ૬૭.

रसासृग्मांसमेदोऽस्थिमज्जाशुक्रान्त्रवर्चसाम् ।
अशुचीनां पदं कायः, शुचित्वं तस्य तत् कुतः ? ॥६८॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७२.

આહારથી થતા રસ, રૂધિર, માંસ, ચરબી, હાડકાં, મજ્જા ( હાડકાની અંદરનો માવો ), વીર્ય, આંતરડા અને વિષ્ઠા, એ સર્વ અશુચિ પદાર્થોના સ્થાનરૂપ આ શરીર છે. તો તેની અંદર શુચિપણું-પવિત્રપણું-ક્યાથી હોય ? ૬૮.

नवस्रोतः स्रवद्विस्ररसनिःस्यन्दपिच्छिले ।
देहेऽपि शौचसङ्कल्पो महामोहविजृम्भितम् ॥ ६९ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७३ नी टीका,

આ શરીર નવ દ્વારથી ઝરતા દુર્ગંધમય રસના પ્રવાહથી વ્યાપ્ત છે, તેને વિષે જે શૌચ( પવિત્રતા )નો વિચાર કરવો તે તો મહામોહનો વિલાસ છે. ૬૯.

न शक्यं निर्मलीकर्तुं, गात्रं स्नानशतैरपि ।
अश्रान्तमिव श्रोतोभिर्नवभिर्मलमुद्गिरत् ॥ ७० ॥

उत्तराध्ययनसूत्रटीका ( कमलसंयम ), पृ० ७२*

નિરંતર નવ દ્વારવડે મળને ઝરતું આ શરીર સેંકડો સ્નાનોવડે પણ નિર્મળ કરી શકાતું નથી. ૭૦.

वसारुधिरमांसास्थियकृद्विण्मूत्रपूरिते ।
वपुष्यशुचिनिलये, मूर्छां कुर्वीत कः सुधीः ? ॥ ७१ ॥

*महावीरचरित्र, सर्ग १, श्लो० २५३.*

વસા—ચરબી, રૂધીર માંસ, હાડકાં, યકૃત્ ( પેટમાં જમણા પડખામાં રહેલો માંસપિંડ ), વિષ્ટા અને મૂત્રથી ભરેલા અશુચિના ઘરરૂપ આ શરીરને વિષે કયો બુદ્ધિમાન માણસ મૂર્છા—મોહ—કરે ? કોઇ ન કરે. ૭૧.

**સંસારભાવના:—**

**श्रोत्रियः श्वपचः स्वामी, पत्तिर्ब्रह्मा कृमिश्च सः ।**
**संसारनाट्ये नटवत्, संसारी हन्त चेष्टते ॥ ७२ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६५.

સંસારી જીવ આ સંસારરૂપી નાટકમાં, નાટકીયાની જેમ, જુદી જુદી ચેષ્ટા કરે છે. જુઓ ! વેદનો પારગામી બ્રાહ્મણ મરીને કર્મયોગે ચંડાળ થાય છે, સ્વામી મરીને સેવક થાય છે, અને બ્રહ્મા પણ મરીને કર્મયોગે કૃમિપણે જન્મે છે. ૭૨.

**माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे ।**
**व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥७३॥**

प्रशमरति, श्लो० १५६.

આ સંસારમાં એક જ જીવ એક વખતે માતા થઇને પુત્રી થાય છે, બ્હેન કે ભાર્યા થાય છે તેમ જ પુત્ર થઇને પિતા, ભાઈ અને શત્રુ પણ થાય છે. ૭૩.

**આશ્રવભાવના:—**

**मिथ्यादृष्टिरविरतः प्रमादवान् यः कषायदंडरुचिः ।**
**तस्य तथाऽऽश्रवकर्मणि यतेत तन्निग्रहे तस्मात् ॥७४॥**

प्रशमरति, श्लो० १५७.

જે પ્રાણી મિથ્યાદૃષ્ટિ, અવિરતી, પ્રમાદી, કષાયોમાં આસક્ત અને મન, વચન, કાયાનાં દંડમાં આસક્ત હોય તેની તે તે આશ્રવની ક્રિયાઓમાં પ્રયત્નશીલ થઇને તે પ્રયત્નથી તે આશ્રવના નિગ્રહમાં પ્રયત્ન કરવો ૭૪.

**मैत्र्यादिवासितं चेतः, कर्म सूते शुभात्मकम् ।**
**कषायविषयाक्रान्तं, वितनोत्यशुभं पुनः ॥ ७५ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७५.

મન જ્યારે મૈત્રી, પ્રમોદ વિગેરે ભાવનાવડે વાસિત થાય છે, ત્યારે શુભ કર્મને ઉત્પન્ન કરે છે; અને એ જ મન જ્યારે ક્રોધાદિ કષાયો અને ઇન્દ્રિયોના વિષયથી વ્યાપ્ત થાય છે ત્યારે અશુભ કર્મને વિસ્તારે છે. ૭૫.

**शुभार्जनाय निर्मिथ्यं, श्रुतज्ञानाश्रितं वचः ।**
**विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ॥ ७६ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७६.

શ્રુતજ્ઞાનને આશ્રિત જે સત્ય વચન તે શુભ કર્મ ઉપાર્જન કરવા માટે છે, અને તેથી વિપરીત એટલે અસત્ય અને શ્રુતજ્ઞાનના વિરોધવાળું જે વચન તે અશુભ કર્મ ઉપાર્જન કરવા માટે જાણવું. ૭૬.

**शरीरेण सुगुप्तेन, शरीरी चिनुते शुभम् ।**
**सततारम्भिणा जन्तुघातकेनाऽशुभं पुनः ॥ ७७ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७७.

વિષયાદિથકી સારી રીતે ગોપાવેલા શરીરવડે આત્મા શુભ કર્મ મેળવે છે, અને નિરંતર આરંભ–સમારંભ કરનાર તથા પ્રાણીઓનો ઘાત કરનાર–હિંસક એવા એ જ શરીરવડે આત્મા અશુભ કર્મ ઉપાર્જન કરે છે. ૭૭.

સંવરભાવનાઃ—

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ॥ ७८ ॥

प्रशमरति, श्लो० १५८.

જે, પુણ્ય અને પાપને ગ્રહણ નહિં કરવાવાળી એવી વાણી, શરીર અને મનની વૃત્તિ તેને તીર્થંકર ભગવાનોએ સંવર કહેલ છે. આત્મામાં આરોપેલ એવા હિતકારી એ સંવરનો વિચાર કરવો. ૭૮

असंयमकृतोत्सेकान्, विषयान् विषसन्निभान् ।
निराकुर्यादखण्डेन, संयमेन महामतिः ॥ ७९ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८३.

અસંયત એટલે ઇંદ્રિયોના ઉન્માદવડે વૃદ્ધિ પામેલા એવા ઝેર સમાન વિષયોને બુદ્ધિશાળી પુરૂષે, અખંડ સંયમવડે જિતેન્દ્રિય થઇને–દૂર કરવા. ૭૯.

નિર્જરાભાવનાઃ—

यद्वद् विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः ।
तद्वत् कर्मोपचितं, निर्जरयति संवृतस्तपसा ॥ ८० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८८ नी टीका.

જેમ સુવર્ણને અગ્નવડે ખૂબ તપાવવાથી તેમાં એકઠો થયેલો પણ દોષ નાશ પામે છે, તેમ તપસ્યાવડે સંવર યુક્ત બનેલો જીવ એકઠા થયેલા કર્મની નિર્જરા કરે છે-કર્મોનો નાશ કરે છે. ૮૦.

## લોકભાવના:—

लोकस्याधस्तिर्यक्त्वं, चिन्तयेदूर्ध्वमपि च बाहल्यम् ।
सर्वत्र जन्ममरणे, रूपिद्रव्योपयोगांश्च ॥ ८१ ॥

प्रशमरतिं, श्लो० १६०.

લોક ભાવનામાં-અધોલોક, તિર્યક્લોક અને ઉર્ધ્વલોક અને એ ત્રણેના વિસ્તારનો વિચાર કરવો. એ તમામ લોકમાં જન્મ અને મરણ થાય છે તેમજ ત્યાં રૂપી દ્રવ્યનો ઉપયોગ રહેલો છે એનો પણ વિચાર કરવો. ૮૧.

कटिस्थकरवैशाख-स्थानकस्थनराकृतिम् ।
द्रव्यैः पूर्ण स्मरेल्लोकं, स्थित्युत्पत्तिव्ययात्मकैः ॥८२॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० १०३.

કેડ ઉપર બન્ને હાથ રાખી અને બન્ને પગ પહોળા કરી ઉભેલા પુરૂષની જેવી આકૃતિવાળો; અને ઉત્પત્તિ, નાશ તથા ધ્રુવતા એ ત્રણે ધર્મવાળા દ્રવ્યોથી પૂર્ણ; આવા સ્વરૂપવાળો ચૌદ રજ્જુ પ્રમાણુ આ લોક ચિંતવવો. ૮૨.

लोको जगत्रयाकीर्णो भुवः सप्ताऽत्र वेष्टिताः ।
घनाम्भोधिमहावात-तनुवातैर्महाबलैः ॥ ८३ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० १०४.

ઊર્ધ્વ, અધો અને તીર્છો, એમ ત્રણ જગતથી વ્યાપ્ત આ લોક છે. તેમાં નીચે સાત પૃથ્વીઓ મહાબળવાન એવા ઘનોદધિ, મહાવાયુ અને તનુવાયુથી વીંટળાયેલી છે. ૮૩.

वेत्रासनसमोऽधस्तान्मध्यतो झल्लरीनिभः ।
अग्रे मुरजसङ्काशो लोकः स्यादेवमाकृतिः ॥ ८४ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० १०५.

આ લોક નીચેના ભાગમાં નેતરના આસનને આકારે છે; એટલે નીચે વિસ્તારવાળો અને ઉપર ઉપર સંકોચ પામતા આકારવાળો છે. મધ્ય ભાગમાં ઝાલર સમાન આકારવાળો છે અને ઉપરના ભાગમાં મૃદંગ સમાન આકારવાળો છે, એટલે કે ઉપર–નીચે સંકોચવાળો અને વચમાં વિસ્તારવાળો છે. ૮૪.

निष्पादितो न केनापि, न धृतः केनचिच्च सः ।
स्वयंसिद्धो निराधारो गगने किन्त्ववस्थितः ॥ ८५ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० १०६.

આ લોકને કોઇએ બનાવ્યો નથી, તેમ કોઇએ ધરી રાખ્યો નથી, પણ સ્વયંસિદ્ધ અને આધાર વગરનો એવો આકાશમાં રહેલો છે. ૮૫.

**સ્વાખ્યાતધર્મભાવના:—**

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥ ८६ ॥

प्रशमरति, श्लो० १६१.

જિત્યો છે રાગદ્વેષાદિ શત્રુઓનો સમૂહ જેમણે એવા શ્રી જિનેશ્વર ભગવાને જગતના હિતને માટે ધર્મને કહેલો છે અને જે લોકો એ ધર્મમાં મગ્ન છે તેઓ આ સંસારસમુદ્રને તરી ગયા છે એમ જાણવું. ૮૬.

धर्मप्रभावतः कल्पद्रुमाद्या ददतीप्सितम् ।
गोचरेऽपि न ते यत्स्युरधर्माधिष्ठितात्मनाम् ॥ ८७ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९४.

ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ વિગેરે ઈચ્છિત આપે છે, અને એ જ કલ્પવૃક્ષાદિ અધર્મી મનુષ્યોને દૃષ્ટિગોચર પણ થતા નથી. ૮૭.

आप्लावयति नाऽम्भोधिराश्वासयति चाम्बुदः ।
यन्महीं स प्रभावोऽयं, ध्रुवं धर्मस्य केवलः ॥८८॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९६.

સમુદ્ર પૃથ્વીને જે ડુબાડી દેતો નથી, અને મેઘ પૃથ્વીને જે શાંત કરે છે, તે પ્રભાવ ખરેખર કેવળ ધર્મનો જ છે. ૮૮.

न ज्वलत्यनलस्तिर्यग्, यदूर्ध्वं वाति नाऽनिलः ।
अचिन्त्यमहिमा तत्र, धर्म एव निबन्धनम् ॥ ८९ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९७.

અગ્નિ જે તીરછો બળતો નથી, અને વાયુ ઉંચો વાતો નથી, તેમાં અચિંત્ય પ્રભાવશાળી ધર્મજ કારણ છે. ૮૯.

निरालम्बा निराधारा, विश्वाधारो वसुन्धरा ।
यच्चाऽवतिष्ठते तत्र, धर्मादन्यन्न कारणम् ॥ ९० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९८.

ચરાચર આ જગતનો આધાર પૃથ્વી જે આલંબન અને આધાર વિના રહી છે, તેમાં ધર્મ સિવાય બીજું કાંઇ કારણ નથી.૯૦

सूर्यचन्द्रमसावेतौ, विश्वोपकृतिहेतवे ।
उदयेते जगत्यस्मिन्, नूनं धर्मस्य शासनात् ॥ ९१ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९९.

ખરેખર, ધર્મનીજ આજ્ઞાથી વિશ્વના ઉપકારમાટે આ જગતમાં સૂર્ય અને ચંદ્ર ઉદય પામે છે. ૯૧.

## દુર્લભબોધભાવના:—

चिरं गतस्य संसारे, बहुयोनिसमाकुले ।
प्राप्ता सुदुर्लभा बोधिः, शासने जिनभाषिते ॥ ९२ ॥

तत्त्वामृत, श्लो० ३०१.

ઘણી યોનિઓથી ભરેલા આ સંસારમાં લાંબા કાળથી ફરતા એવા પ્રાણીને શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા શાસનમાં દુર્લભ એવા બોધિની પ્રાપ્તિ થઇ છે. ૯૨.

# प्रभावना ( ६१ )

## પ્રભાવના અને ભાવના:—

**प्रकारेणाधिकां मन्ये, भावनातः प्रभावनाम् ।**
**भावना स्वस्य लाभाय, स्वान्ययोस्तु प्रभावना ॥ १ ॥**

उपदेशतरंगिणी, पृ० १७१, श्लो० ९. ( य. ग्रं. ) *

એક ' પ્ર ' અક્ષરે કરીને ભાવના થકી પ્રભાવનાને હું અધિક માનું છું. કેમકે ભાવના પોતાને જ લાભદાયક છે અને પ્રભાવના તો પોતાને અને બીજાને પણ લાભદાયક છે. ૧.

**भावना मोक्षदा स्वस्य, स्वान्ययोस्तु प्रभावना ।**
**प्रकारेणाधिका युक्तं, भावनातः प्रभावना ॥ २ ॥**

श्राद्धविधि पृ० १६७.

ભાવના શબ્દ કરતાં પ્રભાવના શબ્દમાં ' પ્ર ' વધારે છે તેથી, ભાવનાથી પોતાની જ મુક્તિ થાય છે અને પ્રભાવનાથી પોતાની અને બીજાની પણ મુક્તિ થાય છે એ વાત સાચી છે. ૨

# त्याग ( ६२ )

### ત્યાગનું મહત્ત્વ:—

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात् कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १ ॥

भगवद्गीता, अ० १२, श्लो० १२.

શાસ્ત્રના અભ્યાસ કરતાં જ્ઞાન વધારે શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં ધ્યાન વધારે શ્રેષ્ઠ છે, ધ્યાન કરતાં કર્મના ફળનો ત્યાગ વધારે શ્રેષ્ઠ છે, કેમકે કર્મના ફળનો ત્યાગ કર્યા પછી તરત જ શાંતિ પ્રાપ્ત થાય છે. ૧.

त्याग एव हि सर्वेषां, मोक्षसाधनमुत्तमम् ।
त्यजतैव हि तज्ज्ञेयं, त्यक्तुः प्रत्यक् परं पदम् ॥ २ ॥

भाल्लवीयश्रुति.

ત્યાગ જ—સર્વ સંગનો ત્યાગ કરવો તે જ—સર્વ જીવોને મોક્ષનું ઉત્તમ સાધન છે. ત્યાગ કરતા પુરૂષે તેનું સ્વરૂપ પ્રથમ જાણવું જોઈએ, ત્યારપછી ત્યાગ કરનારને ઉત્તમ પદની—મોક્ષની—પ્રાપ્તિ થાય છે. ૨.

ત્યાગનું કારણઃ—

यत् परित्यज्य गंतव्यं, तत् स्वकीयं कथं भवेत् ? ।
इत्यालोच्य शरीरेऽपि, विद्वानाशां परित्यजेत् ॥ ३ ॥

तत्त्वामृत, श्लो० २३१.

જે વસ્તુનો ત્યાગ કરીને ચાલ્યા જવાનું છે તે વસ્તુ પોતાની? કેમ થઈ શકે એ પ્રમાણે વિચાર કરીને વિદ્વાન્ માણુસ પોતાના શરીરમાં પણ આશા નથી રાખતો. ૩.

ત્યાગનું ફળઃ—

यथा संगपरित्यागस्तथा कर्मविमोचनम् ।
यथा च कर्मणां छेदस्तथाऽऽसन्नं परं पदम् ॥ ४ ॥

तत्त्वामृत, श्लो० २३०.

જેમ જેમ સંસારના પદાર્થોનો ત્યાગ થતો જાય છે તેમ તેમ કર્મ છૂટા પડતા જાય છે અને જેમ જેમ કર્મનો નાશ થતો જાય છે તેમ તેમ મોક્ષ નજદીક આવતું જાય છે. ૪.

बांधवधनेन्द्रियसुखत्यागात् त्यक्तभयविग्रहः साधुः ।
त्यक्तात्मा निर्ग्रन्थस्त्यक्ताहंकारममकारः ॥५॥

प्रशमरति, श्लो० १७३.

સગાસંબંધીઓ, ધન, અને ઇંદ્રિયસુખનો ત્યાગ કરવાથી, તજી દીધાં છે ભય અને શરીર( ના મોહ )ને જેણે એવો પોતાના અસંયત આત્માનો ત્યાગ કરનાર, અને તજી દીધેલ છે અહંકાર અને મમકાર જેણે એવો સાધુ સાચો નિર્ગ્રંથ થાય છે. ૫.

# क्रिया ( ६३ )

## ક્રિયાનું મહત્વઃ—

क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥ १ ॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० ६.

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતો મનુષ્ય જે આવશ્યકાદિ ક્રિયા કરે છે, તે ક્રિયાવડે, કદાચ તે મનુષ્ય કર્મયોગે શુભ પરિણામથી પતિત થયો હોય તો પણ, તેને ફરીથી પહેલાં કરતાં વધારે શુભ ભાવની વૃદ્ધિ થાય છે. ( આવી પતિતોદ્ધારક ક્રિયાનો કોણ ભાગ્યશાળી આદર ન કરે ? ) ૧.

## ક્રિયાની આવશ્યકતાઃ—

स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ॥ २ ॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० ३.

જેમ પોતે જ પોતાનો પ્રકાશ કરનાર પણ દીવો, તેલપૂર્તિ વિગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ જ્ઞાનથી પરિપૂર્ણ પણ જ્ઞાની યથાવસરે પોતાને અનુકુળ ક્રિયાની અપેક્ષા રાખે છે. ( અર્થાત્ ( પૂર્ણ જ્ઞાનીને પણ ક્રિયાની જરૂર હોય છે જ. ) ૨.

### ક્રિયા કેવી જોઇએ:—

भावोपयोगशून्याः कुर्वन्नावश्यकीः क्रियाः सर्वाः ।
देहक्लेशं लभसे, फलमाप्स्यसि नैव पुनरासाम् ॥ ३ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार ११, श्लो० १४.

ભાવ અને ઉપયોગ વગર સર્વ આવશ્યક ક્રિયા કરવાથી માત્ર કાયક્લેશ ( શરીરની મજુરી ) થશે પણ તું તેઓનું ફળ મેળવી શકીશ નહિ જ. (એટલે કે—ભાવ અને ઉપયોગયુક્ત ક્રિયા કરવી જોઇએ. ) ૩.

### ક્રિયા શા માટે:—

गुणवृद्धयै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।
एवं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥४॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० ७.

ગુણોનો વધારો કરવાને માટે અથવા તો (આત્માનું ગુણોથી) અસ્ખલન થાય તેટલા માટે ક્રિયા કરવી જોઈએ. કેવળીઓને ક્રિયા કરવાની નથી હોતી એનું કારણ એ છે કે તેઓનું સંયમસ્થાન એક જ હોય છે. ૪.

### ક્રિયા વગરનું જ્ઞાન:—

क्रियाविरहितं हन्त !, ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥ ५ ॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० २,

હે ભાઈ! ક્રિયા વગરનું એકલું જ્ઞાન નિષ્ફળ છે. કોઈ માણસ રસ્તાનો બરાબર જાણકાર હોય, પરંતુ ગમન કર્યા વિના તે ઇચ્છિત શહેરે પહોંચતો નથી. ૫.

## ક્રિયા વગર બધું નકામું:—

**बाह्यभावं पुरस्कृत्य, ये क्रिया व्यवहारतः ।**
**वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥ ६ ॥**

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० ४.

જે કેટલાએક ( પોતાને તાત્ત્વિક કહેવરાવનારા ઘમંડી શુષ્કજ્ઞાનીઓ ) " ક્રિયા એ બાહ્યભાવ છે. " એવાં બ્હાનાં કાઢી વ્યવહારથી ક્રિયા કરતા નથી, તેઓ મુખમાં કોળીયો નાખ્યા વગર તૃપ્તિની ઇચ્છા રાખનારા છે. ૬.

## ક્રિયાવાન્ઃ સાચો પંડિતઃ—

**उपदेष्टुं च वक्तुं च, जनः सर्वोऽपि पंडितः ।**
**तदनुष्ठानकर्तृत्वे, मुनयोऽपि न पंडिताः ॥ ७ ॥**

सूक्तमुक्तावली, अधिकार ५०, श्लो० १. *

ઉપદેશ આપવામાં કે બોલવામાં તો બધાય માણસો હોંશીયાર હોય છે, પણ કહેવા પ્રમાણે કરવામાં તો ઋષિ-મુનિઓ-પણ નિપુણ નથી હોતા. ૭.

**पठकः पाठकश्चैव, ये चान्ये शास्त्रचिंतकाः ।**
**सर्वे व्यसनिनो ज्ञेया यः क्रियावान् स पंडितः ॥ ८ ॥**

सूक्तमुक्तावली, अधिकार ५०, श्लो० २. *

ભણનાર, ભણાવનાર તથા બીજા જે કંઈ શાસ્ત્રોનો વિચાર કરનારા પુરૂષો છે તેમને તો માત્ર અમુક પ્રકારની ટેવને આધીન થયેલા જ સમજવા! બાકી ખરો પંડિત તો એ જ છે કે જે ક્રિયા કરે છે. ૮.

अधीत्य शास्त्राणि भवन्ति मूर्खा
यस्तु क्रियावान् पुरुषः स विद्वान् ।
संचिन्त्यतामौषधमातुरं हि,
न ज्ञानमात्रेण करोत्यरोगम् ॥ ९ ॥

सूक्तमुक्तावली, अधिकार ५०, श्लो० ३.*

શાસ્ત્રોનો અભ્યાસ કરવા છતાં માણુસો મૂર્ખ રહે છે અને જે ક્રિયાવાન પુરૂષ હોય છે તે જ ખરો વિદ્વાન છે. કારણુ કે દવાનો વિચાર માત્ર કરવાથી તે દવા રોગી માણુસના રોગને દૂર કરતી નથી. ૯.

ક્રિયાનું ફળઃ—

ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परं तारयितुं क्षमः ॥ १० ॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० १.

જે જ્ઞાની ક્રિયામાં તત્પર, શાંત, શુભ અધ્યવસાયવડે ભાવિત આત્માવાળો અને જિતેન્દ્રિય હોય તે સંસારરૂપી સમુદ્રથી પોતે તરી ગયો છતો બીજાને તારવાને સમર્થ છે. ૧૦.

गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद् भावमजातं जनयेदपि ॥ ११ ॥

ज्ञानसार, क्रियाऽष्टक, श्लो० ५.

( સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ) ગુણવાળા મહાત્માઓના બહુમાન વિગેરેને અને નિત્યનિયમને યાદ કરાવવાવાળી એવી જે શુભ ક્રિયા છે તે આત્માની ઉત્પન્ન થયેલી શુભ ભાવનાને પડવા દેતી નથી, અને ન ઉત્પન્ન થયેલ શુભ ભાવનાને ઉત્પન્ન પણ કરે છે. ૧૧.



# शुभ ध्यान (६४)

**સામાન્ય ધ્યાનના ભેદઃ—**

**आर्त्तं रौद्रं च धर्म्यं च, शुक्लं चेति चतुर्विधम् ।**
**तत्स्याद् भेदाविह द्वौ द्वौ, कारणं भवमोक्षयोः ॥ १ ॥**

अध्यात्मसार, प्रबंध ५, श्लो० ८६.

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન; એમ-ધ્યાન ચાર પ્રકારનું છે. તેમાંના પહેલાં બે-આર્તધ્યાન અને રૌદ્રધ્યાન-સંસારના કારણભૂત છે અને બીજાં બે-ધર્મધ્યાન અને શુકલધ્યાન-મોક્ષના કારણભૂત છે. ૧.

**શુભધ્યાનનું મહત્વઃ—**

**कुलं पवित्रं जननी कृतार्था, वसुन्धरा भाग्यवती च तेन ।**
**अबाह्यमार्गे शमसिन्धुमग्नं, लीनं परब्रह्मणि यस्य चेतः ॥२॥**

सूक्तमुक्तावली, अधिकार १०७, श्लो० २. ❋

જે માણુસનું ચિત્ત અંતરમાં શાંતિરૂપી સમુદ્રમાં મગ્ન થાય-પરમબ્રહ્મમાં લીન હોય-જે પરમાત્માના ધ્યાનમાં જ મગ્ન હોય તેનું કુળ પવિત્ર સમજવું, તેથી માતાને કૃતાર્થ સમજવી અને તે માણુસથી સમગ્ર પૃથ્વી ભાગ્યશાળી જાણુવી. ૨.

**यत्र गच्छति परं परिपाकं, पाकशासनपदं तृणकल्पम् ।**
**स्वप्रकाशसुखबोधमयं तद्ध्यानमेव भवनाशि भजध्वम् ॥ ३ ॥**

**अध्यात्मसार, प्रबंध ५, श्लो० १७०.**

જે ધ્યાનમાં, ઉંચા પરિણામને પ્રાપ્ત થયા થકા, ઇંદ્રનું પદ પણ તણખલા સમાન થઇ જાય છે તેવા, પોતાના આત્માના પ્રકાશના સુખના જ્ઞાનવાળા અને ભવનો નાશ કરવાવાળા એવા ધ્યાનનો આશ્રય લ્યો! ૨

**सुकरं मलधारित्वं, सुकरं दुस्तपं तपः ।**
**सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्तरोधनम् ॥ ४ ॥**

**सूक्तमुक्तावली, अधिकार १०७, श्लो० ५. ***

મળને ધારણ કરવો-ઘૃણાને જીતવી-સહેલી છે, આકરૂં તપ કરવું એ સહેલું છે અને ઇંદ્રિયોનો નિરોધ કરવો એ પણ સહેલો છે, પરન્તુ મનને રોકવું-ધ્યાનમાં લગાડવું-આકરૂં છે. ૪.

**संप्लुतोदक इवान्धुजलानां, सर्वतः सकलकर्मफलानाम् ।**
**सिद्धिरस्ति खलु यत्र तदुच्चैर्ध्यानमेव परमार्थनिदानम् ॥५॥**

**अध्यात्मसार, प्रबंध ५, श्लो० १७३.**

સપ્લુતોદક (મોટા જળાશય)માં સર્વ જાતના કુવાના પાણીની સિદ્ધિ-આવક હોય છે, તે પ્રમાણે જે ધ્યાનમાં તમામ કર્મના (ક્રિયા-અનુષ્ઠાનના) ફળની, દરેક રીતે સિદ્ધિ છે તે ઊંચા પ્રકારનું એવું ધ્યાન (ધર્મ-શુક્લ ધ્યાન) મોક્ષનું કારણભૂત છે. ૫.

## શુભ ધ્યાની ભાગ્યશાળીઃ—

यस्य ज्ञानमनन्तमप्रतिहतं ज्ञेयस्थितौ दर्शनं,
दोषत्यक्तमनन्तमुत्तमतमोऽनन्तः सुखानां चयः ।
वीर्यस्यानुपमः स कोऽपि महिमाऽनन्तस्त्रिलोकाद्भुतः,
सिद्धत्वे प्रथितः प्रभुः स भगवान् धन्यैः सदा ध्यायते ।६।

જે ભગવાનનું જ્ઞાન અનંત અને કોઇથી ન હણાય તેવું છે, જેનું દર્શન જાણવા લાયક પદાર્થોની સ્થિતિને વિષે દોષ રહિત અને અનન્ત છે, જેના સુખનો સમૂહ અતિ ઉત્તમ અને અનંત છે, જેના વીર્યનો મહિમા ઉપમા રહિત, અનંત અને ત્રણ લોકથી પણ અદ્‌ભુત છે, તથા જે પ્રભુ સિદ્ધપણામાં રહેલા છે, તે ભગવાનનું ધન્ય પુરૂષો જ સદા ધ્યાન કરે છે. ૬.

## શુભ ધ્યાનનો ઉપદેશઃ—

यावद्व्याधिविबाधया विधुरतामङ्गं न संसेवते,
यावच्चेन्द्रियपाटवं न हरति क्रूरा जरा राक्षसी ।
तावन्निष्कलनिश्चलामलपदं कर्मक्षयायाधुना,
ध्येयं ध्यानविचक्षणैः स्फुटतरं हृत्पद्मसद्मोदरे ॥ ७ ॥

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ७०.

જ્યાં સુધી વ્યાધિઓની પીડાથી આ શરીર વિધુરતાને—વ્યાકુળપણાને પામ્યું નથી, અને જ્યાં સુધી વૃદ્ધાવસ્થારૂપી ક્રૂર

રાક્ષસીએ ઇંદ્રિયોની પટુતાનું હરણ કર્યું નથી, ત્યાં સુધી ધ્યાનમાં નિપુણ એવા પુરૂષોએ કર્મનો ક્ષય કરવા માટે હૃદયપદ્મરૂપી ઘરને વિષે નિષ્કલ ( અવયવ રહિત ), નિશ્ચળ અને નિર્મળ એવા મોક્ષપદ ( આત્મસ્વરૂપ ) નું અત્યંત સ્ફુટ રીતે ધ્યાન કરવું ૭.

**स्त्रीणां स्त्रीसङ्गिनां सङ्गं, त्यक्त्वा दूरत आत्मवान् ।**
**क्षेमे विविक्त आसीनश्चिन्तयेन्मामतन्द्रितः ॥ ८ ॥**

भागवतपुराण, स्कंध ११, अ. १४.

આત્મજ્ઞાનની અભિલાષાવાળા પુરૂષે સ્ત્રીઓના સંગનો દૂરથી ત્યાગ કરી તથા સ્ત્રીઓના સંગવાળાના પણ સંગનો ત્યાગ કરી ઉપદ્રવ રહિત, એકાંત સ્થાનમાં નિશ્ચળ આસને બેસી પ્રમાદ રહિતપણે મારૂં ( પ્રભુનું ) ચિંતવન કરવું. ૮.

### શુભ ધ્યાનના ભેદઃ—

**मुहूर्तान्तर्मनःस्थैर्यं, ध्यानं छद्मस्थयोगिनाम् ।**
**धर्म्यं शुक्लं च तद् द्वेधा, योगरोधस्त्वयोगिनाम् ॥ ९ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ११५.

અંતર્મુહૂર્ત પર્યંત ચિત્તની સ્થિરતા, તે છદ્મસ્થ યોગીઓનું ધ્યાન કહેવાય છે. તે, ધર્મધ્યાન અને શુકલધ્યાન એમ બે પ્રકારે છે. યોગના નિરોધરૂપ ધ્યાન તો અયોગી કેવલીઓને જ હોય છે. ૯.

# [ धर्मध्यान. ]

ધર્મધ્યાનનું સ્વરૂપઃ—

सूत्रार्थसाधनमहाव्रतधारणेषु,
बन्धप्रमोक्षगमनागमहेतुचिन्ता ।
पञ्चेन्द्रियव्युपरमश्च दया च भूते,
ध्यानं तु धर्ममिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥१०॥

योगतारावली, पृ० १६, श्लो ७४.

સૂત્ર અને અર્થનું સાધન—અભ્યાસ તથા મહાવ્રતોને ધારણ કરવાને વિષે જે ચિંતા, તથા બંધ, મોક્ષ, ગતિ અને આગતિના કારણને વિષે જે ચિંતા, પાંચ ઇંદ્રિયોના વિષયોથી વિરામ પામવો તે, તથા પ્રાણીઓને વિષે દયા કરવી તે ધર્મધ્યાન કહેવાય છે, એમ ધ્યાનના સ્વરૂપને જાણનારાઓ કહે છે. ૧૦.

धर्मध्याने भवेद् भावः, क्षायोपशमिकादिकः ।
लेश्याः क्रमविशुद्धाः स्युः, पीतपद्मसिताः पुनः ॥११॥

योगशास्त्र, प्रकाश १०, श्लो० १६.

ધર્મધ્યાનમાં ક્ષાયોપશમિક વિગેરે ભાવ હોય છે, અને અનુક્રમે વિશુદ્ધ એવી પીત, પદ્મ અને સિત લેશ્યા હોય છે. ૧૧.

ધર્મધ્યાનના ભેદઃ—

आज्ञाविचयमपायविचयं च स ध्यानयोगमुपसृत्य ।
तस्माद्विपाकविचयमुपयाति संस्थानविचयं च ॥ १२ ॥

प्रशमरति, श्लो० २४७.

એ (ધ્યાની મનુષ્ય) આજ્ઞાવિચય અને અપાયવિચય નામના ધર્મધ્યાનના ભેદને મેળવ્યા પછી તેથી વિપાકવિચય અને સંસ્થાનવિચય નામના ધર્મધ્યાનના ભેદને પ્રાપ્ત થાય છે. ૧૨.

आज्ञाऽपायविपाकानां संस्थानस्य च चिंतनात् ।
धर्मध्यानोपयुक्तानां, ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥ १३ ॥

अध्यात्मसार, प्रबंध ५, श्लो० ११८.

ધર્મધ્યાનમાં લાગેલા પ્રાણીઓને આજ્ઞાનો, અપાયનો, વિપાકનો અને સંસ્થાનનો વિચાર કરવાનો હોવાથી એ ધ્યાન ચાર પ્રકારે ધરવાનું હોય છે. ૧૩.

आज्ञाऽपायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।
इत्थं वा ध्येयभेदेन, धर्म्यं ध्यानं चतुर्विधम् ॥ १४ ॥

योगशास्त्र, प्रकाश १०, श्लो० ७.

આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનનું ચિંતન કરવાથી ધ્યેયના ભેદે આ પ્રમાણે ધર્મધ્યાન ચાર પ્રકારે કહ્યું છે. ૧૪.

**આજ્ઞાવિચય ધ્યાનઃ—**

नयभंगप्रमाणाढ्यां, हेतूदाहरणान्विताम् ।
आज्ञां ध्यायेज्जिनेन्द्राणामप्रामाण्याकलंकिताम् ॥ १५ ॥

अध्यात्मसार, प्रबंध ५, श्लो० ११९.

નય, સપ્તભંગી અને પ્રમાણે કરીને યુક્ત, હેતુ અને દ્રષ્ટાંત-વડે કરીને સહિત અને અપ્રમાણરૂપી કલંકથી રહીત એવી

જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ધ્યાન કરવું તે આજ્ઞાવિચય ધ્યાન સમજવું. ૧૫.

आज्ञां यत्र पुरस्कृत्य, सर्वज्ञानामबाधिताम् ।
तत्त्वतश्चिंतयेदर्थांस्तदाज्ञाध्यानमुच्यते ॥ १६ ॥

योगशास्त्र, प्रकाश १०, श्लो० ८.

કોઇ પણ પ્રમાણથી અથવા પૂર્વાપરના વિરોધવડે અબાધિત એવા સર્વજ્ઞ ભગવાનના આગમને આગળ કરી, તે આગમમાં કહેલા જીવાદિ પદાર્થોનું પરમાર્થ વૃત્તિએ જેમાં ચિંતન કરવું, તે આજ્ઞાધ્યાન કહેવાય છે. ૧૬.

અપાયવિચય ધ્યાનઃ—

रागद्वेषकषायादिपीडितानां जनुष्मताम् ।
ऐहिकामुष्मिकांस्तांस्तान्नानाऽपायान् विचिंतयेत् ॥१७॥

अध्यात्मसार, प्रबंध ५, श्लो० १२०.

રાગ, દ્વેષ વિગેરે કષાયોથી પીડિત એવા પ્રાણીઓના આ લોક અને પરલોક સંબંધી ભિન્ન ભિન્ન પ્રકારનાં તે તે દુઃખોનો વિચાર કરવો તે અપાયવિચય ધ્યાન સમજવું. ૧૭.

रागद्वेषकषायाद्यैर्जायमानान् विचिन्तयेत् ।
यत्रापायांस्तदपायविचयध्यानमिष्यते ॥ १८ ॥

योगशास्त्र, प्रकाश १०, श्लो० १०.

જે ધ્યાનમાં રાગ, દ્વેષ અને ક્રોધાદિ કષાયોવડે ઉત્પન્ન

થતા દોષોનું ચિંતન કરવામાં આવે છે તે અપાયવિચય નામનું ધ્યાન કહેવાય છે. ૧૮.

**વિપાકવિચય ધ્યાનઃ—**

**ध्यायेत्कर्मविपाकं च, तं तं योगानुभावजम् ।**
**प्रकृत्यादिचतुर्भेदं, शुभाशुभविभागतः ॥ १९ ॥**

अध्यात्मसार, प्रबंध ५, श्लो० १२१.

મન, વચન અને કાયાના યોગના સામર્થ્યથી ઉત્પન્ન થયેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ પ્રમાણે ચાર પ્રકારના અને શુભ અને અશુભ એવા કર્મના વિપાક–ઉદય–નો વિચાર કરવો તે વિપાકવિચય ધ્યાન સમજવું. ૧૯.

**प्रतिक्षणसमुद्भूतो यत्र कर्मफलोदयः ।**
**चिन्त्यते चित्ररूपः स, विपाकविचयो मतः ॥ २० ॥**

योगशास्त्र, प्रकाश १०, श्लो० १२.

દરેક ક્ષણે અનેક સ્વરૂપે ઉત્પન્ન થતા કર્મફળના ઉદયનું, જે ધ્યાનમાં ચિંતન કરાય, તે વિપાકવિચયનામનું ધ્યાન કહેવાય છે. ૨૦.

**સંસ્થાનવિચય ધ્યાનઃ—**

**उत्पादस्थितिभंगादिपर्यायैर्लक्षणैः पृथक् ।**
**भेदैर्नामादिभिर्लोकसंस्थानं चिन्तयेद्भृशम् ॥२१॥**

अध्यात्मसार, प्रबंध ५, श्लो० १२२.

ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ પર્યાયોવડે કરીને, પોત-પોતાના લક્ષણોવડે કરીને અને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વિગેરે ભેદોવડે કરીને, જુદા જુદા લોકના સંસ્થાનનો વિચાર કરવો તે સંસ્થાનવિચય ધ્યાન સમજવું. ૨૧.

**अनाद्यन्तस्य लोकस्य, स्थित्युत्पत्तिव्ययात्मनः ।**
**आकृतिं चिन्तयेद् यत्र, संस्थानविचयः स तु ॥२२॥**

योगशास्त्र, प्रकाश १०, श्लो० १४.

જે ધ્યાનમાં ઉત્પત્તિ, નાશ અને ધ્રુવ સ્વરૂપવાળા અનાદિ અનંત લોકની આકૃતિનું ચિંતન કરાય, તે સંસ્થાનવિચય નામનું ધ્યાન કહેવાય છે. ૨૨.

ધર્મધ્યાનનો ઉપાયઃ—

**इन्द्रियैः सममाकृष्य, विषयेभ्यः प्रशान्तधीः ।**
**धर्मध्यानकृते तस्मान्मनः कुर्वीत निश्चलम् ॥ २३ ॥**

योगशास्त्र, पृ० ३६६, श्लो० ६. ( प्र. स. )

શાંત બુદ્ધિવાળા મનુષ્યે પાંચે ઇંદ્રિયો સહિત મનને વિષયો-માંથી ખેંચી લઇને ધર્મધ્યાન કરવા માટે નિશ્ચળ-સ્થિર કરવું. ૨૩

ધર્મધ્યાનનું ફળઃ—

**शीलार्णवस्य पारं गत्वा संविग्नसुगमपारस्य ।**
**धर्मध्यानमुपगतो वैराग्यं प्राप्नुयाद्योग्यम् ॥ २४ ॥**

प्रशमरति, श्लो० २४६.

સંસારથી ભય પામતા એવા માણુસને માટે જલ્દી મેળવી શકાય એવો છે કીનારો જેનો એવા શીલ–એટલે કે મૂળ ગુણુ અને ઉત્તર ગુણુ–રૂપી સમુદ્રને પાર કરીને, ધર્મધ્યાનને પ્રાપ્ત થયેલો મનુષ્ય ઉચિત એવા વૈરાગ્યને પામે છે. ૨૪.

## [ शुक्लध्यान ]

### શુક્લધ્યાનનું સ્વરૂપઃ—

यस्येन्द्रियाणि विषयेषु पराङ्मुखानि,
संकल्पकल्पनविकल्पविकारदोषैः ।
योगैः सदा त्रिभिरहो निभृतान्तरात्मा,
ध्यानं तु शुक्लमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ २५ ॥

योगतारावली, पृ० १६, श्लो० ७३.

જેની ઇંદ્રિયો વિષયોને વિષે પરાઙ્મુખ–વિપરીત–હોય, તથા સંકલ્પ, કલ્પના, વિકલ્પ અને વિકારના દોષવાળા મન, વચન અને કાયાના યોગવડે જેનો આત્મા નિશ્ચળ હોય, તેવા પુરૂષનું જે ધ્યાન તે શુક્લધ્યાન કહેવાય છે એમ ધ્યાનના સ્વરૂપને જાણુનાર કહે છે. ૨૫.

### શુક્લધ્યાનના ભેદ અને ફળઃ—

एतच्चतुर्विधं शुक्लध्यानमत्र द्वयोः फलम् ।
आद्ययोः सुरलोकाप्तिरन्त्ययोस्तु महोदयः ॥ २६ ॥

अध्यात्मसार, प्रबंध ५, श्लो १६३.

આ શુક્લધ્યાનના ચાર ભેદ છે. (૧ પૂર્વગ, ૨ એકપર્યય, ૩ સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ અને ૪ શૈલેશ્ય ) એમાં પહેલા બેનું ફળ —સ્વર્ગની પ્રાપ્તિ છે અને બીજા બેનું ફળ મોક્ષ છે. ૨૬.

## [ ईश्वर–ध्यान–संबंधी ]

નોટ–આમાં પરમાત્માનું ધ્યાન કેવી રીતે ધરવું અને એમાં ધીમે ધીમે કેવી રીતે આગળ વધવું એનો ક્રમ બતાવવામાં આવેલ છે.

**પ્રભુધ્યાનના પ્રકારઃ—**

रूपस्थं च पदस्थं च, पिण्डस्थं रूपवर्जितम् ।
ध्यानं चतुर्विधं प्रोक्तं, संसारार्णवतारकम् ॥ २७ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३६.

રૂપસ્થ, પદસ્થ, પિંડસ્થ અને રૂપાતીત–રૂપરહિત, એમ ચાર પ્રકારનું ધ્યાન કહેલું છે, તે સંસારરૂપી સમુદ્રને ઉતારનાર છે. ૨૭.

**પ્રભુધ્યાનનો અનુક્રમઃ—**

पश्यति प्रथमं रूपं, स्तौति ध्येयं ततः पदैः ।
तन्मयः स्यात् ततः पिण्डे, रूपातीतः क्रमाद्भवेत् ॥२८॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३७.

યોગી પ્રથમ રૂપને જુએ છે, ત્યારપછી પદવડે–નામવડે–ધ્યાન કરવા લાયક પરમાત્માની સ્તુતિ કરે છે, ત્યારપછી પિંડને વિષે ધ્યાન કરતાં તન્મય એટલે તે પરમાત્મામય થાય છે, અને

ત્યારપછી અનુક્રમે રૂપાતીત એટલે રૂપરહિત થાય છે. ( આ શ્લોકમાં રૂપસ્થ, પદસ્થ, પિંડસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનું ધ્યાન બતાવ્યું છે. ) ૨૮.

પિંડસ્થધ્યાનઃ—

यत्किंचन शरीरस्थं, ध्यायते देवतादिकम् ।
तन्मयीभावशुद्धं तत्, पिण्डस्थं ध्यानमुच्यते ॥२९॥

विवेकविलास, उल्लास ११, श्लो० ४२.

તન્મયપણાથી શુદ્ધ એવા જે કોઇ શરીરમાં રહેલા દેવતાદિકનું ધ્યાન કરવામાં આવે, તે પિંડસ્થ ધ્યાન કહેવાય છે. ૨૯.

પદસ્થધ્યાનઃ—

विद्यायां यदि वा मन्त्रे, गुरुदेवस्तुतावपि ।
पदस्थं कथ्यते ध्यानं, पवित्रान्यस्तुतावपि ॥ ३० ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३९.

વિદ્યાને વિષે, મંત્રને વિષે, દેવ ગુરૂની સ્તુતિને વિષે, અથવા બીજી કોઈ પવિત્ર વસ્તુને વિષે જે ધ્યાન કરવામાં આવે, તે પદસ્થધ્યાન કહેવાય આવે છે. ૩૦.

રૂપસ્થધ્યાનઃ—

यथाऽवस्थितमालम्ब्य, रूपं त्रिजगदीशितुः ।
क्रियते यन्मुदा ध्यानं, तद्रूपस्थं निगद्यते ॥ ३१ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३८.

ત્રણ જગતના સ્વામી શ્રી તીર્થંકર દેવનું જેવું રૂપ છે તેવા રૂપનું આલંબન કરી તેનું જે હર્ષથી ધ્યાન કરવું, તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે. ૩૧.

**सर्वातिशययुक्तस्य, केवलज्ञानभास्वतः ।**
**अर्हतो रूपमालम्ब्य, ध्यानं रूपस्थमुच्यते ॥ ३२ ॥**

योगशास्त्र, प्रकाश ९, श्लो० ७.

સર્વ અતિશયોવડે યુક્ત, અને કેવલજ્ઞાનવડે દેદીપ્યમાન એવા અરિહંતના સ્વરૂપનું આલંબન લઇને જે ધ્યાન કરવું તે રૂપસ્થધ્યાન કહેવાય છે. ૩૨.

**जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः ।**
**निर्निमेषदृशा ध्यायन्, रूपस्थध्यानवान् भवेत् ॥३३॥**

योगशास्त्र, प्रकाश ९, श्लो० १०.

નિર્મળ ચિત્તવાળો મનુષ્ય જિનેશ્વરની પ્રતિમાના રૂપનું પણ, નિમેષ રહિત દૃષ્ટિએ, ધ્યાન ધરતો છતો રૂપસ્થ ધ્યાન-વાળો થાય. ૩૩.

**રૂપાતીતધ્યાનઃ—**

**निर्लेपस्य निरूपस्य, सिद्धस्य परमात्मनः ।**
**चिदानन्दमयस्य स्याद्ध्यानं रूपविवर्जितम् ॥ ३४ ॥**

विवेकविलास, उल्लास ११, श्लो० ५४.

કર્મના લેપ રહિત, રૂપ રહિત અને ચિદાનંદમય એવા

સિદ્ધ પરમાત્માનું જે ધ્યાન કરવું, તે રૂપવર્જિત-રૂપાતીત ધ્યાન કહેવાય છે. ૩૪.

## શુભધ્યાન કયાં સુધી કરવું:—

यावत्परगुणदोषपरिकीर्तने व्यापृतं मनो भवति ।
तावद्वरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्तुम् ॥ ३५ ॥

प्रशमरति, श्लो० १८४.

જ્યાં સુધી, પારકાના ગુણ અને દોષના વર્ણન કરવામાં મન પરોવાયેલું રહેતું હોય ત્યાં સુધી મનને શુદ્ધ એવા ધ્યાનમાં રોકી રાખવું સારૂં છે. ૩૫.

## શુભધ્યાનના અવયવો:—

नेत्रद्वन्द्वे श्रवणयुगले नासिकाऽग्रे ललाटे,
वक्त्रे नाभौ शिरसि हृदये तालुनि भ्रूयुगान्ते ।
ध्यानस्थानान्यमलमतिभिः कीर्तितान्यत्र देहे,
तेष्वेकस्मिन् विगतविषयं चित्तमालंबनीयम् ॥ ३६ ॥

उपदेशप्रासाद, भाग ३. ( प्र. स. )

બન્ને નેત્રમાં, બન્ને કાનમાં, નાસિકાના અગ્ર ભાગે, લલાટને વિષે, મુખને વિષે, નાભિને વિષે, મસ્તકને વિષે, તાળવાને વિષે અને બે ભ્રૂકુટિની વચ્ચે, આટલાં સ્થાનો દેહને વિષે નિર્મળ બુદ્ધિવાળાઓએ ધ્યાનને યોગ્ય સ્થાનો કહેલાં છે. તે સર્વમાંથી કોઇ પણ એક સ્થાનને વિષે વિષય રહિત ચિત્તને એકાગ્ર કરવું. ૩૬.

**ક્યા ધ્યાનનું શું ફળઃ—**

**आर्त्ते तिर्यगितिस्तथा गतिरधो ध्याने तु रौद्रे सदा,**
**धर्मे देवगतिः शुभं बत फलं शुक्ले तु जन्मक्षयः ।**
**तस्माद्व्याधिरुगन्तके हितकरे संसारनिर्वाहके,**
**ध्याने शुक्लवरे रजःप्रमथने कुर्यात्प्रयत्नं बुधः ॥ ३७ ॥**

दशवैकालिकसूत्रवृत्ति (हरिभद्र), पृ० ३२, श्लो० ५ (दे. ला.)

આર્તધ્યાનથી તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે, રૌદ્રધ્યાનથી સદા અધોગતિ-નરકગતિ-પ્રાપ્ત થાય છે, ધર્મધ્યાનથી દેવગતિ તથા શુભ ફળ ( મનુષ્ય ભવ ) પ્રાપ્ત થાય છે, અને શુક્લધ્યાનથી જન્મનો ક્ષય-મોક્ષ-પ્રાપ્ત થાય છે. તેથી કરીને વ્યાધિ-રોગ-રહિત, હિતકારક, સંસારનો નાશ કરનાર અને કર્મરૂપી-રજને-મથન કરનાર શ્રેષ્ઠ શુક્લધ્યાનને વિષે ડાહ્યા પુરૂષે પ્રયત્ન કરવો જોઇએ. ૩૭.

**શુભ ધ્યાનનું ફળઃ—**

**वीतरागं यतो ध्यायन्, वीतरागो भवेद्भवी ।**
**ईलिका भ्रमरीं भीता, ध्यायन्ती भ्रमरी यथा ॥ ३८ ॥**

योगसार, प्रस्ताव १, श्लो० ४२.

જેમ ઇયળ ભયથી ભમરીનું ધ્યાન કરતી કરતી પોતે ભમરી જ થઇ જાય છે, તેમ ભવ્ય જીવ વીતરાગનું ધ્યાન કરતો કરતો વીતરાગ થઈ જાય છે. ૩૮.

**एतद्ध्यानफलं नाम, यच्चारित्रोद्यमः सदा ।**
**क्रियते पापनिर्मुक्तैः, साधुसेवापरायणैः ॥ ३९ ॥**

तत्त्वामृत, श्लो० ११.

ધ્યાનનું ફળ એ જ છે કે જેથી પ્રાણીઓ પાપથી અળગા થઇને સાધુઓની સેવામાં તત્પર થાય અને હમેશાં ચારિત્રની પ્રાપ્તિને માટે ઉદ્યમ કરે. ૩૯.

**मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्यानादंतरात्मनि निर्मले ॥ ४० ॥**

ज्ञानसार, ध्यानाष्टक, श्लो० ३.

જેમ સ્વચ્છ મણિમાં પ્રતિબિંબ પડે છે તેમ ધ્યાન કરવાથી જેની વૃત્તિઓનો ક્ષય થયો છે એવા નિર્મળ આત્મામાં પરમાત્માની છાયા પડે છે. ૪૦.

**मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत् ।**
**ध्यानसाध्यं मतं तच्च, तद् ध्यानं हितमात्मनः ॥४१॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ११३.

કર્મક્ષયથી જ મોક્ષ થાય છે, તે કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે, અને તે આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય માન્યું છે, તેથી વિધિપૂર્વક કરેલું ધ્યાન જ આત્માને હિતકારક છે. ( એટલે પરંપરાએ ધ્યાનથી મોક્ષ મળે છે. ) ૪૧.

आर्त्त-रौद्रपरित्यागाद्‌ धर्मशुक्लसमाश्रयात्‌ ।
जीवः प्राप्नोति निर्वाणमनन्तसुखमच्युतम्‌ ॥ ४२ ॥

तत्त्वामृत, श्लो० २२८.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવાથી અને ધર્મ-ધ્યાન તથા શુક્લધ્યાનનો આશ્રય લેવાથી પ્રાણી અનંત સુખ-વાળા અને અક્ષય એવા મોક્ષને મેળવે છે. ૪૨.

एकाग्रमनसा ध्याता देवाः शैलमया अपि ।
अचिरेणैव तुष्यन्ति, किं पुनश्चेतनो जनः ? ॥ ४३ ॥

એકાગ્ર ચિત્તવડે પથ્થરમય દેવોનું પણ (પ્રતિમાનું પણ) ધ્યાન કર્યું હોય તો તે પણ તત્કાળ તુષ્ટમાન થાય છે, તો પછી ચેતનાવાળો લોક કેમ તુષ્ટમાન ન થાય ? ૪૩.



# अशुभ ध्यान ( ६५ )

આર્તધ્યાનનું સ્વરૂપઃ—

राज्योपभोगशयनासनवाहनेषु,
स्त्रीगन्धमाल्यमणिरत्नविभूषणेषु ।
इच्छाभिलाषमतिमात्रमुपैति मोहात्,
ध्यानं तदार्त्तमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ १ ॥

योगतारावली, पृ० १७, श्लो० ८३.

રાજ્યનો ભોગ, શય્યા, આસન, વાહન, સ્ત્રી, ચંદન, પુષ્પ, મણિ, રત્ન અને અલંકારો; એ સર્વને વિષે મોહને લીધે અત્યંત ઇચ્છા અને અભિલાષ રાખવો તે આર્તધ્યાન છે એમ ધ્યાનના સ્વરૂપને જાણનારા કહે છે. ( પ્રાપ્ત થયેલી પ્રિય વસ્તુનો વિયોગ ન થાય તે ઇચ્છા અને અપ્રાપ્ત વસ્તુનો સંયોગ થાય તે અભિલાષ કહેવાય છે. ) ૧.

રૌદ્રધ્યાનનું સ્વરૂપઃ—

संछेदनैर्दहनभञ्जनमारणैश्च,
बन्धप्रहारदमनैर्विनिकृन्तनैश्च ।
यो याति रागमुपयाति च नानुकम्पां,
ध्यानं तु रौद्रमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ २ ॥

योगतारावली, पृ० १७, श्लो० ८४.

જે માણુસ બીજા પ્રાણીઓને છેદન કરવાથી, બાળવાથી, ભાંગવાથી, મારવાથી, બાંધવાથી, પ્રહાર કરવાથી, દમન કરવાથી અને કાપવાથી પ્રીતિને પામતો હોય, તથા અનુકંપાને-દયાને-પામતો ન હોય, તે માણુસનું તેવું ધ્યાન રૌદ્રધ્યાન કહેવાય છે, એમ ધ્યાનને જાણુનાર પંડિતો કહે છે. ૨.

## આર્તધ્યાનથી નુકસાનઃ—

**प्रमत्तश्चेन्द्रियार्थेषु, गृद्धो धर्मपराङ्मुखः ।**
**जिनोक्तमपुरस्कुर्वन्नार्तध्याने प्रवर्तते ॥ ३ ॥**

अध्यात्मसार, प्रबंध ५, श्लो० १२.

પ્રમાદી થઇને, ઇંદ્રિયોના વિષયોમાં લોલુપ થઇને, ધર્મથી વિમુખ થઇને અને શ્રી જિનેશ્વર ભગવાને કહેલ વસ્તુને નહિં માનતો છતો આર્તધ્યાનમાં પ્રવૃત્ત થાય છે. ૩.

## શુભ-અશુભ-ધ્યાન-ફળઃ—

**अहो ! ध्यानस्य माहात्म्यं, येनैकाऽपि हि कामिनी ।**
**अनुरागविरागाभ्यां, भवाय च शिवाय च ॥ ४ ॥**

सूक्तमुक्तावली, पृ० २०५, श्लो० ७. ( हि. हं. ) *

અહો ! ધ્યાનનું માહાત્મ્ય આશ્ચર્યકારક છે, કે જેથી એક જ સ્ત્રી અનુરાગ ( પ્રીતિ ) ને લીધે સંસારને માટે થાય છે અને વૈરાગ્યથી મોક્ષને માટે થાય છે અર્થાત્ સ્ત્રીને વિષે પ્રીતિનું ધ્યાન કર્યું હોય તો તેથી સંસાર વધે છે અને સ્ત્રીને વિષે વૈરાગ્યનું ધ્યાન કર્યું હોય તો તેથી મોક્ષ મળે છે. ૪.

**અશુભ ધ્યાનનું કડવું ફળઃ—**

**वैभाराद्रितटे गतो द्रमकको भिक्षार्थमुद्यानिका—**
**भुक्तिव्यग्रजने चिरात् कणमपि प्रापैष नातः क्रुधा।**
**तद्घाताय शिलां मुमोच महतीं मौढ्यात् तथैवाप्तवान्,**
**मृत्युं श्वभ्रमपि स्वदुष्प्रणिधितो बाह्यं प्रमाणं न तत् ॥५॥**

उत्तराध्ययनसूत्रटीका ( कमलसंयम ), पृ० १४४. *

વૈભાર પર્વતની તળેટીના વનમાં એકદા કોઈ ભીખારી ભિક્ષાને માટે ગયો. ત્યાં સર્વ જનો ઉજાણીના ભોજનમાં વ્યગ્ર થયેલા હોવાથી તે ભીખારી ચિરકાળ સુધી એક કણને પણ પામ્યો નહીં. તેથી તેણે ક્રોધ પામીને સર્વ જનોનો ઘાત કરવાના ઈરાદાથી પર્વત પર ચડીને એક મોટી શિલા રડતી-દડતી મૂકી. મૂઢતાને લીધે તે જ શિલાવડે ચગદાઈને તે મૃત્યુ પામ્યો અને દુર્ધ્યાનને લીધે નરકે ગયો. તેથી શુભાશુભ ગતિમાં માત્ર બાહ્ય સાધનો કારણભૂત નથી, પણ આભ્યંતર ચેષ્ટા જ પ્રમાણભૂત છે. ૫.

# देव ( ६६ )

દેવનું સ્વરૂપઃ—

निरातङ्को निराकाङ्क्षो निर्विकल्पो निरंजनः ।
परमात्माऽक्षयोऽत्यक्षो ज्ञेयोऽनन्तगुणोऽव्ययः ॥ १ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३३.

પરમાત્મા ભય રહિત છે, આકાંક્ષા રહિત છે, સંકલ્પ વિકલ્પ રહિત છે, કર્મના લેપ રહિત છે, વિનાશ રહિત છે, ઇંદ્રિયોને પ્રત્યક્ષ નથી, અનંત ગુણવાળો છે અને શાસ્વત છે એમ જાણવું. ૧.

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ २ ॥

वीतरागस्तोत्र(हेमचंद्र), प्रकाश २१, श्लो० ४४.

સંસારના બીજરૂપ અંકુરાને ઉત્પન્ન કરનારા રાગાદિક જેના ક્ષય પામ્યા હોય, તે ભલે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય, કે જિનેશ્વર હોય, તેને મારો નમસ્કાર છે. ( એટલે કે આવા ગુણોવાળો ગમે તે દેવ છે. ) ૨.

महाज्ञानं भवेद्यस्य, लोकालोकप्रकाशकम् ।
महादया दमो ध्यानं, महादेवः स उच्यते ॥ ३ ॥

रागद्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ ।
महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥ ४ ॥

महाक्रोधो महामानो महामाया महामदः ।
महालोभो हतो येन, महादेवः स उच्यते । ५ ॥

महादेवस्तोत्र ( हेमचंद्र ).

જેને લોક તથા અલોકને પ્રકાશ કરનારૂં મહાજ્ઞાન હોય, તથા જેને મોટી દયા, દમ અને ધ્યાન હોય, તે મહાદેવ કહેવાય છે.

દુઃખે કરીને જીતી શકાય એવા રાગદ્વેષરૂપી મહામલ્લોને જેણે જીત્યા હોય, તેને હું મહાદેવ માનું છું. તે સિવાય બીજા તો કેવળ મહાદેવ એવા નામ માત્રને જ ધારણ કરનારા સમજવા.

મહાક્રોધ, મહામાન, મહામાયા, મહામદ અને મહા-લોભ, આ સર્વને જેણે હણ્યા હોય તે જ મહાદેવ કહેવાય છે. ૩, ૪, ૫.

यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ ६ ॥

लोकतत्त्वनिर्णय ( हरिभद्रसूरि ).

જે દેવને વિષે એક પણ દોષ ન હોય અને સર્વે ગુણો જ હોય, તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય, કે જિનેશ્વર હોય, તેને નમસ્કાર હો. ૬.

सुरासुरेन्द्रसंपूज्यः, सद्भूतार्थप्रदेशकः ।
कृत्स्नकर्मक्षयं कृत्वा, संप्राप्तः परमं पदम् ॥ ७ ॥

पार्श्वनाथचरित्र (गद्य), पृ० ८२. ( प्र. स. )*

જે દેવેંદ્ર અને અસુરેંદ્રને પૂજવા લાયક હોય, સત્ય પદાર્થની દેશના આપનારા હોય અને જે સમગ્ર કર્મનો ક્ષય કરી મોક્ષપદને પામ્યા હોય તે પરમેશ્વર છે.

वीतरागो जिनो देवो रागद्वेषविवर्जितः ।
हतमोहमहामल्लः केवलज्ञानदर्शनः ॥ ८ ॥

पार्श्वनाथचरित्र (गद्य), पृ० ८२. ( प्र. स. )*

જે રાગ દ્વેષથી રહિત હોય, મોહરૂપી મહામલ્લને હણનાર હોય, કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા હોય, જે રાગ વગરના હોય અને જે ઇંદ્રિયાદિક ઉપર જય મેળવનાર હોય તે દેવ છે. ૮.

निर्ममो निरहङ्कारो निस्सङ्गो निष्परिग्रहः ।
रागद्वेषविनिर्मुक्तस्तं देवं ब्राह्मणा विदुः ॥ ९ ॥

शिवपुराण, ज्ञानसंहिता, अ० २४, श्लो० २६.

જે મમતા રહિત હોય, અહંકાર રહિત હોય, સર્વ સંગ રહિત હોય, સર્વ પરિગ્રહ રહિત હોય, તથા રાગ દ્વેષ રહિત હોય તેને બ્રાહ્મણો દેવ કહે છે. ૯.

કેવા દેવનું ધ્યાન ધરવું:—

आर्हन्त्यं महिमोपेतं, सर्वज्ञं परमेश्वरम् ।
*ध्यायेद्देवेन्द्रचन्द्रार्कसभान्तःस्थं स्वयंभुवम् ॥ १० ॥*

तत्त्वामृत, श्लो० ३३०.

આઠ મહાપ્રાતિહાર્યાદિક મહિમાએ કરીને સહિત, તમામ

પદાર્થને જાણુનારા, દેવેંદ્રો અને સૂર્ય—ચંદ્ર જેમની પરિષદામાં આવીને બેસે છે એવા અને પોતાની મેળે જ જ્ઞાનને પામેલા એવા પરમેશ્વરનું ધ્યાન ધરવું યોગ્ય છે. ૧૦.

यदा ध्यायति यद्योगी, याति तन्मयतां तदा ।
ध्यातव्यो वीतरागस्तन्नित्यमात्मविशुद्धये ॥ ११ ॥

योगसार, प्रस्ताव १, श्लो० २.

યોગી જે વખતે જેનું ધ્યાન ધરે છે, તે વખતે તે તન્મય થાય છે. તેથી આત્માની શુદ્ધિને માટે નિરંતર વીતરાગનું જ ધ્યાન કરવું. ૧૧.

દેવપણાનો અનુક્રમઃ—

सम्यक्त्वमोहनीयं क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसकवेदं स्त्रीवेदमथ तस्मात् ॥ १२ ॥
हास्यादि ततः षट्कं क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा, प्राप्नोत्यथ वीतरागत्वम् ॥१३॥

प्रशमरति, श्लो० २६०, २६१.

પહેલાં સમકિત મોહનીનો ક્ષય કરે છે, તે પછી આઠ કષાય ( અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની ) નો ક્ષય કરે છે, તે પછી નપુંસક વેદ અને સ્ત્રીવેદ ખપાવે છે, પછી હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંછા એ છને ખપાવે છે. પછી પુરૂષ વેદને ખપાવે છે. અને પછી સંજ્વલન કષાયોને ખપાવી વીતરાગપણાને પામે છે. ૧૨, ૧૩.

## દેવની એકતાઃ—

बुद्धो वा यदि वा विष्णुर्यद्वा ब्रह्माऽथवेश्वरः ।
उच्यतां स जिनेन्द्रो वा, नार्थभेदस्तथाऽपि हि ॥१४॥

योगसार, प्रस्ताव १, श्लो० ३६.

તે પરમાત્મા કદાચ બુદ્ધ નામે હો, વિષ્ણુ નામે હો, બ્રહ્મા નામે હો, કે ઇશ્વર–શંકર–નામે કહો, કે જિનેશ્વર કહો તો પણ તે સર્વમાં નામનો ભેદ છતાં અર્થભેદ કાંઇપણ નથી–સર્વનો અર્થ સરખો જ છે. ૧૪.

संख्ययाऽनेकरूपोऽपि, गुणतस्त्वेक एव सः ।
अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥ १५ ॥

जातरूपं यथा जात्यं, बहुरूपमपि स्थितम् ।
सर्वत्रापि तदेवैकं, परमात्मा तथा प्रभुः ॥ १६ ॥

योगसार, प्रस्ताव १, श्लो० १७, १८.

પરમાત્મા સંખ્યાએ કરીને અનેક છે, પરંતુ અનંતજ્ઞાન અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતઆનંદરૂપ ગુણ સર્વના સરખા હોવાથી ગુણની અપેક્ષાએ તો એક જ છે. જેમ ઉત્તમ સુવર્ણ જુદા જુદા આકારે રહેલું છે તો પણ તે સર્વ આકારોમાં તે સુવર્ણ એક જ છે, તેમ પરમાત્મા પ્રભુ પણ આકારવડે જુદા જુદા છતાં ગુણવડે એક જ છે. ૧૫, ૧૬.

પરદેવ-માન-ફળઃ—

अन्येषामपि देवानां, निन्दां द्वेषं च वर्जयेत् ।
देवं देवकुलं दृष्ट्वा, नमस्कुर्यान्न लङ्घयेत् ॥ १७ ॥

एवं य आस्तिकं भावमाश्रितः समतां गतः ।
सर्वदेवप्रसादेन, लभते सम्पदं वराम् ॥ १८ ॥

मानसो, प्रक० २, अ० २, श्लो० १०५, १०६.

બીજા દેવોની પણ નિંદા અને દ્વેષનો ત્યાગ કરવો. દેવને તથા દેવકુળને જોઈ તેને નમસ્કાર કરવો, પણ નમસ્કાર કર્યા વિના તેનું ઉલ્લંઘન કરવું નહીં. આ પ્રમાણે જે માણસ આસ્તિક ભાવને પામેલો હોય અને સમતાને પામેલો હોય તે સર્વ દેવના પ્રસાદવડે મોટી સંપદાને પામે છે. ૧૭, ૧૮.

દેવને નમસ્કારઃ—

आकाशात् पतितं तोयं, यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः, केशवं प्रति गच्छति ॥ १९ ॥

पांडवगीता, अ० ९, श्लो० ३३.

જેમ આકાશમાંથી પડેલું પાણી ( ગમે ત્યાં પડ્યું હોય તો પણ તે ) સમુદ્રમાં જ જાય છે, તેમ સર્વ ( કોઇ પણ ) દેવને કરેલો નમસ્કાર વિષ્ણુ ભગવાન પાસે જાય છે-વિષ્ણુ ભગવાનને જ નમસ્કાર કર્યો છે એમ જાણવું. ૧૯.

# [ देव–गुरु–धर्म ]

## દેવ-ગુરૂ-ધર્મનું સ્વરૂપઃ—

**को देवो वीततमाः कः सुगुरुः शुद्धमार्गसंभाषी ।**
**किं परमं विज्ञानं, स्वकीयगुणदोषविज्ञानम् ॥ २० ॥**

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ९५.

કયો દેવ સાચો છે ? રાગદ્વેષ રહિત હોય તે. શ્રેષ્ઠ ગુરૂ કોણ ? શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરે તે. અને ઉત્તમ વિજ્ઞાન કયું ? પોતાના ગુણદોષ જાણવા તે. ૨૦.

**देवोऽष्टादशभिर्दोषैर्मुक्तो धर्मो दयाऽन्वितः ।**
**गुरुश्च ब्रह्मचार्यत्र, निरारम्भपरिग्रहः ॥ २१ ॥**

त्रिषष्ठी, पर्व १०, सर्ग ११, श्लो० ४४१.

જે રાગાદિક અઢાર દોષોથી રહિત હોય તે દેવ કહેવાય છે, જે દયા સહિત હોય તે ધર્મ કહેવાય છે, અને આરંભ તથા પરિગ્રહ રહિત જે બ્રહ્મચારી હોય તે જ ગુરૂ કહેવાય છે. ૨૧.

## દેવ-ગુરૂ-ધર્મ વગર નકામું:—

**न धर्मचिंता गुरुदेवभक्तिर्येषां न वैराग्यलवोऽपि चित्ते ।**
**तेषां प्रसूक्लेषफलः पशूनामिवोद्भवः स्यादुदरंभरीणाम् ॥२२॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १२, श्लो० १६.

જે પ્રાણીને ધર્મ સંબંધી ચિંતા, ગુરૂ અને દેવ તરફ ભક્તિ અને વૈરાગ્યનો અંશ માત્ર પણ ચિત્તમાં હોય નહિં, તેવા પેટભરાઓનો જન્મ પશુની પેઠે જણનારીને ક્લેશ આપનારો જ છે.૨૨.

## દેવ–ગુરૂ–ધર્મનું ફળઃ—

**गजाश्वपोतोक्षरथान् यथेष्टपदाप्तये भद्र निजान् परान् वा ।**
**भजंति विज्ञाः सुगुणान् भजैवं, शिवाय शुद्धान् गुरुदेवधर्मान् २३**

अध्यात्मकल्पद्रुम, अधिकार १२, श्लो० ४.

હે ભદ્ર ! જેવી રીતે ડાહ્યા પ્રાણીઓ ઈચ્છિત જગાએ પહોંચવા સારૂ પોતાનાં અથવા પારકાં હાથી, ઘોડા, વહાણ, બળદ, અને રથો સરસ જોઇને રાખી લે છે, તેવી જ રીતે મોક્ષ મેળવવા માટે શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મને ભજ. ૨૩.

**जिनेन्द्रप्रणिधानेन, गुरूणां वन्दनेन च ।**
**न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकम् ॥ २४ ॥**

જિનેશ્વરનું ધ્યાન કરવાથી અને સદ્ગુરૂને વંદન કરવાથી, જેમ છિદ્રવાળા હાથમાં જળ ન રહે તેમ, મનુષ્યનું પાપ ચિરકાળ રહેતું નથી–નાશ પામે છે.

# कुदेव ( ६७ )

कुदेवनुं स्वरूपः—

ये स्त्रीशस्त्राक्षसूत्रादिरागाद्यङ्ककलङ्किताः ।
निग्रहानुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये ॥ १ ॥

योगशास्त्र, प्रकाश २, श्लो० ४६.

જે દેવો સ્ત્રી, શસ્ત્ર અને જપમાળા વિગેરે રાગ–દ્વેષના ચિન્હે કરીને સહિત હોય છે તથા નિગ્રહ અને અનુગ્રહ કરવામાં તત્પર હોય છે, તે દેવો મુક્તિને માટે નથી—મુક્તિ આપનારા હોતા નથી. ( કારણ કે તે કુદેવ છે. ) ૧.

કુદેવ નિંદાઃ—

यक्षाणां च पिशाचानां, मद्यमांसभुजां तथा ।
दिवौकसां तु भजनं, सुरापानसमं स्मृतम् ॥ २ ॥

पद्मपुराण, उत्तरखंड, भा० ४, अ० २८०, श्लो० ९५.

યક્ષો, પિશાચો અને મદિરા માંસ ખાનારા બીજા દેવોની જે સેવા કરવી તે મદિરાપાન જેવું કહેલું છે. ૨.

कोटिजन्मकृतं पुण्यं, यज्ञदानक्रियादिकम् ।
सद्यः सर्वं लयं याति, यक्षभूतादिपूजनात् ॥ ३ ॥

पद्मपुराण, उत्तरखंड, भा० ४, अ० २८०, श्लो० ९७.

યજ્ઞ, દાન અને ધર્મક્રિયા વિગેરે કરીને જે કાંઇ કરોડો જન્મમાં પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તે સર્વ પુણ્ય યક્ષ અને ભૂત વિગેરેની પૂજા કરવાથી તત્કાળ લય–નાશ પામે છે. ૩.

કુદેવનું ફળઃ—

ब्रह्मराक्षसवेतालयक्षभूतार्चनं नृणाम् ।
कुम्भीपाकमहाघोरनरकप्राप्तिसाधनम् ॥ ४ ॥

पद्मपुराण, उत्तरखंड, भा० ४, अ० २८०, श्लो० १६.

બ્રહ્મરાક્ષસ, વેતાલ, યક્ષ અને ભૂત એ નીચ દેવોની જે પૂજા કરવી, તે મનુષ્યોને કુંભીપાક નામના મહાઘોર નરકની પ્રાપ્તિના સાધનરૂપ થાય છે. ૪.

કુદેવ–કુગુરૂ–કુધર્મઃ—

सरागोऽपि हि देवश्चेद् गुरुरब्रह्मचार्यपि ।
कृपाहीनोऽपि धर्मः स्यात्, कष्टं नष्टं हहा ! जगत् ॥५॥

योगशास्त्र, प्रकाश २, श्लो० १४.

જો રાગ દ્વેષ સહિત છતાં પણ દેવ હોય, બ્રહ્મચારી નહીં છતાં પણ ગુરૂ કહેવાય, અને કૃપા રહિત છતાં પણ ધર્મ કહેવાય, તો ખરેખર, આ આખુંય જગત નાશ પામ્યું સમજવું. ૫.

# ગુરુ ( ૬૮ )

"ગુરૂ" શબ્દનો અર્થ:—

"गु"शब्दस्त्वन्धकारः स्याद् "रु"शब्दस्तन्निवारकः ।
अन्धकारनिरोधित्वाद्गुरुरित्यभिधीयते ॥ १ ॥

"ગુ" શબ્દનો અર્થ અંધકાર છે અને "રૂ" શબ્દનો અર્થ તેનો નિવારક છે, તેથી કરીને અંધકારનો નિરોધ-વિનાશ-કરનાર હોવાથી ગુરૂ કહેવાય છે. ૧.

ગુરૂનું સ્વરૂપ:—

धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यः सर्वशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥ २ ॥

कुमारपालप्रबंध, पृ० ५१. ( प्र. स. ) *

જે ધર્મને જાણનાર હોય, ધર્મને કરતો હોય, સદા ધર્મમાં તત્પર રહેતો હોય, અને પ્રાણીઓને સર્વ શાસ્ત્રના અર્થનો ઉપદેશ દેતો હોય તે ગુરૂ કહેવાય છે. ૨.

निवर्तयत्यन्यजनं प्रमादतः,
स्वयं च निष्पापपथे प्रवर्तते ।
गृणाति तत्त्वं हितमिच्छुरङ्गिनां,
शिवार्थिनां यः स गुरुर्निगद्यते ॥ ३ ॥

उपदेशप्रासाद, भाग १, पृ० ९२. ( प्र. स. ) *

જે અન્ય મનુષ્યને પ્રમાદથી દૂર કરે છે, પોતે પાપ રહિત માર્ગમાં પ્રવર્તે છે, તથા જે મોક્ષના અભિલાષી પ્રાણીઓને, હિતની ઈચ્છાથી, તત્ત્વનો ઉપદેશ આપે છે, તે ગુરૂ કહેવાય. ૩.

**महाव्रतधरा धीरा भैक्ष्यमात्रोपजीविनः ।**
**सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥ ४ ॥**

अजितनाथचरित्र.

જેઓ પાંચ મહાવ્રતને ધારણ કરનાર હોય, ધીર હોય, માત્ર ભિક્ષવૃત્તિથી જ જીવનારા હોય, નિરંતર સામયિકને વિષે રહેલા હોય અને ધર્મનો જ ઉપદેશ આપનાર હોય તે જ ગુરૂ માનેલા છે. ૪.

**रागाद्युत्कटशत्रुसंहृतिकरं यद्विक्रमक्रीडितं,**
**लोकालोकविलोकनैकरसिकं यज्ज्ञानविस्फूर्जितम् ।**
**मूलोन्मूलितविश्वसंशयशतं यद्भारतीवल्गितं,**
**धन्यैरेव जनैर्जगत्त्रयगुरुः सोऽयं समालोक्यते ॥५॥**

જે ગુરૂના વિક્રમની ક્રીડા રાગાદિક મોટા શત્રુઓનો સંહાર–નાશ–કરનાર છે, જેના જ્ઞાનનો વિલાસ લોક અને અલોકને જોવામાં અત્યંત રસિક છે, જેની વાણીનો પ્રચાર જગતના પ્રાણીઓના સેંકડો સંશયોને મૂળથી ઉખેડી નાંખે છે, આવા ત્રણ જગતના ગુરૂને ધન્ય પુરૂષો જ જોઇ શકે છે–ધન્ય પુરૂષોને જ આવા ગુરૂના દર્શન થાય છે. ૫.

ગુરુનું મહત્વઃ—

किं ध्यानेन भवत्वशेषविषयत्यागैस्तपोभिः कृतं,
पूर्णं भावनयाऽलमिन्द्रियदमैः पर्याप्तमाप्तागमैः ।
किन्त्वेकं भवनाशनं कुरु गुरुप्रीत्या गुरोः शासनं,
सर्वे येन विना विनाथबलवत्स्वार्थाय नालं गुणाः ॥६॥

सिंदूरप्रकरण, श्लो० १६.

હે જીવ ! ધ્યાનથી શું ફળ છે ? સમગ્ર વિષયોનો ત્યાગ કરવાથી સર્યું, તપોવડે પણ સર્યું, ભાવનાવડે પૂર્ણ થયું, ઇંદ્રિયોના દમનથી સર્યું, અને આપ્તના આગમવડે પણ શું ? આ સર્વનું કાંઇ કામ નથી, પરંતુ સંસારનો નાશ કરનારૂં એક ગુરુનું શાસન જ ( આજ્ઞા જ ) મોટી પ્રીતિથી તું કર-આજ્ઞાનું પાલન કર. કેમકે તે આજ્ઞાપાલન વિના બીજા સર્વ ગુણો હોય તો તે સર્વે નાયક વિનાના સૈન્યની જેમ પોતાનો સ્વાર્થ સાધવામાં સમર્થ નથી. ૬.

विदलयति कुबोधं बोधयत्यागमार्थं,
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ॥ ७ ॥

सिन्दूरप्रकरण, श्लो० १४.

જે ગુરૂ અજ્ઞાનનો અથવા મિથ્યાત્વનો નાશ કરે છે, આગમનો અર્થ શીખવે છે, સુગતિ અને કુગતિના માર્ગરૂપ

પુણ્ય અને પાપને પ્રગટ કરે છે, તથા કૃત્ય–કરવાલાયક–અને અકૃત્ય–નહીં કરવા લાયક–ના ભેદને જણાવે છે. આવા ગુરૂ વિના સંસારરૂપી સમુદ્રને તારવામાં વહાણુ સમાન બીજો કોઇ પણ નથી. ૭.

एकमप्यक्षरं यस्तु, गुरुः शिष्ये निवेदयेत् ।
पृथिव्यां नास्ति तद्द्रव्यं, यद्दत्त्वा ह्यनृणी भवेत् ॥ ८ ॥
एकाक्षरप्रदातारं, यो गुरुं नाभिमन्यते ।
शुनीयोनिशतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥ ९ ॥

अत्रिसंहिता, अ० १, श्लो० ९, १०.

જે ગુરૂ, શિષ્યને એક અક્ષર પણ શીખવે છે, તેના બદલામાં એવું પૃથ્વીપર કોઇ પણ દ્રવ્ય નથી કે જે આપીને તેના અનૃણી–દેવા રહિત–થવાય. એક અક્ષરના જ્ઞાનને આપનાર ગુરૂને જે માનતો ન હોય, તે કુતરીની યોનિમાં સો વાર ઉત્પન્ન થઇને ચંડાલને વિષે ઉત્પન્ન થાય છે. ૮, ૯.

ગુરૂ : સાચો પ્રકાશક:—

विना गुरुभ्यो गुणनीरधिभ्यो,
जानाति धर्मं न विचक्षणोऽपि ।
यथाऽर्थसार्थं गुरुलोचनोऽपि,
दीपं विना पश्यति नान्धकारे ॥ १० ॥

कुमारपालप्रबंध, पृ० ४६. ( आत्मा. स. ) *

ગુણુના સમુદ્રરૂપ ગુરૂ વિના બીજો કોઇ વિચક્ષણુ માણુસ પણુ ધર્મને જાણી શકતો નથી. કેમકે દીર્ઘ નેત્રવાળો પુરૂષ પણુ અંધારામાં દીવા વિના પદાર્થના સમૂહને જોઇ શકતો નથી. ૧૦.

ગુરૂઃ સાચો રક્ષકઃ—

पिता माता भ्राता प्रियसहचरी सूनुनिवहः,
सुहृत्स्वामी माद्यत्करिभटरथाश्वः परिकरः ।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माधर्मप्रकटनपरात् कोऽपि न परः ॥ ११ ॥

सिन्दूरप्रकरण, श्लो० १५.

ધર્મ અને અધર્મને પ્રગટ કરવામાં તત્પર એવા ગુરૂ સિવાય બીજા કોઇ એટલે પિતા, માતા, ભાઇ, પ્રિય સ્ત્રી, પુત્રનો સમૂહ, મિત્ર, મદોન્મત્ત હાથી, સુભટ, રથ અને અશ્વવાળો સ્વામી તથા પરિવાર વિગેરે કોઇ પણુ નરકરૂપી ખાડામાં ડુબતા પ્રાણીનું રક્ષણુ કરવા માટે સમર્થ નથી. ૧૧.

ગુરૂ કોણુ કોણુઃ—

माता पिता कलाऽऽचार्य एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः ॥ १२ ॥

માતા, પિતા, કળાચાર્ય, તથા તેમના સગા સંબંધી, વૃદ્ધો અને ધર્મનો ઉપદેશ કરનારા આ સર્વને સત્પુરૂષોએ, ગુરૂ-વર્ગ માનેલો છે. ૧૨.

**पतिरेव गुरुः स्त्रीणां, सर्वस्याभ्यागतो गुरुः ।**
**गुरुरग्निर्द्विजातीनां, वर्णानां ब्राह्मणो गुरुः ॥ १३ ॥**

चाणाक्यनीति, अ० ५, श्लो० १.

સ્ત્રીઓનો ગુરૂ પતિ જ છે, અભ્યાગત સર્વનો ગુરૂ છે, બ્રાહ્મણોનો ગુરૂ અગ્નિ છે, અને સર્વ વર્ણોનો ગુરૂ બ્રાહ્મણ છે. ૧૩.

ગુરૂને નમસ્કારઃ—

**अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥ १४ ॥**

उपदेशतरंगिणी, पृ० २०७. (य. ग्रं.) ✻

અજ્ઞાનરૂપી અંધકારવડે અંધ થયેલા પ્રાણીઓના નેત્રને જેણે જ્ઞાનરૂપી અંજનની શલાકાવડે વિકસ્વર કર્યાં છે, તે શ્રી ગુરૂને નમસ્કાર થાઓ. ૧૪.

ગુરૂભક્તિઃ—

**शुभोपदेशदातारो वयोवृद्धा बहुश्रुताः ।**
**कुशला धर्मशास्त्रेषु, पर्युपास्या मुहुर्मुहुः ॥ १५ ॥**

શુભ ઉપદેશ આપનારા, વયવડે વૃદ્ધ, ઘણા શાસ્ત્રોને જાણનારા અને ધર્મશાસ્ત્રમાં કુશળ એવા ગુરૂઓ વારંવાર સેવવા લાયક છે. ૧૫.

**अभ्युत्थानादियोगश्च तदन्ते निभृतासनम् ।**
**नामग्रहश्च नास्थाने, नावर्णश्रवणं क्वचित् ॥ १६ ॥**

ગુરૂ આવે ત્યારે ઉભા થવું વિગેરે યોગ કરવો, ત્યાર પછી તેમની પાસે નિશ્ચળ આસન મૂકવું, અયોગ્ય સ્થાને ગુરૂના નામનું ગ્રહણ કરવું નહીં, અને કોઈપણ ઠેકાણે તેમની નિંદા સાંભળવી નહીં. ૧૬.

## ગુરૂને ભૂલનાર: પાપી:—

अक्षरस्यापि चैकस्य, पदार्धस्य पदस्य च ।
दातारं विस्मरन् पापी, किं पुनर्धर्मदेशिनम् ॥१७॥

उपदेशप्रासाद, भाग १, पृ० १७८. (प्र. स.)

એક જ અક્ષરને, અર્ધા પદને અથવા એક પદને જે ગુરૂ શીખવે છે–ભણાવે છે તે ( ગુરૂ ) ને ભૂલી જનાર માણસ પાપી કહેવાય છે, તો પછી જે ધર્મનો ઉપદેશ આપે છે તેવા ગુરૂને ભૂલી જનાર માણસ પાપી હોય તેમાં શું કહેવું ? ૧૭.

## ગુરૂભકિતનું ફળ:—

न स्नानेन न मौनेन, नैवाग्निपरिचर्यया ।
ब्रह्मचारी दिवं याति, स याति गुरुपूजनात् ॥ १८ ॥

अग्निशुश्रूषया क्षान्त्या, स्नानेन विविधेन च ।
वानप्रस्थो दिवं याति, स याति गुरुपूजनात् ॥ १९ ॥

शंखस्मृति, अ० ५, श्लो० १०, ११.

બ્રહ્મચારી સ્નાનવડે, મૌનવડે કે અગ્નિની સેવાવડે સ્વર્ગમાં જઇ શકતો નથી, પરંતુ તે ગુરૂની પૂજાથી સ્વર્ગે જાય છે. વાન-

પ્રસ્થ આશ્રમમાં રહેલ પુરૂષ અગ્નિની સેવાવડે, ક્ષમાવડે, કે વિવિધ પ્રકારના સ્નાનવડે સ્વર્ગે જતો નથી, પણ ગુરુની પૂજાથી સ્વર્ગે જાય છે. ૧૮-૧૯.

उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ॥ २० ॥

धर्मबिन्दु, पृ० ५३.

હમેશાં શુભ ઉપદેશ સાંભળવો, ધર્મનું આચરણ કરનારનું દર્શન કરવું અને યોગ્ય સ્થળે વિનય કરવો આ સાધુ સેવાનું ફળ છે. ૨૦.



# कुगुरु ( ६१ )

## કુગુરૂનું સ્વરૂપઃ—

**सर्वाभिलाषिणः सर्वभोजिनः सपरिग्रहाः ।**
**अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु ॥ १ ॥**

योगशास्त्र, प्रकाश २, श्लो० ९.

જે સર્વની અભિલાષા કરનાર, સર્વનું ભક્ષણ કરનારા, પરિગ્રહને ધારણ કરનારા, મૈથુનને સેવનારા અને મિથ્યા–ખોટો ઉપદેશ આપનારા હોય, તે ગુરૂ કહેવાય નહીં. ૧.

## કુગુરૂની નિંદાઃ—

**परिग्रहारम्भमग्नास्तारयेयुः कथं परान् ? ।**
**स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः ॥ २ ॥**

योगशास्त्र, पृ० ६२, श्लो० १०. ( प्र. स. )

પરિગ્રહ અને આરંભમાં મગ્ન થયેલા પુરૂષો બીજાઓને શી રીતે તારી શકે ? કેમકે જે પોતે જ દરિદ્ર હોય તે બીજાને ધનિક કરવા સમર્થ નથી હોતો. ૨.

**यस्य चित्तं प्रविक्षिप्तं, क्लेशाद्यैरसमाहितम् ।**
**स किंगुहानिविष्टोऽपि, न साधुर्दुष्टजन्तुवत् ॥ ३ ॥**

यजुर्वेद, माध्यन्दिनीशाखा, आह्निक, श्लो० २१.

જેનું ચિત્ત વિક્ષિપ્ત અને ક્લેશોને લીધે સમાધિ-રહિત છે તે ગુફામાં રહેતો હોય તો પણ, દુષ્ટ જનાવરની જેમ, સાધુ નથી. ૩.

गुरोरप्यवलिप्तस्य, कार्याकार्यमजानतः ।
उत्पथप्रतिपन्नस्य, दण्डो भवति शासनम् ॥ ४ ॥

पंचतंत्र, पृ० ३८, श्लो० १६९.

ગુરુ પણ જો ગર્વિષ્ઠ હોય, કાર્ય અને અકાર્યને જાણતો ન હોય, તથા ઉન્માર્ગે ચાલતો હોય તો તેનો પણ દંડ થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. ૪.

### કુગુરૂનો ત્યાગઃ—

इहामुत्र विरुद्धं यत्, तत्कुर्वाणं नरं त्यजेत् ।
आत्मानं यः स्वयं हन्ति, त्रायते स परं कथम् ? ॥५॥

આ ભવ અને પર ભવમાં જે કાર્ય વિરૂદ્ધ હોય તે કાર્યને કરનાર મનુષ્યનો ( ગુરૂનો ) ત્યાગ કરવો જોઈએ. કેમકે જે પોતાના આત્માને હણે છે એટલે કુગતિમાં નાંખે છે તે બીજાનું રક્ષણ શી રીતે કરી શકે? ૫.

### કુગુરૂથી નુકસાનઃ—

फलाद् वृथाः स्युः कुगुरूपदेशतः,
कृता हि धर्मार्थमपीह सूद्यमाः ।
तद्दृष्टिरागं परिमुच्य भद्र हे,
गुरुं विशुद्धं भज चेद्धितार्थ्यसि ॥ ६ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १२, श्लो० ५.

સંસાર યાત્રામાં કુગુરૂના ઉપદેશથી ધર્મને માટે કરેલા મોટા પ્રયાસ પણ, ફળની બાબતમાં જોઇએ તો વૃથા નીવડે છે, તેટલા માટે હે ભાઇ ! જો તું હિતની ઈચ્છા રાખતો હોય તો દષ્ટિ-રાગ પડતો મૂકીને અત્યંત શુદ્ધ ગુરૂને ભજ. ૬.

**इदं प्रकृत्या विषयैर्वशीकृतं,**
**परस्परं स्त्रीधनलोलुपं जगत् ।**
**सनातने वर्त्मनि साधुभिर्धृतं,**
**हहा ! कुबोधैः कुगतौ निधीयते ॥ ७ ॥**

આ જગત્ સ્વભાવથી જ વિષયોએ વશ કર્યું છે, પરસ્પર સ્રી અને ધનમાં લુબ્ધ થયેલું છે, તેને સાધુ પુરૂષોએ મહા-કષ્ટથી સનાતન ( મોક્ષ ) માર્ગમાં ધારણ કર્યું–ઉપદેશાદિકવડે મોક્ષ માર્ગની સન્મુખ કર્યું તો પણ ખેદની વાત છે કે વિપ-રિત બોધવાળા ગુરૂઓવડે તે કુગતિમાં લઇ જવાય છે. ૭.



# मुनि—योगी (७०)

## મુનિનું સ્વરૂપઃ—

**निरीहा निरहङ्कारा निर्ममाः समचेतसः ।**
**महाव्रतधरा धीराः, साधवः शरणं मम ॥ १ ॥**

त्रिषष्ठी, पर्व १०, सर्ग १२, श्लो० ३९७.

ઈચ્છા રહિત, અહંકાર રહિત, મમતા રહિત, સમાન ચિત્તવાળા, પાંચ મહાવ્રતોને ધારણ કરનારા અને ધૈર્યવાળા સાધુઓ મારૂં શરણ હો. ૧.

**ब्रह्मचर्यरतो नित्यं, वनवासरतो भवेत् ।**
**मोक्षशास्त्रेषु निरतो ब्रह्मसूत्री जितेन्द्रियः ॥ २ ॥**

पद्मपुराण, अ० ५९, श्लो० २१.

મુનિ નિરંતર બ્રહ્મચર્યમાં તત્પર હોય છે, વનવાસપર પ્રીતિવાળો હોય છે, મોક્ષના શાસ્ત્રોમાં લીન હોય છે, બ્રહ્મસૂત્રના જ્ઞાનવાળો હોય છે, તથા જિતેંદ્રિય છે. ૨.

**क्षान्तो दान्तो मुक्तो जितेन्द्रियः सत्यवागभयदाता ।**
**प्रोक्तस्त्रिदण्डविरतो विधिगृहीता भवति पात्रम् ॥ ३ ॥**

धर्मबिन्दु.

ક્ષમાવાન, મનને દમન કરનાર, સર્વ સંગથી મુક્ત, જિતેંદ્રિય, સત્ય વચન બોલનાર, સર્વ પ્રાણીઓને અભયદાન આપનાર, મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણે દંડથી વિરામ પામેલ અને વિધિ પૂર્વક ભોજનને ગ્રહણ કરનાર આવો જે મુનિ હોય તે પાત્ર કહેવાય છે. ૩.

सम्यगज्ञानी दयावांस्तु, ध्यानी यस्तप्यते तपः ।
नग्नश्चिवरधारी वा, स सिध्यति महामुनिः ॥४॥

पूर्वाचार्य.

સમ્યક્ પ્રકારના જ્ઞાનવાળો, દયાળુ અને શુભ ધ્યાનવાળો નગ્ન અથવા વસ્ત્રધારી જે કોઇ મુનિ તપને કરે છે તે મહામુનિ સિદ્ધ થાય છે. ૪.

वाङ्मनोभ्यां शरीरेण, शुचिः स्यादनहङ्कृतिः ।
प्रशान्तो ज्ञानवान् भिक्षुर्निरपेक्षश्चरेत् सुखम् ॥ ५ ॥

महाभारत, शांतिपर्व, अ० २१७, श्लो० ३.

વાણી, મન અને શરીરવડે પવિત્ર, અહંકાર રહિત, શાંત અને જ્ઞાનવાન એવો ભિક્ષુ અપેક્ષા રહિત થઇ સુખે કરીને વિચરે. ૫.

न यस्य मित्रं न च कोऽपि शत्रु-
निजः परो वाऽपि न कश्चनास्ते ।
न चेंद्रियार्थेषु रमेत चेतः,
कषायमुक्तं परमः स योगी ॥ ६ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १, श्लो० ९.

જેને કોઇ પણ મિત્ર નથી અને કોઈ પણ શત્રુ નથી, જેને કોઇ પોતાનો નથી અને કોઇ પારકો નથી, જેનું મન કષાય રહિત હોઈને ઇંદ્રિયોના વિષયમાં રમણ કરતું નથી તેવો પુરૂષ મહાયોગી છે. ૬.

**ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे,**
**येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतम् ।**
**रागद्वेषविमुक्त प्रशांतकलुषं साम्याप्तशर्माद्वयं,**
**नित्यं खेलति चात्मसंयमगुणाक्रीडे भजद्भावनाः ॥७॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० १.

જે મહાત્માઓનું મન ઇંદ્રિયોના વિષયમાં આશક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, જે ( મન ) રાગ દ્વેષથી મુક્ત રહે છે, જેણે પાપકાર્યોને શાંત પમાડયાં છે, જેણે સમતાવડે અદ્વૈત સુખ પ્રાપ્ત કર્યું છે, અને જે ભાવના ભાવતું ભાવતું આત્મસંયમના ગુણોરૂપી ઉદ્યાનમાં હંમેશાં ખેલે છે, આવા પ્રકારનું જેમનું મન થયેલું છે તે મહામુનીશ્વરો આ સંસાર તરી ગયા છે, અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ. ૭.

**समः शत्रौ च मित्रे च, तथा मानापमानयोः ।**
**शीतोष्णसुखदुःखेषु, समः सङ्गविवर्जितः ॥ ८ ॥**

भगवद्गीता, अ० १३, श्लो० १४.

મુનિ શત્રુ અને મિત્રને વિષે સમાન હોય છે, માન અને અપમાનને વિષે સમાન હોય છે, ટાઢ અને તડકાને વિષે સમાન

હોય છે, સુખ અને દુઃખને વિષે સમાન હોય છે, તથા સર્વ સંગથી રહિત હોય છે. ૮.

**ये न हृष्यन्ति लाभेषु, नालाभेषु व्यथन्ति च ।**
**निर्ममा निरहङ्काराः, सत्त्वस्थाः समदर्शिनः ॥ ९ ॥**

महाभारत, शांतिपर्व, अ० १५६, श्लो० ३२.

જેઓ લાભ થવાથી હર્ષ પામતા નથી, અને લાભ ન થવાથી ખેદ પામતા નથી એવા સાધુઓ મમતા રહિત, અહંકાર રહિત સત્ત્વવાળા અને સમાન દૃષ્ટિવાળા હોય છે. ૯.

**दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।**
**वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥ १० ॥**

भगवद्गीता, अ० २, श्लो० ५६.

જે પુરૂષ દુઃખને વિષે મનમાં ઉદ્વેગ ( ખેદ ) ન પામે, સુખને વિષે સ્પૃહા-ઇચ્છા ન રાખે, તથા જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા હોય અને જે સ્થિતધી ( સ્થિર બુદ્ધિવાળો ) હોય તે મુનિ કહેવાય છે. ૧૦.

**अद्वेष्टा सर्वभूतानां, मैत्रः करुण एव च ।**
**निर्ममो निरहङ्कारः, समदुःखसुखः क्षमी ॥ ११ ॥**

भगवद्गीता, अ० १२, श्लो० १३.

ક્ષમાવાન મુનિ સર્વ પ્રાણીઓ ઉપર દ્વેષ રહિત, મૈત્રીવાળો અને દયાવાળો જ હોય છે, તથા મમતા રહિત, અહંકાર રહિત અને સુખ દુઃખમાં સમાન હોય છે. ૧૧.

**रागद्वेषवियुक्तात्मा, समलोष्ठाश्मकाञ्चनः ।**
**प्राणिहिंसानिवृत्तश्च, मौनी स्यात् सर्वनिःस्पृहः ॥ १२ ॥**

पद्मपुराण, अ० ५९, श्लो० १८.

જેનો આત્મા રાગદ્વેષ રહિત છે, જે ઢેફા, પથ્થર અને સુવર્ણને વિષે સમાન ( સમદૃષ્ટિવાળો ) છે, જે સર્વ પ્રાણીની હિંસાથી નિવૃત્ત થયેલો છે, તથા જે સર્વ વસ્તુપર સ્પૃહા ( ઇચ્છા ) રહિત છે, તે જ મૌન વ્રત ધારી મૌની ( મુનિ ) છે. ૧૨.

**जीवितं यस्य धर्मार्थं, धर्मो ज्ञानार्थमेव च ।**
**ज्ञानं च ध्यानयोगार्थं, सोऽचिरान्मुच्यते नरः ॥ १३ ॥**

यतिधर्मसमुच्चय, अ० १६, श्लो० ११.

જેનું જીવિત ધર્મને માટે હોય, જેનો ધર્મ જ્ઞાનને માટે હોય, અને જેનું જ્ઞાન ધ્યાનયોગને માટે હોય, તે મનુષ્ય શીઘ્રપણે મોક્ષને પામે છે. ૧૩.

**अनन्यदर्शी सततं, भवेद् गीतादिनिःस्पृहः ।**
**नादर्शं चैव वीक्षेत, न चरेद्दन्तधावनम् ॥ १४ ॥**

उशनस्मृति, अध्याय ३, श्लो० २२.

(સાધુ) આડી અવળી દૃષ્ટિ નાંખે નહિં, ગીત વિગેરેથી ઉદાસીન રહે, દર્પણમાં મુખ જીવે નહિં અને દાતણ કરે નહિં ૧૪.

**ये प्रव्रज्यां समागृह्य, शान्तात्मानो जितेन्द्रियाः ।**
**वसन्ति पुण्यतीर्थेषु, तेऽपि हि परमर्षयः ॥ १५ ॥**

मनुस्मृति, पूर्वभाग, श्लो० ८७.

જેઓ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને શાંત આત્માવાળા અને જિતેંદ્રિય થઇને, પવિત્ર તીર્થોમાં વસે છે, તેઓ પણ નિશ્ચે ઉત્તમ ઋષિઓ છે. ૧૫.

**यः समः सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च ।**
**तपश्चरति शुद्धात्मा, श्रमणोऽसौ प्रकीर्त्तितः ॥ १६ ॥**

જે પુરૂષ ત્રસ અને સ્થાવર સર્વ પ્રાણીઓને વિષે સમાન અને શુદ્ધ આત્માવાળો થઇ તપનું આચરણ કરે છે, તેને શ્રમણ-સાધુ-કહ્યો છે. ૧૬.

**ज्ञानविज्ञानतृप्तात्मा, कूटस्थो विजितेन्द्रियः ।**
**युक्त इत्युच्यते योगी, समलोष्टाश्मकाञ्चनः ॥ १७ ॥**

જેનો આત્મા સામાન્ય જ્ઞાન અને વિશેષ જ્ઞાનથી તૃપ્ત થયેલો હોય, જે કૂટસ્થ (મધ્યસ્થ) હોય એટલે કે પોતે જે કાંઈ ક્રિયા કરે તે અભિમાન રહિતપણે કરે, જેણે ઈંદ્રિયોને વશ કરી હોય, તથા જે ઢેફા, પત્થર અને સુવર્ણને વિષે સમદષ્ટિવાળો હોય, આ સર્વવડે જે યુકત હોય તે યોગી કહેવાય છે. ૧૭.

## મુનિસ્વરૂપ અને મુનિઅવગણનાનું ફળઃ—

**परीषहजये शक्तं, शक्तं कर्मपरिक्षये ।**
**ज्ञानध्यानतपोभूषं, शुद्धाचारपरायणम् ॥ १८ ॥**

प्रशान्तमानसं सौम्यं, प्रशान्तकरणं शुभम् ।
प्रशान्तारिमहामोहं, कामक्रोधनिषूदनम् ॥ १९ ॥

निन्दास्तुतिसमं धीरं, शरीरेऽपि च निःस्पृहम् ।
जितेन्द्रियं जितक्रोधं, जितलोभमहाभयम् ॥ २० ॥

रागद्वेषविनिर्मुक्तं, सिद्धिसङ्गमनोत्सुकम् ।
ज्ञानाभ्यासरतं नित्यं, नित्यं च प्रशमे स्थितम् ॥ २१ ॥

एवंविधं हि यो दृष्ट्वा, स्वगृहाङ्गणमागतम् ।
मात्सर्यं कुरुते मोहात्, क्रिया तस्य न विद्यते ॥ २२ ॥

मायानिरसनं कृत्वा, तृष्णां च परित्यज्य ते ।
रागद्वेषौ समुत्सार्य, प्रयाताः पदमक्षयम् ॥ २३ ॥

तत्त्वामृत, श्लो० २०५, २०६, २०७, २०८, २०९, २१०.

જે પરીષહ સહન કરવામાં સમર્થ છે, જે કર્મનો ક્ષય કરવામાં શક્તિમાન છે, જે જ્ઞાન, ધ્યાન અને તપવડે શોભે છે, જે શુદ્ધ આચાર પાળવામાં તત્પર છે, જેનું મન શાંત છે, જેની દૃષ્ટિ સૌમ્ય-સમાન-છે, જેની ઈંદ્રિયો અત્યંત શાંત છે, જે પ્રાણીઓને શુભકારક છે, જેનો મોહરૂપી શત્રુ શાંત થયેલો છે, જેણે કામ અને ક્રોધનો વિનાશ કર્યો છે, અન્ય મનુષ્ય નિંદા કરે કે સ્તુતિ કરે તે બન્નેને વિષે જે સમાન છે, જે ધૈર્યવાન છે, જે પોતાના શરીરને વિષે પણ નિઃસ્પૃહ છે, જેણે ઈંદ્રિયોને જીતી છે, જેણે ક્રોધને જીત્યો છે, જેણે લોભ અને મહાભયને જીત્યા છે, જે રાગદ્વેષથી રહિત છે, જે સિદ્ધિનો સંગ કરવામાં ઉત્સુક છે, જે નિરંતર જ્ઞાનનો

અભ્યાસ કરવામાં આસક્ત છે, તથા જે નિરંતર પ્રશમને વિષે રહેલા છે, એવા મહાત્મા મુનિને પોતાના ઘરના આંગણામાં આવેલા જોઇને જે મનુષ્ય મોહને લીધે તેનાપર ઇર્ષ્યા કરે છે, તેની સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે. તેવા મુનિ મહાત્મા માયાનો નાશ કરી, તૃષ્ણાનો ત્યાગ કરી અને રાગદ્વેષને દૂર કરી મોક્ષ પદને પામેલા હોય છે. ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩.

समं शत्रौ च मित्रे च, समं मानपमानयोः ।
लाभालाभे समं नित्यं, लोष्ठकाञ्चनयोस्तथा ॥२४॥

सम्यक्त्वभावनाशुद्धं, ज्ञानसेवापरायणम् ।
चारित्रचरणासक्तमक्षीणसुखकाङ्क्षिणम् ॥२५॥

ईदृशं श्रमणं दृष्ट्वा, यो न मन्येत दुष्टधीः ।
नृजन्मनः फलं सारं, स हारयति सर्वथा ॥२६॥

तत्त्वामृत, श्लो. २२२, २२३, २२४.

જે સર્વદા શત્રુ અને મિત્રને વિષે સમાન છે, જે માન અને અપમાનને વિષે સમાન છે, જે લાભ અને અલાભને વિષે સમાન છે, જે માટીના ઢેફા અને સુવર્ણને વિષે સમાન છે, સમકિતની ભાવનાવડે શુદ્ધ છે, જે જ્ઞાનની સેવામાં તત્પર છે, જે ચારિત્રનું પાલન કરવામાં આસકત છે, જે મોક્ષના સુખને ઈચ્છે છે, આવા ગુણવાળા મુનિને જોઈને જે દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય તેની અવગણના કરે છે, તે મનુષ્ય પોતાના ઉત્તમ મનુષ્ય જન્મના ફળને સર્વથા હારી જાય છે. ૨૪, ૨૫, ૨૬.

## મુનિનું મહત્વઃ—

**विषयसुखनिरभिलाषः प्रशमगुणगणाभ्यलंकृतः साधुः ।**
**द्योतयति यथा न तथा सर्वाण्यादित्यतेजांसि ॥ २७ ॥**

प्रशमरति, श्लो० २४२.

વિષય સુખથી વિરકત અને પ્રશમાદિક ગુણગણુથી વિભૂષિત સાધુ જેવો ઉદ્યોત કરે છે તેવો ઉદ્યોત સૂર્યના સઘળા કીરણો પણ કરી શકતા નથી. ૧૭.

**विनिर्मलं पार्वणचन्द्रकान्तं,**
**यस्यास्ति चारित्रमसौ गुणज्ञः ।**
**मानी कुलीनो जगतोऽभिगम्यः,**
**कृतार्थजन्मा महनीयबुद्धिः ॥२८॥**

सुभाषितरत्नसंदोह, श्लो. २३९.

જે મનુષ્યને નિર્મળ-નિર્દોષ અને પુનમના ચંદ્ર જેવું મનોહર ચરિત્ર હોય, તે જ પુરૂષ ગુણનો જાણનાર છે, માનવંત છે, કુલીન છે, જગતને માનવા લાયક છે, તેનો જન્મ સફલ છે, અને તેની બુદ્ધિ વખાણવા લાયક છે. ૨૮.

**एकरात्रोषितस्यापि, यतेर्या गतिरुच्यते ।**
**न सा शक्या गृहस्थेन, प्राप्तुं क्रतुशतैरपि ॥ २९ ॥**

विष्णुपुराण, अ० ११, श्लो० ३४.

યતિપણામાં માત્ર એક જ રાત્રિ રહેલા પુરૂષોની જે સદ્ગતિ કહેલી છે, તે ગતિને ગૃહસ્થાશ્રમી પુરૂષ સેંકડો યજ્ઞો કરવાથી પણ પામી શકે નહીં. ૨૯.

आशा नाम नदी मनोरथजला तृष्णातरङ्गाकुला,
रागग्राहवती वितर्कविहगा धैर्यद्रुमध्वंसिनी ।
मोहावर्तसुदुस्तराऽतिगहना प्रोत्तुङ्गचिन्तातटी,
तस्याः पारगता विशुद्धमनसो नन्दन्ति योगीश्वराः ॥३०॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० १०.

આ આશા નામની નદી છે, તેમાં મનોરથરૂપી પાણી છે, તૃષ્ણારૂપી તરંગોવડે તે વ્યાપ્ત છે, તેમાં રાગરૂપી ગ્રાહો ( મગર વિગેરે જળચરો ) રહેલા છે, તેની સમીપે તર્કવિતર્કરૂપી પક્ષીઓ ઉડયા કરે છે, તે ધૈર્યરૂપી વૃક્ષોને પાડી નાંખે છે, તેમાં મોહરૂપી આવર્ત હોવાથી તે દુઃખે કરીને તરી શકાય તેવી છે, તે અત્યંત ગહન ( ઉંડી ) છે, અને ચિંતારૂપી તેને ઉંચા તટ-કિનારા-છે. આવી નદીના પારને વિશુદ્ધ મનવાળા યોગીશ્વરો જ પામે છે તેથી તેઓ આનંદ પામે છે. ૩૦.

योगयुक्तो विशुद्धात्मा, विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा, कुर्वन्नपि न लिप्यते ॥ ३१ ॥

भगवद्गीता, अ० ५, श्लो० ७.

જે યોગવડે યુક્ત હોય, જેનો આત્મા વિશુદ્ધ હોય, જેણે આત્માને જીત્યો હોય, જેણે ઇંદ્રિયોને વશ કરી હોય, તથા જેનો આત્મા સર્વ પ્રાણીઓના આત્મારૂપ હોય ( સર્વ પ્રાણીઓને પોતાના આત્મા તુલ્ય માનતો હોય અર્થાત્ જીવદયાવાળો હોય ), તેવો યોગી, કર્મને કરતાં છતાં પણ, તે કર્મથી લેપાતો નથી. ૩૧.

**ब्रह्मचारिसहस्रं स्याद्वानप्रस्थशतानि च ।**
**ब्राह्मणानां हि कोट्यस्तु, यतिरेको विशिष्यते ॥ ३२ ॥**

अत्रिस्मृति, श्लो० ३६१.

હજાર બ્રહ્મચારી, સેંકડો વાનપ્રસ્થના આશ્રમમાં રહેલા અને કરોડ બ્રાહ્મણો, આ સર્વ કરતાં માત્ર એક જ યતિ હોય તો તે વિશેષ છે. ૩૨.

**गृहस्थानां सहस्रेण, वानप्रस्थशतेन च ।**
**ब्रह्मचारिसहस्रेण, यो योगी स विशिष्यते ॥ ३३ ॥**

भविष्यपुराण, स्कंध० ४, अ० १९, श्लो० २३.

હજારો ગૃહસ્થોમાં, સેંકડો વાનપ્રસ્થાશ્રમીની મધ્યે અને હજાર બ્રહ્મચારીની મધ્યે જે યોગી હોય તે સર્વથી અધિક છે. ૩૩.

**सर्वेषामाश्रमाणां तु, संन्यासी ह्युत्तमाश्रमी ।**
**स एवात्र नमस्यः स्याद्भक्त्या सन्मार्गवर्तिभिः ॥३४॥**

हारितस्मृति, श्लो० २१०.

સર્વ આશ્રમોને મધ્યે સંન્યાસી ઉત્તમ આશ્રમવાળો છે. તેથી સન્માર્ગમાં વર્તનારા પુરૂષોને, તે સંન્યાસી જ ભક્તિથી નમવા લાયક છે. ૩૪.

**न च राजभयं न च चौरभय–**
**मिहलोकसुखं परलोकहितम् ।**

**नरदेवनतं वरकीर्तिकरं,**
**श्रमणत्वमिदं रमणीयतरम् ॥ ३५ ॥**

આ શ્રમણપણું (ચારિત્ર) અતિ રમણીય છે. કેમકે તેમાં રાજાનો પણ ભય નથી, ચોરનો ભય નથી, આ લોક સંબંધી સુખ છે, પરભવમાં પણ હિતકારક છે, તેને મનુષ્યો અને દેવો પણ નમસ્કાર કરે છે, તથા જગતમાં ઉત્તમ કીર્તિને કરનારૂં છે. ૩૫.

**पादपङ्कजसंलीनं, तस्यैतद्भुवनत्रयम् ।**
**यस्य चित्तं स्थिरीभूय, स्वस्वरूपे लयं गतम् ॥ ३६ ॥**

જેનું ચિત્ત સ્થિર થઈને આત્મસ્વરૂપને વિષે લયને (એકાગ્રતાને) પામ્યું હોય, તેના ચરણ કમળને વિષે ત્રણ ભુવન લીન થાય છે. ૩૬.

**येऽपि परिग्रहांस्त्यक्त्वा, भवन्ति ब्रह्मचारिणः ।**
**देवानामपि ते मान्या वन्दनीयाः सदा खलु ॥ ३७ ॥**

मनुस्मृति, पूर्वभाग, श्लो० ४३.

જેઓ પરિગ્રહનો ત્યાગ કરીને બ્રહ્મચર્યને ધારણ કરે છે, તેઓ દેવોને પણ સદા વાંદવા લાયક અને માનવા લાયક થાય છે. ૩૭.

## સાચો મુનિઃ—

**बांधवधनेन्द्रियसुखत्यागात् त्यक्तभयविग्रहः साधुः ।**
**त्यक्तात्मा निर्ग्रंथस्त्यक्ताहंकारममकारः ॥ ३८ ॥**

प्रशमरति, श्लो० १७३.

*બાન્ધવ, ધન અને ઇંદ્રિયસુખના ત્યાગથી જેણે ભય અને*

વિગ્રહ તજ્યા છે, અને અહંકાર, મમકાર તજ્યા છે જેણે એવા ત્યાગી સાધુ જ નિર્ગ્રંથ કહેવાય છે. ૩૮.

अहंकारं बलं दर्प, कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ ३९ ॥

भगद्गीता अ० १८, श्लो० ५३.

અહંકાર, બળ, ગર્વ, કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરી મમતા રહિત શાંતપણે જે મુનિ વિચરે તે બ્રહ્મલોકમાં (મોક્ષમાં) જવા માટે લાયક થાય છે. ૩૯.

मित्रे नन्दति नैव नैव पिशुने वैरातुरो (रं) जायते,
भोगे लुभ्यति नैव नैव तपसि क्लेशं समालम्बते ।
रत्ने रज्यति नैव नैव दृषदि प्रद्वेषमापद्यते
येषां शुद्धहृदां सदैव हृदयं ते योगिनो योगिनः ॥४०॥

वैराग्यशतक ( पद्मानंद), श्लो० ६.

શુદ્ધ હૃદયવાળા જેઓનું મન હમેશાં મિત્ર ઉપર ( મિત્રને જોઈને ) આનંદ પામતું ન હોય, અને ખળ પુરૂષ ઉપર વેરવાળું થતું ન હોય, ભોગની ઉપર લોભ પામતું ન હોય, તપને વિષે ક્લેશ પામતું ન હોય, રત્નને વિષે રાગ પામતું ન હોય અને પત્થરને વિષે દ્વેષ પામતું ન હોય, એવા યોગીઓ જ યોગી છે. ૪૦.

आत्मौपम्येन सर्वत्र, समं पश्यति योऽर्जुन ! ।
सुखं वा यदि वा दुःखं, स योगी परमो मतः ॥ ४१ ॥

भगवद्गीता, अ० ६, श्लो० ३२.

શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે—હે અર્જુન ! જે પુરૂષ પોતાના આત્માની તુલ્ય સર્વ પ્રાણીઓને વિષે સુખ કે દુઃખને સમાન જુએ છે, તે ઉત્તમ યોગી માનેલો છે-તેને હું ઉત્તમ યોગી કહું છું. ૪૧.

## મુનિનો પ્રભાવઃ—

**सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया केकिकान्ता भुजङ्गं,**
**मार्जारी हंसबालं प्रणयपरवशा नन्दिनी व्याघ्रपोतम् ।**
**वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति,**
**दृष्ट्वा साम्यैकभावं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥४२॥**

पार्श्वनाथचरित्र ( गद्य ), पृ० १०२. (प्र. स.)*

જે એક સમતાભાવમાં જ મગ્ન છે, જેણે પાપનો નાશ કર્યો છે, તથા જેણે મોહને ક્ષીણ કર્યો છે એવા યોગીને જોઈ મૃગલી સિંહના બચ્ચાને પોતાના પુત્રની બુદ્ધિથી સ્પર્શ કરે છે, મયૂરી પણ સર્પને સ્પર્શ કરે છે, બિલાડી હંસના બચ્ચાને સ્પર્શ કરે છે, પ્રેમમાં પરાધીન થયેલી ગાય વાઘના બચ્ચાને સ્પર્શ કરે છે, તથા બીજા પ્રાણીઓ મદ રહિત થઈ જન્મથી જ ઉત્પન્ન થયેલા વેરને ( જાતિવેરને ) પણ તજી દે છે. ૪૨.

## મુનિઃ સાચો સુખીઃ—

**संत्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन्तनेऽभिरतः**
**जितलोभरोषमदनः, सुखमास्ते निर्जरः साधुः ॥४३॥**

प्रशमरति, श्लो० १२९.

લોક ચિંતાને સમગ્ર રીતે તજીને, આત્મ-જ્ઞાન યાને અધ્યાત્મ ચિંતામાં લયલીન થયેલો; લોભ, રોષ અને કામક્રીડા વર્જીત તથા કર્મની નિર્જરા કરનારો સાધુ સુખ-પૂર્વક-શાંતિમાં રહી શકે છે. ૪૩.

**न देवराजस्य न चक्रवर्तिन-**
**स्तद्धि सुखं रागयुतस्य मन्ये ।**
**यद्वीतरागस्य मुनेः सदात्म-**
**निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥ ४४ ॥**

हृदयप्रदीप, श्लो० ३४.

રાગદ્વેષ રહિત અને નિરંતર પોતાના આત્મામાં જ તત્પર રહેલા ( રમણ કરનારા ) મુનિના ચિત્તમાં જે સુખ સ્થિરતાને પામે છે, તે સુખ રાગદ્વેષથી યુક્ત એવા દેવેંદ્રને પણ નથી, તથા ચક્રવર્તીને પણ હોતું નથી, એમ હું માનું છું. ૪૪.

**न चक्रनाथस्य न नाकिराजो**
**न भोगभूपस्य न नागराजः ।**
**आत्मस्थितं शाश्वतमस्तदोषं,**
**यत्संयतस्यास्ति सुखं विबाधम् ॥ ४५ ॥**

सुभाषितरत्नसंदोह, श्लो० २३६.

સંયમધારી સાધુઓને પોતાના જ આત્માને વિષે રહેલું, શાશ્વત-નિરંતર રહેનારૂં, દોષ રહિત અને બાધા-પીડા-રહિત જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખ ચક્રવર્તીને નથી, દેવેંદ્રને નથી, ભુવનપતિના ઇંદ્રને નથી, તથા નાગરાજને પણ નથી. ૪૫.

नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥ ४६ ॥

લોકના વ્યાપારે કરીને રહિત એવા સાધુને આ જગતમાં જ જે સુખ છે, તે સુખ ચક્રવર્તીને પણ નથી, તથા દેવેંદ્રને પણ નથી. ૪૬.

## મુનિ : સાચો ધીરઃ—

धीराणां यतयो धीरा ये निराकुलचेतसः ।
कर्मशत्रुमहासैन्यं, निर्जयन्ति तपोबलात् ॥ ४७ ॥

तत्त्वामृत, श्लो० २११.

જેઓનું ચિત્ત આકુળતા રહિત છે અને જેઓ તપના બળથી કર્મરૂપી શત્રુના મોટા સૈન્યને અત્યંત જીતે છે, તેવા યતિઓ જ સર્વ ધીરોમાં અત્યંત ધીર છે. ૪૭.

## મુનિઃ મોક્ષસાધકઃ—

निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥ ४८ ॥

प्रशमरति, श्लो० २३८.

મદ અને કામદેવને સર્વથા જીતનારા, તન, મન, વચનના દોષરહિત અને નિઃસ્પૃહ એવા સુવિહિત સાધુઓને અહિં જ મોક્ષ છે. ૪૮.

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थंजिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥ ४९ ॥

प्रशमरति, श्लो० १६१.

જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિત માટે આ ચારિત્રધર્મ પ્રરૂપેલો છે. તેમાં જે રક્ત થએલા છે તે સંસારસમુદ્રને લીલામાત્રમાં પાર પામેલા સમજવા. ૪૯.

**सर्वभूतसमो मैत्रः, समलोष्ठाश्मकांचनः ।**
**ध्यानयोगरतो भिक्षुः, प्राप्नोति परमां गतिम् ॥ ५० ॥**

शंखस्मृति, अ० ७, श्लो० ९.

બધા પ્રાણીઓને વિષે સમભાવવાળો, મિત્રતાની ભાવનાવાળો, ઢેકું, પત્થર અને સુવર્ણમાં સરખી બુદ્ધિવાળો અને ધ્યાનયોગમાં મગ્ન થયેલો ભિક્ષુ ઉંચી ગતિ–મોક્ષ–ને પામે છે. ૫૦.

**यथा नीता रसेन्द्रेण, धातवः शातकुंभताम् ।**
**पुनरावृत्तये न स्युस्तद्वदात्माऽपि योगिनाम् ॥५१॥**

જેમ રસેંદ્રવડે–સિદ્ધરસવડે–લોહાદિક ધાતુઓ સુવર્ણપણાને પામે છે–સુવર્ણ થાય છે, અને પછી તે પાછી ધાતુ નથી બનતી, તે જ પ્રમાણે યોગીનો આત્મા પણ પુનરાવૃત્તિને માટે થતો નથી, એટલે કે ફરીથી સંસારમાં આવતો નથી. (અહીં ભાવાર્થ એ છે કે—શ્રૃંગારાદિક નવ રસોમાં ઇંદ્ર સમાન એવા શમતારૂપ રસવડે યોગીનો આત્મા શાતકુંભતા એટલે શાંતિના કુંભપણાને અર્થાત્ મોક્ષને પામે છે, ત્યારપછી તે ફરીથી સંસારી થતો નથી.) ૫૧.

## મુનિની બેફીકરી:—

**नाजीविकाप्रणयिनीतनयादिचिन्ता,**
**नो राजभीश्च भगवत्समयं च वेत्ति ।**

शुद्धे तथाऽपि चरणे यतसे न भिक्षो,
तत्ते परिग्रहभरो नरकार्थमेव ॥ ५२ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ९.

તારે આજીવિકા, સ્ત્રી, પુત્ર વિગેરેની ચિંતા નથી, રાજ્ય તરફની બીક નથી, અને ભગવાનના સિદ્ધાંતો તું જાણે છે, અથવા સિદ્ધાંતના પુસ્તકો તારી પાસે છે, છતાં પણ હે યતિ! જો તું શુદ્ધ ચારિત્ર માટે યત્ન કરીશ નહિ, તો પછી તારી પાસેની વસ્તુઓનો ભાર ( પરિગ્રહ ) નરક માટે જ છે. ૫૨.

चाण्डालः किमयं द्विजातिरथवा शूद्रोऽथ किं तापसः,
किं वा तत्त्वनिवेशपेशलमतिर्योगीश्वरः कोऽपि किम् ।
इत्युत्पन्नविकल्पजल्पमुखरैः संभाष्यमाणा जनै-
र्न क्रुद्धाः पथि नैव तुष्टमनसो यान्ति स्वयं योगिनः ॥५३॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ९६.

શું આ ચંડાળ છે? કે બ્રાહ્મણ છે? કે શૂદ્ર છે? કે તાપસ છે? કે તત્ત્વના નિવેશને વિષે મનોહર બુદ્ધિવાળો કોઇ યોગીશ્વર છે? આ પ્રમાણે માર્ગમાં યોગીને જોઇને ઉત્પન્ન થયેલા વિકલ્પના વચનોવડે વાચાળ થયેલા માણસો બોલે છે, તો પણ યોગીઓ પોતે મનમાં ક્રોધ પામ્યા વિના તથા હર્ષ પામ્યા વિના ઉદાસીન ભાવે ચાલ્યા જાય છે. ૫૩.

त्वं राजा वयमप्युपासितगुरुप्रज्ञाऽभिमानोन्नताः,
ख्यातस्त्वं विभवैर्यशांसि कवयो दिक्षु प्रतन्वन्ति नः ।

**इत्थं मानद नातिदूरमुभयोरप्यावयोरन्तरं,**
**यद्यस्मासु पराङ्मुखोऽसि वयमप्येकान्ततो निःस्पृहाः ५४**

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ५१.

હે નરપતિ ! જો તમે રાજા છો, તો અમે પણ સદ્‌ગુરૂની ઉપાસનાથી પ્રાપ્ત થયેલી બુદ્ધિના અભિમાનવડે ઉન્નત–મોટા–છીએ, તમે વૈભવવડે પ્રસિદ્ધ છો, તો અમારા યશને કવિઓ સર્વ દિશામાં પ્રસિદ્ધ કરી રહ્યા છે, આ પ્રમાણે હે માનદ ( માનને આપનાર અથવા માનનું ખંડન કરનાર ) રાજા ! આપણા બન્નેમાં કાંઈ વધારે આંતરૂં નથી. છતાં જો તમે અમારાથી વિમુખ છો, તો અમે પણ એકાંતપણે નિઃસ્પૃહ જ છીએ. ૫૪.

**एकः पापात् पतति नरके याति पुण्यात्स्वरेकः,**
**पुण्यापुण्यप्रचयविगमान्मोक्षमेकः प्रयाति ।**
**सङ्गान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यं,**
**तस्मादेको विचरति सदाऽऽनन्दसौख्येन पूर्णः ॥ ५५ ॥**

हृदयप्रदीप, श्लो० २७.

આ સંસારમાં પ્રાણી પાપ કરવાથી એકલો જ નરકમાં પડે છે, અને પુણ્ય કરવાથી એકલો જ સ્વર્ગે જાય છે, તથા પુણ્ય અને પાપના સમૂહનો ક્ષય કરવાથી એકલો જ મોક્ષે જાય છે. સ્વજન કુટુંબાદિકના સંગથી કાંઈ સુખ થતું નથી. તેમ જ આત્માનું હિત કરવામાં બીજાનું પણ કાંઈ પ્રયોજન નથી. તેથી કરીને આનંદના સુખવડે પૂર્ણ થયેલો યોગી સદા એકલો જ વિચરે છે. ૫૫.

**दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य न विस्मितः ।**
**मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥ ५६ ॥**

આ જગત્ એટલે સર્વ પ્રાણીઓ કર્મના વિપાકને ( ઉદયને ) આધીન છે એટલે કે સુખદુઃખની પ્રાપ્તિ કર્મને આધીન છે એમ જાણતા મુનિ દુઃખ પામે ત્યારે દીનતાને ધારણ કરતા નથી અને સુખ પામે ત્યારે વિસ્મય-હર્ષ ( ગર્વ ) પામતા નથી. ૫૬.

## મુનિનું કુટુંબઃ—

**धर्म्मो यस्य पिता क्षमा च जननी भ्राता मनःसंयमः,**
**सूनुः सत्यमिदं दया च भगिनी नीरागता गेहिनी ।**
**शय्या भूमितलं दिशोऽपि सदनं ( वसनं ) ज्ञानामृतं भोजनं,**
**यस्यैतानि सखे ! कुटुम्बमनघं तस्येह कष्टं कथम् ? ॥ ५७ ॥**

धर्मकल्पद्रुम, पृ० ७५, श्लो० ८०. ( दे० ला० )

જેને ધર્મરૂપી પિતા છે, ક્ષમારૂપી માતા છે, મનનો સંયમ જેને ભ છે, સત્યરૂપી પુત્ર છે, દયારૂપી બહેન છે, નીરાગતા ( રાગરહિતપણું ) રૂપી ભાર્યા છે, ભૂમિતળરૂપી શય્યા છે, દિશારૂપી વસ્ત્ર છે, અને જ્ઞાનરૂપી અમૃત જેનું ભોજન છે. હે મિત્ર જેને આ સર્વે નિર્મળ કુટુંબરૂપ છે, તેવા સાધુને શી રીતે કષ્ટ આવે ? તેને કષ્ટ આવે જ નહીં. ૫૭.

**पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी,**
**विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ।**

प्रिया क्षान्तिः पुत्रो विनय उपकारः प्रियसुहृत्,
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ ५८ ॥

सूक्तमुक्तावली, अधिकार १, श्लो० १७.

જે મહાત્માને નિરંતર યોગના અભ્યાસરૂપી પિતા છે, વિષય ઉપરની વિરતિરૂપ માતા છે, વિવેકરૂપી ભાઇ છે, નિઃસ્પૃહારૂપ બહેન છે, ક્ષમારૂપ પ્રિયા છે, વિનયરૂપ પુત્ર છે, ઉપકારરૂપી પ્રિય મિત્ર છે, વૈરાગ્યરૂપ સહાયક છે, અને ઉપશમરૂપ ઘર છે તે મહાત્મા નિરંતર સુખી છે. ૫૮.

सत्यं माता पिता ज्ञानं, धर्मो भ्राता दया सखा ।
शान्तिः पत्नी क्षमा पुत्रः, षडेते मम बान्धवाः ॥ ५९ ॥

वृद्धचाणाक्यनीति, अ० १२, श्लो० ११.

મુનિ કહે છે કે-મારે સત્યરૂપી માતા છે, જ્ઞાનરૂપી પિતા છે, ધર્મરૂપી ભાઈ છે, દયારૂપી મિત્ર છે, શાંતિરૂપી ભાર્યા છે અને ક્ષમારૂપી પુત્ર છે, આ છ મારા બાંધવો ( સગા ) છે. ૫૯.

## મુનિનો વૈભવઃ—

ઉપમા

मही रम्या शय्या विपुलमुपधानं भुजलता,
वितानं चाकाशं व्यजनमनुकूलोऽयमनिलः ।
स्फुरद्दीपश्चंद्रो विरतिवनितासङ्गमुदितः,
सुखं शान्तः शेते मुनिरतनुभूतिर्नृप इव ॥ ६० ॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ९४.

શાંત મુનિ મોટી વિભૂતિવાળા રાજાની જેમ સુખે સુવે છે. કેમકે તેને મનોહર પૃથ્વી જ શય્યા છે, ભુજલતારૂપી મોટું ઓશીકું છે, આકાશરૂપી ચંદરવો છે, આ અનુકૂળ વાયુરૂપી વીંઝણો છે, ચંદ્રરૂપી દેદીપ્યમાન દીવો છે, અને વિરતિરૂપી સ્ત્રીના સંગથી તે હર્ષવાળો છે-આનંદમાં મગ્ન છે. ૬૦.

## મુનિની રાત્રિઃ—

**स्वाध्यायोत्तमगीतिसङ्गतिजुषः संतोषपुष्पाश्रिताः,**
**सम्यग्ज्ञानविलासमण्डपगताः सद्ध्यानशय्यां श्रिताः ।**
**तत्त्वार्थप्रतिबोधदीपकलिकाः क्षान्त्यङ्गनासङ्गिनो**
**निर्वाणैकसुखाभिलाषिमनसो धन्या नयन्ते निशाः ॥ ६१ ॥**

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० २२.

જેમના મનમાં એક મોક્ષના જ સુખનો અભિલાષ હોય છે એવા ધન્ય પુરૂષો ( યોગીજનો ) રાત્રિને વિષે સ્વાધ્યાયરૂપી ઉત્તમ સંગીતના સંગને કરે છે, સંતોષરૂપી પુષ્પની માળા પહેરે છે, સમ્યક્જ્ઞાનરૂપી વિલાસના મંડપમાં રહીને સદ્ધ્યાનરૂપી શય્યામાં સુવે છે, તત્ત્વાર્થના બોધરૂપી દીવાનો પ્રકાશ તેની પાસે નિરંતર હોય છે, અને ક્ષમારૂપી સ્ત્રીનો સંગ પણ છે, આવા વૈભવથી તેઓ રાત્રિઓ નિર્ગમન કરે છે. ૬૧.

## મુનિ અને પ્રાણાયામઃ—

**योगिनो मुक्तिकामस्य, प्राणायामादिसाधनम् ।**
**साध्यं च परमं ब्रह्म, पुनर्नावर्तते यतः ॥ ६२ ॥**

મુક્તિની ઇચ્છાવાળા યોગીને પ્રાણાયામ વિગેરે સાધનરૂપ છે અને પરબ્રહ્મ એટલે મોક્ષ સાધ્યરૂપ છે, કે જે મોક્ષ મળવાથી ફરીથી કદાપિ પાછું સંસારમાં આવવાનું રહેતું નથી. ૬૨.

## મુનિ અને પશુઃ—

सुभाषितेन गीतेन, युवतीनां च लीलया ।
मनो न भिद्यते यस्य, स योगी ह्यथवा पशुः ॥ ६३ ॥

સુભાષિતવડે, સંગીતવડે અને સ્ત્રીઓની લીલાવડે જેનું મન ભેદાતું ન હોય, તે યોગી અથવા પશુ જાણવો. ૬૩.

## મુનિના પતનનાં કારણોઃ—

द्रव्यस्त्रीमांससंपर्कान्मधुमाक्षिकलेहनात् ।
विचारस्य परित्यागाद्यतिः पतनमृच्छति ॥ ६४ ॥

यतिधर्मसमुच्चय, अ०, १६, श्लो० १०.

દ્રવ્ય, સ્ત્રી અને માંસના સંબંધથી ( પરિચયથી ), મદિરા અને મધના ચાટવાથી તથા તત્ત્વના વિચારનો ત્યાગ કરવાથી યતિ પતન પામે છે-ધર્મભ્રષ્ટ થાય છે. ૬૪.

## વેષધારી મુનિઃ—

स्वाध्यायमाधित्ससि नो प्रमादैः,
शुद्धा न गुप्तीः समितीश्च धत्से ।
तपो द्विधा नार्जसि देहमोहा-
दल्पेऽपि हेतौ दधसे कषायान् ॥ ६५ ॥

परीषहाश्चो सहसे न चोप-
सर्गांश्च शीलाङ्गधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं,
मुने ! कथं यास्यसि वेषमात्रात् ॥ ६६ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० २, ३.

હે મુનિ ! તું પ્રમાદને લીધે સ્વાધ્યાય કરતો નથી, શુદ્ધ ત્રણ ગુપ્તિને તથા પાંચ સમિતિને ધારણ કરતો નથી, બાહ્ય અને આભ્યંતર એ પ્રકારના તપને, શરીર પરના મોહને લીધે, કરતો નથી, થોડા કારણમાં પણ ક્રોધાદિક કષાયને ધારણ કરે છે, બાવીશ પરીષહોને તથા ચાર પ્રકારના ઉપસર્ગોને સહન કરતો નથી, તો મુક્ત થવાને ઇચ્છતો છતો પણ તું આ વેષ-માત્રથી જ કેવી રીતે સંસારરૂપી સમુદ્રના પારને પામીશ ૬૫, ૬૬.

आजीविकार्थमिह यद्यतिवेषमेष
धत्से चरित्रममलं न तु कष्टभीरुः ।
तद्वेत्सि किं न न बिभेति जगज्जिघृक्षु-
र्मृत्युः कुतोऽपि नरकश्च न वेषमात्रात् ? ॥६७॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ४.

જગતમાં આજીવિકાને માટે આ તું યતિવેષને ધારણ કરે છે, પરંતુ કષ્ટથી ભય પામતો તું નિર્મળ ચારિત્રને પામતો નથી. પરંતુ શું તું નથી જાણતો કે આખા જગતને ખાઈ જવાને ઇચ્છતાં આ મૃત્યુ અને નરક એ બન્ને કોઈ પણ પ્રકારના વેષમાત્રથી ભય પામતાં નથી ? ૬૭.

ये लुब्धचित्ता विषयादिभोगे,
बहिर्विरागा हृदि बद्धरागाः ।
ते दाम्भिका वेषभृतश्च धूर्ता
मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥ ६८ ॥

हृदयप्रदीप.

જેઓનું ચિત્ત વિષયાદિક ભોગમાં લુબ્ધ હોય છે, બહારથી વૈરાગ્ય ધારણ કરે છે અને હૃદયમાં રાગને ધારણ કરે છે, તેઓ દંભવાળા, માત્ર વેષને જ ધારણ કરનારા અને ધૂર્ત લોકો, સર્વ લોકના મનને તો ખુશી કરી શકે છે. પરંતુ તેઓ કોઈનું કલ્યાણ કરી શકતા નથી. ૬૮.

## મુનિપણાની ભાવના:—

एकाकी निःस्पृहः शान्तः, पाणिपात्रो दिगम्बरः ।
कदा शम्भो भविष्यामि, संसारोन्मूलनक्षमः ? ॥ ६९ ॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ८९.

હે શંભુ ! હું એકલો ( સંગ રહિત ), સ્પૃહારહિત, શાંત, હાથરૂપી પાત્રવાળો અને દિશારૂપી વસ્ત્રવાળો થઇ સંસારનો વિનાશ કરવામાં સમર્થ ક્યારે થઇશ ? ૬૯.

## મુનિ થવાનો આદેશ:—

ब्रह्मचारी गृहस्थो वा, वानप्रस्थोऽथवा पुनः ।
विरक्तः सर्वकामेभ्यः, पारिव्राज्यं समाश्रयेत् ॥ ७० ॥

भागवत, स्कंध ३, अ० १३, श्लो० २७.

બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી કે વાનપ્રસ્થાશ્રમી જે કોઈ પણ સર્વ પ્રકારના કામ( ઇચ્છા )થી વિરક્ત થયો હોય, તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી. ૭૦.

## મુનિ-રક્ષણનું ફળઃ—

पुराणेषूक्तमस्त्येवं, ब्रह्मनिष्ठांस्तपोधनान् ।
रक्षंस्तत्पुण्यषष्ठांशभाग् भवेदवनीपतिः ॥ ७१ ॥

त्रिषष्टी, पर्व १०, सर्ग १३, श्लो० ९७.

પુરાણના ગ્રંથોમાં કહ્યું છે કે બ્રહ્મકર્મમાં તત્પર રહેનારા, અને તપરૂપી ધનવાળા મુનિઓનું રક્ષણ કરનાર રાજા તેના પુણ્યના છઠ્ઠા અંશને પામે છે. ૭૧.

# मुनि–आचार (७१)

### મુનિનાં વ્રતઃ—

**अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यं तपः शमः ।**
**क्षमा दया च संतोषो व्रतान्यस्य विशेषतः ॥ १ ॥**

यतिधर्मसंग्रह, अ० १६, श्लो० १२.

યતિનાં વિશેષે કરીને આ વ્રતો છે–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, તપ, શમ, ક્ષમા, દયા અને સંતોષ. ૧.

### મુનિનો આચારઃ—

**भिक्षाटनं जपो ध्यानं, त्यागः कर्मफलस्य च ।**
**एष स्वधर्मो विख्यातो यतीनां मुक्तिमिच्छताम् ॥ २ ॥**

अत्रिस्मृति, श्लो० २२३.

ભિક્ષા માગવી, જપ કરવો, ધ્યાન કરવું અને જે કાંઇ પોતે સત્કર્મ કરે તેના ફળનો ત્યાગ કરવો; આ સર્વ મુક્તિને ઇચ્છતા યતિઓનો સ્વધર્મ કહેલો છે. ૨.

### મુનિને ત્યાજ્યઃ—

**रसायनक्रियावादौ, ज्योतिषं क्रयविक्रयम् ।**
**विविधानि च शिल्पानि, वर्जयेत् परदारवत् ॥ ३ ॥**

मेधातिथिस्मृति, श्लो० १११.

રસારણની ક્રિયા, વાદવિવાદ, જ્યોતિષ, ખરીદવું અને વેચવું, તથા વિવિધ પ્રકારનાં શિલ્પ ( કળા હુન્નર ); આ સર્વને મુનિએ પરસ્ત્રીની જેમ ત્યાગ કરવાં. ૩.

**मञ्चकं शुक्लवस्त्रं च, स्त्रीकथा लौल्यमेव च ।**
**दिवा स्वापश्च स्नानं च, यतीनां पातकानि षट् ॥ ४ ॥**

**नारदपरिव्रा० उपनि०, उपदेश ४, श्लो० ३६.**

સુવા માટે પલંગ, પહેરવા માટે શ્વેત વસ્ત્ર, સ્ત્રી સંબંધી કથા, ચપળતા, દિવસે સુંવુ, તથા સ્નાન કરવું; આ છ યતિઓને પાપરૂપ જ છે. માટે તે છ તજવા યોગ્ય છે. ૪.

**द्वावेतौ समवीर्यौ तु, सुरा ताम्बूलमेव च ।**
**तस्मात्सर्वप्रयत्नेन, ताम्बूलं वर्जयेद्यतिः ॥ ५ ॥**

**वायुपुराण, अ० १९, श्लो० २७.**

મદિરા અને તાંબૂલ એ બે વસ્તુ સરખા વીર્યવાળી છે, તેથી યતિએ સર્વથા પ્રકારે પ્રયત્નથી તાંબૂલનો ત્યાગ કરવો. ૫.

**भूमिर्गावो हिरण्यं च, यतेर्यस्य परिग्रहः ।**
**तादृशं कश्मलं दृष्ट्वा, सचेलो जलमाविशेत् ॥ ६ ॥**

**बृहद्रचपरिशिष्ट, पूर्वार्ध, सूत्र ११.**

જે કોઇ યતિ ભૂમિ, ગાય કે સુવર્ણરૂપ પરિગ્રહ રાખતો હોય તો તેનું તેવું પાપ જોઇને ( જોનાર માણસે ) વસ્ત્ર સહિત જળમાં પ્રવેશ કરવો-સ્નાન કરવું. ( જોનારને પણ તેટલું પાપ લાગે છે તો રાખનાર યતિને ઘણું પાપ લાગે તેમાં શું કહેવું ? ) ૬.

## મુનિની ભાષાઃ—

मुनिना मसृणं शान्तं, प्राञ्जलं मधुरं मृदु ।
वदता तापलेशोऽपि, त्याज्यः स्वस्य परस्य च ॥७॥

योगसार, प्रस्ताव ५, श्लो० ८.

મુનિએ સ્નેહવાળું, શાંતિવાળું, સરળ, મધુર અને કોમળ વચન બોલતાં છતાં પોતાને તથા બીજાને લેશ માત્ર પણ તાપ-દુઃખ ન થાય તેમ કરવું જોઈએ. ૭.

उच्चारयस्यनुदिनं न करोमि सर्वं,
सावद्यमित्यसकृदेतदथो करोषि ।
नित्यं मृषोक्तिजिनवंचनभारितात्तत्,
सावद्यतो नरकमेव विभावये ते ॥ ८ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ११.

તું હમેશાં દીવસ અને રાતમાં થઇ નવ વાર કરેમિ ભંતેનો પાઠ ભણતાં બોલે છે, કે હું સાવદ્ય કામ નહિ કરૂં અને પાછો વારંવાર તેજ કર્યા કરે છે, આ સાવદ્ય કર્મો કરી તું ખોટું બોલનાર થવાથી પ્રભુને પણ છેતરનાર છે અને તે પાપના ભારથી ભારે થએલા તારે માટે તો નરકજ છે, એમ હું ધારૂં છું. ૮.

## મુનિના બ્રહ્મચર્યના નિયમોઃ--

किं विविक्तेन मौनेन, स्त्रीभिर्यस्य मनो हृतम् ?
कदाऽपि युवतिं भिक्षुर्न स्पृशेद्दारवीमपि ॥ ९ ॥

यतिधर्मसंग्रह, श्लो०, ३६.

જેનું મન સ્ત્રીઓથી હરણ કરાયું હોય (જેના મનમાં સ્ત્રીઓનું સ્મરણ હોય) તે યતિને એકાંતમાં રહેવાથી અથવા મૌન ધારણ કરવાથી શું ફળ છે? તેથી ભિક્ષુએ કોઇ પણ વખત લાકડાની સ્ત્રી( પુતળી )ને પણ સ્પર્શ કરવો નહીં. ૯.

**न संभाषेत् स्त्रियं कांचित्, पूर्वदृष्टां च न स्मरेत् ।**
**कथां च वर्जयेत्तासां, न पश्येल्लिखितामपि ॥ १० ॥**

नारदपरित्रा० उपनि०, उपदेश ४, श्लो० ५३.

મુનિએ કોઇ પણ સ્ત્રી સાથે વાતચીત કરવી નહીં, પ્રથમ જોયેલી સ્ત્રીનું સ્મરણ કરવું નહીં, સ્ત્રીઓની કથાનો ત્યાગ કરવો, તથા ચિત્રમાં આળેખેલી સ્ત્રીને પણ જોવી નહીં. ૧૦.

**संयमधर्मविबद्धशरीराः, साधुभटाः शरवैरिणमुग्रम्**
**शीलतपःशितशस्त्रनिपातैर्दर्शनबोधबलाद्विधुनन्ति ॥११॥**

सुभाषितरत्नसंदोह, श्लो० ५९५.

સંયમ અને ધર્મથી બંધાયેલ છે શરીર જેમનાં એવા સાધુરૂપી યોદ્ધાઓ, શીયળ અને તપરૂપી તીક્ષ્ણ શસ્ત્રોના ઘાવડે, દર્શન અને જ્ઞાનની સહાયતાથી, ઉગ્ર એવા કામરૂપી શત્રુને હઠાવે છે. ૧૧

જળત્યાગઃ—

**सूक्ष्माणि जन्तूनि जलाश्रयाणि,**
**जलस्य वर्णाकृतिसंस्थितानि ।**
**तस्माज्जलं जीवदयानिमित्तं,**
**निर्ग्रन्थशूराः परिवर्जयन्ति ॥ १२ ॥**

જળની જેવા જ વર્ણ, આકૃતિ અને સંસ્થાનવાળાં અતિ સૂક્ષ્મ જંતુઓ જળને વિષે રહેલાં છે, તેથી જીવદયાને નિમિત્તે મુનિનો આચાર પાળવામાં શૂરવીર મુનિઓ જળને વર્જે છે–જળનો ઉપયોગ ( સ્નાનાદિક ) કરતા નથી. ૧૨.

## મુનિનું પાત્રઃ—

अलाबु दारुपात्रं च, मृन्मयं वैदलं तथा ।
एतानि यतिपात्राणि, मनुः स्वायंभुवोऽब्रवीत् ॥ १३ ॥

मनुस्मृति, अ० ६, श्लो० ५४.

તુંબડાનું, કાષ્ઠનું, માટીનું તથા વાંસનું પાત્ર, આ યતિનાં પાત્રો સ્વયંભૂના ( બ્રહ્માના ) પુત્ર મનુએ કહ્યાં છે. ૧૩.

अतैजसानि पात्राणि, तस्य स्युर्निर्व्रणानि च ।
तेषामद्भिः स्मृतं शौचं, चमसानामिवाध्वरे ॥ १४ ॥

मनुस्मृति, अ० ६, श्लो० ५३.

મુનિને ધાતુનાં પાત્ર હોવાં ન જોઇએ, તેમ જ છિદ્ર રહિત હોવાં જોઇએ ( એટલે કે કાષ્ઠનાં કે માટીનાં પાત્ર હોવાં જોઇએ. ) અને યજ્ઞના ચમસ વિગેરે પાત્રોની જેમ તે મુનિનાં પાત્રો પાણીથી જ શુદ્ધ થાય છે એમ કહ્યું છે. ૧૪.

अतेजसानि पात्राणि, भिक्षाऽर्थं कल्पयेन्मुनिः ।
सर्वेषामेव भिक्षूणां, दार्वलाबुमयानि च ॥ १५ ॥

लघुविष्णुस्मृति, अ० ४, श्लो० २९.

મુનિએ ભિક્ષાને માટે ધાતુ વિનાનાં પાત્રો રાખવાં. તથા સર્વ ભિક્ષુકોને કાષ્ઠનાં અને તુંબડાનાં પાત્રો કલ્પે છે. ૧૫.

### ભિક્ષા સંબંધી આચારઃ—

**यस्तु मोहेन वाऽन्यस्मादेकान्नादी भवेद्यतिः ।**
**न तस्य निष्कृतिः काचिद्धर्मशास्त्रेषु दृश्यते ॥ १६ ॥**

पद्मपुराण, अ० ५९, श्लो०, १७.

જે મુનિ મોહથી કે બીજા કોઈ કારણથી એક ઘરનું ભોજન કરે છે, તેને માટે ધર્મશાસ્ત્રોમાં કાંઈ પણ પ્રાયશ્ચિત્ત દેખાતું નથી.૧૬

**एककालं चरेद्भैक्षं, न प्रसज्जेत विस्तरे ।**
**भैक्षे प्रसक्तो हि यतिर्विषयेष्वपि सज्जति ॥ १७ ॥**

मनुस्मृति, अ० ६, श्लो० ५५.

યતિએ એક જ વખત ભિક્ષા કરવી જોઇએ, પરંતુ વધારે વાર ભિક્ષા કરવાનો પ્રસંગ પાડવો નહીં. કેમકે જે યતિ ભિક્ષામાં આસક્તિ રાખે છે તે સંસારના વિષયોમાં આસક્ત થાય છે. ૧૭.

**अलाभे न विषादी स्याल्लाभे चैव न हर्षयेत् ।**
**प्राणयात्रिकमात्रः स्यात् पात्रासङ्गाद्विनिर्गतः ॥१८॥**

मनुस्मृति, अ० ६, श्लो० ५७.

ભિક્ષાનો લાભ ન મળે તો વિષાદ ન કરવો, લાભ થાય તો હર્ષ ન કરવો, પાત્રાદિકને વિષે આસક્તિ ( મમતા ) રહિત થઈને માત્ર પ્રાણવૃત્તિને કરનાર જ થવું-તેટલું જ અન્ન લેવું.૧૮.

**चरेन्माधुकरीं वृत्तिमपि म्लेच्छकुलादपि ।**
**एकान्नं नैव भोक्तव्यं, बृहस्पतिसमादपि ॥ १९ ॥**

अत्रिस्मृति, श्लो० १५९, तथा पाराशरस्मृति, अ० १, श्लो. ६०.

મુનિએ કદાચ કષ્ટને સમયે મ્લેચ્છના કુળમાંથી પણ માધુકરી વૃત્તિ ( ભમરાની જેમ જૂદા જૂદા ઘરની ભિક્ષા ) ગ્રહણ કરવી. પરંતુ બૃહસ્પતિની જેવા ઉચ્ચ કુળમાંથી પણ એક અન્ન ( એક ઘરનું અન્ન ) ગ્રહણ કરી ભોજન કરવું નહીં. ૧૯.

**न तापसैर्ब्राह्मणैर्वा, वयोभिरपि वा श्वभिः ।**
**आकीर्णं भिक्षुकैर्वाऽन्यैरागारमुपसंव्रजेत् ॥ २० ॥**

मनुस्मृति, अ० ६, श्लो० ५१.

ગૃહસ્થનું જે ઘર તાપસોવડે, બ્રાહ્મણોવડે, પક્ષીઓવડે, કુતરાઓવડે, કે બીજા ભિક્ષુકોવડે વ્યાપ્ત હોય, તે ઘરમાં મુનિએ ભિક્ષા લેવા જવું નહીં. ૨૦.

**प्राणयात्रानिमित्तं च, व्यङ्गारे भुक्तवज्जने ।**
**काले प्रशस्तवर्णानां, भिक्षार्थं पर्यटेद् गृहान् ॥ २१ ॥**

विष्णुपुराण, अंश ४, पृ. १७, श्लो. २४.

ભિક્ષુએ માત્ર પ્રાણયાત્રાને નિમિત્તે જ ( શરીરના નિર્વાહ માટે જ ) જે વખતે રસોડામાં અગ્નિના કોયલા બુઝાઇ ગયા હોય અને જે વખતે ઘરના સર્વ જનો ભોજન કરી રહ્યા હોય તેવે સમયે ઉચ્ચ વર્ણના ઘરોમાં ભિક્ષા લેવા માટે અટન કરવું-જવું. ૨૧.

**पक्वं वा यदि वाऽपक्वं, पाचयेद्यः क्वचिद्यतिः ।**
**स्वधर्मस्य तु लोपेन, तिर्यग्योनिं व्रजेद्यतिः ॥२२॥**

अत्रिस्मृति, श्लो० १८०.

પાકેલા અને નહીં પાકેલા અનાજને કોઇ પણ વખત યતિ બીજા પાસે રંધાવે, તો તે યતિ સ્વધર્મનો લોપ કરી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે. ૨૨.

**अनग्निरनिकेतो वा, मुनिर्मोक्षपरो भवेत् ।**
**तापसेष्वेव विप्रेषु, यात्रिकं भैक्ष्यमाहरेत् ॥ २३ ॥**

पद्मपुराण, अ० ५८, श्लो० ३३.

અગ્નિરહિત અને ઘરરહિત મુનિ, મોક્ષ મેળવવા જ તત્પર હોય છે. તે તાપસ એટલે તપસ્વી બ્રાહ્મણોના ઘરથી જ પ્રાણ-વૃત્તિને માટે ભિક્ષા ગ્રહણ કરે. ૨૩.

**भैक्षेण वर्तयेन्नित्यं, नैकान्नादी भवेद्व्रती ।**
**भैक्षेण व्रतिनो वृत्तिरुपवाससमा स्मृता ॥ २४ ॥**

मनुस्मृति, अ० २, श्लो० १८८.

યતિએ હમેશાં ભિક્ષા માગીને પ્રાણવૃત્તિ કરવી, એક ઘરનું અન્ન કદાપિ ખાવું નહીં. કેમકે ભિક્ષાવડે જો યતિ પ્રાણવૃત્તિ કરે તો તે ઉપવાસ સમાન કહેલ છે. ૨૪.

**माधुकरं समाहृत्य, ब्राह्मणेभ्यो ददाति यः ।**
**स याति नरकं विप्रो भोक्ता चान्द्रायणं चरेत् । २५ ॥**

क्रतु-

જે યતિ મધુકરી–ભિક્ષા–લાવીને પછી તે ભોજન બ્રાહ્મણને આપે તો તે યતિ નરકે જાય છે, અને તે ખાનાર બ્રાહ્મણે ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવાનું પ્રાપ્ત થાય છે–એટલે કે તેટલો દોષ તેને લાગે છે. ૨૫.

## વર્ષાઋતુની સ્થિરતાઃ—

अष्टौ मासान् विहारः स्याद्यतीनां संयतात्मनाम् ।
एकत्र चतुरो मासान्, वार्षिकान् निवसेत् पुनः ॥२६॥

मत्स्यपुराण, अ० १७, श्लो० ९.

સંયમમાં તત્પર રહેનારા યતિઓએ આઠ માસ સુધી વિહાર કરવો, અને વર્ષાઋતુના ચાર માસ એક સ્થાને નિવાસ કરવો. ૨૬.

जले जीवाः स्थले जीवा आकाशे जीवमालिनि ।
जीवमालाऽऽकुले लोके, वर्षास्वेकत्र संवसेत् ।

अत्रिस्मृति, श्लो० ३९.

જળમાં જીવો હોય છે, સ્થળમાં ( પૃથ્વીપર ) જીવો હોય છે, આકાશમાં પણ જીવના સમૂહો હોય છે, આ રીતે જીવોના સમૂહથી વ્યાપ્ત એવું આખું જગત ચોમાસામાં હોય છે, તેથી ચોમાસામાં યતિએ એક જ સ્થાને રહેવાનું છે. ૨૭.

चौरैरुपद्रुतं देशं, दुर्भिक्षं व्याधिपीडितम् ।
चक्रेणान्येन च क्रान्तं, वर्षास्वप्याशु तं त्यजेत् ॥२८॥

वृद्धयाज्ञ० स्मृति, श्लो० ३१२.

જે દેશ ચોરોવડે ઉપદ્રવવાળો થયો હોય, દુષ્કાળ કે વ્યાધિવડે પીડાતો હોય, અથવા શત્રુના સૈન્યે આક્રમણ કરેલો ( રૂંધેલો ) હોય, તે દેશનો યતિએ વર્ષાઋતુને વિષે પણ જલ્દી ત્યાગ કરવો. ૨૮.

ग्री( ग्रै )ष्महैमन्तिकान्मासानष्टौ भिक्षुः प्रचङ्क्रमेत् ।
दयार्थं सर्वभूतानां, वर्षामेकत्र संवसेत् ॥ २९ ॥

मत्स्यपुराण, अ० ७८, श्लो० ३.

ઉનાળા અને શિયાળાના મળીને કુલ આઠ માસ સુધી ભિક્ષુએ પૃથ્વીપર વિચરવું-ફરવું, અને સર્વ પ્રાણીઓની દયાને માટે વર્ષા ઋતુમાં એક ઠેકાણે જ રહેવું. ૨૯.

पर्यटेत् कीटवद्भूमिं, वर्षास्वेकत्र संवसेत् ।
वृद्धानामातुराणां च, भीरूणां सङ्गवर्जितः ॥ ३० ॥

विष्णुस्मृति, अ० ४, श्लो० ३६.

વૃદ્ધ, રોગી અને બીકણ પુરૂષોના સંગનો ત્યાગ કરનાર સંન્યાસીએ કીડાની જેમ આઠ માસ પૃથ્વીપર પર્યટન કરવું અને વર્ષા ઋતુને વિષે એક સ્થાને વસવું જોઇએ. ૩૦.

प्रायेण प्रावृषि प्राणिसंकुलं वर्त्म दृश्यते ।
आषाढादि चतुर्मासं, कार्तिक्यन्तं तु संवसेत् ॥ ३१ ॥

विष्णुस्मृति, अ० ४, श्लो० ८.

ઘણું કરીને ચોમાસામાં માર્ગો જીવાકુળ જોવામાં આવે

છે, તેથી અષાઢથી આરંભીને કાર્તિકી પૂર્ણિમા સુધી ચાર માસ મુનિએ એકસ્થાને વસવું યોગ્ય છે. ૩૧.

## ગમનાગમનના નિયમોઃ—

यावद्वर्षत्यकालेऽपि, यावत्क्लिन्ना( न्ना ) च मेदिनी ।
तावन्न विचरेद्भिक्षुः, स्वधर्मं परिपालयन् ॥ ३२ ॥

अत्रिस्मृति, श्लो० २२१.

અકાળે એટલે વર્ષાઋતુ વિના પણ જ્યાં સુધી વરસાદ વરસતો હોય અને જ્યાં સુધી પૃથ્વી ભીંજાયેલી હોય, ત્યાં સુધી પોતાના ધર્મને પાળનાર ભિક્ષુએ વિચરવું નહીં—એક જ સ્થાને રહેવું. ૩૨.

भयं प्राणान्तिकं मुक्त्वा, विण्मूत्रोत्सर्ग एव च ।
नान्यत्र विचरेद्रात्रौ, न मध्याह्ने न सन्ध्ययोः ॥ ३३ ॥

दक्षस्मृति, श्लो० ६९.

પ્રાણાંત ભય હોય અથવા મળ કે મૂત્રની બાધા થઈ હોય, આવા ખાસ કારણ સિવાય રાત્રિએ, મધ્યાન્હ સમયે અને સાંજ સવારની બન્ને સંધ્યાને સમયે યતિએ વિચરવું નહીં. ૩૩.

पर्यटेत सदा योगी, वीक्षयन् वसुधातलम् ।
न रात्रौ न च मध्याह्ने, सन्ध्ययोर्नैव पर्यटेत् ॥ ३४ ॥

नारदपरिव्रा, उपनि०, उपदेश ४, श्लो० ७२.

યતિ દરરોજ પૃથ્વીતળને જોતો જોતો પર્યટન કરે-વિચરે, પરંતુ રાત્રિએ, મધ્યાન્હ સમયે અને સાંજ સવારની બન્ને સંધ્યા સમયે વિચરે નહીં. ૩૪.

સ્થિરતાના નિયમો:—

एकाहात् परतो ग्रामे, पञ्चाहात् परतः पुरे ।
वर्षाभ्योऽन्यत्र तत्स्थानं, मासेन तदुदाहृतम् ॥ ३५ ॥

मेधातिथिस्मृति, श्लो० २१.

ગામમાં એક દિવસથી વધારે અને નગરમાં પાંચ દિવસથી વધારે, વર્ષાઋતુ સિવાય, એક સ્થાને રહેવાની જરૂર પડે તો એક માસ સુધી રહેવું તેથી વધારે રહેવું નહીં એમ કહ્યું છે. ૩૫.

एकरात्रं वसेद्ग्रामे, पत्तने तु दिनत्रयम् ।
पुरे दिनद्वयं भिक्षुर्नगरे पञ्चरात्रकम् ॥ ३६ ॥
वर्षास्वेकत्र तिष्ठेत, स्थाने पुण्यजला(ना)वृते ।
आत्मवत्सर्वभूतानि, पश्यन् भिक्षुश्चरेन्महीम् ॥ ३७ ॥

अत्रिस्मृति, श्लो० ५४.

ભિક્ષુએ નાના ગામમાં એક દિવસ રહેવું, પટ્ટણમાં ત્રણ દિવસ રહેવું, પુરમાં બે દિવસ રહેવું, અને નગરમાં પાંચ દિવસ રહેવું.

વર્ષાઋતુમાં પવિત્ર જળવાળા ( અથવા પુણ્યશાળી મનુષ્યોની વસ્તીવાળા ) એક સ્થાનમાં રહેવું તથા પોતાના આત્માની જેમ સર્વ પ્રાણીઓને જોતા-જાણતા ભિક્ષુએ પૃથ્વીપર વિચરવું. ૩૬, ૩૭.

मुहूर्त्तमपि नासीत, देशे सोपद्रवे यतिः ।
उपद्रुते तु मनसि, समाधिर्नैव जायते ॥ ३८ ॥

वृद्धयाज्ञव० स्मृति, श्लो० ३०.

યતિએ ઉપદ્રવવાળા દેશમાં એક મુહૂર્ત પણ રહેવું નહીં, કેમકે ઉપદ્રવવાળા દેશમાં રહેવાથી મનની સમાધિ ( એકાગ્રતા ) થઇ શકતી નથી. ૩૮.

**एकरात्रस्थितिर्ग्रामे, पञ्चरात्रस्थितिः पुरे ।**
**तथा तिष्ठेद्यथा प्रीतिर्द्वेषो वाऽस्य न जायते ॥ ३९ ॥**

**भागवतपुराण, स्कंध ५, अ० ११, श्लो० ७३.**

સાધુએ ગામને વિષે એક રાત્રિ સ્થિતિ કરવી અને પુરને વિષે પાંચ રાત્રિ રહેવું. અને તે એવી રીતે રહેવું કે જેથી તે લોકોને પ્રીતિ કે દ્વેષ કાંઇ પણ ઉત્પન્ન ન થાય. ૩૯.

# धर्म (७२)

ધર્મનું સ્વરૂપઃ—

स धर्मो यो दयायुक्तः, सर्वप्राणिहितप्रदः ।
स एवोत्तारणे शक्तो भवाम्भोधेः सुदुस्तरात् ॥ १ ॥

तत्त्वामृत, श्लो० ६५.

જે દયાયુક્ત હોય, તથા સર્વ પ્રાણીઓને હિતકારક હોય, તે જ ધર્મ કહેવાય છે, અને તે ધર્મ જ અત્યંત દુસ્તર એવા સંસારરૂપી સાગરથી તારવામાં શક્તિમાન છે. ૧.

वचः सत्यं गुरौ भक्तिः, शक्त्या दानं दया दमः ।
अधर्मः पुनरेतस्माद्विपरीतोऽसुखावहः ॥ २ ॥

पार्श्वनाथचरित्र ( गद्य ), पृ० ४. ( प्र. स. )*

સત્ય વચન બોલવું, ગુરૂજનને વિષે ભક્તિ કરવી, શક્તિ પ્રમાણે દાન આપવું, સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી, અને ઇંદ્રિયોનું દમન કરવું, આ સર્વ ધર્મ છે, આનાથી જે વિપરીત આચરણ કરવું તે અધર્મ છે, અને તે દુઃખને આપનાર છે. ૨.

पञ्चैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं, त्यागो मैथुनवर्जनम् ॥ ३ ॥

अष्टक १३ ( हरिभद्र ), श्लो० २.

ધર્મનું આચરણ કરનારા સર્વ મનુષ્યોને અહિંસા, સત્ય-વચન, અચૌર્ય, ત્યાગ–પરિગ્રહરહિતપણુ–અને બ્રહ્મચર્ય, આ પાંચ વસ્તુ અતિ પવિત્ર છે–આ પાંચ નિયમ અવશ્ય પાળવા જોઇએ. ૩.

**अहिंसासूनृतास्तेय–ब्रह्माकिञ्चनतामयः ।**
**केवल्युपज्ञः परमो धर्मश्च शरणं मम ॥ ४ ॥**

त्रिषष्टि, पर्व १०, सर्ग १२, श्लो० ३९८.

અહિંસા, સત્ય, અચૌર્ય ( અદત્તાદાન વિરમણુ ), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતમય, કેવળીએ કહેલો, ઉત્તમ ધર્મ મારૂં શરણુ હો. ૪.

**दीनोद्धरणमद्रोहो विनयेन्द्रियसंयमौ ।**
**न्याय्या वृत्तिर्मृदुत्वं च, धर्मोऽयं पाप्मनश्छिदे ॥ ५ ॥**

विवेकविलास, उल्लास ३, श्लो० ७.

દીન જનનો ઉદ્ધાર કરવો, કોઇ પ્રાણીનો દ્રોહ ન કરવો, વિનય રાખવો, ઇંદ્રિયોને નિયમમાં રાખવી, ન્યાયવાળી આજીવિકા કરવી, અને કોમળતા રાખવી. આ ધર્મ પાપનો નાશ કરનાર છે. ૫.

**अहिंसा सत्यमस्तेयं, त्यागो मैथुनवर्जनम् ।**
**पञ्चस्वेतेषु धर्मेषु, सर्वे धर्माः प्रतिष्ठिताः ॥ ६ ॥**

महाभात, शांतिपर्व, अ० १३, श्लो० ३०.

અહિંસા, સત્ય, અચૌર્ય, પરિગ્રહનો ત્યાગ અને મૈથુનનો ત્યાગ, આ પાંચ ધર્મને વિષે સર્વે ધર્મો રહેલા છે. ૬.

न तत्परस्य संदध्यात्, प्रतिकूलं यदात्मनः ।
एष संक्षेपतो धर्मः, कामादन्यः प्रवर्तते ॥ ७ ॥

महाभारत, अनुशासनपर्व, अ० ८, श्लो० ११.

જે પોતાના આત્માને પ્રતિકૂળ હોય તે બીજા પ્રાણીને કરવું નહીં, આ જ સંક્ષેપથી શ્રેષ્ઠ ધર્મ છે, આ સિવાયનો બીજો ધર્મ તો પોતપોતાની ઇચ્છાથી પ્રવર્તાવેલો છે. ૭.

धारणाद् धर्ममित्याहुर्धर्मो धारयते प्रजाः ।
यत् स्याद्धारणसंयुक्तं, स धर्म इति निश्चयः ॥ ८ ॥

महाभारत, शांतिपर्व, अ० १०९, श्लो० १२.

નીચ ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરી રાખવાથી ધર્મ કહેવાય છે. ધર્મ જ પ્રજાઓ( પ્રાણીઓ )ને ધારણ કરી રાખે છે. તેથી જે ધારવાની ક્રિયાવડે કરીને સહિત હોય તે જ ધર્મ કહેવાય છે, એવો નિશ્ચય છે. ૮.

अदत्तस्यानुपादानं, दानमध्ययनं तपः ।
अहिंसा सत्यमक्रोधः, क्षमा धर्मस्य लक्षणम् ॥ ९ ॥

महाभारत, शांतिपर्व, अ० ३५, श्लो० १०.

ધણીએ નહીં આપેલી વસ્તુ લેવી નહીં, દાન દેવું, શાસ્ત્રાભ્યાસ કરવો, તપ કરવો, હિંસાનો ત્યાગ કરવો, સત્ય બોલવું, ક્રોધ ન કરવો અને ક્ષમા ધારણ કરવી, આ ધર્મનું લક્ષણ છે. ૯.

**अहिंसा सत्यमस्तेयं, शौचमिन्द्रियनिग्रहः ।**
**दानं दमो दया क्षान्तिः, सर्वेषां धर्मसाधनम् ॥ १० ॥**

याज्ञ० स्मृति, अ० १, श्लो० १२२.

અહિંસા, સત્ય, અચૌર્ય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, દાન, દમ, દયા અને ક્ષમા આ સર્વ જનોનાં ધર્મનાં સાધન છે. ૧૦.

## ધર્મની સ્થાપના:—

**यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ! ।**
**अभ्युत्थानमधर्मस्य, तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ ११ ॥**

भगवद्गीता, अ० ४, श्लो० ७.

હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ ( વિનાશ ) થાય છે અને અધર્મની ઉત્પત્તિ થાય છે, ત્યારે ત્યારે મારા આત્માને સરજું છું, એટલે કે પૃથ્વીપર અવતાર ધારણ કરી હું ધર્મની સ્થાપના કરૂં છું. ૧૧.

## ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ, સ્થિતિ અને નાશ:—

**कथमुत्पद्यते धर्मः ? कथं धर्मो विवर्धते ? ।**
**कथं च स्थाप्यते धर्मः ? कथं धर्मो विनश्यति ? ॥१२॥**

महाभारत, शांतिपर्व, पाद १, अ० १९, श्लो० ८७.

**सत्येनोत्पद्यते धर्मो दयादानेन वर्धते ।**
**क्षमायां स्थाप्यते धर्मो लोभाद्धर्मो विनश्यति ॥ १३ ॥**

महाभारत, शांतिपर्व 'पाद १, अ० १७, श्लो० १०१.

પ્રશ્ન—ધર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? ધર્મ કેવી રીતે વૃદ્ધિ પામે છે ? ધર્મ કેવી રીતે સ્થિર થાય છે ? અને ધર્મ કેવી રીતે નાશ પામે છે ? ઉત્તર—ધર્મ સત્યથી ઉત્પન્ન થાય છે, દયા અને દાનથી તે વૃદ્ધિ પામે છે, ક્ષમાને વિષે તે સ્થિર રહે છે, અને લોભથી ધર્મ નાશ પામે છે. ૧૨, ૧૩.

**ધર્મનું મહત્વઃ—**

**धर्मो माता पिता चैव, धर्मो बन्धुः सुहृत्तथा ।**
**धर्मः स्वर्गस्य सोपानं, धर्मात्स्वर्गमवाप्नुयात् ॥ १४ ॥**

इतिहाससमुच्चय, अ० १८, श्लो० १०.

ધર્મ જ માતા પિતા છે, ધર્મ જ બંધુ અને મિત્ર છે, ધર્મ જ સ્વર્ગ ઉપર ચઢવાની નીસરણી છે, અને ધર્મથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. ૧૪.

**असावनक्षरो लेखो निर्देवं देवमन्दिरम् ।**
**निर्जलं च सरो धर्म, विना यन्मानुषो भवः ॥ १५ ॥**

पार्श्वनाथचरित्र, सर्ग १, श्लो० ३९. ( य. ग्रं. )

ધર્મ વિનાનો જે મનુષ્યભવ છે તે, અક્ષર વિનાના લેખ સમાન, દેવની પ્રતિમા વિનાના દેવમંદિર સમાન અને પાણી વિનાના સરોવર સમાન સમજવો. ૧૫.

**धर्मः शर्ममहाहर्म्यं, धर्मो वर्मारिसङ्कटे ।**
***धर्मो जाड्यच्छिदाधर्मो धर्मो मर्माविधंहसाम् ॥१६॥***

त्रिषष्ठि०, पर्व १, सर्ग १, श्लो० १४९.

ધર્મ જ સુખની હવેલી છે, ધર્મ જ શત્રુના સંકટ વખતે બખ્તર છે, ધર્મ જ જડતાને છેદવામાં ધામ સમાન છે, અને ધર્મ જ પાપના મર્મસ્થાનને વીંધનાર છે. ૧૬.

**धर्मो मातेव पुष्णाति, धर्मः पाति पितेव च ।**
**धर्मः सखेव प्रीणाति, धर्मः स्निह्यति बन्धुवत् ॥ १७ ॥**

त्रिषष्टि, पर्व० १, श्लो० १४७.

ધર્મ માતાની જેમ પોષણ કરે છે, ધર્મ પિતાની જેમ રક્ષણ કરે છે, ધર્મ મિત્રની જેમ પ્રસન્ન કરે છે, અને ધર્મ જ બંધુની જેમ સ્નેહ રાખે છે. ૧૭.

**धर्मो मङ्गलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः ।**
**धर्मः संसारकान्तारोल्लङ्घने मार्गदेशकः ॥ १८ ॥**

त्रिषष्टि०, पर्व १, सर्ग १, श्लो० १४६.

ધર્મ જ ઉત્કૃષ્ટ મંગળ છે, ધર્મ જ સ્વર્ગ અને મોક્ષને આપનાર છે, અને ધર્મ જ સંસારરૂપી અરણ્યને ઓળંગવામાં માર્ગને દેખાડનાર છે. ૧૮.

**धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः ।**
**धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥ १९ ॥**

धर्मबिंदु, अ० १.

ધર્મ જ ધનના અર્થીઓને કુબેર જેવો કહ્યો છે, ધર્મ જ કામીઓના સર્વ કામને આપનાર કહ્યો છે, અને ધર્મ જ પરંપરાએ મોક્ષનો સાધક કહ્યો છે. ૧૯.

**चला लक्ष्मीश्चलाः प्राणाश्चले जीवितमन्दिरे ।**
**चलाचले च संसारे, धर्म एको हि निश्चलः ॥ २० ॥**

वृद्धचाणाक्यनीति, अ० ५, श्लो० २०.

લક્ષ્મી ચંચળ છે, પ્રાણો ચંચળ છે, જીવિત અને ઘર પણ ચંચળ છે, વિનશ્વર એવા આ સંસારને વિષે ધર્મ જ એક નિશ્ચળ છે. ૨૦.

**धर्मः शर्म परत्र चेह च नृणां धर्मोऽन्धकारे रविः,**
**सर्वापत्तिशमक्षमः सुमनसां धर्माभिधानो निधिः ।**
**धर्मो बन्धुरबान्धवः पृथुपथे धर्मः सुहृन्निश्चलः,**
**संसारोरुमरुस्थले सुरतरुर्नास्त्येव धर्मात्परः ॥ २१ ॥**

क्षेमेन्द्रकवि.

ધર્મ જ મનુષ્યોને આ ભવમાં અને પરભવમાં સુખ આપનાર છે, ધર્મ જ અંધકારમાં-અજ્ઞાનના સમયમાં-સૂર્ય સમાન છે, ધર્મ નામનો મોટો નિધિ સજ્જનોની સર્વ આપત્તિનું શમન-શાંતિ-કરવામાં સમર્થ છે, ધર્મ જ મોટા માર્ગમાં મનોહર બાંધવરૂપ છે અને ધર્મ જ નિશ્ચળ મિત્રરૂપ છે, તથા સંસારરૂપી મોટી મારવાડની ભૂમિને વિષે ધર્મથી બીજો કોઈ કલ્પવૃક્ષ નથી જ-ધર્મ જ કલ્પવૃક્ષ છે. ૨૧.

**धर्मो दुःखदवानलस्य जलदः सौख्यैकचिन्तामणिः,**
**धर्मः शोकमहोरगस्य गरुडो धर्मो विपत्त्रायकः ।**
**धर्मः प्रौढपदप्रदर्शनपटुर्धर्मोऽद्वितीयः सखा,**
**धर्मो जन्मजरामृतिक्षयकरो धर्मो हि मोक्षप्रदः ॥ २२ ॥**

*पुण्यधनकथा, पृ० १८.* *

ધર્મ દુ:ખરૂપી દાવાનળને શાંત કરવામાં મેઘ સમાન છે, ધર્મ પ્રાણીઓને સુખ આપવામાં એક ચિંતામણિ સમાન છે, ધર્મ શોકરૂપી મહાસર્પને માટે ગરૂડ સમાન છે, ધર્મ વિપત્તિથી રક્ષણ કરનાર-વિપત્તિનો નાશ કરનાર-છે, ધર્મ ઉચ્ચ સ્થાન(પદવી) ને દેખાડવામાં કુશળ છે, ધર્મ અદ્વિતીય મિત્ર સમાન છે, ધર્મ જન્મ, જરા અને મૃત્યુનો ક્ષય કરનાર છે, તથા ધર્મ જ મોક્ષને આપનાર છે. ૨૨.

दीपो यथाऽल्पोऽपि तमांसि हन्ति,
लवोऽपि रोगान् हरते सुधायाः ।
तृण्यां दहत्याशु कणोऽपि चाग्ने-
र्धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥ २३ ॥

अध्यात्मकल्पद्रुम, अधिकार ११, श्लो० १३.

એક નાનો દીવો પણ અંધકારને હણી નાખે છે, અમૃતનું એક ટીપું પણ અનેક રોગોનો નાશ કરે છે અને અગ્નિની એક ચીનગારી પણ ખડના મોટા ઢગલાને બાળી મૂકે છે; તેવી જ રીતે જો ધર્મનો અંશ પણ નિર્મળ હોય તો તે પાપને હણી નાખે છે. ૨૩.

**ધર્મ: સાચો રક્ષક:—**

अपारे व्यसनाम्भोधौ, पतन्तं पाति देहिनम् ।
सदा सविधवर्त्येकबन्धुर्धर्मोऽतिवत्सलः ॥ २४ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९५.

દુઃખરૂપ અપાર સમુદ્રમાં પડતા પ્રાણીની નિરંતર પાસે રહેવાવાળો અને અજોડ બાંધવ સમાન અતિવત્સલ એક ધર્મજ રક્ષણ કરે છે. ૨૪.

**अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।**
**अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥ २५ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० १००.

જગતનો અદ્વિતીય હિતકર આ ધર્મ, જેને બાંધવ ન હોય તેનો બાંધવ છે, મિત્ર વગરનાનો મિત્ર છે, અને અનાથનો નાથ છે. ૨૫.

**नामुत्र हि सहायार्थं, पिता माता च तिष्ठतः ।**
**न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः ॥ २६ ॥**

मनुस्मृति, अ० ४, श्लो० २३९.

પ્રાણી પરલોકમાં જાય છે ત્યારે તેને સહાય કરવા માટે તેના માતા, પિતા ઉભા રહેતા નથી, પુત્ર અને સ્ત્રી પણ ઉભી રહેતી નથી, તેમ જ જ્ઞાતિ એટલે સગા સંબંધી પણ ઉભા રહેતા નથી. માત્ર એક ધર્મ જ ઉભો રહે છે. ૨૬.

**धर्मादन्यत्र विश्वेऽपि, मृत्यवे कोऽपि न प्रभुः ।**
**निरर्थकस्तु धीराणां, शोकः कातर्यलक्षणम् ॥ २७ ॥**

સમગ્ર જગતમાં ધર્મ સિવાય બીજો કોઇ મૃત્યુથી રક્ષણ કરવા સમર્થ નથી. તેથી ધીર પુરૂષોએ શોક કરવો નિરર્થક છે, કારણ કે તે તો કાયર પુરૂષનું લક્ષણ છે. ૨૭.

## ધર્મ: સાચો સુખનો ઉપાયઃ—

**सुखं हि वाञ्छते सर्वः, तच्च धर्मसमुद्भवम् ।**
**तस्माद्धर्मः सदा कार्यः, सर्ववर्णैः प्रयत्नतः ॥ २८ ॥**

दक्षस्मृति, अ० ३, श्लो० २४.

સર્વ કોઇ પ્રાણી સુખને જ ઇચ્છે છે, તે સુખ ધર્મથી જ ઉત્પન્ન ( પ્રાપ્ત ) થાય છે. તેથી સર્વ વર્ણોએ પ્રયત્નથી નિરંતર ધર્મ કરવો. ૨૮.

**सुखार्थं सर्वभूतानां, मताः सर्वाः प्रवृत्तयः ।**
**सुखं नास्ति विना धर्मं, तस्माद्धर्मपरो भवेत् ॥ २९ ॥**

સર્વ પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિઓ સુખ મેળવવાને માટે જ માનેલી છે, પરંતુ ધર્મ વિના સુખ મળતું નથી, તેથી ધર્મમાં જ તત્પર થવું જોઇએ. ૨૯.

## ધર્મ: સાચું ધનઃ—

**धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः ।**
**आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ॥३०॥**

श्राद्धविधि, पृ० १००.*

માત્ર એક ઠીબડાવડે જીવતા છતાં પણ જો મારો ધર્મ સીદાતો ન હોય-નાશ પામતો ન હોય, તો હું ઘણો ધનાઢ્ય જ છું એમ જાણવું. કારણ કે સત્પુરૂષોને ધર્મ જ ધન હોય છે. ૩૦.

### ધર્મ: સાચું અમૃત:—

**धर्मामृतं सदा पेयं, दुःखातङ्कविनाशनम् ।**
**यस्मिन् पीते परं सौख्यं, जीवानां जायते सदा ॥३१॥**

तत्त्वामृत, श्लो० ६४.

દુઃખરૂપી વ્યાધિનો નાશ કરનાર ધર્મરૂપી અમૃતનું નિરંતર પાન કરવું, કારણ કે તે અમૃત પીવાથી જીવોને સદા અત્યંત સુખ થાય છે. ૩૧.

### ધર્મ: સાચું મનુષ્યત્વ:—

**आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥३२॥**

महाभारत, शान्तिपर्व, अ० ७, श्लो० २९.

આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર બાબતો માણસોને અને પશુને સમાન જ હોય છે, પણ મનુષ્યોને તેમનાથી માત્ર એક ધર્મ જ અધિક છે, તે ધર્મરહિત જો મનુષ્ય હોય તો તે પશુતુલ્ય જ છે. ૩૨.

### ધર્મના દશ પ્રકાર:—

**संयमः सूनृतं शौचं, ब्रह्माकिञ्चनता तपः ।**
**क्षान्तिर्मार्दवमृजुता, मुक्तिश्च दशधा स तु ॥ ३३ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ९३.

સંયમ, સત્ય, શૌચ એટલે અદત્તાદાનનો પરિહાર, બ્રહ્મ-ચર્ય, અકિંચનતા એટલે શરીર અને ઉપકરણાદિમાં નિર્મમત્વ, તપ, ક્ષમા, નમ્રતા, સરળતા, અને મુક્તિ એટલે નિર્લોભતા; આવી રીતે ધર્મ દશ પ્રકારનો છે. ૩૩.

**सेव्यः क्षान्तिर्मार्दवमार्जवशौचे च संयमत्यागौ ।**
**सत्यतपोब्रह्माकिंचन्यानीत्येष धर्मविधिः ॥ ३४ ॥**

प्रशमरति, श्लो० १६७.

ક્ષમા, મૃદુતા, ઋજુતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય, અને નિષ્પરિગ્રહતા, એ રીતે દશવિધ ધર્મ-વિધિ સેવવા યોગ્ય છે. ૩૪.

**धृतिः क्षमा दमोऽस्तेयं, शौचमिन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ ३५ ॥**
**दश लक्षणानि धर्मस्य, ये विप्राः समधीयते ।**
**अधीत्य चानुवर्तन्ते, ते यान्ति परमां गतिम् ॥ ३६ ॥**

मनुस्मृति, अ० ६, श्लो० ९२, ९३.

ધૃતિ, ક્ષમા, દમ, અચૌર્ય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, ધી-વિજ્ઞાન, બ્રહ્મવિદ્યા, સત્ય અને અક્રોધ, આ દશ ધર્મનાં લક્ષણ છે. ધર્મનાં આ દશ લક્ષણોનો જે બ્રાહ્મણો સારી રીતે અભ્યાસ કરે છે, અને અભ્યાસ કરીને તે પ્રમાણે વર્તે છે, તેઓ પરમ ગતિને–મોક્ષને–પામે છે. ૩૫, ૩૬.

अथाऽहिंसा क्षमा सत्यं, ह्रीः श्रद्धेन्द्रियसंयमः ।
दानमिज्या तपो ध्यानं, दशकं धर्मसाधनम् ॥ ३७ ॥

पद्मपुराण, अ० ६९, श्लो० ५.

અહિંસા, ક્ષમા, સત્ય, લજ્જા, શ્રદ્ધા, ઇંદ્રિયદમન, દાન, યજ્ઞ, તપ અને ધ્યાન, આ દશ ધર્મના સાધન-સાધનાર-છે. ૩૭,

ધર્મના ચાર પ્રકાર:—

दानं सुपात्रे विशदं च शीलं, तपो विचित्रं शुभभावना च ।
भवार्णवोत्तारणयानपात्रं, धर्मं चतुर्धा मुनयो वदन्ति ॥३८॥

उपदेशप्रासाद ( भाषांतर ), भाग ४, पृ० ५३. (प्र. स.)

સુપાત્રને વિષે દાન દેવું, નિર્મળ શીળ પાલવું, વિચિત્ર તપ કરવો, શુભ ભાવના ભાવવી: આ ચાર પ્રકારનો ધર્મ સંસારરૂપી સમુદ્રને ઉતારવામાં વહાણુ સમાન છે એમ મુનિઓ કહે છે. ૩૮.

दुर्गतिप्रपतज्जन्तुधारणाद्धर्म उच्यते ।
दानशीलतपोभावभेदात् स तु चतुर्विधः ॥ ३९ ॥

त्रिषष्ठि, पर्व १, सर्ग १, श्लो० १५२.

દુર્ગતિમાં પડતા જંતુઓને ધારણુ કરી રાખે છે તેથી તેનું નામ ધર્મ કહેવાય છે. તે ધર્મ દાન, શીળ, તપ અને ભાવ એ ભેદથી ચાર પ્રકારનો કહેલો છે. ૩૯.

भव्यजीवे दयादानं, धर्मकल्पतरूपमम् ।
दानशीलतपोभावं, शाखा मुक्तिसुखं फलम् ॥ ४० ॥

ભવ્ય જીવને વિષે ( અથવા હે ભવ્ય! જીવને વિષે ) જે દયાદાન એટલે અભયદાન છે તે ધર્મરૂપી કલ્પવૃક્ષ સમાન છે, અને દાન, શીળ, તપ અને ભાવ એ તેની શાખા સમાન છે, તથા મુક્તિનું સુખ તે તેનું ફળ છે. ૪૦.

## ધર્મ વગર નકામું:—

**लब्ध्वाऽपि धर्मं सकलं जिनोदितं,**
**सुदुर्लभं पोतनिभं विहाय च ।**
**मनःपिशाचग्रहिलीकृतः पतन्,**
**भवाम्बुधौ नायतिदृग्जडो जनः ॥ ४१ ॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार ९, श्लो० ८.

અત્યંત દુર્લભ અને વહાણ સમાન, શ્રી જિનેશ્વરે કહેલા સમગ્ર ધર્મને પામ્યા પછી પણ તેનો ત્યાગ કરીને મનરૂપી પિશાચવડે ગાંડો થયેલો અને સંસારરૂપી સમુદ્રમાં પડતો જડ મનુષ્ય પરિણામને--ભવિષ્ય કાળને–જોતો જ નથી. ભવિષ્યમાં શું થશે તેનો વિચાર જ કરતો નથી. ૪૧.

**छिन्नमूलो यथा वृक्षो गतशीर्षो यथा भटः ।**
**धर्महीनो धनी तद्वत्, कियत्कालं ललिष्यति ? ॥ ४२ ॥**

पार्श्वनाथचरित्र, सर्ग १, श्लो० ५१. ( य. ग्रं. )

જેમ મૂલથી છેદાયેલું વૃક્ષ અને જેમ કપાયેલા મસ્તકવાળો સુભટ ઘણો કાળ રહી શકતાં નથી, તેમ ધર્મ રહિત ધનવાન કેટલો કાળ વિલાસ કરી શકશે ? વધારે વખત ટકી શકશે નહીં. ૪૨.

**क्षणे हि समतिक्रान्ते, सद्धर्मपरिवर्जिते ।**
**आत्मानं मुषितं मन्ये, कषायेन्द्रियतस्करैः ॥ ४३ ॥**

तत्त्वामृत, श्लो० ६०.

જો એક ક્ષણ પણ સદ્ધર્મ વિનાનો વ્યતીત થાય તો કષાય અને ઇંદ્રિયોરૂપી ચોરોએ આત્માને લુંટ્યો છે એમ હું માનું છું. ૪૩.

## ધર્મીની વિશેષતાઃ—

**मृता नैव मृतास्तेऽत्र, ये नरा धर्मकारिणः ।**
**जीवन्तोऽपि मृतास्ते वै, ये नराः पापकारिणः ॥ ४४ ॥**

तत्त्वामृत, श्लो० ६३.

જે માણસો ધર્મ કરનારા હોય છે તે પુરૂષો આ જગતમાં મરેલા હોય તો પણ તેમને મરેલા ન જાણવા-જીવતા જાણવા. તથા જે મનુષ્યો પાપને કરનારા હોય છે તે મનુષ્યો જીવતા હોય તો પણ તેમને મરેલા જાણવા. ૪૪.

**धर्ममाचर यत्नेन, मा भव त्वं मृतोपमः ।**
**सद्धर्मचेतसां पुंसां, जीवितं सफलं भवेत् ॥ ४५ ॥**

तत्त्वामृत, श्लो० ६२.

હે જીવ! તું પ્રયત્નવડે ધર્મનું આચરણ કર, મરેલા જેવો ન થા, કારણ કે જેમનું ચિત્ત સદ્ધર્મમાં તત્પર હોય છે તેવા પુરૂષોનું જીવિત સફળ થાય છે. ૪૫.

ધર્મીના ગુણઃ—

अनन्यजन्यं सौजन्यं, निर्माया मधुरा गिरः ।
सारः परोपकारश्च, क्रमो धर्मविदामयम् ॥ ४६ ॥

विवेकविलास, उल्लास ३, श्लो० ६.

સર્વથી ઉત્તમ સજ્જનપણું રાખવું, કપટ રહિત મધુર વાણી બોલવી, અને સારભૂત પરોપકાર કરવો: ધર્મના જાણનાર પુરૂષોની આ રીતિ છે. ૪૬.

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं, मार्दवं ह्रीरचापलम् ॥ ४७ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ! ॥ ४८ ॥

भगवद्गीता, अ० १६, श्लो० २, ३.

હે ભારત ! દૈવી સંપત્તિને ભોગવનાર ધર્મી પુરૂષને અહિંસા, સત્ય, અક્રોધ, દાન, શાંતિ પિશુનતા( ચાડી )રહિતપણું, પ્રાણીપર દયા, લોલુપતારહિતપણું, કોમળપણું, લજ્જા, ચપળતારહિતપણું, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્વેષ તથા માન-રહિતપણું પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ સર્વ ધર્મી પુરૂષના ગુણો છે. ૪૭, ૪૮.

સાચું ધર્મીપણું:—

संसारे मानुष्यं सारं, मानुष्ये च कौलीन्यम् ।
कौलीन्ये धर्मित्वं धर्मित्वे चापि सदयत्वम् ॥ ४९ ॥

સંસારમાં સારભૂત મનુષ્યજન્મ છે, મનુષ્યપણામાં સારભૂત કુલીનપણું છે, કુલીનપણામાં સારભૂત ધર્મીપણું છે, અને ધર્મીપણામાં પણ સારભૂત દયાપણું છે. ૪૯.

## ધર્મના કારણભૂત વિચારો:—

इहोपपत्तिर्मम केन कर्मणा,
कुतः प्रयातव्यमितो भवादिति ।
विचारणा यस्य न जायते हृदि,
कथं स धर्मप्रवणो भविष्यति ? ॥ ५० ॥

ક્યા કર્મવડે કરીને મારી અહીં ઉત્પત્તિ થઇ છે ? આ ભવથી મારે ક્યાં જવાનું છે ? આવો વિચાર જેના હૃદયમાં ન થતો હોય, તે માણસ ધર્મમાં તત્પર શી રીતે થશે ? નહીં જ થાય. ૫૦.

## ધર્માચરણની દુર્લભતા:—

धर्मस्य दुर्लभो ज्ञाता, सम्यग्वक्ता ततोऽपि च ।
श्रोता ततोऽपि श्रद्धावान्, कर्ता कोऽपि ततः सुधीः ॥५१॥

આ સંસારમાં ધર્મને જાણનાર મનુષ્ય દુર્લભ છે, તેનાથી પણ ધર્મને કહેનાર વિશેષ દુર્લભ છે, તેનાથી પણ ધર્મને સાંભળનાર વિશેષ દુર્લભ છે, તેનાથી પણ ધર્મની શ્રદ્ધા રાખનાર વિશેષ દુર્લભ છે અને તેનાથી પણ ધર્મને કરનાર કોઇક જ બુદ્ધિમાન હોય છે. ૫૧.

**ધર્મનું શીઘ્ર આચરણઃ—**

**अवाप्य धर्मावसरं विवेकी, कुर्याद्विलम्बं न हि विस्तराय ।**
**यतो जिनस्तक्षशिलाधिपेन, रात्रिं व्यतिक्रम्य पुनर्न नेमे ॥५२॥**

पार्श्वनाथचरित्र ( गद्य ), पृ० ८८. ( प्र. स. ) *

વિવેકી માણુસે ધર્મનો સમય પ્રાપ્ત થયા પછી તે ધર્મ વિસ્તારથી કરવાના હેતુથી પણ વિલંબ કરવો ન જોઈએ. કારણ કે તક્ષશિલા નગરીના સ્વામી બાહુબળીએ માત્ર એક રાત્રિનો જ વિલંબ કર્યો, એટલે કે 'પ્રભુને પ્રાતઃકાળે મોટા વિસ્તારથી જઈને વંદન કરીશ' એમ ધારીને માત્ર રાત્રિ જ નિર્ગમન કરી, તેથી તે પ્રાપ્તઃકાળે ગયા ત્યારે પ્રભુએ અન્યત્ર વિહાર કરેલો હોવાથી પ્રભુને વાંદી શકયા નહીં. ૫૨.

**विलम्बो नैव कर्तव्य आयुर्याति दिने दिने ।**
**न करोति यमः क्षान्तिं, धर्मस्य त्वरिता गतिः ॥५३॥**

હે ભવ્ય જીવ ! ધર્મ કરવામાં જરા પણ વિલંબ ન કરવો. કેમકે દિવસે દિવસે આયુષ્ય જતું જાય છે અને યમરાજ ( મૃત્યુ ) ક્ષમા કરતો નથી એટલે કે એક ક્ષણ પણ રાહ જોતો નથી. અને ધર્મની ગતિ શીઘ્ર છે. ૫૩.

**ધર્મ અને પાપઃ—**

**दुःखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः ।**
**न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्मसंचयः ॥ ५४ ॥**

शास्त्रवार्तासमुच्चय, स्तबक १, श्लो० ३.

પાપથી દુઃખની પ્રાપ્તિ થાય છે, અને ધર્મથી સુખની પ્રાપ્તિ થાય છે, એવી સર્વ ધર્મશાસ્ત્રની વ્યવસ્થા છે. તેથી હવે પછી પાપ કરવું નહીં, અને ધર્મનો સંચય કરવો. ૫૪.

**धर्मं न कुरुषे मूर्ख ! प्रमादस्य वशंवदः ।**
**कल्ये हि त्रास्यते कस्त्वां, नरके दुःखविह्वलम् ॥५५॥**

योगसार, प्रस्ताव ५, श्लो० ४१.

હે મૂર્ખ ! તું પ્રમાદને વશ થઈને ધર્મ કરતો નથી, તેથી કાલે નરકમાં જઇ દુઃખથી વ્યાકુળ થઇશ ત્યારે તારૂં રક્ષણ કોણ કરશે ? ૫૫.

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥ ५६ ॥**

મનુષ્યો ધર્મના ફળ( સુખાદિક )ને ઇચ્છે છે, પરંતુ ધર્મને એટલે ધર્મ કરવાને ઇચ્છતા નથી. તેમ જ પાપના ફળ ( દુઃખાદિક ) ને ઇચ્છતા નથી, પરંતુ પાપકર્મને આદર સહિત-હોંશથી કરે છે. ૫૬.

**ધર્મ તજનારઃ મૂર્ખઃ—**

**ते धत्तूरतरुं वपन्ति भवने प्रोन्मूल्य कल्पद्रुमं,**
**चिन्तारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।**
**विक्रीयद्विरदं गिरीन्द्रसदृशं क्रीणन्ति ते रासभं,**
**ये लब्धं परिहृत्य धर्म्ममधमा धावन्ति भोगाशया ॥५७॥**

सिन्दूरप्रकरण, श्लो० ६.

જે અધમ પુરૂષો પ્રાપ્ત થયેલ ધર્મનો ત્યાગ કરીને ભોગની આશાથી આમ તેમ દોડયા કરે છે, તેઓ પોતાના ઘરના આંગણામાં ઉગેલા કલ્પવૃક્ષને ઉખેડી ધતૂરાનું ઝાડ વાવે છે, તે જડ પુરૂષો ચિંતા રત્નને ફેંકી દઈ કાચનો કકડો સ્વીકાર કરે છે, અને પર્વત જેવડા હાથીને વેચીને ગધેડાને ખરીદ કરે છે એમ જાણવું. ૫૭.

ધર્મ કરવાનું કારણઃ—

**अनन्तदुःखः संसारो मोक्षोऽनन्तसुखः पुनः ।**
**तयोस्त्यागपरिप्राप्तिहेतुर्धर्मं विना न हि ॥ ५८ ॥**

त्रिषष्ठि. पर्व. १, स० २३, श्लो० २७.

સંસાર અનંત દુઃખમય છે. અને મોક્ષ અનંત સુખમય છે. તે સંસારના ત્યાગનું અને મોક્ષની પ્રાપ્તિનું કારણ ધર્મ વિના બીજું કોઇ નથી. ૫૮.

**अर्जनीयं कलावद्भिस्तत् किञ्चिज्जन्मनाऽमुना ।**
**ध्रुवमासाद्यते येन, शुद्धं जन्मान्तरं पुनः ॥ ५९ ॥**

विवेकविलास, उल्लास, ७, श्लो० ५.

કલાવાન પંડિત પુરૂષોએ આ આખા જન્મવડે તેવું કાંઇક ઉપાર્જન કરવું, કે જેથી ફરીને હવે પછીનો જન્મ શુદ્ધ પ્રાપ્ત થાય. ૫૯.

**चला विभूतिर्ननु जीवितं चलं,**
**विनश्वरं यौवनमप्यकालतः ।**

**इदं शरीरं बहुरोगमन्दिरं,**
**विमृश्य चैवं कुरु धर्म्ममन्वहम् ॥ ६० ॥**

धर्मकल्पद्रुम, पृ० १२४, श्लो० २६. ( दे. ला. )*

મનુષ્યોની વિભૂતિ ( લક્ષ્મી ) અવશ્ય ચલાયમાન છે, જીવિત ચલાયમાન છે, યુવાવસ્થા પણ અકાળે જ નાશ પામવાની છે, તથા આ શરીર ઘણા રોગોનું ઘર છે, આ પ્રમાણે વિચારીને હે જીવ! તું નિરંતર ધર્મ કર. ૬૦.

**कर्तव्यः प्रतिदिवसं प्रसन्नचित्तैः,**
**स्वल्पोऽपि व्रतनियमोपवासधर्मः ।**
**प्राणेषु प्रहरति नित्यमेव दैवं,**
**भूतानां महति कृतेऽपि हि प्रयत्ने ॥ ६१ ॥**

जैनपंचतंत्र, पृ० १६३, श्लो० १६०.*

મોટો પ્રયત્ન કર્યા છતાં પણ પ્રાણીઓના પ્રાણોને વિષે દૈવ હમેશાં પ્રહાર કર્યા જ કરે છે ( મૃત્યુ સમીપે આવતું જ જાય છે ), તેથી કરીને હમેશાં મનુષ્યે પ્રસન્ન ચિત્ત રાખીને થોડો પણ વ્રત, નિયમ અને ઉપવાસરૂપ ધર્મ કરવો યોગ્ય છે. ૬૧.

**न क्लेशेन विना द्रव्यं, द्रव्यहीने कुतः क्रिया ।**
**क्रियाहीने न धर्मः स्याद्धर्महीने कुतः सुखम् ॥ ६२ ॥**

दक्षस्मृति, अ० ३, श्लो० २४.

ક્લેશ-કષ્ટ વિના ધન મળતું નથી, ધન વિના ક્રિયા થઈ શકતી નથી, ક્રિયા વિના ધર્મ થઈ શકતો નથી, અને ધર્મ વિના સુખ ક્યાંથી મળે ? ૬૨.

**बाल्यादपि चरेद्धर्ममनित्यं खलु जीवितम् ।**
**फलानामिव पक्वानां, शश्वत्पतनतो भयम् ॥ ६३ ॥**

બાલ્યાવસ્થાથી જ ધર્મનું આચરણ કરવું જોઈએ. કેમકે જીવિત અનિત્ય છે. પાકેલા ફળની જેમ પ્રાણીઓને નિરંતર પતન( મરણ )નો ભય હોય છે. ૬૩.

**बीजमु(स्यो)प्तिं विना न स्याद्यथा सस्यागमो नृणाम् ।**
**धर्माभिज्ञानहीनास्तु, लभन्ते नैव किञ्चन ॥ ६४ ॥**

**तस्माद्बाल्येऽपि दुःखेऽपि, निर्धनत्वेऽपि श्रद्धया ।**
**देवदर्शनमात्रेण, धर्मः कार्यो निरन्तरम् ॥ ६५ ॥**

જેમ બીજ વાવ્યા સિવાય મનુષ્યોને અનાજની પ્રાપ્તિ થતી નથી, તેમ ધર્મના જ્ઞાન વિનાના મનુષ્યો કાંઈ પણ પામી શકતા નથી. તેથી બાલ્યાવસ્થામાં પણ, દુઃખમાં પણ અને નિર્ધન અવસ્થામાં પણ કાંઇ ન બની શકે તો શ્રદ્ધા પૂર્વક માત્ર નિરંતર દેવદર્શન કરવારૂપ ધર્મ તો કરવો જ. ૬૪, ૬૫.

ધર્મનો ઉપદેશઃ—

**धर्मकार्ये मतिस्तावद्यावदायुर्दृढं तव ।**
**आयुःकर्मणि संक्षीणे, पश्चात्त्वं किं करिष्यसि ? ॥ ६६ ॥**

तत्त्वामृत, श्लो० ६१.

હે જીવ ! જ્યાં સુધી તારૂં આયુષ્ય દૃઢ છે, ત્યાં સુધી તારી

ધર્મકાર્યમાં બુદ્ધિ રહી શકશે, પરંતુ આયુષ્યકર્મ ક્ષીણ થશે ત્યારે તું શું કરીશ ? કાંઇ કરી શકીશ નહીં. ૬૬.

भवकोटीदुष्प्रापामवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलधियानपात्रे, धर्मे यत्नः सदा कार्यः ॥ ६७ ॥

पार्श्वनाथचरित्र( गद्य ), पृ० २. (प्र. स.)*

કરોડો ભવવડે પણ પામી ન શકાય તેવી મનુષ્ય ભવાદિક સમગ્ર સામગ્રી પામીને સંસાર સાગરને તરવામાં વહાણુ સમાન ધર્મને વિષે નિરંતર પ્રયત્ન કરવો જોઇએ. ૬૭.

भवति मरणं प्रत्यासन्नं विनश्यति यौवनम्,
प्रभवति जरा सर्वाङ्गानां विनाशविधायिनी ।
विरमत बुधाः कामार्थेभ्यो वृषे कुरुतादरं,
वदितुमिति वा कर्णोपान्तस्थितं पलितं जने ॥ ६८ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो. २७२

હે ડાહ્યા પુરૂષો ! મરણુ સમીપે આવતું જાય છે, યૌવન નાશ પામે છે, સર્વ અવયવોને વિનાશ કરનારી જરા-વૃદ્ધાવસ્થા સમર્થ થાય છે-બળવાન થાય છે, તેથી તમે હવે કામથી અને અર્થથી વિરામ પામો, અને ધર્મને વિષે આદર કરો. આ પ્રમાણે જાણે માણુસને કહેવાને જ આવ્યો હોય તેમ ધોળો વાળ તેના કાનની પાસે રહ્યો છે. ૬૮.

भजत भजत धर्म्यं कर्म दुष्कर्मघर्म-
क्षपणनिपुणलीलावारिसब्रह्मचारि ।

**कुगतियुवतिलास्यस्थानमालस्यमस्मि-**
**मवगणयत लोकाः ! सर्वशोकाधिकारि ॥ ६९ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० २७.

હે લોકો ! તમે ધર્મકાર્યને ભજો ભજો-કરો ! કેમકે તે ધર્મકાર્ય દુષ્કર્મ( પાપ)રૂપી ઘામને નાશ કરવામાં કુશળ એવા ક્રીડા કરવાના જળાશયની જેવું છે. આવા ધર્મકાર્યમાં તમે આળસનો ત્યાગ કરો. કેમકે તે આળસ કુગતિરૂપી સ્ત્રીને નૃત્ય કરવાનું સ્થાન છે અને સર્વ પ્રકારના શોકને પ્રાપ્ત કરનારછે. ૬૯.

**न हिंस्यात् सर्वभूतानि, नानृतं वा वदेत् क्वचित् ।**
**नाहितं नाप्रियं ब्रूयान्न स्तेनः स्यात् कथञ्चन ॥ ७० ॥**

वराहपुराण, अ० १६, पृ० ५५३.

સર્વ કોઇ પ્રાણીની હિંસા કરવી નહીં, કદાપિ અસત્ય વચન બોલવું નહીં, તેમ જ અહિત કારક અને અપ્રિય વચન પણ બોલવું નહીં, તથા કોઇ પણ પ્રકારે ચોર થવું નહીં-કોઇનું ધનાદિક ચોરવું નહિ. ૭૦.

**ब्रह्मचर्यमहिंसा च, सत्यमामिषवर्जनम् ।**
**व्रते चैतानि चत्वारि, चरितव्यानि नित्यशः ॥ ७१ ॥**

विष्णुभक्तिचंद्रोदय.

બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય વચન અને માંસનો ત્યાગ, આ ચાર બાબત, વ્રતને વિષે, હમેશાં આચરવા લાયક છે. ૭૧.

**अशाश्वतानि गात्राणि, विभवो नैव शाश्वतः ।**
**नित्यं संनिहितो मृत्युः, कर्त्तव्यो धर्मसंग्रहः ॥ ७२ ॥**

वेदव्यासस्मृति, अ० ४, श्लो० १९.

શરીર અનિત્ય છે, વૈભવ પણ અનિત્ય છે-રહેનારો નથી, અને મૃત્યુ સદા સમીપે જ રહેલું છે, તેથી ધર્મનો સંગ્રહ કરવો યોગ્ય છે. ૭૨.

**तद् यावदिन्द्रियबलं जरया रोगैर्न बाध्यते प्रसभम् ।**
**तावच्छरीरमूर्च्छां, त्यक्त्वा धर्मे कुरुष्व मतिम् ॥ ७३ ॥**

જ્યાં સુધી વૃદ્ધાવસ્થાવડે અને રોગોવડે બળાત્કારે ઇંદ્રિયોનું બળ બાધા પામ્યું નથી ત્યાં સુધીમાં શરીરપરની મૂર્છાનો ત્યાગ કરી તું ધર્મને વિષે મતિને કર-ધર્મબુદ્ધિને ધારણ કર! ૭૩.

## ધર્મનું ફળઃ—

**राज्यं प्राज्यं मदजलकणान् स्यन्दमाना गजाली,**
**तुङ्गा भोगाः पवनजविनो वाजिनः स्यन्दनाश्च ।**
**दर्पाध्माताः सुभटनिकराः कोशलक्ष्मीः समग्रा,**
**सर्वं चैतद्भवति नियतं देहिनां धर्मयोगात् ॥ ७४ ॥**

धर्मकल्पद्रुम, पृ० १०, श्लो० ६८. ( दे० ला. )

મોટું રાજ્ય, મદના બિંદુને ઝરતા હાથીઓનો સમૂહ, મોટા મોટા વૈભવો, પવન જેવા વેગવાળા અશ્વો, મોટા વિસ્તારવાળા રથો, ગર્વથી ધમધમતા સુભટના સમૂહો અને પરિપૂર્ણ ભરેલી કોશ લક્ષ્મી ( ખજાનો ), આ સર્વ વૈભવ પ્રાણીઓને ધર્મના યોગથી જ પ્રાપ્ત થાય છે. ૭૪.

धर्म्माज्जन्म कुले कलङ्कविकले जातिः सुधर्म्मात्परा,
धर्म्मादायुरखण्डितं गुरुबलं धर्म्माच्च नीरोगता ।
धर्म्माद्वित्तमनिन्दितं निरुपमा भोगाः सुकीर्तिः सुधीः,
धर्मादेव च देहिनां प्रभवतः स्वर्गापवर्गावपि ॥ ७५ ॥

धर्मकल्पद्रुम, पृ० १, श्लो० १७. ( दे. ला. ) *

ધર્મથી જ ( ધર્મના પ્રભાવથી જ ) પ્રાણીઓનો કલંક રહિત ઉચ્ચ કુળમાં જન્મ થાય છે, ધર્મથી જ શ્રેષ્ઠ જાતિ પ્રાપ્ત થાય છે, ધર્મથી જ અખંડ આયુષ્ય પ્રાપ્ત થાય છે, ધર્મથી જ મોટું બળ પ્રાપ્ત થાય છે, ધર્મથી જ નીરોગતા પ્રાપ્ત થાય છે, ધર્મથી જ અનિંદિત ધન, નિરૂપમ ભોગ, સારી કીર્તિ અને સારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને ધર્મથી જ સ્વર્ગ અને મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. ૭૫.

यद्द्वारे हृदयं हृदा ननु सदा निर्दल्यते सेवकै-
रुद्वल्गन्ति हया यदङ्गणभुवि क्रीडन्ति यद्दन्तिनः ।
प्रातर्बन्दिगिरा सुधारसकिरा गीतेन यन्मुच्यते,
निद्रा सान्द्रमतन्द्रमेव तदिदं धर्मस्य विस्फूर्जितम् ॥ ७६ ॥

करुणावज्रायुधनाटक, श्लो० २८.

જેના દ્વારને વિષે સદા સેવકો હૃદયવડે હૃદયને દળે છે–દબાવે છે–સેવકોની ગીડદી જામે છે, જેના આંગણાની પૃથ્વી ઉપર ઘોડાઓ કુદી રહ્યા છે અને હાથીઓ ક્રીડા કરી રહ્યા છે, તથા જે પ્રાતઃકાળે અમૃતરસને ઝરનારી બંદીજનોની વાણીવડે તથા સંગીતવડે નિદ્રાનો ત્યાગ કરે છે–જાગે છે. તે સર્વ તેના ગાઢ–પ્રકૃષ્ટ અને નિરંતર કરેલા ધર્મનો જ વિલાસ છે. ૭૬.

विद्या तपो धनं शौर्यं, कुलीनत्वमरोगता ।
राज्यं स्वर्गश्च मोक्षश्च, सर्वं धर्मादवाप्यते ॥ ७७ ॥

इतिहाससमुच्चय, अ० १३, श्लो० २२.

વિદ્યા, તપ, ધન, પરાક્રમ, કુલીનપણું, નીરોગતા, રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ વિગેરે સર્વ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. ૭૭.

सत्येन तपसा क्षान्त्या, दानेनाध्ययनेन च ।
ये धर्मनुवर्तन्ते, ते नराः स्वर्गगामिनः ॥ ७८ ॥

इतिहाससमुच्चय, अ० ७, श्लो० २७.

જેઓ સત્યવડે, તપવડે, ક્ષમાવડે, દાનવડે અને અધ્યયન ( શાસ્ત્રાભ્યાસ ) વડે ધર્મને અનુસરે છે-કરે છે, તે પુરૂષો સ્વર્ગે જનારા છે. ૭૮.

आरोग्यं दत्तसौभाग्यं, जीवितं कीर्तिपावितम् ।
भोगान् सुभगसंयोगान्, लभन्ते धर्मकर्मठाः ॥ ७९ ॥

सूक्तरत्नावली, पृ० ४७, श्लो० ४९३. ( आत्मा. स. )

ધર્મમાં તત્પર થયેલા પુરૂષો સૌભાગ્યને આપનારૂં નીરોગપણું, સત્કીર્તિવડે પવિત્ર જીવિત અને સૌભાગ્યના સંયોગવાળા ભોગો પ્રાપ્ત કરે છે. ૭૯.

सन्ततिः शुद्धसौजन्या, विभूतिर्भोगभासुरा ।
विद्या विनयविख्याता, फलं धर्मतरोरिदम् ॥ ८० ॥

सूक्तरत्नावली, पृ० ४७, श्लो० ४९४. ( आत्मा. स. )

શુદ્ધ સજ્જનતાવાળી સંતતિ ( પુત્ર, પૌત્રાદિક ), ઉપભોગ કરવાથી શોભતી વિભૂતિ ( લક્ષ્મી ) અને વિનયવડે પ્રસિદ્ધ એવી વિદ્યા: આ સર્વ ધર્મરૂપી વૃક્ષનું ફળ છે. ૮૦.

श्रेयःसौभाग्यमय्यं ललितयुवतयश्चित्रवस्त्राणि हारा
श्छत्रं चञ्चत्तुरङ्गा मदकलकरिणः काञ्चनं शुद्धगेहम् ।
सौख्यं लक्ष्मीः प्रभूता प्रवरकनकभाः शुभ्रकीर्तिश्च लोके,
श्रद्धा सद्धर्ममार्गे भवति ननु फलं धर्मकल्पद्रुमस्य ॥८१॥

धर्मकल्पद्रुम, पृ० ३, श्लो० ४७. ( दे. ला. )

આ લોકમાં ઉત્તમ કલ્યાણકારક સૌભાગ્ય, વિલાસવાળી સ્ત્રીઓ, વિચિત્ર વસ્ત્રો, મનોહર હારો ( અલંકારો ), છત્ર, ચપળ ઘોડાઓ, મદોન્મત્ત હાથીઓ, સુવર્ણ, શુદ્ધ-ઉત્તમ-ઘર ( મહેલ ), સુખ, ઘણી લક્ષ્મી, શ્રેષ્ઠ કનકના જેવી ઉજ્વળ કીર્ત્તિ તથા ઉત્તમ ધર્મમાર્ગને વિષે શ્રદ્ધા, આ સર્વ ધર્મરૂપી કલ્પ-વૃક્ષનાં ફળ છે. ૮૧.

दीर्घमायुर्यशश्चारु, शुद्धां बुद्धिं शुभां श्रियम् ।
प्राज्यं राज्यं सुखं शश्वद् दत्ते धर्मसुरद्रुमः ॥ ८२ ॥

सूक्तरत्नावली, पृ. ४७, श्लो० ४९६. ( आत्मा. स. )

ધર્મરૂપી કલ્પવૃક્ષ દીર્ઘ આયુષ્યને આપે છે, ઉત્તમ યશને આપે છે, નિર્મળ બુદ્ધિને આપે છે, સારી લક્ષ્મીને આપે છે, મોટા રાજ્યને આપે છે, અને શાશ્વત-મોક્ષનું-સુખ પણ આપે છે. ૮૨.

रम्यं रूपं करणपटुताऽऽरोग्यमायुर्विशालं,
कान्ता रूपानमितरतयः सूनवो भक्तिमन्तः ।
षट्खण्डोर्वीतलपरिवृढत्वं यशः क्षीरशुभ्रं,
सौभाग्यश्रीरितिफलमहो धर्मवृक्षस्य सर्वम् ॥ ८३ ॥

सूक्तमुक्तावली, पृ० १५, श्लो० १०. ( हि. हं. )*

મનોહર રૂપ, ઇંદ્રિયોની પટુતા, આરોગ્ય-નીરોગપણું, વિશાળ આયુષ, રૂપવડે રતિને પણ જીતનારી કાંતાઓ, ભક્તિવાળા પુત્રો, છ ખંડ પૃથ્વીનું સ્વામીપણું, દૂધ જેવો ઉજ્વળ યશ અને સૌભાગ્ય લક્ષ્મી, અહો! આ સર્વ ધર્મવૃક્ષનું જ ફળ છે. ૮૩.

धर्मप्रधानं पुरुषं, तपसा हतकिल्बिषम् ।
परलोकं नयत्याशु, भास्वन्तं खशरीरिणम् ॥ ८४ ॥

मनुस्मृति, अ० ४, श्लो० २४३.

તપવડે પાપનો જેણે નાશ કર્યો છે એવા ધર્મ પ્રધાન-ધર્મમાં તત્પર રહેનાર-પુરૂષને ધર્મ જ દેદીપ્યમાન શરીરવાળા પરલોકમાં-બ્રહ્મલોક અથવા સ્વર્ગ લોકમાં શીઘ્ર લઇ જાય છે. ૮૪.

सत्यं दानं तपः शौर्यं, शान्तिर्दाक्ष्यमसंभ्रमः ।
यस्मिन्नेतानि सर्वाणि, स मां पृच्छतु पाण्डव ! ॥८५॥

महाभारत, शांतिपर्व, अ० ५४, श्लो० ७.

હે પાંડવ! જે પુરૂષને વિષે સત્ય, દાન, તપ, શૂરતા, શાંતિ, ચતુરાઇ, સંભ્રમરહિતપણું, આ સર્વ ગુણો હોય તે મને પૂછી શકે-મારી પાસે આવે. ( અર્થાત્ જે આ પ્રમાણે ધર્મ કરતો હોય તે ઈશ્વર પાસે પહોંચી શકે છે.) ૮૫.

# [ जैनधर्म ]

## જૈનધર્મનું સ્વરૂપઃ—

स्याद्वादो विद्यते यस्मिन्, पक्षपातो न विद्यते ।
नास्त्यन्यपीडनं किञ्चिज्जैनधर्मः स उच्यते ॥ ८६ ॥

જે ધર્મમાં સ્યાદ્વાદ છે, જેમાં પક્ષપાત નથી, જેમાં કોઈ પણ પ્રાણીની પીડા થતી નથી, તે જૈનધર્મ કહેવાય છે. ૮૬.

## જૈનધર્મનું મહત્ત્વઃ—

स्वर्गापवर्गसंपत्तिकारणं करुणामयः ।
जैन एव सतां धर्मः, कर्मघर्मघनाघनः ॥ ८७ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ३९.

જીવદયામય આ જૈનધર્મ જ સત્પુરૂષોને સ્વર્ગ અને મોક્ષની સંપત્તિના કારણરૂપ છે, અને કર્મરૂપી ઘામનો નાશ કરવામાં મેઘસમાન છે. ૮૭.

अभेद्यो वादिभिर्जैनः, कुञ्जरैरिव मन्दरः ।
जीवरक्षामयः साक्षादेष धर्मः सनातनः ॥ ८८ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ३८.

જિનેશ્વરે પ્રરૂપેલો જીવદયામય–અહિંસામય–આ ધર્મ સાક્ષાત્ સનાતન–શાશ્વત–છે, જેમ હાથીઓથી મેરૂ પર્વત ભેદાતો નથી તેમ આ જૈનધર્મ વાદીઓથી ભેદાતો નથી. ૮૮.

**बौद्धानामृजुसूत्रतो मतमभूद्वेदान्तिनां सङ्ग्रहात्,**
**साङ्ख्यानां तत एव नैगमनयाद्योगश्च वैशेषिकः ।**
**शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुम्फिता,**
**जैनी दृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते ॥ ८९ ॥**

**उपदेशप्रासाद ( भाषांतर ), भाग ४, पृ० ३१४ ( प्र. स. )**

ઋજુસૂત્ર નયમાંથી બૌદ્ધનો મત પ્રવર્ત્યો છે, વેદાંતીઓનો મત સંગ્રહ નયમાંથી નીકળ્યો છે, સાંખ્યનો મત પણ તે જ સંગ્રહ નયમાંથી નીકળ્યો છે, યોગ અને વૈશેષિક મત નૈગમ નયમાંથી થયા છે, શબ્દબ્રહ્મના જ્ઞાનવાળાઓ પણ શબ્દ નયમાંથી નીકળ્યા છે. પરંતુ જૈનદર્શન તો સર્વ નયોથી યુક્ત છે, તેથી તે દર્શનનું શ્રેષ્ઠ રહસ્ય પ્રત્યક્ષ જ દેખાય છે. ૮૯.

**જૈનધર્મનું અમરપણું:—**

**म्लायन्ति पुष्पनिचयाः प्रहरार्धकेन,**
**वैगन्ध्यमेति दिवसेन कृतोऽङ्गरागः ।**
**जीर्यन्ति रम्यवसनान्यपि भूरिवर्षैः,**
**नो जीर्यते युगशतैर्जिनधर्मसेवा ॥ ९० ॥**

**रत्नपूजा.**

પુષ્પના સમૂહો અર્ધ પહોરમાં જ કરમાઇ જાય છે, શરીરપર કરેલો ચંદનાદિકનો લેપ એક દિવસમાં જ દુર્ગંધમય થઇ જાય છે, તથા મનોહર ઉત્તમ વસ્ત્રો પણ ઘણે વર્ષે જીર્ણ થાય છે. *પરંતુ જિનધર્મની કરેલી સેવા, સેંકડો યુગવડે પણ, જીર્ણ* થતી નથી. ૯૦.

## જૈનધર્મની શ્રદ્ધાઃ—

**जिनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥ ९१ ॥**

**योगशास्त्र, पृ० २६९, श्लो० १४१. ( प्र. स. )**

હું જૈનધર્મથી રહિત ચક્રવર્તી પણ ન થાઉં, અને જૈનધર્મથી યુક્ત એવો દાસ અને દરિદ્ર પણ થાઉં, તે સારૂં છે. ૯૧.

## જૈનધર્મનો સારઃ—

**जिनशासनस्य सारो जीवदया निग्रहः कषायाणाम् ।**
**साधर्मिकवात्सल्यं, भक्तिश्च तथा जिनेन्द्राणाम् ॥ ९२ ॥**

**धर्मबिन्दु.**

સર્વ જીવોપર દયા રાખવી, ક્રોધાદિક કષાયોનો નિગ્રહ કરવો, સાધર્મિકનું વાત્સલ્ય કરવું, અને જિનેંદ્રની ભક્તિ કરવીઃ આ જિનશાસનનો સાર–તત્ત્વ–છે. ૯૨.

## જૈનધર્મની દુર્લભતાઃ—

**जैनो धर्मो दयामूलो जन्म सुश्रावके कुले ।**
**गुरूणां पादभक्तिश्च, विना पुण्यं न प्राप्यते ॥ ९३ ॥**

દયામય જૈનધર્મ, સારા શ્રાવકના કુળમાં જન્મ અને ગુરૂના ચરણની ભક્તિ; આ સર્વ પુણ્ય વિના મળી શકતાં નથી. ૯૩.

જૈનધર્મનું ફળઃ—

**अर्हद्धर्मतरोः फलानि सुकुले जन्मानघं जीवितं,**
**सच्छ्रीर्बुद्धिबले प्रतापयशसी सौभाग्यमारोग्यता ।**
**क्ष्माभृत्केशवचक्रिशक्रशशभृत्प्रद्योतनानां पदं,**
**सार्वश्रीगणभृत्पदं शिवरमा सल्लब्धयो देहिनाम् ॥ ९४ ॥**

पुण्यधनकथा, पृ० १, श्लो० १.

પ્રાણીઓને જે સારા કુળમાં જન્મ થવો, પાપ રહિત જીવવું, સારી લક્ષ્મી પ્રાપ્ત થવી, સારી બુદ્ધિ, ઘણું બળ, પ્રતાપ, યશ, સૌભાગ્ય, નીરોગતા, રાજાનું પદ, વાસુદેવનું પદ, ચક્રવર્તીનું પદ, ઈંદ્રનું પદ, ચંદ્રનું પદ, સૂર્યનું પદ, તીર્થંકરનું પદ, ગણધરનું પદ, મોક્ષરૂપી લક્ષ્મી અને સારી લબ્ધિઓ; આ સર્વની જે પ્રાપ્તિ થવી, તે માત્ર જૈનધર્મરૂપી વૃક્ષનાં જ ફળો છે. ૯૪.

# कुधर्म ( ७२ )

કુધર્મઃ—

अज्ञाः केचिद्विदधति मुधा धर्मदंभादधर्मं,
कोऽयं धर्मः स्वहृदि नयने मीलयित्वा मृशन्तु ।
दीयन्ते यद्वनभुवि दवाः प्राणिनस्त्राणहीना
हन्यन्ते यत्पिशितबलये देवतानां पुरस्तात् ॥ १ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ३५.

કેટલાએક અજ્ઞાની માણુસો ફોગટ ધર્મના બહાનાથી અધર્મને કરે છે. જેમકે કેટલાએક વનની પૃથ્વીમાં ધર્મબુદ્ધિથી દાવાનળ આપે છે કે જેમાં અસંખ્ય પ્રાણીઓનો વિનાશ થાય છે, તથા કેટલાએક મનુષ્યો દેવતાની પાસે માંસનું બળિદાન કરવા માટે શરણુ રહિત પ્રાણીઓને હણે છે, તો હે ડાહ્યા પુરૂષો, તમારાં નેત્રો બંધ કરી હૃદયમાં વિચારો કે આવા કાર્ય કરવામાં કયો ધર્મ છે? કેવળ અધર્મ જ છે. ૧.

કુધર્મની નિરર્થકતાઃ—

यो जन्तुहिंसार्जितधर्मकर्मणा,
गन्तुं दिवस्तुङ्गपदं समीहते ।
स भस्मसोपानपथेन निश्चितं,
समुच्चमारोढुमगेन्द्रमिच्छति ॥ २ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ३६.

જે માણસ પ્રાણીઓની હિંસાથી ઉપાર્જન કરેલા ધર્મ-કર્મવડે સ્વર્ગના ઉચ્ચ સ્થાનને ભોગવવા ઇચ્છે છે, તે પુરૂષ ખરેખર ભસ્મથી બનાવેલા પગથીયાના માર્ગવડે ઉંચા પર્વત ઉપર ચડવાને ઇચ્છે છે એમ જાણવું-અર્થાત્ એ અસંભવિત છે. ૨.

हिंसामयः शिशुक्रीडाधूलीदेवकुलोपमः ।
स किं धर्मोऽपि धर्मान्तर्बालिशेनापि पठ्यते ॥ ३ ॥

करुणावज्रायुधनाटक, श्लो० ३७.

જે હિંસામય ધર્મ છે તે બાળકોએ ક્રીડાને માટે કરેલા ધૂળના દેવાલય જેવો છે. આવા ધર્મની શું કોઈ મૂર્ખ માણસ પણ ધર્મને વિષે ગણતરી કરે ? ન જ કરે. ૩.

धर्मश्चेत् परदारसङ्गकरणाद्धर्मः सुरासेवनात्,
संपुष्टिः पशुमत्स्यमांसनिकराहाराच्च हे वीर ! ते ।
हत्या प्राणिचयस्य चेत्तव भवेत् स्वर्गापवर्गाप्तये,
कोऽसत्कर्मतया तदा परिचितः स्यान्नेति जानीमहे ॥४॥

હે વીર ! જો કદાચ તારે પરસ્ત્રીનો સંગ કરવાથી ધર્મ થતો હોય, મદિરાનું પાન કરવાથી ધર્મ થતો હોય, પશુ અને મત્સ્યના માંસના સમૂહનું ભક્ષણ કરવાથી તારા શરીરની પુષ્ટિ થતી હોય, અને જો તારે પ્રાણીના સમૂહની હત્યા સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિને માટે થતી હોય, તો અશુભ-પાપ કર્મપણાવડે કોણ પરિચિત થશે-પાપ કર્મને કરનાર કોણ કહેવાય ? તે અમે જાણતા નથી. (મતલબ કે આ બધો અધર્મ જ છે અને તેનું કરવું દુઃખ જાણે છે.)

# जीव–आत्मा ( ७४ )

## જીવ–આત્મા–નું સ્વરૂપ:—

**ज्ञानदर्शनसंपन्न आत्मा चैको ध्रुवो मम ।**
**शेषा भावाश्च मे बाह्याः, सर्वे संयोगलक्षणाः ॥ १ ॥**

तत्त्वामृत, श्लो० २५१.

જ્ઞાન અને દર્શનવડે યુક્ત એવો મારો એક આત્મા જ શાશ્વત છે, અને બાકીના શરીરાદિક સર્વે મારા બાહ્ય પદાર્થો, સંયોગથી થયેલા હોવાથી, અનિત્ય છે. ૧.

**न जायते म्रियते कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥**

भगवद्गीता, अध्याय २, श्लो. २३

**नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २ ॥**

आचारांगसूत्रवृत्ति, पृ.२२५, श्लो. १*.

આ આત્મા કદાપિ ઉત્પન્ન થતો નથી, અને મરતો પણ નથી, આ આત્મા ઉત્પન્ન થઈને પછી ફરી ઉત્પન્ન થશે એમ પણ નથી. આત્મા તો અજ (ઉત્પન્ન નહિ થનારો), નિત્ય, શાશ્વતો અને પુરાણો છે તથા શરીર હણાતે છતે પણ આત્મા હણાતો નથી.

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, તેને અગ્નિ બાળી શકતો નથી, તેને જળ આર્દ્ર કરી શકતું નથી, તથા તેને વાયુ સુકાવી શકતો નથી.૨.

अच्छेद्योऽयमभेद्योऽयमविकारी स उच्यते ।
नित्यः सततगः स्थाणुरचलोऽयं सनातनः ॥ ३ ॥

आचारांगसूत्रवृत्ति, पृ० २२५, श्लो० २.

આ આત્મા કોઈથી છેદી શકાતો નથી તથા ભેદી શકાતો નથી. આ આત્મા અવિકારી-વિકાર રહિત કહેવાય છે, તેમજ નિત્ય, સતતગ-નિરંતર ગતિ કરનાર, સ્થાણુ, અચલ અને સનાતન છે. ૩

परमानन्दसंपन्नं, निर्विकारं निरामयम् ।
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम् ॥ ४ ॥

ઉત્કૃષ્ટ આનંદથી યુક્ત, વિકાર રહિત અને વ્યાધિ રહિત એવો આત્મા કે જે પોતાના શરીરમાં જ રહેલો છે તેને ધ્યાન રહિત પુરૂષો જોઇ શકતા નથી. ૪.

## આત્મા: સ્વયં કર્તા, સ્વયં ભોક્તા:—

केवलं केवलज्ञानं, प्राप्नुवन्ति स्ववीर्यतः ।
स्ववीर्येणैव गच्छन्ति, जिनेन्द्राः परमं पदम् ॥ ५ ॥

त्रिषष्टि, पर्व १०, सर्ग ३, श्लो० ३१.

જિનેશ્વરો કેવળ-ફક્ત પોતાના વીર્યથી જ કેવળજ્ઞાનને પામે છે, અને પોતાના વીર્યથી જ મોક્ષપદમાં જાય છે. ૫.

स्वयं कर्म करोत्यात्मा, स्वयं तत्फलमश्नुते ।
स्वयं भ्रमति संसारे, स्वयं तस्माद्विमुच्यते ॥ ६ ॥

*वृद्धचाणाक्यनीति, अ० ६, श्लो० ९.*

આત્મા પોતે જ કર્મ કરે છે અને પોતે જ તે કર્મનું ફળ ભોગવે છે, આત્મા પોતે જ સંસારમાં ભ્રમણ કરે છે અને પોતે જ તે સંસાર થકી મુક્ત પણ થાય છે. ૬.

स्वयमुत्पद्यते जन्तुः, स्वयमेव विवर्धते ।
सुखदुःखे तथा मृत्युं, स्वयमेवाधिगच्छति ॥ ७ ॥

महाभारत, शांतिपर्व, अ० २९५, श्लो० १६.

પ્રાણી પોતાની મેળે ઉત્પન્ન થાય છે, પોતાની મેળે જ વૃદ્ધિ પામે છે, પોતાની મેળે જ સુખદુઃખ પામે છે, તથા પોતાની મેળે જ મરણ પામે છે. ૭.

शुभाशुभानि कर्माणि, स्वयं कुर्वन्ति देहिनः ।
स्वयमेवोपभुज्यन्ते, दुःखानि च सुखानि च ॥ ८ ॥

आध्यात्मिकरामायण, अरण्यकांड, अ० ९, श्लो० १४.

પ્રાણીઓ પોતે જ શુભ અને અશુભ કર્મો કરે છે, તથા તેના ફળરૂપ સુખ અને દુઃખ પણ પોતે જ ભોગવે છે—અનુભવે છે.૮.

## જીવનું સર્વત્ર વ્યાપકપણું:—

समस्तलोकाकाशेऽपि, नानारूपैः स्वकर्मतः ।
वालाग्रमिव तन्नास्ति, यन्न स्पृष्टं शरीरिभिः ॥ ९ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६७.

આ સમસ્ત લોકાકાશમાં વાળના અગ્ર ભાગ જેટલો પણ એવો કોઇ ભાગ નથી, કે જેને પ્રાણીઓએ, પોતપોતાના કર્મયોગે ભિન્ન ભિન્ન સ્વરૂપે, સ્પર્શ ન કર્યો હોય. ૯.

जले जीवाः स्थले जीवा जीवाः पर्वतमस्तके ।
ज्वालामालाकुले जीवाः, सर्वं जीवमयं जगत् ॥ १० ॥

अत्रिस्मृति, श्लो० ३९.

જળને વિષે જીવો છે, સ્થળને વિષે જીવો છે, પર્વતના મસ્તક ( શિખર ) પર જીવો છે, જ્વાળાના સમૂહથી યુક્ત એવા અગ્નિને વિષે જીવો છે, તથા આ સર્વ જગત જીવમય જ છે. ૧૦.

## જીવને ગર્ભમાં જ મળતી બાબતોઃ—

आयुः कर्म च वित्तं च, विद्या निधनमेव च ।
पञ्चैतानि हि सृज्यन्ते, गर्भस्थस्यैव देहिनः ॥ ११ ॥

जैनपंचतंत्र, पृ० १३९, श्लो० ६४.

પ્રાણી ગર્ભમાં રહેલો હોય તે જ વખતે તેનું આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મરણ એ પાંચે સરજાય છે–ઉત્પન્ન થાય છે. ૧૧.

## જીવના પ્રકારઃ—

प्राणा द्वित्रिचतुः प्रोक्ता भूतानि तरवः स्मृताः ।
जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः, शेषाः सत्त्वा उदीरिताः ॥१२॥

आचारांगसूत्र, अ० १, उ० ६, पृ० ७२. (दे. ला.)*

દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય જીવોને પ્રાણી કહ્યા છે, તરૂ એટલે વનસ્પતિકાયને ભૂત કહ્યા છે, પંચેંદ્રિયોને જીવ કહેલા છે, અને બાકીના એટલે વનસ્પતિ સિવાયના એકેંદ્રિયોને સત્ત્વ કહેલાં છે. ૧૨.

**संसारिणश्चतुर्भेदाः, श्वभ्र–तिर्यग्–नरा–ऽमराः ।**
**प्रायेण दुःखबहुलाः, कर्मसंबन्धबाधिताः ॥ १३ ॥**

योगशास्त्रटीका, प्रकाश ४, श्लो० ६७.

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ પ્રમાણે સંસારી જીવો ચાર પ્રકારના છે. એ સંસારી જીવો કર્મના સંબંધથી પીડાયેલા અને પ્રાયઃ ઘણા દુઃખવાળા છે. ૧૩.

**नरकेषु देवयोनिषु तिर्यग्योनिषु च मनुजयोनिषु च ।**
**पर्यटति घटीयन्त्रवदात्मा बिभ्रन् शरीराणि ॥१४॥**

आचारांगसूत्र, पृ० २५, श्लो० २. *

આ આત્મા નરકમાં, દેવયોનિમાં, તિર્યંચયોનિમાં અને મનુષ્યયોનિમાં શરીરોને ધારણ કરી ઘંટીની જેમ ભ્રમણ કરે છે. ૧૪.

## સૂક્ષ્મ જીવઃ—

**सूक्ष्मयोनीनि भूतानि, तर्कगम्यानि कानि यत् ।**
**पक्ष्मणोऽपि निपातेन, येषां स्यात् स्कन्धपर्ययः ॥ १५ ॥**

महाभारत, शांतिपर्व, अ० १५, श्लो० २६.

કેટલાક જીવો સૂક્ષ્મ યોનિવાળા હોય છે, તે માત્ર તર્કથી જ જાણી શકાય છે, તે એટલા બધા સૂક્ષ્મ હોય છે કે નેત્રની પાંપણ ચલાવવાથી પણ તેમના સ્કંધનો પર્યાય થઈ જાય છે–તેમનું શરીર બદલાઈ જાય છે અર્થાત્ તે મરીને બીજા ભવમાં જાય છે. ૧૫.

બહિરાત્મા અંતરાત્માઃ—

**विभवश्च शरीरं च, बहिरात्मा निगद्यते ।**
**तदधिष्ठायको जीवस्त्वन्तरात्मा सकर्मकः ॥ १६ ॥**

विवेकविलास, उल्लास ११, श्लो० ३२.

ધનાદિક વૈભવ અને શરીર એ બાહ્ય આત્મા કહેવાય છે, અને તે શરીરનો અધિષ્ઠાયક એટલે તેમાં રહેલો જીવ અંતરાત્મા કહેવાય છે, તે જીવ કર્મ સહિત હોય છે. ૧૬.

આત્મવંચનાઃ—

**यो न साधयते धर्मं, कामक्रोधौ तदाश्रयौ ।**
**महामोहविमूढेन, तेनात्मा वंचितो ध्रुवम् ॥ १७ ॥**

इतिहाससमुच्चय, अ० १८, श्लो० ३५.

જે ધર્મને સાધતો નથી, તથા જે કામ અને ક્રોધના આશ્રયરૂપ છે, તે મહામોહથી મૂઢ થયેલા પ્રાણીએ પોતાના આત્માને જ ઠગ્યો છે એમ જાણવું. ૧૭.

આત્માનો સંતોષઃ—

**न वह्निस्तृणकाष्ठाद्यैर्नदीभिर्वा महोदधिः ।**
**न चैवात्माऽर्थसारेण, शक्यस्तर्पयितुं क्वचित् ॥ १८ ॥**

*उत्तराध्ययनसूत्रटीका (भावविजय), पृ० २०१. (आत्मा० स०) **

ઘાસ અને લાકડાં વિગેરેવડે અગ્નિ તૃપ્ત થતો નથી,

અથવા નદીઓના જળવડે સમુદ્ર તૃપ્તિને પામતો નથી, તેમ આ આત્મા કદાપિ ઘણા ધનવડે પણ તૃપ્ત કરી શકાતો નથી. ૧૮.

આત્મજ્ઞાનઃ—

कामं क्रोधं लोभं मोहं, त्यक्त्वाऽऽत्मानं पश्य हि कोऽहम् ।
आत्मज्ञानविहीना मूढास्ते पच्यन्ते नरकनिगूढाः ॥ १९ ॥

मोहमुद्गर ( शंकराचार्य ), श्लो० ७.

હે જીવ ! કામ, ક્રોધ, લોભ અને મોહનો ત્યાગ કરીને તું તારા આત્માને જ જો, કે હું કોણ છું ? જેઓ આત્મજ્ઞાનરહિત હોય છે,તે મૂઢ પુરૂષો નરકમાં પડીને હેરાન થયા કરે છે.૧૯.

આત્મહિતઃ—

स्वहितं तु भवेज्ज्ञानं, चारित्रं दर्शनं तथा ।
तपः संरक्षणं चैव, सर्वविद्भिस्तदुच्यते ॥ २० ॥

तत्त्वामृत, श्लो० १५९.

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણ એ જ આત્મહિત છે એમ સર્વજ્ઞોએ કહેલું છે. ૨૦.

सर्वथा स्वहितमाचरणीयं, किं करिष्यति जनो बहुजल्पः ।
विद्यते न हि स कश्चिदुपायः, सर्वलोकपरितोषकरो यः ॥२१॥

સર્વ પ્રકારે પોતાના આત્માનું જ હિત થાય તેવું આચરણ કરવું, વિવિધ પ્રકારનાં વચનોને બોલનાર લોક શું કર-

વાનો છે ? કેમકે એવો કોઈ પણ ઉપાય નથી કે જે સર્વ લોકોને સંતોષ આપનાર હોય. ૨૧.

ये निःस्पृहास्त्यक्तसमस्तरागा-
स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
संतोषपोषैकविलीनवाञ्छा-
स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥ २२ ॥

हृदयप्रदीप, श्लो० २२.

જેઓ સ્પૃહારહિત છે, જેમણે સમગ્ર રાગનો ત્યાગ કર્યો છે, જેઓ તત્ત્વને વિષે જ તત્પર છે, જેઓનું અભિમાન નાશ પામ્યું છે, તથા જેમણે સંતોષની પુષ્ટિને લીધે સર્વ વાંછાનો ત્યાગ કર્યો છે, તે પુરૂષો પોતાના આત્માને જ રંજન કરે છે. લોકને રંજન કરતા નથી. ૨૨.

उद्धरेदात्मनाऽऽत्मानं, नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ २३ ॥

भगवद्गीता, अ० ६, श्लो० ५.

પોતાના આત્માવડે જ પોતાના આત્માનો ઉદ્ધાર કરવો, આત્માને દુઃખી થવા દેવો નહીં. કારણ કે આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. ૨૩.

उद्धरेदात्मनाऽऽत्मानं, मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य, सम्यग्दर्शननिष्ठया ॥ २४ ॥

विवेकचूडामणि.

સંસારરૂપી સમુદ્રમાં ડૂબેલા પોતાના આત્માને સમ્યગ્-દર્શનની સ્થિરતાવડે એટલે સમકિતમાં સ્થિર થઇ, યોગના આરૂઢપણાને પામીને, પોતાના આત્માવડે જ ખેંચી કાઢવો યોગ્ય છે. ૨૪.

**यथा दीपो निवातस्थो निश्चलो वायुवर्जितः ।**
**प्रज्वलन्नाशयेत् सर्वमन्धकारं महामते ॥ २५ ॥**
**तद्वद्दोषविहीनात्मा, भवत्येव निराश्रयः ।**
**निराशो निश्चलो वत्स, न मित्रं न रिपुस्तदा ॥ २६ ॥**

**पद्मपुराण, खंड २, अ० ८६, श्लो० ५९, ६०.**

હે મહાબુદ્ધિમાન ! જેમ વાયુરહિત સ્થાનમાં રહેલો, નિશ્ચળ, વાયુરહિત અને સળગાવેલો દીવો સર્વ અંધકારનો નાશ કરે છે, તે જ પ્રમાણે હે વત્સ! દોષરહિત, આશ્રયરહિત અને આશારહિત એવો આત્મા જ્યારે નિશ્ચળ થાય છે, ત્યારે તેને કોઇ પણ મિત્ર કે શત્રુ હોતો નથી. ૨૫, ૨૬.

**આત્મરક્ષણઃ—**

**आत्मानं सततं रक्षेज्ज्ञानध्यानतपोबलैः ।**
**प्रमादिनोऽस्य जीवस्य, शीलरत्नं विलुप्यते ॥ २७ ॥**

**तत्त्वामृत, श्लो० १५.**

જ્ઞાન, ધ્યાન અને તપના બળવડે નિરંતર આત્માનું રક્ષણ કરવું જોઇએ. જો તેમ ન કરે તો પ્રમાદી થયેલા આ જીવનું શીળરૂપી રત્ન વિનાશ પામે છે. ૨૭.

આત્માના ગુણઃ—

अथाष्टावात्मगुणा दया सर्वभूतेषु क्षान्तिरनसूया ।
शौचमनायासो मङ्गलमकार्पण्यमस्पृहेति ॥ २८ ॥

गौतमस्मृति, अ० ८, श्लो० ४.

સર્વ પ્રાણીઓ ઉપર દયા, ક્ષમા, ઇર્ષ્યારહિતપણું, પવિત્રતા, દુઃખરહિતપણું, મંગલ, કૃપણતારહિતપણું અને નિઃસ્પૃહતા; આ આઠ ગુણ આત્માના છે. ૨૮.

ज्ञानस्य भक्तेस्तपसः क्रियायाः,
प्रयोजनं खल्विदमेकमेव ।
चेतःसमाधौ सति कर्मलेप-
विशोधनादात्मगुणप्रकाशः ॥ २९ ॥

अध्यात्मतत्त्वालोक.

જ્ઞાન, ભક્તિ, તપ અને ક્રિયા એ સર્વનું પ્રયોજન આ એક જ છે કે જે જ્ઞાનાદિકથી ચિત્તની સમાધિ (એકાગ્રતા) થાય, અને તે થવાથી કર્મના લેપનું શોધન થાય-કર્મનો ક્ષય થાય, અને તે થવાથી આત્માના ગુણોનો પ્રકાશ થાય. ૨૯.

આત્મસ્વરૂપ વિચારઃ—

मा जानीत वयं बाला देही देहेषु शाश्वतः ।
जरायौवनजन्माद्या धर्मा देहस्य नात्मनः ॥ ३० ॥

અમે બાળક છીએ એમ તમે ન જાણો, આત્મા શરીરને

વિષે શાશ્વત-નિરંતર રહેનારો છે એમ પણ તમે ન જાણો, તથા જરાવસ્થા, યુવાવસ્થા અને જન્મ એ વિગેરે શરીરના ધર્મો છે, પણ આત્માના ધર્મો નથી. ૩૦.

**न चाहं नारको नाम, न तिर्यक् नापि मानुषः ।**
**न देवः किन्तु सिद्धात्मा, सर्वोऽयं कर्मविभ्रमः ॥ ३१ ॥**

**जैनकवि.**

હું નારકી નથી, તિર્યંચ પણ નથી, મનુષ્ય પણ નથી, તેમ જ દેવ પણ નથી. પરંતુ સિદ્ધ આત્મરૂપ છું. અને આ સર્વ દેખાય છે તે તો માત્ર કર્મનો જ વિલાસ છે. ૩૧.

આત્મોપદેશઃ—

**आहारैर्मधुरैर्मनोहरतरैर्हारैर्विहारैर्वरैः,**
**केयूरैर्मणिरत्नचारुशिखरैर्दारैरुदारैश्च किम् ? ।**
**प्राणान्पद्मदलाग्रवारितरलाञ्ज्ञात्वा जवाज्जीव रे,**
**दानं देहि विधेहि शीलतपसी निर्वेदमास्वादय ॥ ३२ ॥**

**वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ५६.**

મધુર એવા આહાર કરવાથી શું ? મનોહર એવા હાર વિગેરે અલંકારો પહેરવાથી શું ? ઉત્તમ વિહારવડે ( મહેલો વડે ) શું ? મણિ અને રત્નોથી સુંદર એવા બાજુબંધ પહેરવાથી શું ? ઉદાર ( સુંદર રૂપવાળી ) સ્ત્રીઓ ભોગવવાથી શું ? કેમકે આ પ્રાણો કમળના પર્ણના અગ્ર ભાગ ઉપર રહેલા જળ બિંદુની જેવા ચપળ છે, એમ જાણીને હે જીવ ! તું

શીઘ્રપણે દાન દે, શીયળ પાળ, તપ કર, અને વૈરાગ્યરસનો આસ્વાદ કર. ૩૨.

ज्ञात्वा बुद्बुदभङ्गुरं धनमिदं दीपप्रकम्पं वपु-
स्तारुण्यं तरलेक्षणाक्षितरलं विद्युच्चलं दोर्बलम् ।
रे रे जीव! गुरुप्रसादवशतः किंचिद्विधेहि द्रुतं,
दानध्यानतपोविधानविषयं पुण्यं पवित्रोचितम् ॥ ३३ ॥

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ५७.

હે જીવ! આ ધન પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે, આ શરીર દીવાની જેમ કંપાયમાન છે, યુવાવસ્થા ચપલાક્ષી (સ્ત્રી) ના નેત્ર જેવી ચપળ છે, અને બાહુબળ વીજળી જેવું ચંચળ છે. તેથી તું ગુરૂ મહારાજની કૃપાના વશથી પવિત્રપણાને ઉચિત એવું દાન, ધ્યાન અને તપના વિષયવાળું કાંઈક પુણ્ય, શીઘ્રપણે, કરી લે. ૩૩.

## આત્માધીન ગુણ : કર્માધીન ધન:—

आत्मायत्ते गुणादाने, नैर्गुण्यं वचनीयता ।
दैवायत्तेषु वित्तेषु, पुंसः का नाम वाच्यता ? ॥ ३४ ॥

व्यासदेव.

ગુણ ગ્રહણ કરવા તે પોતાને ( આત્માને ) આધીન છે, તેથી જો પુરૂષ નિર્ગુણ-ગુણરહિત-હોય તો તે નિંદાને પાત્ર છે. તથા ધન મેળવવું તે દૈવને-નસીબને-આધીન છે, તેથી જો પુરૂષને ધન પ્રાપ્ત ન થાય તો તેમાં શી નિંદા? પુરૂષ નિંદાને પાત્ર નથી. ૩૪.

**આત્માના સુખનું મહત્વઃ—**

**तावद्विवादी जनरञ्जकश्च,**
**यावन्न चैवात्मरसे सुखज्ञः।**
**चिन्तामणिं प्राप्य वरं हि लोके,**
**जने जने कः कथयन् प्रयाति ? ॥ ३५ ॥**

हृदयप्रदीय, श्लो० २३.

પુરૂષ જ્યાં સુધી આત્મરસના સુખને જાણતો નથી, ત્યાં સુધી તે વાદવિવાદમાં ઉતરે છે અને મનુષ્યોને રંજન કરવા પ્રયત્ન કરે છે. જેમકે લોકમાં પણ શ્રેષ્ઠ ચિંતામણિ રત્નને પામીને, દરેક લોકની પાસે કોણ કહેતો કહેતો ફરે છે? કોઈ કહેતો નથી કે મને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું છે. મનમાં સમજીને જ રહે છે, તેમ આત્માના આનંદને જાણનાર કોઇને કાંઇ કહેતો નથી, આત્માના રમણમાં જ મગ્ન રહે છે. ૩૫.

**જીવ અને કર્મઃ—**

**शुभाशुभानि कर्माणि, जीवः करोति हेतुभिः ।**
**तेनात्मा कर्तृको ज्ञेयः, कारणैः कुम्भकृद्यथा ॥ ३६ ॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), अ० २, पृ० ७९. (आत्मा.स.)

આ જીવ શુભ હેતુ ( કારણ ) મળવાથી શુભ કર્મ કરે છે અને અશુભ હેતુ મળવાથી અશુભ કર્મ બાંધે છે, તેથી કરીને આ આત્મા કર્તા તરીકે ગણાય છે એમ જાણવું. ૩૬.

**नीचैर्गोत्रावतारश्चरमजिनपतेर्मल्लिनाथेऽबलात्वं,**
**दृग्नाशो ब्रह्मदत्ते भरतनृपजयः सर्वनाशश्च कृष्णे ।**
**निर्वाणं नारदेऽपि प्रशमपरिणतिः सा चिलातीसुतेऽपि,**
**इत्थं कर्मात्मवीर्ये स्फुटमिह जयतां स्पर्धया तुल्यरूपे ॥३७॥**

पार्श्वनाथचरित्र (गद्य), पृ० ४८. (प्र० स०.)*

છેલ્લા-ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી નીચ ગોત્રમાં અવતર્યા, મલ્લિનાથ તીર્થંકર સ્ત્રીપણું પામ્યા, બ્રહ્મદત્ત ચક્રવર્તીની દૃષ્ટિનો નાશ થયો ( અંધ થયા ), ભરત રાજાનો જય થયો, કૃષ્ણ વાસુદેવના સર્વ પરિવારનો નાશ થયો, નારદ પણ મોક્ષે ગયા, અને ચિલાતીપુત્રને પણ પ્રશમનો પરિણામ થયો. આ પ્રમાણે આ જગતમાં પરસ્પરની સ્પર્ધાવડે સરખા સ્વરૂપવાળાં કર્મ અને આત્મવીર્ય પ્રગટપણે જયવંત વર્તો. ૩૭.

**यथा छायाऽऽतपौ नित्यं, सम्बद्धौ च परस्परम् ।**
**तद्वत्कर्म च कर्ता च, सुसम्बद्धौ परस्परम् ॥ ३८ ॥**

पद्मपुराण. खंड २, अ० ८१, श्लो० ५१.

જેમ છાયા અને તડકો પરસ્પર નિત્ય સંબંધવાળાં છે, તેમ કર્મ અને કર્તા-જીવ-નિરંતર પરસ્પર સંબંધવાળાં છે. ૩૮.

**यथा पृथिव्यां बीजानि, अन्नानि च धनानि च ।**
**तथैवात्मनि कर्माणि, तिष्ठन्ति भरतर्षभ! ॥ ३९ ॥**

इतिहाससमुच्चय, अ० २, श्लो० ६७.

જેમ સર્વ બીજ, અન્ન અને ધન પૃથ્વીને વિષે રહેલાં છે, તેમ આત્માને વિષે, હે ભરત રાજા! કર્મો રહેલાં છે. ૩૯.

**यथा धेनुसहस्रेषु, वत्सो विन्दति मातरम् ।**
**तथा पूर्वकृतं कर्म, कर्तारमनुगच्छति ॥ ४० ॥**

**महाभारत, शांतिपर्व, अ० १७९, श्लो० १७.**

જેમ વાછરડો હજારો ગાયોમાં રહેલી પોતાની માતાને ઓળખી કાઢે છે, (એટલે ઓળખીને તેની પાછળ જાય છે,) તેમ પૂર્વનું કરેલું કર્મ કર્તાને અનુસરે છે-કર્તાની પાછળ જાય છે. ૪૦.

**क्ष्माभृद्रङ्ककयोर्मनीषिजडयोः सद्रूपनीरूपयोः,**
**श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगरोगार्त्तयोः ।**
**सौभाग्यासुभगत्वसङ्गमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं,**
**यत्तत्कर्मनिबन्धनं तदपि नो जीवं विना युक्तिमत् ॥४१॥**

**दिनकृत्यटीका.**

રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, રૂપવાન અને કુરૂપ ધનવાન અને ગરીબ, બળવાન અને નિર્બળ, નીરોગી અને રોગી, સોભાગ્યવાન અને દુર્ભાગ્યવાન, આ સર્વને વિષે મનુષ્યપણું છતાં પણ પરસ્પર જે તફાવત છે, તે તફાવતનું કારણ કર્મ જ છે. તથા તે કર્મ પણ જીવ વિના યુક્તિયુક્ત નથી. તેથી જીવ છે અને તે જીવ કર્મનો કર્તા તથા તેના ફળનો ભોક્તા છે, એમ સિદ્ધ થાય છે. ૪૧.

## જીવ અને મરણ:—

जन्मिनां प्रकृतिर्मृत्युर्विकृतिर्जीवितं पुनः ।
ततः स्वभावसिद्धेऽर्थे को विषादो विवेकिनाम् ? ॥४२॥

महावीरचरित्र, सर्ग ६, श्लो २७८.

મરણ થવું એ જન્મેલા પ્રાણીઓની પ્રકૃતિ–સ્વભાવ–જ છે, અને જે જીવવું તે તો વિકૃતિ–વિકાર–છે. તેથી કરીને સ્વભાવથી જ જે પદાર્થ સિદ્ધ હોય તેમાં વિવેકી જનોને ખેદ શાનો હોય ? ૪૨.

## જીવ અને ચૈતન્ય:—

इन्द्रियापेक्षया प्रायः, स्तोकमस्तोकमेव च ।
चराचरेषु जीवेषु, चैतन्यमपि निश्चितम् ॥ ४३ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ९१.

સ્થાવર અને જંગમ જીવોને વિષે, ઇંદ્રિયોની અપેક્ષાએ, પ્રાયે કરીને થોડું ઘણું પણ ચૈતન્ય અવશ્ય રહેલું જ છે. ૪૩.

## જીવ અને મોક્ષ:—

दीपो यथा निर्वृतिमभ्युपेतो
नैवावनीं गच्छति नान्तरीक्षम् ।
दिशं न काञ्चिद्विदिशं न काञ्चित्,
स्नेहक्षयात्केवलमेति शान्तिम् ॥ ४४ ॥

जीवस्तथा निर्वृतिमभ्युपेतो,
नैवावनीं गच्छति नान्तरीक्षम् ।
दिशं न काञ्चिद्विदिशं न काञ्चित्,
क्लेशक्षयात्केवलमेति शान्तिम् ॥ ४५ ॥

उपदेशप्रासाद, भा० १, पृ० ११७. (प्र. स.) ❀

જેમ દીવો નિર્વાણ પામે છે-બુઝાઇ જાય છે-ત્યારે તે (તેનું તેજ) પૃથ્વીપર રહેતો નથી, આકાશમાં જતો નથી, કોઇ પણ દિશામાં જતો નથી, અને કોઇ પણ વિદિશામાં પણ જતો નથી. કેવળ સ્નેહ (તેલ) નો ક્ષય થવાથી શાંતિને પામે છે. તે જ પ્રમાણે જીવ પણ નિર્વાણને (મોક્ષને) પામે છે ત્યારે તે પૃથ્વીપર રહેતો નથી, આકાશમાં જતો નથી. કોઈ પણ દિશામાં જતો નથી, અને કોઇ પણ વિદિશામાં પણ જતો નથી. કેવળ કલેશનો ક્ષય થવાથી શાંતિને પામે છે. ૪૪, ૪૫.

## જીવ અને શરીરઃ—

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र-
पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
द्रष्टा च वक्ता च विवेकरूप-
स्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ॥४६॥

हृदयप्रदीप, श्लो० ६.

હે આત્મા ! ચામડી, માંસ, ચર્બી, હાડકાં, વિષ્ઠા અને મૂત્ર વિગેરેથી પૂર્ણ એવા આ શરીરને વિષે તને કેમ અનુરાગ ઉત્પન્ન થાય છે ? કેમકે આત્માના ગુનોનો સાક્ષાત્ દ્રષ્ટા-જોનાર

તથા કહેનાર પણ તું જ છે, અને તું જ વિવેકરૂપ છે. તો આ દેહમાં તું કેમ મોહ પામે છે ? ૪૬.

**कामक्रोधादिभिस्तापैस्ताप्यमानो दिवानिशम् ।**
**आत्मा शरीरान्तःस्थोऽसौ, पच्यते पुटपाकवत् ॥४७॥**

શરીરની અંદર રહેલો આ આત્મા કામ, ક્રોધ વિગેરેના તાપવડે રાત્રિ દિવસ તપાતો છતો પુટપાકની જેમ પચાયા કરે છે. ૪૭.

## જીવાત્મા અને પરમાત્માઃ—

**स तावद्देहिनां भिन्नः, सम्यग्यावन्न लक्ष्यते ।**
**लक्षितस्तु भजत्यैक्यं, रागाद्यञ्जनमार्जनात् ॥ ४८ ॥**

योगसार, प्रस्ताव १, श्लो० १४.

તે પ્રાણીઓનો આત્મા જ્યાં સુધી સમ્યક્ પ્રકારે ઓળખાયો-જોવાયો-નથી, ત્યાં સુધી તે પરમાત્માથી ભિન્ન છે. પરંતુ જ્યારે રાગાદિક અંજન ધોઈ નાખવાથી નિર્મળ થયેલો તે આત્મા ઓળખવામાં આવે છે, ત્યારે તે પરમાત્માની સાથે એકતાને-અભેદપણાને-પામે છે. ૪૮.

**यथा लोहं सुवर्णत्वं, प्राप्नोत्यौषधयोगतः ।**
**आत्मध्यानात्तथैवात्मा, परमात्मत्वमश्नुते ॥ ४९ ॥**

विवेकविलस, उल्लास ११, श्लो० ३४.

જેમ ઔષધિના પ્રયોગથી લોઢું સુવર્ણ થઈ જાય છે, તેમ આત્મા આત્માનું ધ્યાન કરવાથી પરમાત્મારૂપ થઇ જાય છે. ૪૯.

**आत्मानो देहिनो भिन्नाः, कर्मपङ्ककलङ्किताः ।**
**अदेहः कर्मनिर्मुक्तः, परमात्मा न भिद्यते ॥ ५० ॥**

योगसार, प्रस्ताव १, श्लो० १६.

દેહને ધારણ કરનાર અને કર્મરૂપી પંકથી કલંકિત થયેલા આત્માઓ પરમાત્માથી જૂદા છે, તથા દેહરહિત અને કર્મથી મુક્ત થયેલો આત્મા પરમાત્માથી જૂદો નથી. ૫૦.

**सर्वमोहक्षयात् साम्ये, सर्वशुद्धे सयोगिनि ।**
**सर्वशुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ॥ ५१ ॥**

योगसार, प्रस्ताव १, श्लो० ७.

સર્વથા મોહનો ક્ષય થવાથી સમભાવ સર્વ પ્રકારે શુદ્ધ થાય છે અને સયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે, તે વખતે સર્વથા શુદ્ધ થયેલા આત્માને આ પરમાત્મા સર્વ પ્રકારે સ્ફુટ થાય છે. ૫૧.

**यो मां पश्यति सर्वत्र, सर्वं च मयि पश्यति ।**
**तस्याहं न प्रणश्यामि, स च मे न प्रणश्यति ॥५२॥**

भगवद्गीता, अ० ६, श्लो० ३०.

સર્વ બ્રહ્માંડને વ્યાપીને રહેલા મને જે જુએ છે ( જાણે છે ) અને મારે વિષે રહેલા સર્વ બ્રહ્માંડને જે જુએ છે, તેનો હું નાશ કરતો નથી, અને તે મને નાશ કરતો નથી. અર્થાત્ જેને આવું આત્મજ્ઞાન થાય છે તે મારી જેવો થાય છે–મુક્ત થાય છે. ૫૨.

# कर्म (७५)

### કર્મના પ્રકારઃ—

स ज्ञानदर्शनावरणवेद्यमोहायुषां तथा नाम्नः ।
गोत्रान्तराययोश्चेति, कर्मबन्धोऽष्टधा मौलः ॥ १ ॥

प्रशमरति, श्लो० ३४.

જ્ઞાનાવરણુ, દર્શનાવરણુ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય, એવી રીતે એ મૂળ કર્મબંધ, આઠ પ્રકારને। છે. ૧.

### જ્ઞાનાવરણીય કર્મઃ—

ज्ञानस्य ज्ञानिनां वाऽपि, निन्दाप्रद्वेषमत्सरैः ।
उपघातैश्च विघ्नैश्च, ज्ञानघ्नं कर्म बध्यते ॥ २ ॥

જ્ઞાન અથવા જ્ઞાનીની નિંદા, દ્વેષ, મત્સર-ઇર્ષ્યા, ઉપઘાત અને વિઘ્ન કરવાથી મનુષ્ય જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. ૨.

### મોહનીય કર્મઃ—

दुःखप्रतिक्रियाऽर्थं सुखाभिलाषाच्च पुनरपि तु जीवः ।
प्राणिवधादीन् दोषानधितिष्ठति मोहसंछन्नः ॥ ३ ॥

*आचारांगसूत्र, पृ० २५, श्लो० ६.* *

મોહથી-મોહનીય કર્મથી-વ્યાપ્ત થયેલો જીવ દુઃખનો પ્રતિકાર-નાશ-કરવા માટે તથા સુખ મેળવવાની ઇચ્છાથી ફરીને પણ પ્રાણીવધાદિક દોષો કર્યા કરે છે. ૩.

## મોહનીય કર્મનું જોરઃ—

आर्यो देशः कुलरूपसंपदायुश्च दीर्घमारोग्यम् ।
यतिसंसर्गः श्रद्धा धर्मश्रवणं च मतितैक्ष्ण्यम् ॥ ४ ॥
एतानि दुर्लभानि प्राप्तवतोऽपि दृढमोहनीयस्य ।
कुपथाकुलेऽर्हदुक्तोऽतिदुर्लभो जगति सन्मार्गः ॥ ५ ॥

आचारांगसूत्र, पृ० २५, श्लो० १०, ११. *

આર્ય દેશ, ઉચ્ચ કુળ, સારૂં રૂપ, સંપદા, દીર્ઘ આયુષ્ય, આરોગ્યતા, સાધુનો સત્સંગ, ધર્મની શ્રદ્ધા, ધર્મનું શ્રવણ અને મતિની તીક્ષ્ણતા-સારી બુદ્ધિ, આટલી વસ્તુ પ્રાપ્ત થવી અત્યંત દુર્લભ છે, છતાં કદાચ તે સર્વ પામી શકાય પણ દૃઢ મોહનીય કર્મવાળા જીવને કુમાર્ગથી વ્યાપ્ત એવા આ જગતમાં અરિહંતે કહેલો સન્માર્ગ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે. ૪, ૫.

## કર્મનું જોરઃ—

आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो ! दुष्टेन कर्मणा ॥ ६ ॥

ज्ञानसार, कर्मविपाकाष्टक, श्लो० ५.

ઉપશમ શ્રેણિ પર આરૂઢ થયેલા શ્રુતકેવળી એટલે ચૌદ પૂર્વધરો પણ અહો ! દુષ્ટ કર્મે કરીને અનંત સંસાર ભટકે છે. ૬.

समीहितं यन्न लभामहे वयं,
प्रभोर्न दोषः स च कर्मणो मम ।
दिवाऽप्युलूको यदि नावलोकते,
तदाऽपराधः कथमंशुमालिनः ? ॥ ७ ॥

पांडवचरित्र ( गद्य ). सर्ग १, पृ० २१. ( य. वि. ग्रं. )*

અમે ઇચ્છિત વસ્તુને જે નથી પામતા, તેમાં કાંઈ પ્રભુનો દોષ નથી, તે તો અમારાં કર્મનો જ દોષ છે. જેમકે દિવસે પણ જો ઘુવડ દેખી શકતો નથી તો તે અપરાધ શું સૂર્યનો છે? ૭.

जानामि पापं न च मे निवृत्ति-
र्जानामि पुण्यं न च मे प्रवृत्तिः ।
केनापि भूतेन हृदि स्थितेन,
व्यादिश्यते यत् तदहं करोमि ॥ ८ ॥

सूक्तमुक्तावली, पृ० २०. ( दे. ला. )*

હું પાપને જાણું છું છતાં તેનાથી હું પાછો ફરતો નથી, પુણ્યને પણ હું જાણું છું છતાં તેમાં મારી પ્રવૃત્તિ થતી નથી. પરંતુ મારા હ્રદયમાં કોઇ ભૂત ( કર્મરૂપી ભૂત ) રહેલું છે, તે જે પ્રમાણે કહે છે તે પ્રમાણે હું કરૂં છું. ૮.

कर्मणो हि प्रधानत्वं, किं कुर्वन्ति शुभा ग्रहाः ? ।
वसिष्ठदत्तलग्नोऽपि, रामः प्रव्रजितो वने ॥ ९ ॥

आध्यात्मिकरामायण, अरण्यकाण्ड, अ० ९, श्लो० १५.

( જગતમાં ) કર્મની જ મુખ્યતા છે, ગ્રહો કદાચ શુભ હોય તો પણ તે શું કરી શકે ? કાંઇ પણ કરી શકે નહીં. જેમકે વસિષ્ઠ મુનિએ શુભ લગ્ન-મુહૂર્ત્ત-આપ્યું હતું, તો પણ રામને વનમાં જવું પડ્યું. ૯.

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे,
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ।
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं सेवते,
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥१०॥

नीतिशतक ( भर्तृहरि ), श्लो० ९२

જે કર્મે બ્રહ્માને કુંભારની જેમ બ્રહ્માંડરૂપી ભાંડના મધ્યે નિમ્યો છે, જેણે વિષ્ણુને મહાસંકટવાળા દશ અવતારરૂપ વનમાં નાંખ્યો છે, જેણે મહાદેવને હાથમાં કપાળ રાખીને ભિક્ષાટન કરાવ્યું છે, તથા જેનાથી સૂર્ય નિરંતર આકાશમાં ભ્રમણ કરે છે, તે કર્મને નમસ્કાર થાઓ. ૧૦.

तावन्मतिः स्फुरति नीतिपथाध्वनीना,
तावत् परोक्तमपि पथ्यतया विभाति ।
यावत् पुरा कृतमकर्म न सर्वपर्व-
प्रत्यूहकारि परिपाकमुपैति जन्तोः ॥११॥

જ્યાં સુધી સર્વ ઉત્સવોમાં વિઘ્ન કરનારૂં, જંતુનું, પૂર્વે કરેલું અશુભ કર્મ ઉદયમાં આવ્યું ન હોય, ત્યાં સુધી નીતિમાર્ગમાં ચાલનારી મતિ-બુદ્ધિ-સ્ફુરાયમાન થાય છે, અને ત્યાં સુધી જ બીજાનું કહેલું વચન હિતકારક ભાસે છે. ૧૧.

## કર્મનું અવશ્યંભાવીપણું:—

**स्वल्पेनैव हि कालेन, फलं प्राप्स्यसि यत्कृतम् ।**
**शशवदात्मकर्णाभ्यां, गोपयन् स्वं मनागपि ॥१२॥**

तत्त्वामृत, श्लो० १७९.

જેમ સસલો પોતાના બે કાનવડે પોતાના શરીરને છુપાવીને મને કોઇ દેખતું નથી એમ માને છે, પરંતુ તરત જ તે પારધિથકી વધબંધનને પામે છે, તે જ પ્રમાણે હે જીવ! તેં જે કર્મ કર્યું છે તેને ગમે તેટલું ગોપવીશ તો પણ તેનું ફળ થોડા કાળમાં જ તું પામીશ. ૧૨.

**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥ १३ ॥**

विक्रमचरित्र, खंड २, पृ० २७. (हे. जै. ग्रं.)*

સેંકડો કરોડો યુગ જાય તો પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી, કેમકે કરેલું શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાનું જ છે. ૧૩.

**यत्कर्म पुरा विहितं, यातं जीवस्य पाकमिह किञ्चित् ।**
**न तदन्यथा विधातुं कथमपि शक्रोऽपि शक्तोऽस्ति ॥१४॥**

सुभाषितरत्नसंदोह, श्लो० ३४७.

પ્રાણીએ જે કર્મ પ્રથમ કર્યું હોય, અને તેનો જે કંઇ વિપાક થયો હોય, તે અન્યથા કરવા માટે કોઇ પણ પ્રકારે ઇંદ્ર પણ શક્તિમાન નથી. ૧૪.

## કર્મઃ સંસારભ્રમણઃ—

**कर्मानुभावदुःखित एवं मोहान्धकारगहनवति ।**
**अन्ध इव दुर्गमार्गे, भ्रमति हि संसारकान्तारे ॥१५॥**

**आचारांगसूत्र, पृ० २५, श्लो० ५.***

કર્મના પ્રભાવથી દુઃખી થતો જીવ મોહરૂપી અંધકારવડે અત્યંત ગાઢ સંસારરૂપી અરણ્યમાં વિષમ માર્ગને વિષે અંધની જેમ (અથવા વિષમ માર્ગવાળા સંસારરૂપી અરણ્યમાં અંધની જેમ) ભમ્યા કરે છે. ૧૫.

**तैः कर्मभिः स जीवो विवशः संसारचक्रमुपयाति ।**
**द्रव्यक्षेत्राद्धाभावभिन्नमावर्तते बहुशः ॥ १६ ॥**

**आचारांगसूत्र, पृ० २५, श्लो० १.***

તે તે કર્મોવડે પરાધીન થયેલો તે જીવ સંસારચક્રમાં ભ્રમણ કરે છે. તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભેદવાળા એવા સંસારમાં ઘણી વાર આવર્તન કરે છે—ભમ્યા કરે છે. ૧૬

**संसारी कर्मसंबन्धान्नटवत् परिभ्राम्यति ।**
**अनन्तकालपर्यन्तं, जीवः संसारवर्त्मनि ॥ १७ ॥**

સંસારી જીવ કર્મના સંબંધથી સંસારરૂપી માર્ગમાં, નટની જેમ, અનંત કાળ સુધી ભ્રમણ કરે છે. ૧૭.

## કર્મ: જીવોમાં અસમાનતા કરનાર:—

**आत्मत्वेनाविशिष्टस्य, वैचित्र्यं तस्य यद्वशात् ।**
**नरादिरूपं तच्चित्रमदृष्टं कर्मसंज्ञितम् ॥ १८ ॥**

દરેક પ્રાણીને વિષે આત્માપણું સમાન છતાં જેના વશથી તે પ્રાણીને વિચિત્ર પ્રકારનું નર, નારકી, તિર્યંચ અને દેવપણું પ્રાપ્ત થાય છે, તે, વિચિત્ર પ્રકારનું, કર્મ નામનું અદૃષ્ટ જ છે. ૧૮

## કર્મનું આવરણ: રજ:—

**स्नेहाभ्यक्तशरीरस्य रेणुनाऽऽश्लिष्यते यथा गात्रम् ।**
**रागद्वेषक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥ १९ ॥**

धर्मबिन्दु.*

જેના શરીરને તેલવડે મર્દન કર્યું હોય તેના શરીરને જેમ રજ-ધૂળ ચોંટી જાય છે, તેમ રાગદ્વેષથી વ્યાપ્ત થયેલા જીવને કર્મનો બંધ થાય છે. ૧૯.

## કર્મ તેવી બુદ્ધિ:—

**किं करोति नरः प्राज्ञः, प्रेर्यमाणः स्वकर्मणा ? ।**
**प्रागेव हि मनुष्याणां, बुद्धिः कर्मानुसारिणी ॥ २० ॥**

इतिहाससमुच्चय, अ० १, श्लो० १३०.

પોતાના કર્મથી પ્રેરાતો હોવાથી ડાહ્યો માણસ પણ શું કરે ? મનુષ્યોને પહેલેથી જ કર્મને અનુસરનારી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૨૦.

यथा यथा पूर्वकृतस्य कर्मणः,
फलं निधानस्थमिवोपतिष्ठते ।
तथा तथा तत्प्रतिपादनोद्यता,
प्रदीपहस्तेव मतिः प्रवर्तते ॥ २१ ॥

भागवत, स्कंध ७, अ० १३, श्लो० २८.

જેમ જેમ પૂર્વે કરેલા કર્મનું ફળ, જાણે નિધાનમાં રહેલું ધન હોય તેમ, પ્રાપ્ત થાય છે, તેમ તેમ જાણે કે હાથમાં દીવો લઇને આવી હોય તેમ તે ફળનું પ્રતિપાદન કરવા-સિદ્ધ કરવા-ઉદ્યમવાળી થયેલી-તૈયાર થયેલી મતિ--બુદ્ધિ-પ્રવર્તે છે, અર્થાત્ કર્મનું ફળ જેવું ભાગવાનું હોય તેવી જ મતિ આગળથી પ્રવર્તે છે. ૨૧.

કરે તે પામેઃ--

स्वयं कृतानि कर्माणि, स्वयमेवानुभूयते(न्ते) ।
कर्मणामकृतानां च, नास्ति भोगः कदाऽपि हि ॥२२॥

उपदेशप्रासाद ( मूल ), भाग १, पृ० ११४. ( प्र. स. )

જીવે પોતે જે કર્મો કરેલાં હોય તેનો અનુભવ તે જ જીવ કરે છે એટલે કે કરેલાં કર્મનું ફળ તે જ ભોગવે છે. પણ પોતે નહીં કરેલાં કર્મના ફળનો અનુભવ પોતાને કદાપિ થતો નથી. ૨૨.

न कर्मणा पितुः पुत्रः, पिता वा पुत्रकर्मणा ।
मार्गेणान्येन गच्छन्ति, बद्धाः सुकृतदुष्कृतैः ॥२३॥

महाभारत, शांतिपर्व, अ० १५२, श्लो० ३८.

પિતાના કર્મવડે કાંઇ પુત્ર જતો નથી, અથવા પુત્રના કર્મ-વડે પિતા જતો નથી. સર્વ લોકો પોતાના પુણ્ય અને પાપથી બંધાયા છે, તેથી તેને અનુસારે ભિન્ન ભિન્ન માર્ગે જાય છે. ૨૩.

કરે તેવું પામેઃ—

**यदिह क्रियते कर्म, तत् परत्रोपभुज्यते ।**
**मूलसिक्तेषु वृक्षेषु, फलं शाखासु जायते ॥ २४ ॥**

उत्तराध्ययनसूत्रटीका (कमलसंयम), पृ० १२८.*

આ ભવમાં જે કર્મ કરાય છે, તેનું ફળ પરભવમાં ભોગ-વાય છે. જેમકે વૃક્ષના મૂળમાં પાણી સીંચવાથી તેનાં ફળ શાખાઓ ઉપર ઉત્પન્ન થાય છે. ૨૪.

**भवित्रीं भूतानां परिणतिमनालोच्य नियतां,**
**पुरा यद् यत् किञ्चिद् विहितमशुभं यौवनमदात् ।**
**पुनः प्रत्यासन्ने महति परलोकैकगमने,**
**तदेवैकं पुंसां व्यथयति जराजीर्णवपुषाम् ॥२५॥**

उत्तराध्ययनसूत्रटीका (कमलसंयम), पृ० १४१.*

પાંચ મહાભૂતોની અથવા પ્રાણીઓની કેવી કેવી પરિણતિ ભવિષ્યમાં અવશ્ય થવાની છે, તેનો વિચાર કર્યા વિના પહેલાં યૌવનના મદથી જે જે કાંઇ અશુભ કૃત્ય કર્યું હતું, તેજ એક અશુભ કૃત્ય જ્યારે મોટા પરલોકનું પ્રયાણ ( મૃત્યુ ) નજીકમાં આવે છે ત્યારે, જરાવડે જેનાં શરીર જીર્ણ થયાં હોય તેવા પુરૂષોને, અત્યંત વ્યથા કરે છે. ૨૫.

बध्नाति ततो बहुविधमन्यत् पुनरपि नवं सुबहु कर्म ।
तेनाथ पच्यते पुनरग्नेरग्निं प्रविश्येव ॥ २६ ॥

आचारांगसूत्र, पृ० २५, श्लो० ७.*

પ્રાણીવધાદિક દોષો કર્યા પછી તે જીવ ફરીને પણ ઘણા પ્રકારનું નવું કર્મ બાંધે છે, અને તેથી ફરીને ફરીને પણ એક અગ્નિમાંથી બીજા અગ્નિમાં પ્રવેશ કરીને જેમ રંધાય તેમ ( દુઃખાગ્નિવડે ) રંધાય છે. ૨૬.

एवं कर्माणि पुनः पुनः, स बध्नंस्तथैव मुञ्चंश्च ।
सुखकामो बहुदुःखं, संसारमनादिकं भ्रमति ॥ २७ ॥

आचारांगसूत्र, पृ० २५, श्लो० ८.*

વારંવાર કર્મોને બાંધતો તથા મૂકતો–ભોગવતો અને સુખને ઇચ્છતો તે જીવ ઘણા દુઃખવાળા આ અનાદિ અનંત સંસારમાં ભ્રમણ કરે છે. ૨૭.

ग्रहा रोगा विषाः सर्पा डाकिन्यो राक्षसास्तथा ।
पीडयन्ति नरं पश्चात्, पीडितं पूर्वकर्मणा ॥ २८ ॥

पद्मपुराण, खंड २, अ० ८१, श्लो० ५२.

પૂર્વના કર્મવડે પીડા પામતા પુરૂષોને જ ગ્રહો, રોગ, વિષ, સર્પ, ડાકિની અને રાક્ષસો વિગેરે પાછળથી પીડે છે. ૨૮.

यादृशं क्रियते कर्म, तादृशं भुज्यते फलम् ।
यादृशमुप्यते बीजं, तादृशं प्राप्यते फलम् ॥ २९ ॥

पद्मपुराण, पृ० ३२६, श्लो० ५७.

પ્રાણી જેવું કર્મ કરે છે, તેવું તેનું ફળ ભોગવે છે. કેમકે જેવું બીજ વાવે તેવું જ તેનું ફળ પમાય છે. ૨૯.

**केऽपि सहस्रम्भरयः, कुक्षिम्भरयश्च केऽपि केऽपि नराः।**
**नात्मम्भरयस्तदिदं, फलमखिलं सुकृतदुष्कृतयोः ॥३०॥**

કેટલાક મનુષ્યો હજારોનું પોષણ કરનારા હોય છે, કેટલાક પોતાની કુક્ષિને જ ભરનારા હોય છે, અને કેટલાક તો પોતાનું પણ પોષણ કરનારા હોતા નથી. તે આ સર્વ પુણ્ય-પાપનાં ( કર્મનાં ) જ ફળ છે. ૩૦.

**निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः ।**
**शुभकर्माणमायान्ति, तद्वशाः सर्वसम्पदः ॥ ३१ ॥**

पंचतन्त्र, पृ० १७, श्लो० १७.

જેમ દેડકાઓ ખાબોચીયામાં જાય છે, અને પક્ષીઓ જેમ પૂર્ણ સરોવર પ્રત્યે જાય છે, તેમ સર્વ સંપત્તિઓ શુભ કર્મને વશ હોવાથી શુભ કર્મવાળા પુરૂષને પ્રાપ્ત થાય છે. ૩૧.

**सुभगो दुर्भगः श्रीमान् , रूपवान् रूपवर्जितः ।**
**स एव सेवकः स्वामी, नरो नारी नपुंसकः ॥ ३२ ॥**

તે જ જીવ ( કર્મના વશથી ) સારા ભાગ્યવાળો, દુર્ભાગી, લક્ષ્મીવાન, રૂપવાન, રૂપરહિત, સેવક. સ્વામી, નર, નારી અને નપુંસક થાય છે. ૩૨.

### કર્મ અને ફળઃ—

**कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन ।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ३३ ॥**

भगवद्गीता, अ० २, श्लो० ४७.

હે અર્જુન! ક્રિયા કરવાનો જ તારો અધિકાર છે, તેનું ફળ શું થશે તે બાબતમાં તારો અધિકાર કદાપિ નથી, તેથી તું કર્મના ફળનો હેતુ-કારણ ન થા, તથા અકાર્યને-અનુધમને વિષે તારો સંગ ન કર. ૩૩.

### કર્મના ફળના પ્રકારઃ—

**अनिष्टमिष्टं मिश्रं च, त्रिविधं कर्मणः फलम् ।**
**भवत्यत्यागिनां प्रेत्य, न तु संन्यासिनां क्वचित् ॥३४॥**

भगवद्गीता, अ० १८, श्लो० १२.

અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર, એમ ત્રણ પ્રકારનું કર્મનું ફળ છે. તે અત્યાગી એટલે સંસારી જીવોને પરલોકમાં પ્રાપ્ત થાય છે, પરંતુ સંન્યાસીઓને કોઈ વખત તે ફળ પ્રાપ્ત તારો સંગ ન હો. ૩૩.

### કર્મનો ત્યાગઃ—

**पापं हि कर्म फलति, पापमेव स्वयं कृतम् ।**
**तस्मात् पापं न सेवेत, कर्म दुःखफलोदयम् ॥ ३५ ॥**

**पापानुबन्धं यत्कर्म, यद्यपि स्यान्महाफलम् ।**
**तन्न सेवेत मेधावी, शुचिः कुशीलिनं यथा ॥ ३६ ॥**

महाभारत, शांतिपर्व, अ० २९७, श्लो० ६, ७.

પોતે કરેલું પાપ જ પાપકર્મને ફળે છે-ઉત્પન્ન કરે છે. તેથી દુઃખરૂપ ફળને ઉત્પન્ન કરનાર પાપકર્મ સેવવું-કરવું-નહીં. જો કે જે પાપાનુબંધિ કર્મ હોય તે મોટું ફળ આપનાર હોય છે, પરંતુ ડાહ્યા પુરૂષે, જેમ પવિત્ર માણસ કુશીલીયાને ન સેવે તેમ, તેવું પાપાનુબંધિ કર્મ સેવવું નહીં. કેમ કે તેથી પરિણામે ઘણું દુઃખ ઉત્પન્ન થાય છે. ૩૫, ૩૬.

**कर्मणा बध्यते जन्तुर्विद्यया तु प्रमुच्यते ।**
**तस्मात् कर्म न कुर्वन्ति, यतयः पारदर्शिनः ॥ ३७ ॥**

महाभारत, शांतिपर्व, अ० २४७, श्लो० ७.

પ્રાણી કર્મ વડે બંધાય છે, અને બ્રહ્મવિદ્યા વડે મુક્ત થાય છે, તેથી ( સંસારના અથવા શાસ્ત્રના ) પારને જોનારા યતિઓ કર્મને કરતા જ નથી, અર્થાત્ બ્રહ્મવિદ્યામાં જ મગ્ન રહે છે. ૩૭.

## કર્મનાશનો ઉપાયઃ—

**नो मृत्तिका नैव जलं, नाप्यग्निः कर्मशोधनः ।**
**शोधयन्ति बुधाः कर्म, ज्ञानध्यानतपोजलैः ॥ ३८ ॥**

*मत्स्यपुराण, अ० ६८, श्लो० ११.*

કર્મને એટલે કર્મરૂપી મળને શુદ્ધ કરનાર માટી નથી, જળ નથી તેમ જ અગ્નિ પણ નથી. પરંતુ પંડિત જનો જ્ઞાન, ધ્યાન અને તપરૂપી જળવડે કર્મને શુદ્ધ કરે છે. ૩૮.

**आत्मना यत्कृतं कर्म, भोक्तव्यं तदनेकधा ।**
**तस्मात् कर्माश्रवं रुद्धा, स्वेन्द्रियाणि वशं नय ॥ ३९ ॥**

तत्त्वामृत, श्लो० १३४.

જીવે પોતે જે કર્મ કર્યું હશે તેને અનેક પ્રકારે અવશ્ય ભોગવવું પડશે. તેથી કર્મના આશ્રવદ્વારોને રૂંધીને તું તારી ઇંદ્રિયોને વશ કર–કબજે કર. ૩૯.

**किञ्चाखिलो विपाकोऽयमस्ति स्वकृतकर्मणः ।**
**दुःखाय नोपसर्गस्तत्, सतां कर्म जिघांसताम् ॥४०॥**

આ સર્વ વિપાક ( ફળ ) પોતાનાં કરેલાં કર્મનો જ છે, તેથી કરીને જ કર્મનો નાશ કરવાને ઇચ્છતા સત્પુરૂષોને જે કાંઈ ઉપસર્ગ થાય તે દુઃખકારક થતો નથી. ૪૦.

### કર્મનાશઃ મોક્ષઃ—

**दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।**
**कर्मबीजे तथा दग्धे, न रोहति भवाङ्कुरः ॥ ४१ ॥**

तत्त्वार्थसूत्रभाष्य, कारिका, श्लो० ८.

જેમ ધાન્યાદિકનું બીજ અત્યંત બળી ગયું હોય ત્યારે તેનો અંકુર પ્રગટ થતો નથી ( તે બીજ ઉગતું નથી ) તેમ

કર્મરૂપી બીજ તપસ્યાદિકથી બળી ગયું હોય ત્યારે ભવ -સંસાર-રૂપી અંકુર ફરીથી ઉગતો નથી, એટલે કે જન્મ-મરણાદિક સંસાર પ્રાપ્ત થતો નથી. ૪૧.

**तैलक्षये यथा दीपो निर्वाणमधिगच्छति ।**
**कर्मक्षयात् तथा जन्तुः, शरीरान्नाशमृच्छति ॥ ४२ ॥**

पद्मपुराण, खंड २, अ० ८१, श्लो० ५८.

જેમ તેલનો ક્ષય થવાથી દીવો બુઝાઇ જાય છે, તેમ કર્મનો ક્ષય થવાથી જીવ શરીરથી નાશ પામે છે-જુદો પડે છે એટલે મોક્ષને પામે છે. ૪૨.



# चार गति ( ७६ )

## [ देवगति ]

દેવગતિથી આવેલઃ—

कवित्वमारोग्यमतीव मेधा,
स्त्रीणां प्रियत्वं बहुरत्नलाभः ।
दानप्रसङ्गः स्वजनेषु पूजा,
स्वर्गच्युतानां किल चिह्नमेतत् ॥ १ ॥

धर्मकल्पद्रुम, पल्लव ६, श्लो० ६१.

કવિપણું, નીરોગતા, અત્યંત બુદ્ધિ, સ્ત્રીઓના પ્રિયપણું. ઘણા રત્નોનો લાભ, દાનનો સંયોગ અને સ્વજનોમાં પૂજા; આ સ્વર્ગથી ચવેલા જીવનાં લક્ષણ છે. ૧.

स्वर्गच्युतानामिह जीवलोके,
चत्वारि नित्यं हृदये वसन्ति ।
दानप्रसंगो मधुरा च वाणी,
देवार्चनं सद्गुरुसेवनं च ॥ २ ॥

આ જીવલોકમાં જેઓ સ્વર્ગથી ચવેલા હોય, તેમના હૃદયમાં નિરંતર દાનનો પ્રસંગ, મધુર વાણી, દેવપૂજા અને સદ્‌ગુરૂની સેવા; આ ચાર બાબત અવશ્ય રહેલી હોય છે. ૨.

## દેવગતિથી આવેલ અને તેમાં જનારઃ—

**सद्धर्मः सुभगो नीरुक्, सुस्वप्नः सुनयः कविः ।**
**सूचयत्यात्मनः श्रीमान्, नरः स्वर्गे गमागमौ ॥३॥**

विवेकविलास, उल्लास, ५, श्लो० २२.

જે મનુષ્ય સદ્ધર્મનું આચરણ કરતો હોય, સારા ભાગ્યવાળો હોય, રોગરહિત હોય, સારા સ્વપ્નવાળો હોય, સારો નીતિમાન હોય, કવિ હોય અને લક્ષ્મીમાન હોય, તે મનુષ્ય પોતે સ્વર્ગથી આવેલો છે અને ફરીથી સ્વર્ગમાં જશે એમ તે સૂચવે છે-જણાવે છે. ૩.

## દેવગતિમાં દુઃખઃ—

**देवेषु च्यवनवियोगदुःखितेषु,**
**क्रोधेर्ष्यामदमदनातितापितेषु ।**
**आर्या ! नस्तदिह विचार्य संगिरन्तु,**
**यत्सौख्यं किमपि निवेदनियमस्ति ॥४॥**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, पृ० २३७. *

ચ્યવન અને વિયોગના દુઃખે કરીને સહિત, ક્રોધ, ઇર્ષ્યા, અહંકાર, કામ વિગેરેથી અતિ તાપિત એવા દેવોમાં ક્યા પ્રકારનું સુખ રહેલું છે તે, હે આર્ય પુરૂષો, વિચાર કરીને, અમને સમજાવો. ૪.

દેવગતિનાં કારણઃ—

**मनसश्चेन्द्रियाणां च, ये नित्यं संयमे रताः ।**
**त्यक्तशोकभयक्रोधास्ते नराः स्वर्गगामिनः ॥ ५ ॥**

धर्मकल्पद्रुम, पृ० ७०, श्लो० ८१. ( दे. ला. )

જે મનુષ્યો નિરંતર મન અને ઇંદ્રિયોના સંયમમાં તત્પર હોય છે—મન અને ઇંદ્રિયોને નિયમમાં રાખે છે, તથા જેઓએ શોક, ભય અને ક્રોધનો ત્યાગ કર્યો હોય છે, તે મનુષ્યો સ્વર્ગે જાય છે. ૫.

**सत्येन तपसा क्षान्त्या, दानेनाध्ययनेन च ।**
**सर्वस्याश्रयभूताश्च, ते नराः स्वर्गगामिनः ॥ ६ ॥**

धर्मकल्पद्रुम, पृ० ७०, श्लो० ४८०. ( दे. ला. )

જેઓ સત્યવડે, ક્ષમાવડે, દાનવડે અને અધ્યયન ( અભ્યાસ )વડે સર્વના આશ્રયભૂત હોય છે, તે પુરૂષો સ્વર્ગે જનારા હોય છે. ૬.

**अणुव्रतमहाव्रतैर्व्यपगतातिचारैर्युताः,**
**सबालतपसोऽथवा दधुरकामतो निर्जराम् ।**
**ये के च जिनवन्दनार्चनपराश्च सम्यग्दृशः,**
**श्रयन्ति त इहाङ्गिनः सुरभवायुरेवं गुणाः॥७॥**

धर्मकल्पद्रुम, पृ० ६८, श्लो० ३६. ( दे. ला. )

જે મનુષ્યો અતિચારરહિત અણુવ્રત અથવા મહાવ્રતને

ધારણ કરનારા છે, અથવા બાળ ( અજ્ઞાન ) તપને કરનાર જે મનુષ્યો અકામ નિર્જરાને ધારણ કરે છે, તથા સમ્યગ્દૃષ્ટિ જનો જિનેશ્વરની વંદના અને પૂજામાં તત્પર હોય, તે સર્વે પ્રાણીઓ આવા ગુણવાળા હોવાથી દેવભવનું આયુષ્ય બાંધે છે. ૭.

**प्राणान्न हिंस्यान्न पिबेच्च मद्यं,**
**वदेच्च सत्यं न हरेत्परार्थम् ।**
**परस्य भार्यां मनसाऽपि नेच्छेत्,**
**स्वर्गं यदीच्छेत् गृहवत्प्रवेष्टुम् ॥ ८ ॥**

धर्मकल्पद्रुम, पृ० ५३, श्लो० ५३. ( दे. ला. )*

જો ઘરની જેમ સ્વર્ગમાં પ્રવેશ કરવાની ઈચ્છા હોય તો પ્રાણીઓની હિંસા કરવી નહીં, મદિરાનું પાન કરવું નહીં, સત્ય વચન બોલવું, પરનું ધન હરણ કરવું નહીં, તથા મનમાં પણ પરસ્ત્રીની ઇચ્છા કરવી નહીં. ૮.

**सत्यञ्च धर्मश्च पराक्रमश्च, भूतानुकम्पा प्रियभाषणञ्च ।**
**गुरुस्वदेवातिथिपूजनञ्च, पन्थानमाहुस्त्रिदिवस्य सन्तः॥९॥**

धर्मकल्पद्रुम, पृ० ७०, श्लो० ७९. ( दे. ला. )*

સત્ય, ધર્મ, પરાક્રમ, જીવદયા અને પ્રિય વચન, તથા સદ્ગુરૂ, દેવ અને અતિથિનું પૂજન; આ સર્વ સ્વર્ગનો માર્ગ છે એમ સત્પુરૂષો કહે છે. ૯.

**दानं दरिद्रस्य प्रभोश्च क्षान्ति-**
**र्यूनां तपो ज्ञानवतां च मौनम् ।**

**इच्छानिवृत्तिश्च सुखान्वितानां,**
**दया च भूतेषु दिवं नयन्ति ॥ १० ॥**

पद्मपुराण, खंड ४, अ० ९२, श्लो० ५८.

પોતે દરિદ્ર ( ગરીબ ) છતાં દાન આપે, સ્વામી છતાં શાંતિ રાખે, યુવાવસ્થા છતાં તપ કરે, જ્ઞાની ( વિદ્વાન ) છતાં મૌન રાખે, સુખવડે યુક્ત ( સુખી ) છતાં ઇચ્છાનો નિરોધ કરે ( સંતોષ રાખે ), તથા સર્વ જીવ ઉપર દયા રાખે. આ સર્વ ગુણો પ્રાણીઓને સ્વર્ગે લઈ જાય છે. ૧૦.

**मातापित्रोश्च शुश्रूषां, ये कुर्वन्ति सदाऽऽदृताः ।**
**वर्जयन्ति दिवा स्वापं, ते नराः स्वर्गगामिनः ॥११॥**

पद्मपुराण, खंड २, अ० ९६, श्लो० २४.

જેઓ આદર પૂર્વક હમેશાં માતાપિતાની સેવા કરતા હોય, અને જેઓ દિવસે સુતા ન હોય, તે મનુષ્યો સ્વર્ગે જનાર હોય છે. ૧૧.

**सत्येन तपसा ज्ञानध्यानेनाध्ययनेन वा ।**
**ये धर्ममनुवर्तन्ते, ते नराः स्वर्गगामिनः ॥ १२ ॥**

पद्मपुराण, खंड २, अ० ९६, श्लो० २१.

જે મનુષ્ય સત્યવડે, તપવડે, જ્ઞાનવડે, ધ્યાનવડે અને શાસ્ત્રના અભ્યાસવડે ધર્મને અનુસરે છે–આરાધે છે, તે મનુષ્યો સ્વર્ગમાં જનારા હોય છે. ૧૨.

## [ मनुष्यगति ]

### મનુષ્યગતિનું દુર્લભપણું:—

**ननु पुनरिदमतिदुर्लभमगाधसंसारजलधिविभ्रष्टम् ।**
**मानुष्यं खद्योतकतडिल्लताविलसितप्रतिमम् ॥ १३ ॥**

आचारांगसूत्र, पृ० १०७, श्लो० २.*

આ મનુષ્યભવ, અગાધ સંસારરૂપી સમુદ્રમાં પડશે તે ફરીથી પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે, તથા આ મનુષ્યભવ આગીઆ અને વીજળીના વિલાસની જેવો અતિ ચંચળ છે-ક્ષણિક છે. ( તેથી તેની સફળતા માટે યત્ન કરવો. ) ૧૩.

**एवं भ्रमतः संसारसागरे दुर्लभं मनुष्यत्वम् ।**
**संसारमहत्त्वाधार्मिकत्वदुष्कर्मबाहुल्यैः ॥ १४ ॥**

आचारांगसूत्र, पृ० २५, श्लो० ९.*

આ પ્રમાણે સંસારરૂપી સમુદ્રમાં ભ્રમણ કરતા જીવને, સંસાર અત્યંત મોટો હોવાથી, ઘણું અધર્મીપણું તથા ઘણા દુષ્કર્મ હોવાથી મનુષ્યપણું પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. ૧૪.

### મનુષ્યગતિને સફળ કરવી:—

**धनैश्वर्याभिमानेन, प्रमादमदमोहिताः ।**
**दुर्लभं प्राप्य मानुष्यं, हारयध्वं मुधैव मा ॥ १५ ॥**

*पार्श्वनाथचरित्र (पद्य), सर्ग १, श्लो० ५०. ( य. वि. ग्रं.)**

ધન અને ઐશ્વર્યના અભિમાનવડે, પ્રમાદ અને મદથી મોહ પામેલા તમે આ દુર્લભ મનુષ્ય જન્મને પામીને ફોગટ હારી ન જાઓ. ૧૫.

संप्राप्य मानुषत्वं, संसारासारतां च विज्ञाय ।
हे जीव ! किं प्रमादान्न चेष्टसे शान्तये सततम् ? ॥१६॥

आचारांगसूत्र, पृ० १०७, श्लो० १.*

હે જીવ ! આ મનુષ્ય ભવ પામીને તથા સંસારની અસારતા જાણીને–જાણ્યા છતાં–તું પ્રમાદને લીધે નિરંતર શાંતિને માટે–શમતા મેળવવા માટે–કેમ પ્રયાસ કરતો નથી ? ૧૬.

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते,
पीयूषेण प्रवरकरिणं वाहयत्यैन्धभारम् ।
चिन्तारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थं,
यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥ १७ ॥

सिंदूरप्रकरण, श्लो० ५.

જે માણસ પ્રમાદી થઇને આ દુઃખે કરીને પામી શકાય તેવા મનુષ્ય જન્મને પામીને તેને ફોગટ ગુમાવે છે, તે માણસ સુવર્ણની થાળીમાં ધૂળ–કચરો–ભરે છે, અમૃતરસવડે પગ ધુએ છે, મોટા હાથી પાસે ઇંધણના ભારને વહન કરાવે છે, અને કાગડાને ઉડાડવા માટે હાથમાંથી ચિંતામણિ રત્નને ફેંકી દે છે. ૧૭.

दुष्प्रापं प्राप्य मानुष्यं, कार्यं तत् किञ्चिदुत्तमैः ।
मुहूर्त्तमेकमप्यस्य, याति नैव यथा वृथा ॥ १८ ॥

विवेकविलास, उल्लास ७, श्लो० १.

દુઃખે કરીને પામી શકાય એવું મનુષ્યપણું પામીને ઉત્તમ પુરૂષોએ કાંઇક એવું કાર્ય કરવું જોઇએ કે જેથી તે મનુષ્યપણાનો એક ક્ષણ પણ વૃથા-ફોગટ-ન જાય. ૧૮.

મનુષ્યગતિથી આવેલાઃ—

**अनुलोमो विनीतश्च, दयादानरुचिर्मृदुः ।**
**सहर्षो मध्यदर्शी च, मनुष्यादागतो नरः ॥ १९ ॥**

धर्मकल्पद्रुम, पृ० ९३, श्लो० ६७. ( प्र. स. )

જે સર્વની સાથે અનુકૂળ થઇને રહેતો હોય, વિનયવાન હોય, દયા અને દાનને વિષે રૂચિવાળો હોય, સ્વભાવે કોમળ હોય, આનંદમાં રહેતો હોય, અને મધ્યમ દૃષ્ટિવાળો હોય, તે મનુષ્યભવમાંથી આવેલો છે એમ જાણવું. ૧૯.

**संतुष्टता मध्यमवर्तिता च,**
**स्वल्पश्च कोपो निकषायता च ।**
**भोगाभिलाषे समचित्तता च,**
**भवन्ति मानुष्यसमागतानाम् ॥ २० ॥**

મનુષ્યગતિથી આવેલા પ્રાણીને સંતોષ હોય છે, મધ્યસ્થપણું હોય છે, ક્રોધ અલ્પ હોય છે, કષાયરહિતપણું હોય છે અને ભોગના અભિલાષને વિષે સમાન ચિત્તપણું હોય છે. ( ભોગ મળે તે ભોગવે અને ન મળે તેને માટે લુબ્ધ ન થાય. ) ૨૦.

### મનુષ્યગતિથી આવેલા અને તેમાં જનારઃ—

निर्दम्भः सदयो दानी, दान्तो दक्ष ऋजुः सदा ।
मर्त्ययोनिसमुद्भूतो भावी तत्र पुनः पुमान् ॥ २१ ॥

विवेकविलास, उल्लास ५, श्लो० २३.

જે મનુષ્ય સદા દંભ–કપટ–રહિત, દયાળુ, દાતાર, ઇંદ્રિયોનું દમન કરનાર, ડાહ્યો અને સરળ હોય, તે પુરૂષ મનુષ્યયોનિથી આવેલો છે અને ફરીથી પણ મનુષ્યભવમાં જવાનો છે એમ જાણવું. ૨૧.

### મનુષ્ય અને દેવનું સુખઃ—

सुखदुःखे मनुजानां, मनःशरीराश्रये बहुविकल्पे ।
सुखमेव हि देवानां, दुःखं स्वल्पं च मनसि भवम् ॥२२॥

आचारांगसूत्र, पृ०, २५, श्लो० ४. *

મનુષ્યોને મન અને શરીર સંબંધી ઘણાં પ્રકારનાં સુખ દુઃખ બન્ને મિશ્ર હોય છે, તથા દેવોને કેવળ સુખ જ હોય છે, તો પણ તેમને (બીજા દેવોની સમૃદ્ધિ વિગેરે જોવાથી) મનમાં ઉત્પન્ન થનારૂં થોડું દુઃખ પણ હોય છે. ૨૨.

### મનુષ્યગતિમાં દુખઃ—

दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिह भवे गर्भवासे नराणां,
बालत्वे चापि दुःखं मललुलिततनुस्त्रीपयःपानमिश्रम् ।

**तारुण्ये चापि दुःखं भवति विरहजं वृद्धभावोऽप्यसारः,**
**संसारे रे मनुष्याः! वदत यदि सुखं स्वल्पमप्यस्ति किंचित् ? २३**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, पृ० २३७, श्लो० १. *

મનુષ્યગતિમાં માણસોને સ્ત્રીની કુક્ષિમાં-ગર્ભવાસમાં-પહેલાંજ દુ:ખ હોય છે, બાલ્યાવસ્થામાં પણ મળમુત્રવાળા શરીરના કારણે અને સ્ત્રીના સ્તનનું પાન કરવાના કારણે દુ:ખ છે, યુવાવસ્થામાં પણ વિરહજન્ય દુ:ખ રહેલું છે અને વૃદ્ધાવસ્થા પણ સાર વગરની જ છે, તેથી હે મનુષ્યો! સંસારમાં ક્યાં થોડું પણ સુખ છે તે કહો. ૨૩.

**बाल्यात्प्रभृति च दोषैर्दष्टोऽभिभवश्च यावदिह मृत्युः ।**
**शोकवियोगायोगैर्दुर्गतिदोषैश्च नैकविधैः ॥ २४ ॥**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, पृ० २३७, श्लो० २. *

( મનુષ્યગતિમાં પણ ) પ્રાણી બાળપણાથીજ દોષોવડે કરીને ડસાયેલો હોય છે, અને જ્યાં સુધી મૃત્યુ ન પામે ત્યાં સુધી શોક, વિયોગ, યોગ અને ખરાબ હાલતરૂપી અનેક દોષવડે એનો પરાભવ થયા જ કરે છે. ૨૪.

## મનુષ્યગતિનાં કારણ:—

**निर्दम्भः सदयो दानी, दान्तो दक्षः सदा मृदुः ।**
**साधुसेवी जनोत्साही, भावी चात्र नरः पुनः ॥ २५ ॥**

धर्मकल्पद्रुम, पृ० ९३, श्लो० ६८. ( प्र. स. )

જે સદા દંભ રહિત, દયાળુ, દાતાર. ઇંદ્રિયોને દમનાર,

ડાહ્યો, કોમળ, સજ્જનનો સેવક અને માણુસોને ઉત્સાહ આપનાર હોય, તે મનુષ્ય ફરીને પણુ આ સંસારમાં મનુષ્ય થાય છે. ૨૫.

**ये तु प्रकृत्याऽणुकषाययुक्ता दानप्रियाः संयमशीलशून्याः ।**
**गुणैर्युता मध्यममार्गभाजो बध्नन्ति जीवा मनुजायुरेते ॥ २६ ॥**

धर्मकल्पद्रुम, पृ० ४२, श्लो० ३५. ( प्र० स. )

જેઓ સ્વભાવથી જ અલ્પ કષાયવાળા હોય, દાન દેવામાં પ્રીતિવાળા હોય સંયમ અને શીયળ પાળતા ન હોય, ગુણોવડે યુક્ત હોય, અને મધ્યમ માર્ગને સેવતા હોય ( સામાન્ય ધર્મ પાળતા હોય ), આવા જીવો મનુષ્યનું આયુષ્ય બાંધે છે. ૨૬.

## [ तिर्यंचगति ]

### તિર્યંચગતિથી આવેલ:—

**क्षुधालुता मानविहीनता च, भयातिरेकः प्रभविष्णुता च ।**
**मानापमाने समचित्तता च, तिर्यग्गतेरागतचिह्नमेतत् ॥२७॥**

कर्मविपाक, पृ० १८, श्लो० १०९.

ઘણી ભૂખ, માનરહિતપણું, ભયનું અધિકપણું, પરાક્રમ તથા માન અને અપમાનમાં તુલ્યચિત્તપણું; આ સર્વ લક્ષણ તિર્યંચ ગતિમાંથી આવેલા પ્રાણીનાં હોય છે. ૨૭.

### તિર્યંચગતિમાં જનાર:—

**मायालोभक्षुधाऽऽलस्यबह्वाहारादिचेष्टितैः ।**
**तिर्यग्योनिसमुत्पत्तिं, ख्यापयत्यात्मनः पुमान् ॥ २८ ॥**

विवेकविलास, उल्लास ५, श्लो० २४.

માયા, લોભ, ક્ષુધા, આળસ અને ઘણો આહાર, એ વિગેરે ચેષ્ટા ઉપરથી પુરૂષ પોતાને તિર્યંચયોનિમાં જન્મ જણાવે છે (એટલે તિર્યંચયોનિમાંથી આવવું અને પાછું તિર્યંચયોનિમાં જવું સૂચવે છે.) ૨૮.

## તિર્યંચગતિમાં દુખઃ—

**क्षुत्तृड्हिमोष्णानिलशितदाहदारिद्र्यशोकप्रियविप्रयोगैः ।**
**दौर्भाग्यमौर्ख्यानभिजात्यदास्यवैरूप्यरोगादिभिरस्वतंत्रः ॥२९॥**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, पृ० २३७, श्लो० ३.

તિર્યંચ યોનીમાં ઉત્પન્ન થયેલ પ્રાણી પણ ભૂખ, તરસ, ઠંડા અને ગરમ પવન, ટાઢ, તડકો, દરિદ્રતા, શોક, પ્રિયનો વિયોગ, દુર્ભાગ્ય, મૂર્ખતા, હલકા કુળમાં જન્મ, ગુલામી, કદરૂપ અને રોગોવડે પરતંત્ર હોય છે. ૨૯.

## નરક અને તિર્યંચનું દુઃખઃ—

**सततानुबद्धमुक्तं दुःखं नरकेषु तीव्रपरिणामम् ।**
**तिर्यक्षु भयक्षुत्तृड्वधादिदुःखं सुखं चाल्पम् ॥ ३० ॥**

आचारांगसूत्र, पृ० २५, श्लो० ३. *

નરકને વિષે જીવને નિરંતર પરંપરાવાળું અને તીવ્ર પરિણામવાળું દુઃખ હોય છે, તિર્યંચમાં ભય, ક્ષુધા, તૃષા અને વધ બંધ વિગેરેનું ઘણું દુઃખ છે, અને સુખ તો ઘણું અલ્પ છે. ૩૦.

તિર્યંચ ગતિનાં કારણઃ—

उन्मार्गदेशनपराः कृतमार्गनाशा
मायाविनो विहितजातिबलादिमानाः ।
अन्तःसशल्यशठशीलपराश्च जीवा-
स्तिर्यग्गतेर्जननमायुरुपार्जयन्ति ॥ ३१ ॥

धर्मकल्पद्रुम, पृ० ६८, श्लो० ३४. ( दे. ला. )

ઉન્માર્ગની—ઉત્સૂત્રની—દેશના આપનારા, સન્માર્ગનો નાશ કરનારા, માયા—કપટ—કરનારા, જાતિ અને બળ વિગેરેનો ગર્વ કરનારા, અંતઃકરણમાં શલ્યવાળા તથા શઠની જેવા આચરણ કરનારા જીવો તિર્યંચ ગતિમાં જન્મ પામવાના આયુષ્યને બાંધે છે. ૩૧.

## [ नरकगति ]

નરકથી આવેલઃ—

विरोधता बन्धुजनेषु नित्यं,
सरोगता मूर्खजनेषु सङ्गः ।
अतीव रोषी कटुका च वाणी,
नरस्य चिह्नं नरकागतस्य ॥ ३२ ॥

धर्मकल्पद्रुम, पृ० ९३, श्लो० ६३. ( प्र. स. )

નિરંતર બંધુજનને વિષે વિરોધ કરવો, નિરંતર રોગી રહેવું, નિરંનર મૂર્ખ માણસોનો સંગ કરવો, અત્યંત ક્રોધ કરવો, અને અતિ કડવું વચન બોલવું; આ લક્ષણો નરકમાંથી આવેલા નરનાં હોય છે. ૩૨.

નરકમાં જનાર:—

सरोगः स्वजनद्वेषी, कटुवाग् मूर्खसङ्गकृत् ।
निघ्नो निर्दयमानी च, स याति नरकावनिम् ॥ ३३ ॥

धर्मकल्पद्रुम, पल्लव ६, श्लो० ६४. ( प्र. स. )

જે માણુસ નિરંતર રોગી હોય, સ્વજનો ઉપર દ્વેષ કરતો હોય, કડવું વચન બોલતો હોય, મૂર્ખનો સંગ કરતો હોય, પરાધીન હોય, નિર્દય હોય, અને માની-ગર્વવાળો-હોય, તે માણુસ નરકમાં જવાનો છે. ૩૩.

નરકથી આવેલ અને તેમાં જનાર:

सरोगः स्वजनद्वेषी, दुर्भाषो मूर्खसङ्गकृत् ।
शास्ति स्वस्य गतायातं, नरो नरकवर्त्मनि ॥ ३४ ॥

विवेकविलास, उल्लास ५, श्लो० २५.

જે મનુષ્ય રોગી હોય, સ્વજનો ઉપર દ્વેષ કરતો હોય, કઠોર વચન બોલતો હોય, અને મૂર્ખનો સંગ કરતો હોય, તે મનુષ્ય પોતાનું નરકમાંથી આવવું અને નરકમાં જવું જણાવે છે, ( એટલે કે તે નરકમાંથી આવ્યો છે અને નરકમાં જવાનો છે એમ જાણવું.) ૩૪.

નારકીનું અસહ્ય દુખ:—

श्रवणलवनं नेत्रोद्धारं करक्रमपाटनं,
हृदयदहनं नासाच्छेदं प्रतिक्षणदारुणम् ।

**कटविदहनं तीक्ष्णपात्रत्रिशूलविभेदनं,**
**दहनवदनैः कंकैर्घोरैः समन्तविभक्षणम् ॥३५॥**

**आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, श्लो० १.**

કાનના ટુકડા થવા, આંખો ખેંચી કાઢવી, હાથ પગને ચીરવા, હૃદયને બાળવું, ક્ષણે ક્ષણે અતિભયંકર એવું નાકનું કાપવું, કેડનું બાળવું, ધારદાર ત્રિશૂળથી વિંધવું, અગ્નિ જેવા મુખવાળા અને અતિ ભયંકર એવા કંકપક્ષી (જેની પાંખના શરપંખ થાય છે) થી ચારે કોરથી ખવાવું; (આ બધા ભયંકર દુ:ખો નરકનાં છે.) ૩૫

**तीक्ष्णैरसिभिर्दीप्तैः, कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः ।**
**परशुत्रिशूलमुद्गरतोमरवासीमुषण्ढीभिः ॥ ३६ ॥**

**आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, श्लो० २.**

ધારદાર અને ચમકતી એવી તરવારોવડે, ભયંકર બરછીઓવડે, પરશુઓવડે, ચક્રોવડે, ત્રિશુળોવડે, કુહાડાઓવડે, મગદળવડે, ભાલાવડે અને ફરશીઓ વિગેરેવડે ( નારકીના જીવો દુ:ખ પામે છે ) ૪૬.

**सम्भिन्नतालुशिरसश्छिन्नभुजाश्छिन्नकर्णनासौष्ठाः ।**
**भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥ ३७ ॥**

**आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, श्लो० ३.**

ભેદાયેલાં છે તાળવું અને મસ્તક જેમનાં, તુટી ગયેલ છે હાથ જેમના, છેદાયેલાં છે કાન, નાક અને હોઠ જેમનાં, તુટી

ગયેલ છે હૃદય અને આંતરડાં જેમનાં, છેદાયેલ છે આંખોનાં પોપચાં જેમનાં અને અત્યંત દુઃખી એવા નારકી જીવો હોય છે.૩૭.

**निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः ।**
**नेक्षन्ते त्रातारं नैरयिकाः कर्मपटलान्धाः ॥ ३८ ॥**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, श्लो० ४.

કર્મના પડદાથી આંધળા થયેલા નરકના જીવો પછાડો ખાય છે, ઉછળે છે અને દીન એવા બનીને જમીન ઉપર ચેષ્ટાઓ કર્યા કરે છે પણ કોઈ પણ રક્ષણ કરનારને જોતા નથી. ૩૮.

**छिद्यन्ते कृपणाः कृतान्तपरशोस्तीक्ष्णेन धारासिना,**
**क्रन्दन्तो विषवीचि ( वच्छु ) भिः परिवृताः सम्भक्षणव्यापृतैः ।**
**पाट्यन्ते ककचेन दारुवदसेः प्रच्छिन्नबाहुद्वयाः,**
**कुम्भीषु त्रपुपानदग्धतनवो मूषासु चान्तर्गताः ॥ ३९ ॥**

आचारांगसूत्र, सूत्र १७७ नी टीका, श्लो० ५.

ગરીબ એવા બિચારા નારકીના જીવો ભયંકર એવી કુહાડીથી અને ધારદાર તીક્ષ્ણ તરવારથી છેદાય છે, બુમો મારતા એવા તે જીવો ખાઈ જવાને તૈયાર થયેલાં ઝેરવાળાં કુતરાંઓથી વીંટાયેલા હોય છે, તેઓ કરવતથી લાકડાની જેમ વેરાય છે, તરવારથી તેઓના બન્ને હાથ કપાય છે, અને કુંભીમાં તથા સોનું વિગેરે ગાળવાની કુલડીમાં રહ્યા રહ્યા સીસાનો રસ પીવાથી તેમનાં શરીર બળી જાય છે. ૩૯.

**नरके यानि दुःखानि, पापहेतुभवानि वै ।**
**प्राप्यन्ते नारकैर्विप्र ! तेषां संख्या न विद्यते ॥ ४० ॥**

*विष्णुपुराण, अंश ६, श्लो० ४९.*

હે બ્રાહ્મણ ! નરકને વિષે પાપના કારણથી ઉત્પન્ન થયેલાં જે દુઃખો નરકના પ્રાણીને પ્રાપ્ત થાય છે, તેની સંખ્યા જ થઇ શકે તેમ નથી. ૪૦.

## નરકગતિનાં કારણઃ—

**महारम्भासक्ताः सततममितैः पातकपदैः,**
**परिस्पन्दैर्युक्ता विहितबहुपञ्चेन्द्रियवधाः ।**
**महालोभा रौद्राध्यवसितसमेतोग्रमनसो**
**विशीला मांसाशा दधति नरकायुस्तनुभृतः ॥ ४१ ॥**

धर्मकल्पद्रुम, पृ० ६७, श्लो० ३३. ( दे. ला. )

જેઓ નિરંતર મોટા આરંભના કાર્યમાં આસક્ત હોય, ઘણા પાપના સ્થાનરૂપ–પાપી–પરિવારવડે યુક્ત હોય, ઘણા પંચેંદ્રિયોનો વધ કરનારા હોય, ઘણા લોભી હોય, રૌદ્રધ્યાનના અધ્યવસાય સહિત હોય, ઉગ્ર મનવાળા હોય, શીલ રહિત હોય અને માંસનું ભક્ષણ કરનારા હોય; તેવા પ્રાણીઓ નરકનું આયુષ્ય બાંધે છે. ૪૧.

**मित्रद्रोही कृतघ्नश्च, स्तेयो विश्वासघातकः ।**
**चत्वारो नरकं यान्ति, यावच्चंद्रदिवाकरौ ॥ ४२ ॥**

उपदेशप्रासाद, भाग २, पृ० ७६. ( प्र. स. )

મિત્ર ઉપર દ્રોહ કરવો, કરેલા ગુણનો ઘાત કરવો, ચોરી કરવી, અને વિશ્વાસઘાત કરવો; આ ચાર દોષને સેવનારા જનો પૃથ્વીપર સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી નરકમાં રહે છે. ૪૨.

**त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ ४३ ॥**

भगवद्गीता, अ० १७, श्लो० २१.

કામ, ક્રોધ અને લોભ; આ ત્રણ નરકનાં દ્વાર છે, તે આત્માને નાશ પમાડનાર છે, તેથી તે ત્રણને ત્યાગ કરવો. ૪૩.

**यतिने काञ्चनं दत्त्वा, ताम्बूलं ब्रह्मचारिणे ।**
**चौरेभ्योऽप्यभयं दत्त्वा, दाताऽपि नरकं व्रजेत् ॥ ४४ ॥**

पाराशरस्मृति, अ. १, श्लो० ६०.

મુનિને સુવર્ણ આપે, બ્રહ્મચારીને તાંબુલ આપે અને ચોરને અભયદાન આપે તો તે દાતાર પણ નરકે જાય છે. ૪૪.

# मन ( ७७ )

## મનનું સ્વરૂપઃ—

**त्रिकालविषयव्यक्तिचिन्तासन्तानधारकम् ।**
**नानाविकल्पसंकल्परूपं चित्तं प्रवर्तते ॥ १ ॥**

**विवेकविलास, उल्लास ११, श्लो० ९३.**

ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળના વિષયવાળી ચિંતા ( વિચાર ) ની પરંપરાને ધારણ કરનારૂં અને વિવિધ પ્રકારના સંકલ્પ વિકલ્પને કરનારૂં ચિત્ત હોય છે. ૧.

## મનનું મહત્વઃ—

**मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः ।**
**यथैवालिङ्ग्यते कान्ता, तथैवालिङ्ग्यते सुता ॥ २ ॥**

**पार्श्वनाथचरित्र (पद्य), सर्ग ३, श्लो० २५२. ( य. वि. ग्रं. )**

મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ માત્ર એક મન જ છે. કેમકે જે પ્રકારે પોતાની ભાર્યાને આલિંગન કરાય છે, તે જ પ્રકારે પુત્રીને પણ આલિંગન કરાય છે. પરંતુ મનના પરિણામનો વફાવત છે. તે જ રીતે બંધ અને મોક્ષ પણ મનના પરિણામને આધીન છે. ૨.

**मनो हि जगतां कर्तृ, मनो हि पुरुषः स्मृतः ।**
**मनःकृतं कृतं लोके, न शरीरकृतं कृतम् ॥ ३ ॥**

लघुयोगवासिष्ठसार, प्रकरण ४, श्लो० ८.

મન જ સંસારનો કર્તા છે, મન જ પુરૂષ છે, લોકમાં મનનું કરેલું કાર્ય જ કરેલું કહેવાય છે, શરીરનું કરેલું કાર્ય કરેલું કહેવાતું નથી. ૩.

**મનની પ્રબળતાઃ—**

**तप्यमानांस्तपो मुक्तौ, गन्तुकामान् शरीरिणः ।**
**वात्येव तरलं चेतः, क्षिपत्यन्यत्र कुत्रचित् ॥ ४ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ३६.

મન વાયુની જેમ અત્યંત ચપળ છે તેથી તે ઉગ્ર તપસ્યા કરનારા અને મુક્તિમાં જવાની ઇચ્છાવાળા મનુષ્યોને પણ કોઇ જૂદે જ ઠેકાણે ફેંકી દે છે. ૪.

**मनोयोगो बलीयांश्च, भाषितो भगवन्मते ।**
**यः सप्तमीं क्षणार्धेन, नयेद्वा मोक्षमेव च ॥ ५ ॥**

શ્રી જિનેશ્વર ભગવાનના મતમાં મનયોગને અત્યંત બળવાન કહ્યો છે. કેમકે તે મનયોગ અર્ધ ક્ષણમાં જ સાતમી નરકમાં અથવા મોક્ષમાં પણ લઇ જાય છે. ૫.

## મહાન પુરૂષોનું મનઃ—

संपत्सु महतां चित्तं, भवत्युत्पलकोमलम् ।
आपत्सु च महाशैलशिलासंघातकर्कशम् ॥ ६ ॥

जैनपंचतंत्र, पृ० १६३, श्लो० १५१.*

મોટા પુરૂષનું ચિત્ત સંપત્તિમાં કમળ જેવું કોમળ હોય છે અને આપત્તિમાં મોટા પર્વતની શિલાના સમૂહ જેવું કઠણ હોય છે. ૬.

## મનને જાણવાનાં સાધનોઃ—

आकारैरिङ्गितैर्गत्या, चेष्टया भाषणेन च ।
नेत्रवक्त्रविकारेण, ज्ञायतेऽन्तर्गतं मनः ॥ ७ ॥

बृहस्पतिस्मृति, श्लो० ३६.

આકૃતિવડે, ઈંગિત ( અમુક પ્રકારની ચેષ્ટા ) વડે, ગતિવડે, ચેષ્ટાવડે, વચન બોલવાવડે અને નેત્ર તથા મુખના વિકારવડે મનની અંદર રહેલો અભિપ્રાય જણાય છે. ૭.

## મનનું એકાગ્રપણું:—

इत्येवं सर्वभेदानां, मानसं मूलकारणम् ।
तस्मात् तदेव कर्तव्यमेकतानं मनीषिभिः ॥ ८ ॥

पार्श्वनाथचरित्र ( गद्य ), पृ० १७. (प्र. स.)*

આ પ્રમાણે સર્વ ભેદોનું મૂળ કારણ-મન જ છે. તેથી પંડિતોએ તે મનને જ એકતાન—એકાગ્ર—કરવું જોઈએ. ૮.

## અસ્થિર મનની નિંદા:—

**क्षणे रुष्टाः क्षणे तुष्टा रुष्टास्तुष्टाः क्षणे क्षणे ।**
**अव्यवस्थितचित्तानां, प्रसादोऽपि भयंकरः ॥ ९ ॥**

उपदेशप्रासाद, भाग २, पृ० ७६. ( प्र. स. )*

ક્ષણમાં રોષ ( ક્રોધ ) પામે અને ક્ષણમાં ખુશી થાય, પાછા ફરીને ક્ષણે ક્ષણે રોષવાળા અને તોષવાળા થાય, તેવા અસ્થિર ચિત્તવાળા પુરૂષોની કૃપા પણ ભયંકર છે. ૯.

## સ્થિર-અસ્થિર મન:—

**व्यवस्थितः प्रशान्तात्मा, कुपितोऽप्यभयङ्करः ।**
**अव्यवस्थितचित्तस्य, प्रसादोऽपि भयङ्करः ॥ १० ॥**

જે પુરૂષનું ચિત્ત સ્થિર છે અને જેનો આત્મા શાંત છે, તેવા પુરૂષનો કોપ પણ અભયને કરનારો છે, પરંતુ જેનું ચિત્ત સ્થિર ન હોય તેવા પુરૂષનો પ્રસાદ-પ્રસન્નતા-પણ ભયંકર-ભયને કરનાર-છે. ૧૦.

## મનની અશાંતિનાં કારણો:—

**यस्य क्षेत्रं नदीतीरे, भार्या च परसंगता ।**
**गृहे सर्पाश्रयः तस्य, कथं स्याच्चित्तनिर्वृतिः ॥ ११ ॥**

जैनपंचतंत्र, श्लो० १६२.

જેનું ખેતર નદીને કિનારે હોય, જેની ભાર્યા અન્યની સાથે પ્રીતિવાળી હોય, અને જેના ઘરમાં સર્પનો નિવાસ હોય, તેના *ચિત્તમાં શાંતિ શી રીતે હોય ? ૧૧.*

## મનનો નિરોધઃ—

मनःकपिरयं विश्वपरिभ्रमणलम्पटः ।
नियन्त्रणीयो यत्नेन, मुक्तिमिच्छुभिरात्मनः ॥१२॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ३९.

પોતાના આત્માના મોક્ષને ઇચ્છનાર પુરૂષે ચોતરફ ભમવામાં જ લંપટ થયેલા આ મનરૂપી માકડાને યત્નવડે કબજે કરવો જોઇએ. ૧૨.

परोऽप्युत्पथमापन्नो निषेद्धुं युक्त एव सः ।
किं पुनः स्वमनोऽत्यर्थं, विषयोत्पथयायि यत् ? ॥१३॥

तत्त्वामृत, श्लो० १७६.

બીજો કોઈ માણુસ પણુ ઉન્માર્ગે પ્રવર્તતો હોય તો તેને પણુ અટકાવવો યોગ્ય છે, તો પછી જે પોતાનું જ મન વિષયરૂપી ઉન્માર્ગે જતું હોય તો તેને અટકાવવું જોઇએ તેમાં શું કહેવું ? ૧૩.

अभ्यस्तैः किमु पुस्तकैः किमथवा चेष्टाभिरेकान्ततः,
कष्टाभिः किमु देवतादिविषयैः पूजाप्रणामादिभिः ।
चेतश्चेदिदमर्कतूलतरलं शक्येत रोद्धुं बलात्,
कामेभ्यः करपङ्कजे ननु तदा सौख्यानि सर्वाण्यपि ॥१४॥

सूक्तमुक्तावली, पृ० २०३, श्लो० ४.*

પુસ્તકો ભણવાથી શું ફળ છે ? કાંઇજ નથી. એકાંત-અત્યંત કષ્ટકારક ચેષ્ટાથી શું ફળ છે ? કાંઇ જ નથી. તથા દેવાદિકની પૂજા અને પ્રણામ વિગેરે કરવાથી શું ફળ છે ? કાંઇ જ નથી. જો આ આકડાના રૂ જેવું ચંચળ મન બળાત્કારે કામભોગથી રૂંધી શકાય તો સર્વ સુખો હસ્તકમળમાં જ રહેલાં છે. ૧૪.

### મનના નિરોધનો ઉપાયઃ—

**चञ्चलं हि मनः कृष्ण ! प्रमाथि बलवद् दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करम् ॥ १५ ॥**
**असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥ १६ ॥**

भगवद्गीता, अ० ६, श्लो० ३४, ३५.

હે કૃષ્ણ ! મન અતિ ચંચળ છે, આત્માને મથન કરનારૂં છે, બળવાન છે અને મજબૂત છે, તેનો નિગ્રહ કરવો તે હું વાયુના નિગ્રહની જેમ અતિ દુષ્કર માનું છું.

ઉત્તર-હે મહાબળવાન, કુંતિના પુત્ર અર્જુન ! ખરેખર, મન ચંચળ છે અને નિગ્રહ કરવાને અશક્ય છે, તો પણ તે મન અભ્યાસવડે તથા વૈરાગ્યવડે ગ્રહણ ( વશ ) કરી શકાય છે. ૧૫,૧૬.

### મનનો નિગ્રહ ન કરવાથી નુકસાનઃ—

**मनःक्षपाचरो भ्राम्यन्नपशङ्कं निरङ्कुशः ।**
**प्रपातयति संसाराऽऽवर्त्तगर्त्ते जगत्त्रयीम् ॥ १७ ॥**

*योगशास्त्र, प्रकाश ४, श्लो० ३५.*

શંકારહિતપણે ( ઇચ્છા પ્રમાણે ) ભમતો અને અંકુશ ( નિયામક ) રહિત એવો મનરૂપી રાક્ષસ આ ત્રણ જગતના જીવોને સંસારના પરિભ્રમણરૂપ ખાડામાં પાડી દે છે. ૧૭.

**મન તેવું વચનઃ—**

**मानसं प्राणिनामेव, सर्वकर्मैककारणम् ।**
**मनोरूप हि वाक्यं च, वाक्येन प्रस्फुटं मनः ॥ १८ ॥**

नारदपञ्चरात्र, प्रकरण ३, अ० ४, श्लो० १३.

મન જ પ્રાણીઓના સર્વ કર્મનું અદ્વિતીય કારણ છે. કારણકે જેવું મન હોય તેવું વાક્ય બોલાય અને ( બોલાતા ) વાક્યથી મન જાણી શકાય છે. ૧૮.

**મનની શુદ્ધિઃ—**

**मनो हि सर्वभूतानां, संचिनोति शुभाशुभम् ।**
**अशुभेभ्यस्तदाक्षिप्य, शुभेष्वेवावधारय ॥ १९ ॥**

इतिहाससमुच्चय, अ० १८, श्लो० १८.

મન જ સર્વ પ્રાણીઓને શુભ કે અશુભ પ્રાપ્ત કરે છે, તેથી હે જીવ! તું તે મનને જ અશુભમાંથી ખેંચીને શુભને વિષે સ્થાપન કર. ૧૯.

**મનની શુદ્ધિનું મહત્વઃ—**

**अन्तश्चित्तं न चेच्छुद्धं, बहिःशौचे न शौचभाक् ।**
**सुपक्कमपि निम्बस्य, फलं बीजे कटु स्फुटम् ॥ २० ॥**

विवेकविलास, उल्लास ११, श्लो० २१.

અંદરનું અંતઃકરણુ જો શુદ્ધ ન હોય તો ( માત્ર ) ઉપરની શુદ્ધિથી માણુસ પવિત્ર નથી થતો. કારણુ કે લીંબોળી ગમે તેટલી પાકેલી હોય છતાં એનું બી તો કડવું જ રહે છે. ૨૦,

चित्तबालक मा त्याक्षीरजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता न, छलयन्ति छलान्विषः ॥ २१ ॥

अध्यात्मकल्पद्रुम, अ० १, श्लो० ५.

હે ચિત્તરૂપ બાળક, તું ભાવનારૂપ ઔષધિઓને કદી પણુ દૂર કરીશ નહિ, જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂતપિશાચો તને છેતરી શકશે નહિ. ૨૧.

दानं पूजा तपश्चैव, तीर्थसेवा श्रुतं तथा ।
सर्वमेव वृथा तस्य, यस्य शुद्धं न मानसम् ॥ २२ ॥

धर्मकल्पद्रुम, पृ० ३, श्लो० ८१. ( प्र. स. )

જે મનુષ્યનું મન શુદ્ધ-નિર્મળ-ન હોય, તેનાં કરેલાં દાન, પૂજા, તપ, તીર્થસેવા અને શ્રુત-શાસ્ત્રનો અભ્યાસ-અથવા શાસ્ત્ર-શ્રવણુ એ સર્વ વ્યર્થ છે. ૨૨.

याः सिद्धयोऽष्टावपि दुर्लभा ये,
रसायनं चाञ्जनधातुवादाः ।
ध्यानानि मन्त्राश्च समाधियोगा-
श्चित्ते प्रसन्ने विषवद्भवन्ति ॥ २३ ॥

हृदयप्रदीप, श्लो० ३०.

જે અતિ દુર્લભ અણિમાદિક આઠ સિદ્ધિઓ, રસાયણ, અદૃશ્યાદિક અંજન, ધાતુવાદ, ધ્યાન, મંત્ર તથા સમાધિયોગ–અષ્ટાંગ યોગ; આ સર્વ, ચિત્ત પ્રસન્ન હોય તો, વિષ જેવાં ( તજવા યોગ્ય ) થાય છે. ( એટલે કે આત્મધ્યાનમાં ચિત્ત લયલીન થયું હોય તો આઠ સિદ્ધિઓ વિગેરે સર્વ દુર્લભ પદાર્થો કે જે ઉત્કૃષ્ટ તપ અને ચારિત્રાદિકથી પ્રાપ્ત થાય છે તે પણ ઝેર જેવાં તજવા યોગ્ય ભાસે છે. આવા પ્રસન્ન ચિત્તવાળા મહાત્મા કેવળ મોક્ષની સન્મુખ હોવાથી તેમને આવી સિદ્ધિઓ વિગેરે સર્વ તુચ્છ ભાસે છે. ) ૨૩.

**दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी।**
**एकैव मनसः शुद्धिः, समाम्नाता मनीषिभिः ॥ २४ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ४०.

પંડિતોએ એક મનની શુદ્ધિને જ મોક્ષમાર્ગને દેખાડનારી, કોઇ પણ વખત બુઝાઇ ન જાય એવી દીપિકા( દીવી )રૂપ કહી છે. ૨૪.

**सत्यां हि मनसः शुद्धौ, सन्त्यसन्तोऽपि यद्गुणाः।**
**सन्तोऽप्यसत्यां नो सन्ति, सैव कार्या बुधैस्ततः ॥२५॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ४१.

મનની શુદ્ધિ હોય તો અછતા ગુણો પણ પ્રાપ્ત થાય છે, અને મનની શુદ્ધિ ન હોય તો છતા ગુણો પણ રહેતા નથી. તેથી ડાહ્યા પુરૂષોએ તે જ ( મનની શુદ્ધિ જ ) કરવા લાયક છે. ૨૫.

**अस्तेयं तु परं तीर्थमद्रोहस्तीर्थमुत्तमम् ।**
**तीर्थानामपि तत्तीर्थं, विशुद्धिर्मनसः परा ॥ २६ ॥**

इतिहाससमुच्चय, अ० २५, श्लो० ११.

અચૌર્ય એ મોટું તીર્થ છે, અદ્વેષ એ ઉત્તમ તીર્થ છે, તથા મનની જે શુદ્ધિ તે સર્વ તીર્થોની મધ્યે મોટામાં મોટું તીર્થ છે. ૨૬.

**शमार्थं सर्वशास्त्राणि, विहितानि मनीषिभिः ।**
**तस्मात् स सर्वशास्त्रज्ञो यस्य शान्तं मनः सदा ॥२७॥**

सूक्तमुक्तावली, पृ० २०४, श्लो० ६. ( हि. हं. )*

મહાપુરૂષોએ સર્વે શાસ્ત્રો શમ પ્રાપ્ત કરવા માટે જ કર્યાં છે, તેથી જેનું મન સદા શાંત હોય છે, તે જ સર્વ શાસ્ત્રનો જાણનાર છે એમ જાણવું. ૨૭.

**सर्वाः संपत्तयस्तस्य, विशुद्धं यस्य मानसम् ।**
**उपानद्गूढपादस्य, ननु चर्मावृतैव भूः ॥ २८ ॥**

सूक्तमुक्तावली, पृ० २०४, श्लो० ७. ( हि. ह. ) *

જેનું મન શુદ્ધ હોય તેને સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. જેમ કે જેના પગમાં જોડા પહેરેલા હોય તેને મન તો આખી પૃથ્વી ચામડાથી મઢેલી જ છે. ૨૮.

**एतदेव परं ब्रह्म, न विदन्तीह मोहिनः ।**
**यदेतच्चित्तनैर्मल्यं, रागद्वेषादिवर्जितम् ॥ २९ ॥**

तत्त्वामृत, श्लो० १६५.

જે આ રાગદ્વેષ વિગેરે રહિત ચિત્તની નિર્મળતા છે તે જ પરમ બ્રહ્મ છે, તે વાતને મોહવાળા પુરૂષો જાણતા નથી. ૨૯.

**મનની શુદ્ધિનો ઉપાયઃ—**

**यथा गुडादिदानेन, यत्किञ्चित् त्याज्यते शिशुः ।**
**चलं चित्तं शुभध्यानेनाशुभं त्याज्यते तथा ॥ ३० ॥**

योगसार, प्रस्ताव ३, श्लो० २३.

જેમ ગોળ વિગેરે વસ્તુ આપીને બાળક પાસે, કોઈ પણ (ખરાબ) વસ્તુ તજાવી શકાય છે, તેમ શુભ ધ્યાનવડે ચંચળ ચિત્ત પાસેથી અશુભ ધ્યાનનો ત્યાગ કરાવી શકાય છે. ૩૦.

**મનની શુદ્ધિ વગર નકામું:—**

**किं बुद्धेन किमीशेन, किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ? ॥ ३१ ॥**

योगसार, प्रस्ताव २, श्लो० २०.

જો રાગાદિકવડે પોતાનું મન મલિન હોય તો બુદ્ધ ભગવાનથી શું ફળ ? મહાદેવથી શું ફળ ? બ્રહ્માથી શું ફળ ? વિષ્ણુથી શું ફળ ? અને જિનેંદ્રથી પણ શું ફળ ? કોઇ પણ દેવ કાંઇ ઉપકારી થઇ શકતા નથી. માટે પ્રથમ પોતાનું મન સ્વચ્છ કરવું. ૩૧.

**दानमिज्या तपः शौचं, तीर्थसेवा तथा श्रुतम् ।**
**अशान्तमनसः पुंसः, सर्वमेतदनर्थकम् ॥ ३२ ॥**

इतिहाससमुच्चय, अ० १२, श्लो० ३५.

દાન, યજ્ઞ, તપ, શૌચ, તીર્થસેવા અને શાસ્ત્ર; આ સર્વે અસ્થિર મનવાળા પુરૂષનાં નિષ્ફળ છે. ૩૨.

मनःशुद्धिमबिभ्राणा ये तपस्यन्ति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां ते, तितीर्षन्ति महार्णवम् ॥३३॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ४२.

જે માણસો મનની શુદ્ધિને ધારણ કર્યા વિના મુક્તિ મેળવવા માટે તપ કરે છે તેઓ વહાણનો ત્યાગ કરીને મહાસાગરને તરવા ઇચ્છે છે. ૩૩.

यदि वहति त्रिदण्डं नग्नमुण्डं जटां वा,
यदि वसति गुहायां वृक्षमूले शिलायाम् ।
यदि पठति पुराणं वेद सिद्धान्ततत्त्वं,
यदि हृदयमशुद्धं सर्वमेतन्न किञ्चित् ॥ ३४ ॥

सूक्तमुक्तावली, पृ० २०३, श्लो० २. ( ही. हं. )✽

જો કદાચ ત્રિદંડને ધારણ કરે, નગ્નપણું ધારણ કરે, મુંડ થાય, જટા ધારણ કરે, ગુફામાં વસે કે વૃક્ષની નીચે શિલા ઉપર રહે, પુરાણને ભણે, કે સિદ્ધાંતના તત્ત્વને જાણે, તો પણ જો હૃદય અશુદ્ધ હોય તો તે સર્વ કાંઈ પણ નથી—નિષ્ફળ છે. ૩૪.

મનની શુદ્ધિનું ફળઃ—

यस्य रागादिदोषेण, न दुष्टं नृप ! मानसम् ।
विशुद्धचेतसो विष्णुस्तोष्यते तेन सर्वदा ॥ ३५ ॥

विष्णुपुराण, अ० १९, श्लो० ३०.

હે રાજા! શુદ્ધ ચિત્તવાળા જે પુરૂષનું મન રાગાદિક દોષથી દૂષિત થયું ન હોય, તે પુરૂષવડે હમેશાં વિષ્ણુ ભગવાન ખુશી કરાય છે. (તેનાથી વિષ્ણુ ખુશ થાય છે.) ૩૫.

परेषां चेतांसि प्रतिदिवसमाराध्य बहु हा,
प्रसादं किं नेतुं विशसि हृदय! क्लेशकलितम्।
प्रसन्ने त्वय्यन्तः स्वयमुदितचिन्तामणिगुणे,
विमुक्तः संकल्पः किमभिलषितं पुष्यति न ते? ॥३६॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ६१.

હા—ખેદની વાત છે કે હે હૃદય! હમેશાં બીજાના ચિત્તનું ઘણું આરાધન કરીને તું તેમની પાસેથી કયો પ્રસાદ લેવાને કલેશ ભોગવે છે? તું જ પ્રસન્ન હોઈશ તો તારામાં પોતાની મેળે ગુણરૂપી ચિંતામણિ રત્ન ઉદય પામશે, તથા સર્વ સંકલ્પવિકલ્પ નાશ પામશે. અને તે વખતે તારી કઈ ઇચ્છા પૂર્ણ નહીં થાય? સર્વ ઇચ્છાઓ પૂર્ણ થશે. ૩૬.

## અશુદ્ધ મન–વચન–કાયાથી નુકસાનઃ—

चित्तं रागादिभिः क्लिष्टमलीकवचनैर्मुखम्।
जीवहिंसादिभिः कायो गङ्गा तस्य पराङ्मुखी ॥३७॥

स्कन्दपुराण, काशीखण्ड, अ० ६.

જેનું ચિત્ત રાગાદિકવડે મલિન હોય, જેનું મુખ અસત્ય વચનવડે મલિન હોય, અને જેની કાયા જીવહિંસાદિકવડે

મલિન હોય, તેવા પુરૂષને ગંગા નદી પણ વિમુખ થાય છે- તેને પવિત્ર કરતી નથી. ૩૭.

**મન, વચન, કાયાની શુદ્ધિનો ઉપાયઃ—**

**सत्येन शुध्यते वाणी, मनो ज्ञानेन शुध्यति ।**
**गुरुशुश्रूषया कायः, शुद्धिरेषा सनातनी ॥ ३८ ॥**

तत्वामृत, श्लो० ३२२.

સત્ય વચન બોલવાથી વાણી શુદ્ધ થાય છે, જ્ઞાનવડે મન શુદ્ધ થાય છે, અને ગુરૂની સેવાવડે કાયા શુદ્ધ થાય છે, આ શુદ્ધિ શાશ્વતી-નિત્ય રહેનારી-છે. ૩૮.

# ज्ञान ( ७८ )

## જ્ઞાનનું સ્વરૂપઃ—

विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा ।
तत्त्वसंवेदनं चैव, ज्ञानमाहुर्महर्षयः ॥ १ ॥

अष्टकप्रकरण (हरिभद्र), ज्ञानाष्टक, श्लो० १.

જે પદાર્થોને બતાવતું હોય, જેમાં આત્માના પરિણામો રહેલા હોય અને જે તત્ત્વના જાણવારૂપ હોય તેને મહર્ષિલોકો જ્ઞાન કહે છે. ૧.

यथाऽवस्थिततत्त्वानां, संक्षेपाद्विस्तरेण वा ।
योऽवबोधस्तमत्राहुः, सम्यग्ज्ञानं मनीषिणः ॥ २ ॥

योगशास्त्र, पृ० ३६, श्लो० १६. (प्र. स.)

નય અને પ્રમાણથી સિદ્ધ થયેલા યથાર્થ જીવ, અજીવ વિગેરે નવ તત્ત્વોનો સંક્ષેપવડે કે વિસ્તારવડે જે બોધ થવો, તેને પંડિતો સમ્યગ્જ્ઞાન કહે છે. ૨.

## સાચું જ્ઞાનઃ—

रत्नत्रयीं रक्षति येन जीवो विरज्यतेऽत्यंतशरीरसौख्यात् ।
रुणद्धि पापं कुरुते विशुद्धिं, ज्ञानं तदिष्टं सकलार्थविद्भिः ॥३॥

सुभाषितरत्नसंदोह, श्लो० १८१.

જેનાવડે જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોનું રક્ષણ કરે, જેનાવડે અત્યંત શરીર સુખથી વૈરાગ્ય પામે-પાપને રોકે અને વિશુદ્ધિને કરે તેને જ સર્વજ્ઞોએ જ્ઞાન તરીકે ઇષ્ટ ગણ્યું છે. ૩.

**निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।**
**तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥ ४ ॥**

ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० २.

જે વડે વારંવાર એક નિર્વાણ પદની જ ભાવના થાય-આત્મા તન્મય કરાય-તેજ ખરૂં ઉત્કૃષ્ટ જ્ઞાન છે, જો એ તાત્વિક એક જ જ્ઞાન થયું તો પછી બીજા ઘણા જ્ઞાનની જરૂર નથી. ૪.

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ॥५॥**

**वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥ ६ ॥**

ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० ३, ४.

( અનંત જ્ઞાન-દર્શનમય ) આત્માના સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું જે કારણ હોય એ જ ખરૂં જ્ઞાન કહેવાય છે, અને એ સિવાયનું, એટલે કે-જે જ્ઞાન આત્માનું સ્વરૂપ જાણવામાં કારણભૂત ન હોય, એ જ્ઞાન તો કેવળ બુદ્ધિની અંધતા છે, એમ મહાત્મા શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

જેમ ઘાંચીનો બળદ ગમનનો અંત પામતો નથી, તેમ વાદ-

પ્રતિવાદ અને અનિશ્ચિત પદાર્થોને બોલવાવાળા, તત્ત્વનો અંત પામતા નથી. ૫, ૬.

**किं क्लिष्टेन्द्रियरोधेन, किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन, तत्त्वं नोन्मीलितं यदि ? ॥ ७ ॥**

योगसार, प्रस्ताव २, श्लो० २३.

જો હૃદયમાં તત્ત્વનો વિકાસ થયો ન હોય તો કષ્ટથી થઇ શકે તેવા ઇંદ્રિયોના નિગ્રહવડે શું ફળ છે ? નિરંતર ભણવા ગણવાથી શું ફળ છે ? અને સર્વ ધનાદિકનું દાન કરવાથી પણ શું ફળ છે ? તત્ત્વજ્ઞાન વિના નિષ્ફળ છે. ૭.

**सर्वभूतेषु येनैकं, भावमव्ययमीक्षते ।**
**अविभक्तं विभक्तेषु, तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥८॥**

भगवद्गीता, अ० १८, श्लो० २०.

જે જ્ઞાનવડે જૂદા જૂદા રહેલા સર્વ પ્રાણીઓને વિષે એક જ-વિભાગ રહિત-અવિનાશી ભાવ-સત્તા-જોવામાં આવે તે સાત્ત્વિક જ્ઞાન કહેલું છે. ૮.

**ज्ञानाजीर्णमृताः केचिज्ज्ञानदग्धास्तथाऽपरे ।**
**अन्ये तु ज्ञानवाहिकाः, केचिज्ज्ञानमयाः पुनः ॥९॥**

કેટલાક લોકો જ્ઞાનના અજીર્ણથી મરેલા જેવા હોય છે, કેટલાક જ્ઞાનથી બળેલા હોય છે, બીજા કેટલાક જ્ઞાનના ભારને વહન કરનાર હોય છે અને કેટલાક જ જ્ઞાનમય હોય છે. ૯.

**જ્ઞાનનું મહત્વઃ—**

**अस्ति चेद्ग्रंथिभिद् ज्ञानं, किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।**
**प्रदीपाः कोपयुज्यन्ते, तमोघ्नी दृष्टिरेव चेत् ? ॥१०॥**

**ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० ६.**

કર્મની ગાંઠને તોડી નાખવામાં સમર્થ એવું જ્ઞાન જો પાસે હોય તો પછી નાના પ્રકારના-વિચિત્ર-મંત્ર, તંત્ર, યંત્રની શી જરૂરત છે ? કારણ કે જો દૃષ્ટિ પોતે જ અંધકારનો નાશ કરી શકતી હોય તો પછી દીવાનો ઉપયોગ ક્યાં કરવાનો રહ્યો ? ૧૦.

**मिथ्यात्वशैलपक्षच्छिज्ज्ञानदंभोलिशोभितः ।**
**निर्भयः शक्रवद्योगी, नंदत्यानंदनंदने ॥ ११ ॥**

**ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० ७.**

મિથ્યાત્વરૂપી પર્વતની પાંખને તોડવામાં જ્ઞાનરૂપી વજ્રથી શોભતો એવો ભય રહિત યોગી, ઇન્દ્રની માફક, આનંદરૂપી નંદનવનમાં, લ્હેર કરે છે. ( એવી એક પૌરાણિક કથા છે કે– એક સમયમાં પર્વતોને પાંખો હતી અને તેથી પર્વતો ઉડતા ફરતા હતા. આ જોઇને પર્વતોને સ્થિર કરવાના ઉદ્દેશથી ઇંદ્રે પોતાના વજ્રનામના શસ્ત્રનો ઉપયોગ કરીને પર્વતોની પાંખો તોડી નાખી હતી. એ વાતને અહિં દૃષ્ટાંત તરીકે વાપરી છે.) ૧૧.

**पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।**
**अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥ १२ ॥**

**ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० ८.**

પંડિત પુરૂષોનું કહેવું છે કે જ્ઞાન એ સમુદ્ર વગરજ ઉત્પન્ન થયેલ અમૃત સમાન છે, કોઇ પણ જાતની ઔષધી વગરના રસાયણ સમાન છે અને બીજા કોઇની પણ ગરજ રાખ્યા વગરના ઐશ્વર્ય સમાન છે. ૧૨.

**ज्ञानं नाम महारत्नं, यन्न प्राप्तं कदाचन ।**
**संसारे भ्रमता भीमे, नानादुःखविधायिनि ॥ १३ ॥**

**तत्त्वामृत, श्लो० १३.**

જ્ઞાન જ મોટામાં મોટું રત્ન છે કે જે વિવિધ દુઃખને કરનારા આ ભયંકર સંસારમાં ભમતા પ્રાણીએ કદાપિ પ્રાપ્ત કર્યું નથી. ૧૩.

**एको भावः सर्वथा येन दृष्टः,**
**सर्वे भावास्तत्त्वतस्तेन दृष्टाः ।**
**सर्वे भावाः सर्वथा येन दृष्टा**
**एको भावस्तत्त्वतस्तेन दृष्टः ॥ १४ ॥**

**स्याद्वादमंजरी.**

જેણે એક પદાર્થ સર્વથા પ્રકારે ( સર્વ પર્યાયાદિક સહિત ) જોયો–જાણ્યો–હોય, તેણે તત્ત્વથી સર્વ પદાર્થ જાણ્યા છે. તથા જેણે સર્વે પદાર્થો સર્વથા પ્રકારે જોયા–જાણ્યા–હોય, તેણે તત્ત્વથી એક પદાર્થ જોયો–જાણ્યો–છે. ૧૪.

**सन्तु शास्त्राणि सर्वाणि, सरहस्यानि दूरतः ।**
**एकमप्यक्षरं सम्यक्, शिक्षितं निष्फलं न हि ॥ १५ ॥**

**विवेकविलास, उल्लास ८, श्लो० ३११.**

ગંભીર અર્થવાળા બધા શાસ્ત્રો( નો અભ્યાસ ) તો દૂર રહ્યો પણ જો એક અક્ષર પણ બરાબર ભણવામાં આવે તો એ નિષ્ફળ જતો નથી. ૧૫.

तमो धुनीते कुरुते प्रकाशं,
शमं विधत्ते विनिहन्ति कोपम् ।
तनोति धर्मं, विधुनोति पापं,
ज्ञानं न किं किं कुरुते नराणाम् ? ॥ १६ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १८९.

જ્ઞાન (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરે છે,આત્માના પ્રકાશને કરે છે, શમતાને કરે છે, કોપને હણે છે, ધર્મને વિસ્તારે છે, અને પાપનો નાશ કરે છે. મનુષ્યોને જ્ઞાન શું શું નથી કરતું ? ૧૬.

ज्ञानं तृतीयं पुरुषस्य नेत्रं,
समस्ततत्त्वार्थविलोकदक्षम् ।
तेजोऽनपेक्षं विगतान्तरायं,
प्रवृत्तिमत् सर्वजगत्त्रयेऽपि ॥ १७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १९४.

જ્ઞાન એ પુરૂષનું ત્રીજું નેત્ર છે, અને સમગ્ર તત્ત્વાર્થને જોવામાં નિપુણ છે, તેને બીજા તેજની અપેક્ષા નથી, તેને કાંઈ પણ અંતરાય-આચ્છાદન-નથી, અને સમગ્ર ત્રણ જગતને વિષે તેની પ્રવૃત્તિ છે. ૧૭.

भुवने हि परं ज्ञानं, ज्ञानं सर्वार्थसाधकम् ।
अनिष्टवस्तुविस्तारवारकं ज्ञानमीरितम् ॥ १८ ॥

ज्ञानपञ्चमीकथा, पृ० १, श्लो० ३. (य. वि. ग्रं.)

જગતમાં જ્ઞાન શ્રેષ્ઠ છે, સર્વાર્થ–સાધક છે, અને અનિષ્ટ વસ્તુના વિસ્તારને રોકનારૂં છે. ૧૮.

ज्ञानं स्यात् कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरङ्गिणीकुलगिरिर्ज्ञानं कषायापहम् ।
ज्ञानं निर्वृतिवश्यमन्त्रममलं ज्ञानं मनःपावनं,
ज्ञानं स्वर्गगतिप्रयाणपटहं ज्ञानं निदानं श्रियः ॥१९॥

सूक्तमुक्तावली, अधिकार ४३, श्लो० ७. *

જ્ઞાન કુમતરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન છે, જ્ઞાન સમસ્ત જગતના નેત્ર સમા છે, જ્ઞાન નીતિરૂપી નદીને માટે કુલ પર્વતસમાન છે, જ્ઞાન કષાયોને નાશ કરનાર છે, જ્ઞાન નિર્વૃત્તિને વશ કરનાર પવિત્ર મંત્ર સમાન છે, જ્ઞાન મનને પવિત્ર કરનાર છે, જ્ઞાન સ્વર્ગગતિમાં જવાના સમયે ઢોલ સમાન છે; મતલબ કે જ્ઞાન એ કલ્યાણની ખાણ છે. ૧૯.

तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः ।
अचौर्यहरणं वित्तं, विना स्वर्णं विभूषणम् ॥ २० ॥

सूक्तमुक्तावली, अधिकार ४३, श्लो० ४.*

જ્ઞાન એ ત્રીજા નેત્ર સમાન છે, બીજા સૂર્ય-સમાન છે, જેને

ચોરો પણ ન હરી શકે એવું ધન છે અને સોના વગરનું જ ઘરેણું છે. ૨૦.

## કર્મક્ષય તેટલું જ્ઞાનઃ—

अन्तरायत्रुटेर्ज्ञानं, कियत्क्वाऽपि प्रवर्तते ।
मतिश्रुतप्रभृतिकं, निर्मलं केवलावधि ॥ २१ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० १२.

મતિ અને શ્રુતજ્ઞાનથી આરંભીને નિર્મળ કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન અન્તરાયના તુટવાથી કોઇ પણ જીવને વિષે કાંઈક પણ હોય છે જ(–જ્ઞાનાંતરાય જેટલું તુટેલું હોય તેટલું થોડું ઘણું પણ જ્ઞાન સર્વને હોય જ છે.) ૨૧.

## જ્ઞાનના પ્રકારઃ—

एतत्सम्यग्दर्शनमनाधिगमविपर्ययौ तु मिथ्यात्वम् ।
ज्ञानमथ पञ्चभेदं, तत्प्रत्यक्षं परोक्षं च ॥२२॥

प्रशमरति, श्लो० २२४.

—આને સમ્યગ્દર્શન કહે છે અને અનધિગમ અને વિપર્યયને મિથ્યાત્વ કહે છે. જ્ઞાનના પાંચ પ્રકાર છે અને પાંચના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકાર છે. (એટલે કે એ પાંચેમાં કેટલાંક પ્રત્યક્ષ છે અને કેટલાંક પરોક્ષ છે ). ૨૨.

अनेकपर्यायगुणैरुपेतं, विलोक्यते येन समस्ततत्त्वम् ।
तदिन्द्रियानिन्द्रियभेदभिन्नं, ज्ञानं जिनेन्द्रैर्गदितं हिताय ॥२३॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १८०.

જે જ્ઞાનવડે અનેક પર્યાય અને ગુણોવડે યુક્ત સમગ્ર તત્ત્વ જોવામાં આવે છે, તે ઇંદ્રિય અને અનિંદ્રિય એવા બે પ્રકારનું જ્ઞાન જિનેશ્વરોએ હિતને માટે કહ્યું છે. ૨૩.

## જ્ઞાનના અવાંતર પ્રકારઃ—

**तत्र परोक्षं द्विविधं श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम् ।**
**प्रत्यक्षं चावधिमनःपर्यायौ केवलं चेति ॥ २४ ॥**

प्रशमरति, श्लो० २२५.

તે જ્ઞાનમાં પરોક્ષજ્ઞાન શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન એમ બે પ્રકારે જાણવું અને પ્રત્યક્ષજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એમ ત્રણ પ્રકારે જાણવું. ૨૪.

## કેવળજ્ઞાનનું સ્વરૂપઃ—

**सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति, लोकालोकप्रकाशकम् ॥ २५ ॥**

अष्टकप्रकरण ( हरिभद्र ), केवलज्ञानाष्टक, श्लो० १.

સમભાવથી શુદ્ધ થયો છે આત્મા જેનો એવો પુરૂષ, તમામ ઘાતિકર્મના ક્ષયથી કેવળજ્ઞાનને પામે છે. એ કેવળ જ્ઞાન સમગ્ર લોક અને અલોકનો પ્રકાશ કરનારૂં હોય છે. ૨૫.

## જ્ઞાનનો ઉપાયઃ—

**एतस्मिन् सततं यत्नः, कुग्रहत्यागतो भृशम् ।**
**मार्गश्रद्धादिभावेन, कार्य आगमतत्परैः ॥ २६ ॥**

अष्टकप्रकरण ( हरिभद्र ), ज्ञानाष्टक, श्लो० ८०

કદાગ્રહનો બીલકુલ ત્યાગ કરીને અને મોક્ષના માર્ગમાં શ્રદ્ધાભર્યો ભાવ રાખીને, આગમના આરાધનમાં તત્પર પુરૂષોએ, આ તત્વજ્ઞાનમાં હમેશાં પ્રયત્ન કરવો. ૨૬.

सर्वं द्वन्द्वं परित्यज्य, निभृतेनान्तरात्मना ।
ज्ञानामृतं सदा पेयं, चित्ताह्लादनमुत्तमम् ॥ २७ ॥

तत्वामृत, श्लो० १२.

તમામ પ્રકારના ( રાગ-દ્વેષ, સુખ-દુ:ખરૂપ ) દ્વંદ્વનો ત્યાગ કરીને નિશ્ચલ એવા અંતરાત્માવડે, ચિત્તને આનંદ આપનાર એવું ઉત્તમ પ્રકારનું જ્ઞાનરૂપી અમૃત હમેશાં પીવું. ૨૭.

ज्ञानाभ्यासः सदा कार्यो ध्यानेनाध्ययनेन च ।
तपसो रक्षणं चैव, यदीच्छेद्धितमात्मनः ॥ २८ ॥

तत्त्वामृत, श्लो० ९.

જે પ્રાણી પોતાના આત્માનું હિત ઇચ્છતો હોય તેણે ધ્યાનવડે અને અભ્યાસવડે નિરંતર જ્ઞાનનો અભ્યાસ કરવો, તથા તપનું રક્ષણ કરવું. ૨૮.

निःसङ्गो निर्ममः शान्तो निरीहः संयमे रतः ।
यदा योगी भवेदन्तस्तत्त्वमुद्भासते तदा ॥ २९ ॥

योगसार, प्रस्ताव ३, श्लो० २९.

જ્યારે યોગી સર્વસંગ રહિત, મમતા રહિત, શાંત, ઇચ્છા રહિત અને સંયમને વિષે રાગી થાય છે ત્યારે તેના અંતઃકરણવિષે તત્ત્વનો પ્રકાશ થાય છે. ૨૯.

આત્મજ્ઞાનઃ—

आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम् ॥ ३० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० २.

જે પુરૂષ મોહનો ત્યાગ કરીને પોતાના શરીરમાં રહેલા આત્માને આત્માવડે જ જાણે છે, તે પુરૂષનું તે જ ચારિત્ર છે, તે જ જ્ઞાન છે, અને તે જ દર્શન છે. ૩૦.

मोहान्धकारे भ्रमतीह तावत्, संसारदुःखैश्च कदर्थ्यमानः ।
यावद्विवेकार्कमहोदयेन, यथास्थितं पश्यति नात्मरूपम् ॥३१॥

જ્યાં સુધી પુરૂષ વિવેકરૂપી સૂર્યના મોટા ઉદયવડે યથાર્થ ( સત્ય ) આત્મસ્વરૂપને જોતો નથી, ત્યાં સુધી સંસારના દુઃખથી પીડા પામતો આ જીવ મોહરૂપી અંધકારમાં ભ્રમણ કર્યા કરે છે.૩૧

तिलेषु तैलं दधन्यपि सर्पिरापः स्रोतस्स्वरणीषु चाग्निः ।
एवमात्माऽऽत्मनि गृह्यतेऽसौ सत्येनैनं तपसा योऽनुपश्यति ॥३२

श्वेताम्ब श्वेताश्वतरोपनिषद्, अ.१, श्लो.१५

જેમ તલને વિષે તેલ રહેલું છે, જેમ દહીંને વિષે ઘી રહેલું છે, જેમ નદીના પ્રવાહમાં પાણી રહેલું છે, અને જેમ અરણિના કાષ્ઠમાં અગ્નિ રહેલો છે, તેમ આત્માને વિષે જ આત્મા રહેલો છે, જે પુરૂષ તે આત્માને સત્ય અને તપવડે જુએ છે, તે પુરૂષવડે તે આત્મા ગ્રહણ કરી શકાય છે—જાણી શકાય છે. ૩૨.

બ્રહ્મજ્ઞાનનો ઉપાયઃ—

यदा सर्वं परित्यज्य, निःसङ्गो निष्परिग्रहः ।
निश्चिन्तश्च चरेद् धर्मं, ब्रह्म सम्पद्यते तदा ॥ ३३ ॥

आरण्यक उपनिषद्, काण्ड ७८.

જ્યારે પુરૂષ સર્વનો ત્યાગ કરી સંગરહિત, પરિગ્રહરહિત અને ચિંતા (વિચાર) રહિત થઈને ધર્મનું આચરણ કરે છે ત્યારે તે બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૩૩.

परद्रव्यं यदा दृष्ट्वा, आकुले ह्यथवा रहः ।
धर्मकामो न गृह्णाति, ब्रह्म सम्पद्यते तदा ॥ ३४ ॥

बृहदारण्यक, अ० ३, श्लो० २१.

જ્યારે જનસમૂહમાં અથવા નિર્જન સ્થાનમાં પારકું ધન જોયા છતાં પણ ધર્મની ઇચ્છાવાળો પુરૂષ તેને ગ્રહણ કરતો નથી, ત્યારે તે બ્રહ્મને પ્રાપ્ત કરે છે. ૩૪.

यदा सर्वानृतत्यक्तं, मिथ्याभाषाविवर्जितम् ।
अनवद्यं च भाषेत, ब्रह्म सम्पद्यते तदा ॥ ३५ ॥

उपनिषद् आरण्यक, काण्ड ४९.

જ્યારે સર્વ પ્રકારના અસત્યથી રહિત, મિથ્યા ભાષારહિત અને પાપરહિત એવી સત્ય વાણીને બોલે છે, ત્યારે મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પામે છે. ૩૫.

यदा न कुरुते पापं, सर्वभूतेषु दारुणम् ।
कर्मणा मनसा वाचा, ब्रह्म सम्पद्यते तदा ॥ ३५ ॥

उपनिषद् आरण्यक, काण्ड ३४.

જ્યારે મનુષ્ય સર્વ કોઇ પણ પ્રાણીઓને વિષે શરીર, મન અને વાણીવડે હિંસારૂપ તીવ્ર પાપ કરતો નથી ત્યારે તે બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૩૬.

देवमानुषतिर्यक्षु, मैथुनं वर्जयेद् यदा ।
कामरागविरक्तश्च, ब्रह्म सम्पद्यते तदा ॥ ३७ ॥

बृहदारण्यक, अ० ३, श्लो० २०.

જ્યારે દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી મૈથુનનો ત્યાગ કરે અને કામના રાગથી વિરક્ત ( રહિત ) થાય, ત્યારે મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પામે છે. ૩૭.

જ્ઞાન વગર નકામું:—

ज्ञानं विना नास्त्यहिताभिवृत्ति-
स्ततः प्रवृत्तिर्न हिते जनानाम् ।
ततो न पूर्वार्जितकर्मनाश-
स्ततो न सौख्यं लभतेऽप्यमीष्टम् ॥३८॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १९८.

જ્ઞાન વિના અહિતથી નિવૃત્તિ થઇ શકતી નથી, અહિતથી નિવૃત્તિ થયા વિના માણુસો હિતમાં પ્રવૃત્તિ કરી શકતા નથી, હિતમાં પ્રવૃત્તિ થયા વિના પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મનો નાશ

થતો નથી, અને કર્મના નાશ વિના અભીષ્ટ સુખ-મોક્ષસુખ-મળતું નથી. ૩૮.

गन्तुं समुल्लङ्घ्य भवाटवीं यो
ज्ञानं विना मुक्तिपुरीं समिच्छेत् ।
सोऽन्धोऽन्धकारेषु विलङ्घ्य दुर्गं,
वनं पुरं प्राप्तुमना विचक्षुः ॥ ३९ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २०१.

જે મનુષ્ય જ્ઞાન વિના કેવળ બાહ્ય ક્રિયાકરવાવડે જ સંસારરૂપી અરણ્યનું ઉલ્લંઘન કરી મુક્તિપુરીમાં જવાને ઈચ્છે છે, તે ચક્ષુરહિત અંધ માણુસ અંધકારને વિષે-રાત્રિને સમયે-ઘાટા વનને ઓળંગીને નગરને પામવાની ઇચ્છાવાળો છે એમ જાણવું. ૩૯.

## જ્ઞાન અને ક્રિયાઃ—

जानन्ति केचिन्न तु कर्तुमीशाः,
कर्तुं क्षमा ये न च ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रभवन्ति कर्तुं,
ते केऽपि लोके विरला भवन्ति ॥ ४० ॥

हृदयप्रदीप, श्लो० २.

કેટલાક મનુષ્યો તત્ત્વને જાણે છે, પરંતુ તે પ્રમાણે કરવાને સમર્થ નથી, તથા જેઓ કરવાને સમર્થ છે તેઓ તત્ત્વને જાણતા નથી. માટે જેઓ તત્ત્વને જાણે અને તે પ્રમાણે કરવા સમર્થ હોય તેવા પુરૂષો લોકમાં કોઈક વિરલ જ હોય છે. ૪૦.

ज्ञानस्य भक्तेस्तपसः क्रियायाः,
प्रयोजनं खल्विदमेकमेव ।
चेतः समाधौ सति कर्मलेप-
विशोधनादात्मगुणप्रकाशः ॥ ४१ ॥

अध्यात्मतत्त्वालोक.

જ્ઞાન, ભક્તિ, તપ અને ક્રિયાનું જો કાંઇ પણ પ્રયોજન હોય તો તે એક જ છે; તે એ કે ચિત્તની સમાધિ થવાથી કર્મલેપનો નાશ થાય અને તેથી આત્માના ગુણનો પ્રકાશ થાય. ૪૧.

अवशेन्द्रियचित्तानां, हस्तिस्नानमिव क्रिया ।
दुर्भगाभरणप्रायो ज्ञानं भारः क्रियां विना ॥ ४२ ॥

हितोपदेश, मित्रलाभ, श्लो० १८.

ઇંદ્રિયો અને મન જેને વશ ન હોય તેવા પુરૂષની ક્રિયા હાથીના સ્નાનની જેમ વ્યર્થ છે, અને ક્રિયા રહિત જ્ઞાન પણ દુર્ભાગી માણસના આભૂષણની જેમ ભારરૂપ છે. ૪૨.

**જ્ઞાન અને મદઃ—**

ज्ञानं मददर्पहरं माद्यति यस्तेन तस्य को वैद्यः ।
अमृतं यस्य विषायति,तस्य चिकित्सा कथं क्रियते ? ॥४३॥

उत्तराध्ययनसूत्रटीका (कमलसंयम), पृ० ७६.*

જ્ઞાન તો મદ અને દર્પનું નાશ કરનારૂં છે, છતાં જે પુરૂષ તે જ્ઞાનવડે મદ કરે તો તેનો વૈદ્ય કોણ હોય ? કેમકે જેને અમૃત જ વિષની જેવું થાય છે તેની ચિકિત્સા શી રીતે કરાય ? ૪૩.

### જ્ઞાન અને રાજ્યઃ—

पूज्यं स्वदेशे भवतीह राज्यं,
ज्ञानं त्रिलोकेऽपि सदर्चनीयम् ।
ज्ञानं विवेकाय मदाय राज्यं,
ततो न ते तुल्यगुणे भवेताम् ॥ ४४ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १८८.

આ જગતમાં જે રાજ્ય છે તે પોતાના દેશમાં જ પૂજવા યોગ્ય છે, અને જે જ્ઞાન-વિદ્વત્તા છે-તે ત્રણુ જગતમાં પણુ સત્પુરૂષોને પૂજવા લાયક છે. વળી જ્ઞાન વિવેકને માટે અને રાજ્ય ગર્વને માટે થાય છે. તેથી તે બન્નેના ગુણુ સરખા નથી. ૪૪.

### જ્ઞાનઃ સૂર્યઃ—

क्षेत्रे प्रकाशं नियतं करोति,
रविर्दिनेऽस्तं पुनरेव रात्रौ ।
ज्ञानं त्रिलोके सकले प्रकाशं,
करोति नाच्छादनमस्ति किञ्चित् ॥ ४५ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १९९.

સૂર્ય નિયમિત ક્ષેત્રમાં જ એટલે અમુક ક્ષેત્રમાં જ પ્રકાશ કરે છે, અને તે પણુ દિવસે જ કરે છે, અને રાત્રે તો અસ્ત પામે છે. પરંતુ જ્ઞાન તો સમગ્ર ત્રણુ લોકમાં પ્રકાશ કરે છે, તથા તેને કાંઇ પણુ આવરણુ થતું નથી. ૪૫.

निरालोकं जगत्सर्वमज्ञानतिमिराहतम् ।
तावदास्ते उदेत्युच्चैर्न यावज्ज्ञानभास्करः ॥ ४६ ॥

જ્યાં સુધી જ્ઞાનરૂપી સૂર્ય અત્યંત ઉદય પામ્યો ન હોય, ત્યાં સુધી અજ્ઞાનરૂપી અંધકારથી હણાયેલું-વ્યાપ્ત થયેલું-આ આખું જગત્ પ્રકાશ રહિત જ રહે છે. ૪૬.

तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥४७॥

ज्ञानसार, ज्ञानाष्टक.*

જે જ્ઞાનની પ્રાપ્તિ છતાં રાગનો સમૂહ દેખાતો હોય તો તે જ્ઞાન જ કહેવાય નહીં, કારણ કે સૂર્યના કિરણોની પાસે રહેવાને, અંધકારની શક્તિ ક્યાંથી હોય ? ૪૭.

ज्ञानेन तु तदज्ञानं, येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं, प्रकाशयति तत्परम् ॥ ४८ ॥

भगवद्गीता, अ० ५, श्लो० १६.

જેમના આત્માનું તે અજ્ઞાન જ્ઞાનવડે નાશ પામ્યું હોય, તેમનું સૂર્ય જેવું જ્ઞાન મોક્ષને પ્રકાશ કરે છે. ૪૮.

જ્ઞાનઃ અગ્નિઃ—

बीजान्यग्न्युपदग्धानि, न रोहन्ति यथा पुनः ।
ज्ञानदग्धैस्तथा क्लेशैर्नात्मा सम्बध्यते तथा ॥ ४९ ॥

महाभारत, शांतिपर्व, अ० ११, श्लो० २०.

જેમ અગ્નિથી બળી ગયેલાં બીજો ફરીથી કદાપિ ઉગતાં નથી, તેમ જ્ઞાનથી બળી ગયેલાં ક્લેશો-કર્મો-વડે આત્મા ફરીથી બંધાતો નથી. ૪૯.

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ! ।
ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात्कुरुते तथा ॥ ५० ॥

भगवद्गीता, अ० ४, श्लो० ३७.

હે અર્જુન ! જેમ પ્રદીપ્ત અગ્નિ લાકડાંઓને ભસ્મસાત્ કરે છે, તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે. ૫૦.

**જ્ઞાનઃ દીપકઃ—**

नास्ति ज्ञानसमो दीपः, सर्वान्धकारनाशने ।
स्वर्गे भूमौ च पाताले, स्थाने स्थाने च दृश्यते ॥५१॥

पद्मपुराण, खण्ड २, अ० १२३, श्लो० ८.

સર્વ અંધકારનો નાશ કરવામાં જ્ઞાન સમાન બીજો કોઈ દીવો નથી, કે જે દીવો સ્વર્ગને વિષે, ભૂમિને વિષે, પાતાલને વિષે અને ઠેકાણે ઠેકાણે અંધકારનો નાશ કરતો જોવામાં આવે છે. ૫૧.

**જ્ઞાનનું ફળઃ—**

ज्ञानादिर्यस्य सूर्यः स्यान्नित्यमुद्द्योतकारकः ।
तस्य निर्मलतां याति, पञ्चेन्द्रियदिगाननम् ॥ ५२ ॥

तत्त्वामृत, श्लो० १०.

જેની પાસે હમેશાં પ્રકાશને કરવાવાળો એવો જ્ઞાનરૂપી સૂર્ય હોય તેની પાંચ ઇન્દ્રિયરૂપ દિશાઓના મુખો નિર્મળપણાને પામે છે. ૫૨.

भोगार्थमेतद्भविनां शरीरं,
ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जाता विषं चेद्विषया हि सम्यग्-
ज्ञानात् ततः किं कुणपस्य पुष्ट्या ? ॥ ५३ ॥

हृदयप्रदीप, श्लो० ५.

સંસારી જીવોને આ શરીર ભોગને માટે છે; અને યોગીજનોને તે જ શરીર જ્ઞાનને માટે છે. જો સમ્યક્ પ્રકારના જ્ઞાનથી વિષયો વિષરૂપ થયા હોય તો આ શરીરની પુષ્ટિ કરવાથી શું ફળ છે? ૫૩.

निःशेषलोकव्यवहारदक्षो ज्ञानेन मर्त्यो महनीयकीर्तिः ।
सेव्यः सतां सन्तमसेन हीनो विमुक्तिकृत्यं प्रति बद्धचित्तः ॥५४॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १९५.

જ્ઞાનથી માણુસ સમસ્ત લોક વ્યવહારમાં કુશળ થાય છે, મોટી કીર્તિને મેળવે છે, સજ્જનોને પૂજવા યોગ્ય થાય છે, મોહથી રહિત થાય છે અને મોક્ષના કાર્યમાં જ પોતાના મનને પરોવે છે. ૫૪.

यथा यथा ज्ञानबलेन जीवो जानाति तत्त्वं जिननाथदृष्टम् ।
तथा तथा धर्ममतिः प्रशस्ता, प्रजायते पापविनाशशक्ता ॥५५॥

सुभाषितरत्नसन्दोह, श्लो० १९०.

જેમ જેમ પ્રાણી જ્ઞાનના બળવડે શ્રી જિનેશ્વરભગવાને જોયેલું તત્ત્વ જાણુતો જાય છે, તેમ તેમ તેને, પાપનો નાશ કરવામાં સમર્થ એવી બુદ્ધિ થતી જાય છે. ૫૫.

ज्ञानाद्विदन्ति खलु कृत्यमकृत्यजातं,
ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ।
ज्ञानाच्च भव्यभविनः शिवमाप्नुवन्ति,
ज्ञानं हि मूलमतुलं सकलश्रियां तत् ॥ ५६ ॥

सूक्तमुक्तावली, अधिकार ४३, श्लो० ६ *

જ્ઞાનથી જ માણસો કૃત્ય અને અકૃત્યના સમૂહને જાણે છે, જ્ઞાનથી જ પવિત્ર એવા ચારિત્રનું આચરણ કરે છે, જ્ઞાનથી જ ભવ્ય જીવો મોક્ષને મેળવે છે. તેથી જ્ઞાન એ જ તમામ કલ્યાણનું અજોડ મૂળ છે. ૫૬.

# अज्ञान ( ७९ )

**અજ્ઞાનઃ અંધકારઃ—**

**अज्ञानतमसाच्छन्नो मूढान्तःकरणो नरः ।**
**न जानाति कुतः कोऽहं, क्वाहं गन्ता किमात्मकः ॥१॥**

અજ્ઞાનરૂપી અંધકારથી આચ્છાદન કરાયેલો અને મૂઢ હૃદયવાળો પુરૂષ " હું કયાંથી આવ્યો ? હમણા કોણ છું ? અહીંથી હું કયાં જઈશ ? મારૂં કેવું સ્વરૂપ છે ? " ઇત્યાદિ કાંઇ પણ જાણતો નથી. ૧.

**અજ્ઞાનીઃ પશુઃ--**

**आहारनिद्राभयमैथुनानि, सामान्यमेतत्पशुभिर्नराणाम् ।**
**ज्ञानं विशेषः खलु मानवानां, ज्ञानेन हीनाः पशवो मनुष्याः ॥२॥**

विक्रमचरित्र, खण्ड १, पृ. ७३. (हे.जै.ग्रं.)

આહાર, નિદ્રા, ભય અને મૈથુન; આ ચાર બાબત પશુઓને અને મનુષ્યોને સમાન જ છે. તેમાં મનુષ્યોને માત્ર જ્ઞાન જ વિશેષ છે. તે જ્ઞાન રહિત જો મનુષ્ય હોય તો તે પશુ તુલ્ય જ છે. ૨.

**અજ્ઞાની અને જ્ઞાનીઃ—**

**अज्ञानी क्षपयेत् कर्म, यज्जन्मशतकोटिभिः ।**
**तज्ज्ञानी तु त्रिगुप्तात्मा, निहन्त्यन्तर्मुहूर्तके ॥ ३ ॥**

तत्वामृत, श्लो० १९०.

અજ્ઞાની મનુષ્ય કરોડો જન્મવડે કરીને જે કર્મનો ક્ષય કરે છે તેજ કર્મને, ત્રણ ગુપ્તિને ધારણ કરનાર જ્ઞાની માણસ, અંતરમુહૂર્તમાં નાશ કરે છે. ૩.

**मज्जत्यज्ञः किलाऽज्ञाने, विष्ठायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ ४ ॥**

ज्ञानसार, ज्ञानाष्टक, श्लो० १.

વિષ્ઠામાં ભૂંડની પેઠે ખરેખર અજ્ઞાની પ્રાણી અજ્ઞાનમાં ડૂબે છે, અને માનસ સરોવરમાં હંસની જેમ જ્ઞાની મનુષ્ય જ્ઞાનમાં લયલીન થાય છે-જ્ઞાનમાં રમણ કરે છે. ૪.

**અજ્ઞાનથી નુકસાનઃ—**

**न वेत्ति यो यस्य गुणप्रकर्षं, स तं सदा निन्दति नात्र चित्रम् ।**
**यथा किराती करिकुम्भजातां, मुक्तां परित्यज्य बिभर्ति गुञ्जाम् ॥**

नीतिशतक ( भर्तृहरि ), श्लो० ४२.

જે માણસ જે વસ્તુના ઉત્તમ ગુણને જાણતો ન હોય, તે માણસ તે વસ્તુની સદા નિંદા કરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કેમકે ભીલડી હાથીના કુંભસ્થળમાં ઉત્પન્ન થયેલ મોતીને -મોતીની માળાને-તજીને ચણોઠીની માળાને ધારણ કરે છે. (-મોતીના ગુણને જાણતી નથી, તેથી તે મોતીને વખાણતી નથી. ૫.)

**अज्ञानं खलु भो कष्टं क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।**
**अर्थं हितमहितं वा, न वेत्ति येनावृतो लोकः ॥ ६ ॥**

अष्टकप्रकरण ( हरिभद्र ), ज्ञानाष्टक, श्लो० ३ नी टीका *

ક્રોધ, માન, માયા વિગેરે તમામ પાપો કરતાં પણ, અજ્ઞાન એ ખરેખર, અત્યંત દુઃખને આપવા વાળું છે કે જે અજ્ઞાન-વડે આચ્છાદિત થયેલો લોક પોતાને હિતકારી કે અહિતકારી પદાર્થને જાણી શકતો. ૬.

**शक्यो वशीकर्तुमिभोऽतिमत्तः, सिंहः फणींद्रः कुपितो नरेन्द्रः।**
**ज्ञानेन हीनो न पुनः कथंचिदित्यस्य दूरे न भवन्ति सन्तः॥७॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २०६.

મદોન્મત્ત હાથીને, સિંહને, નાગને કે કોપાયમાન થયેલ રાજાને વશ કરવો શક્ય છે પરન્તુ જે અજ્ઞાની માણુસ હોય તે કોઇ રીતે વશ કરી શકાતો નથી તેથી સજ્જન પુરૂષો જ્ઞાનથી દૂર થતા નથી. ૭.

**शौचक्षमासत्यतपोदमाद्या गुणाः समस्ताः क्षणतश्चलन्ति ।**
**ज्ञानेन हीनस्य नरस्य लोके, वात्याहता वा तरवोऽपि मूलात्॥८॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २०४.

સંસારમાં જે માણુસ જ્ઞાન વગરનો-અજ્ઞાની-હોય તે માણુસના શૌચ, ક્ષમા, સત્ય, તપ, ઇંદ્રિયદમન વિગેરે બધાય ગુણો, પવનવડે હણાયેલા વૃક્ષો જેમ મૂળથી ઉખડી જાય છે તેની માફક, ક્ષણમાં નાશ પામે છે. ૮.

# अध्यात्म ( ८० )

**અધ્યાત્મનું સ્વરૂપઃ—**

गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥ १ ॥

अध्यात्मसार, प्रबंध १, श्लो० २६.

ચાલ્યો ગયો છે મોહનો અધિકાર ( બળ ) જેમનો એવા માણસોની આત્માને આશ્રિને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને જિનેશ્વરોએ અધ્યાત્મ કહેલ છે. ૧.

**અધ્યાત્મનું મહત્વઃ—**

कान्ताऽधरसुधाऽऽस्वादाद्यूनां यज्जायते सुखम् ।
बिन्दुः पार्श्वे तदध्यात्मशास्त्रास्वादसुखोदधेः ॥ २ ॥

अध्यात्मसार, प्रबंध १, श्लो० ९.

યુવાન પુરૂષોને પોતાની પત્નીના અધરામૃતના આસ્વાદમાં જે સુખ થાય છે તે સુખ, અધ્યાત્મશાસ્ત્રના આસ્વાદનાં સુખરૂપી સમુદ્રની સામે, એક ટીપા સમાન છે. ૨.

अध्यात्मशास्त्रसम्भूतसन्तोषसुखशालिनः ।
*गणयन्ति न राजानं, न श्रीदं नापि वासवम् ॥ ३ ॥*

अध्यात्मसार, प्रबंध १, श्लो० १०.

અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થયેલ સંતોષના સુખવાળા મનુષ્યો રાજાને, કુબેરને કે ઇંદ્રને પણ ગણકારતા નથી. ૩.

**दम्भपर्वतदम्भोलिः, सौहार्दाम्बुधिचन्द्रमाः ।**
**अध्यात्मशास्त्रमुत्तालमोहजालवनानलः ॥ ४ ॥**

**अध्यात्मसार, प्रबंध १, श्लो० १२.**

અધ્યાત્મશાસ્ત્ર એ દંભરૂપી પર્વતને તોડનાર વજ્રસમાન છે, સુજનતારૂપી સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્રમા સમાન છે, અને મહાન મોહરૂપી જાળાઓના વનને બાળવામાં અગ્નિ સમાન છે. ૫.

**रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः ।**
**अध्यात्मशास्त्रसेवायामसौ निरवधिः पुनः ॥ ५ ॥**

**अध्यात्मसार, प्रबंध १, श्लो० २१.**

વિષયસેવનમાં ભોગ પુરતો જ રસ છે, સુંદર ભોજનમાં ખાવા સુધી જ રસ છે, પરન્તુ અધ્યાત્મશાસ્ત્રની સેવામાં તો અનહદ રસ છે. ૫.

**सामायिकं यथा सर्वचारित्रेष्वनुवृत्तिमत् ।**
**अध्यात्मं सर्वयोगेषु, तथाऽनुगतमिष्यते ॥ ६ ॥**

**अध्यात्मसार, प्रबंध १, श्लो० २७.**

જેવી રીતે બધાય ચારિત્રોમાં સામાયિક રહેલું હોય છે તેવી જ રીતે બધાય યોગોમાં અધ્યાત્મ રહેલું છે. ૬.

અધ્યાત્મ વગર નકામું:—

अध्यात्मवर्जितैर्ध्यानैः, शास्त्रस्थैः फलमस्ति न ।
भवेन्नहि फलैस्तृप्तिः, पानीयप्रतिबिम्बितैः ॥ ७ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३५.

અધ્યાત્મ રહિત કેવળ શાસ્ત્ર સંબંધી ધ્યાન કરવાથી કાંઇ પણ ફળ મળતું નથી. જેમકે પાણીમાં પ્રતિબિંબિત થયેલા ફળોવડે કાંઇ પણ તૃપ્તિ થતી નથી. ૭.

हतं हहा ! शास्त्रविशारदत्वमनर्थहेतुश्च वचःपटुत्वम् ।
विज्ञानवेत्तृत्वमपार्थकं च, नास्वादितोऽध्यात्मसुधारसश्चेत् ॥८॥

જો અધ્યાત્મરૂપી અમૃત રસનો આસ્વાદ કર્યો ન હોય તો હા હા ! ખેદની વાત છે કે-તેની શાસ્ત્ર સંબંધી વિદ્વત્તા હણાઈ ગઇ, તેના વચનની ચતુરાઇ અનર્થનું કારણ છે, અને તેનું વિજ્ઞાન( વિશેષ જ્ઞાન અથવા કળા )નું જાણવાપણું નિરર્થક છે. ૮.

અધ્યાત્મનું ફળ:—

येषामध्यात्मशास्त्रार्थतत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेशक्लेशस्तेषां न कर्हिचित् ॥९॥

अध्यात्मसार, प्रबंध १, श्लो १४.

જેઓના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્રના અર્થનું તત્ત્વ વસેલું હોય છે તેઓને કષાય અને વિષયના આવેશનું કષ્ટ કદી પણ થતું નથી. ૯.

## चारित्र ( ८१ )

ચારિત્રનું સ્વરૂપઃ—

**सर्वसावद्ययोगानां, त्यागश्चारित्रमिष्यते ।**
**कीर्तितं तदहिंसादिव्रतभेदेन पञ्चधा ॥ १ ॥**

योगशास्त्र, पृ० ३९, श्लो० १८. ( प्र. स. )

સર્વ સાવદ્ય-પાપવાળા-યોગોને વ્યાપારોનો જે ત્યાગ કરવો. તે ચારિત્ર કહેલું છે. તે ચારિત્ર અહિંસાદિક વ્રતના ભેદવડે પાંચ પ્રકારનું કહેલું છે. ૧.

**अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम् ।**
**चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुङ्गवाः ॥ २ ॥**

योगशास्त्र, पृ० ४३, श्लो० ३४. ( प्र. स. )

( પ્રથમ અહિંસાદિક પાંચ મહાવ્રતરૂપ એટલે મૂળગુણરૂપ ચારિત્ર કહ્યું છે. તેથી અહીં બીજે પ્રકારે કહે છે કે )-અથવા તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવડે પવિત્ર જે આચરણ તે સમ્યક્ચારિત્ર છે એમ શ્રેષ્ઠ મુનિઓ કહે છે. ૨.

**सद्दर्शनज्ञानबलेन भूता, पापक्रियाया विरतिस्त्रिधा या ।**
**जिनेश्वरैस्तद्गदितं चरित्रं, समस्तकर्मक्षयहेतुभूतम् ॥ ३ ॥**

सुभाषितरत्नसंदोह, श्लो० २१०.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના બળથી જે મન, વચન અને કાયાની ત્રણે પ્રકારની પાપમય ક્રિયાથી વિરતિ તેને જિનેશ્વરદેવોએ ચારિત્ર કહેલું છે. અને તે તમામ કર્મના ક્ષયના કારણભૂત છે. ૩.

## ચારિત્રના પ્રકારઃ—

**सामायिकमित्याद्यं छेदोपस्थापनं द्वितीयं तु ।**
**परिहारविशुद्धिकं सूक्ष्मसम्परायं यथाख्यातम् ॥ ४ ॥**

प्रशमरति, श्लो० २२८.

ચારિત્રના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણેઃ—પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપન ચારિત્ર, ત્રીજું પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને પાંચમું યથાખ્યાત ચારિત્ર. ૪.

**पञ्चास्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।**
**दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥ ५ ॥**

प्रशमरति, श्लो० १७२.

હિંસાદિક પંચાશ્રવથી વિરમવું, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો, અને મન, વચન અને કાયાના ત્રણ દંડથી વિરમવું; એમ સંયમ-ચારિત્ર-૧૭ પ્રકારે કહ્યો છે. ૫.

**एवं चरित्रस्य चरित्रयुक्तैस्त्रयोदशाङ्गस्य निवेदितस्य ।**
**व्रतादिभेदेन भवन्ति भेदाः, सामायिकाद्याः पुनरेव पञ्च ॥६॥**

सभाषितरत्नसन्दोह, श्लो० २३०.

ચારિત્રધારી મુનિઓએ કહેલા ચારિત્રના વ્રતાદિ ભેદ-વડે તેર ભેદો થાય છે–એટલે કે–પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એમ તેર પ્રકાર થયા. વળી એ ચારિત્રના સામાયિક આદિવડે પાંચ ભેદો પણ થાય છે. (સામાયિક, છેદોપ-સ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત.) ૬.

## કયું ચારિત્ર ક્યારે થાયઃ—

**पञ्चाधिका विंशतिरस्तदोषैरुक्ताः कषायाः क्षयतः शमाद्वा ।**
**तेषां यथाख्यातचरित्रमुक्तं, तन्मिश्रतायामितरं चतुष्कम् ॥७॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २३१.

જેઓના બધાય દોષો નાશ થયા છે એવા જિનેશ્વર દેવોએ પચીસ કષાયો કહેલા છે. તે પચીસે કષાયોનો ક્ષય થવાથી અથવા તે બધાયનો ઉપશમ થવાથી યથાખ્યાત નામનું ચારિત્ર કહેલું છે અને બાકીના સામાયિકાદિ ચાર એ કષાયોના ક્ષય અને ઉપશમ એ બન્નેના મિશ્રપણાથી એટલે કે ક્ષયોપશમથી થાય છે. ૭.

## ચારિત્રની વિશેષતાઃ—

**तच्चारित्रं न किं सेवेद्यत्सेवावशगः पुमान् ? ।**
**हीनवंशोऽपि संसेव्यः, सुरासुरनरोत्तमैः ॥ ८ ॥**

सूक्तमुक्तावली, अधिकार ५८, श्लो० १. ❁

જે ચારિત્રની સેવામાં લાગેલો માણસ, કદાચ નીચા કુળનો હોય તો પણ, તે સુરાસુર અને નરોત્તમોવડે પૂજાય છે તે ચારિત્રની સેવા કેમ ન કરવી? ૮.

विनिर्मलं पार्वणचन्द्रकान्तं,
यस्याति चारित्रमसौ गुणज्ञः ।
मानी कुलीनो जगतोऽभिगम्यः,
कृतार्थजन्मा महनीयबुद्धिः ॥ ९ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २३९.

જે માણસનું ચારિત્ર પૂર્વના પૂર્ણચંદ્ર જેવું નિર્મળ હોય છે તે માણસ ગુણને જાણનારો, માની, કુળવાન્, જગતને માનવા યોગ્ય, કૃતાર્થ જન્મવાળો અને શ્રેષ્ઠબુદ્ધિવાળો હોય છે. ૯.

क्षितितलशयनं वा प्रान्तभैक्षाशनं वा,
सहजपरिभवो वा नीचदुर्भाषितं वा ।
महति फलविशेषे नित्यमभ्युद्यतानां,
न मनसि न शरीरे दुःखमुत्पादयन्ति ॥ १० ॥

आचाराङ्गसूत्र. पृ० ११२, श्लो० १. *

મોક્ષરૂપ મોટા ફળને મેળવવા માટે નિરંતર ઉદ્યમી થયેલા યોગીજનોનું પૃથ્વીતળપર સુવું, લુખું સુકું ભિક્ષાનું ભોજન, સ્વાભાવિક પરાભવ કે નીચ પુરૂષોનાં દુર્વચન; આ સર્વમાંથી કોઈ પણ તેમના મન કે શરીરને વિષે કાંઇ પણ દુઃખ ઉત્પન્ન કરી શકતાં નથી. ૧૦.

चारित्ररत्नान्न परं हि रत्नं,
चारित्रवित्तान्न परं हि वित्तम् ।

**चारित्रलाभान्न परो हि लाभ-**
**श्चारित्रयोगान्न परो हि योगः ॥ ११ ॥**

**पर्वकथा, मौनएकादशी, पृ. १६, श्लो० १४८. (य. वि. ग्रं) ***

ચારિત્રરૂપી રત્નથી બીજું કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, ચારિત્રરૂપી ધનથી બીજું કોઇ શ્રેષ્ઠ ધન નથી, ચારિત્રરૂપી લાભથી બીજો કોઈ શ્રેષ્ઠ લાભ નથી અને ચારિત્રરૂપી યોગથી બીજો કોઇ શ્રેષ્ઠ યોગ નથી. ૧૧.

## ચારિત્રનો સમયઃ—

**प्रव्रजेद् ब्रह्मचर्यात्तु, यदीच्छेत् परमां गतिम् ।**
**जातपुत्रो गृहस्थो वा, विदितात्मा जितेन्द्रियः ॥ १२ ॥**

**यमस्मृति, श्लो० २३०.**

જો ઉત્તમ ગતિ( મુક્તિ )ની ઇચ્છા હોય તો બ્રહ્મચર્યથકી જ એટલે પહેલો બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થાય કે તરત જ ગૃહસ્થાશ્રમમાં ગયા વિના જ પ્રવ્રજ્યા ( સંન્યસ્ત ) ગ્રહણ કરવી. અથવા ગૃહસ્થાશ્રમમાં જાય તો તત્ત્વજ્ઞાની અને જિતેંદ્રિય થઈ, ( એક ) પુત્ર ઉત્પન્ન થાય ત્યારે, પ્રવ્રજ્યા ગ્રહણ કરવી. ૧૨.

**यदा मनसि सञ्जातं, वैतृष्ण्यं सर्ववस्तुषु ।**
**तदैव संन्यसेद्विद्वानन्यथा पतितो भवेत् ॥ १३ ॥**

**सौरपुराण, यतिधर्मसमुच्चय.**

જ્યારે મનમાં સર્વ વસ્તુઓ ઉપર તૃષ્ણારહિતપણું થાય, તે જ વખતે વિદ્વાને સંન્યસ્ત ( ચારિત્ર ) ગ્રહણ કરવું. અન્યથા

(ગ્રહણ ન કરે તો) તે પતિત-ભ્રષ્ટ-થાય છે. (અથવા અન્યથા એટલે તૃષ્ણા રહિત થયા પહેલાં સંન્યાસ ગ્રહણ કરે તો પણ તે પતિત થાય છે.) ૧૩.

**ચારિત્રઃ સાચું ભૂષણઃ—**

**निरस्तभूषोऽपि यथा विभाति, पवित्रचारित्रविभूषितात्मा ।**
**अनेकभूषाभिरलङ्कृतोऽपि, विमुक्तवृत्तो न तथा मनुष्यः ॥१४॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २४१.

પવિત્ર ચારિત્રથી શણગારેલ છે આત્મા જેનો એવો માણસ કોઈ પણ જાતના આભૂષણ વગર પણ જેવો શોભે છે તેવો ચારિત્ર વગરનો માણસ અનેક આભૂષણોથી શણગારેલો હોય તો પણ શોભતો નથી. ૧૪.

**ચારિત્રઃ જ્ઞાનનું ફળઃ—**

**परं ज्ञानफलं वृत्तं, विभूतिर्न गरीयसी ।**
**तया हि वर्धते कर्म, सद्वृत्तेन विमुच्यते ॥ १५ ॥**

तत्त्वामृत, श्लो० ३११.

જ્ઞાનનું મુખ્ય ફળ ચારિત્ર જ છે. નહિં કે મોટી સંપત્તિ! કારણ કે સંપત્તિથી તો કર્મ વધે છે અને ચારિત્રથી કર્મ છુટે છે. ૧૫.

**ચારિત્ર વગર નકામુઃ—**

**सद्दर्शनज्ञानतपोदयाद्याश्चारित्रभाजः सफलाः समस्ताः ।**
**व्यर्थाश्चरित्रेण विना भवन्ति, ज्ञात्वेह सन्तश्चरिते यतन्ते ॥१६॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २४२.

જે માણુસ ચારિત્રવાળો હોય એનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, તપ, દયા વિગેરે બધાં સફળ થાય છે. અને જે ચારિત્ર વગરનો હોય તેનાં નકામાં થાય છે; એમ સમજીને સંતપુરૂષો ચારિત્રમાં પ્રયત્ન કરે છે. ૧૬.

गर्भेविलीनं वरमत्र मातुः,
प्रसूतिकालेऽपि वरं विनाशः ।
असम्भवो वा वरमङ्गभाजो
न जीवितं चारुचरित्रमुक्तम् ॥ १७ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २४०.

માણુસનું માતાના ગર્ભમાંજ નાશ પામવું સારૂં છે, અથવા તો પ્રસૂતિ વખતે જ નાશ પણ સારો છે અથવા તો બીલકુલ જન્મ ન જ થવો એ પણ સારૂં છે, પણ ચારિત્રથી રહિત એવું જીવન નથી સારૂં. ૧૭.

## ચારિત્ર જાણવાનો માર્ગઃ—

इत्येतत् पञ्चविधं चारित्रं मोक्षसाधनं प्रवरम् ।
अनेकानुयोगनयप्रमाणमार्गैः समनुगम्यम् ॥ १८ ॥

प्रशमरति, श्लो० २२९.

આ પાંચ પ્રકારનું ચારિત્ર મોક્ષનું ઉત્તમ સાધન છે. અને તે અનેક પ્રકારના અનુયોગ, નય અને પ્રમાણના માર્ગોવડે સમજી શકાય છે. ૧૮.

## ચારિત્રની વૃદ્ધિનો ઉપાયઃ—

**कषायसङ्गौ सहते न वृत्तं, समार्द्रचक्षुर्न दिनं च रेणुम् ।**
**कषायसङ्गौ विधुनन्ति तेन, चारित्रवन्तो मुनयः सदाऽपि ॥१९॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २३४.

જેમ દુખવા આવેલી આંખ ધૂળ કે દિવસના પ્રકાશને સહન નથી કરતી, તે જ પ્રમાણે ચારિત્ર એ કષાય અને પરિગ્રહને નથી સહન કરતું. એટલા માટે ચારિત્રશાળી મુનિઓ હમેશાં કષાય અને પરિગ્રહને દૂર કરે છે. ૧૯.

**कषायमुक्तं कथितं चरित्रं, कषायवृद्धावपघातमेति ।**
**यदा कषायः शममेति पुंसस्तदा चरित्रं पुनरेति पूतम् ॥२०॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २३३.

ચારિત્રને કષાય વગરનું જ કહેલું છે. એટલે જ્યારે કષાયની વૃદ્ધિ થાય છે ત્યારે ચારિત્રને હાનિ પહોંચે છે. તેથી જ્યારે માણસના કષાય શાંત થાય છે ત્યારે પવિત્ર ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ૨૦.

## દર્શન, જ્ઞાન અને ચારિત્રઃ—

**सम्यक्त्वं भावयेत् क्षिप्रं, सज्ज्ञानं चरणं तथा ।**
**कृच्छ्रात् सुचरितं प्राप्तं, नृत्वं याति निरर्थकम् ॥ २१ ॥**

तत्वामृत, श्लो० ४६.

મનુષ્યે જલ્દી સમ્યકત્વની ભાવના ભાવવી. તેમજ જ્ઞાનયુક્ત ચારિત્રની પણ ભાવના ભાવવી જોઇએ, કારણ કે એમ નહિ કરવાથી બહુ જ કષ્ટપૂર્વક પ્રાપ્ત કરેલું સુચરિત એવું મનુષ્યપણું નિરર્થક જાય છે. ૨૧.

सम्यक्त्वज्ञानचारित्रसम्पदः साधनानि मोक्षस्य ।
तास्वेकतराभावेऽपि मोक्षमार्गोऽप्यसिद्धिकरः ॥ २२ ॥

प्रशमरति, श्लो० २३०.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની સંપત્તિ મોક્ષના સાધનરૂપ છે, અને એ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષમાર્ગ સિદ્ધ થઇ શકતો નથી. ૨૨.

## ચારિત્રનું ફળઃ—

निःशेषकल्याणविधौ समर्थं,
यस्यास्ति वृत्तं शशिकान्तिकान्तम् ।
मर्त्यस्य तस्य द्वितयेऽपि लोके,
न विद्यते क्वाचन जातु भीतिः ॥ २३ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २३५.

તમામ પ્રકારનું કલ્યાણ કરવામાં સમર્થ એવા પ્રકારનું ચારિત્ર જે માણસનું ચંદ્રના પ્રકાશ જેવું સુંદર હોય તે માણસને બીજા લોકમાં પણ કદી પણ ભય નથી હોતો. ૨૩.

सद्वृत्तः पूज्यते देवैराखण्डलपुरस्सरैः ।
असद्वृत्तस्तु लोकेऽस्मिन्, निन्द्यतेऽसौ सुतैरपि ॥२४॥

तत्वामृत, श्लो० २७९.

ઇંદ્રોસહિત દેવતાઓ પણ સારા ચારિત્રવાળાની પૂજા કરે છે અને ચારિત્ર વગરનો માણસ તો આ જગતમાં પોતાના પુત્રો-વડે પણ નિંદાને પામે છે. ૨૪.

**नो दुष्कर्मप्रयासो न कुयुवतिसुतस्वामिदुर्वाक्यदुःखं,**
**राजादौ न प्रणामोऽशनवसनधनस्थानचिन्ता न चैव ।**
**ज्ञानाप्तिर्लोकपूजा प्रशमपरिणतिः प्रेत्य नाकाद्यवाप्ति-**
**श्रामण्येऽमी गुणाः स्युस्तदिह सुमतयस्तत्र यत्नं कुरुध्वम्[1] ॥२५॥**

उपदेशमाला ( भाषान्तर ), पृ० १४६. *

જે ચારિત્રને વિષે આરંભાદિક અશુભ કર્મનો પ્રયાસ કરવો પડતો નથી, ખરાબ સ્ત્રી, પુત્ર અને સ્વામીના દુર્વચનોનું દુઃખ પ્રાપ્ત થતું નથી, રાજા વિગેરેને નમસ્કાર કરવાનો નથી, ભોજન, વસ્ત્ર, ધન અને રહેવાના સ્થાનની ચિંતા હોતી નથી, વળી જેમાં જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, લોકો પૂજા સત્કાર કરે છે, મનને વિષે પ્રશમની પ્રાપ્તિ થાય છે, અને મર્યા પછી સ્વર્ગા-દિકની પ્રાપ્તિ થાય છે, તેવા મોક્ષને આપનારા ચારિત્રને વિષે, હે બુદ્ધિમાન ભવ્ય પ્રાણીઓ ! તમે યત્ન કરો. ૨૫.

**दीक्षा गृहीता दिनमेकमेव,**
**येनोग्रचित्तेन शिवं स याति ।**
**न तत् कदाचित् तदवश्यमेव,**
**वैमानिकः स्यात् त्रिदशप्रधानः ॥ २६ ॥**

**पर्वकथा, मौनएकादशी, पृ० १६, श्लो० १४९. (च. वि. प्र.)***

---

૧ ચોથું પાદ છન્દની દૃષ્ટિએ અશુદ્ધ છે.

જે મનુષ્યે ઉગ્ર ચિત્તવડે એક જ દિવસ દીક્ષા ગ્રહણ કરી હોય એટલે દીક્ષા પાળી હોય તો તે મોક્ષે જાય છે, કદાચ મોક્ષે ન જાય તો અવશ્ય દેવોની મધ્યે ઉત્તમ એવો વૈમાનિક દેવ થાય છે. ૨૬.

**सज्ज्ञानमूलशाली दर्शनशाखश्च येन वृत्ततरुः ।**
**श्रद्धाजलेन सिक्तो मुक्तिफलं तस्य स ददाति ॥ २७ ॥**

वैराग्यशतक ( पद्मानंद ), श्लो० २४.

સત્ય જ્ઞાનરૂપી મૂળવડે શોભતો અને સમ્યગ્દર્શનરૂપ શાખાઓવાળો ચારિત્રરૂપી વૃક્ષ જેણે શ્રદ્ધારૂપી જળવડે સીંચ્યો હોય, તે મનુષ્યને તે વૃક્ષ મુક્તિરૂપી ફળ આપે છે. ૨૭.

# लेश्या (८२)

## લેશ્યાનું સ્વરૂપઃ—

**कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।**
**स्फटिकस्येव तत्राऽयं, लेश्याशब्दः प्रवर्तते ॥ १ ॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ४४ नी टीका०. ***

કૃષ્ણ વિગેરે દ્રવ્યના સમીપપણાથી સ્ફટિકની માફક આત્માનો જે પરિણામ, તે આત્મિક પરિણામમાં લેશ્યા શબ્દ પ્રવર્તે છે. એટલે જેવા વર્ણવાળા પુદ્ગલના સમીપપણામાં જેવો આત્માનો પરિણામ થાય, તે પરિણામને જ લેશ્યા કહેવાય છે. ૧.

## લેશ્યાનાં નામઃ—

**ताः कृष्णनीलकापोततैजसपद्मशुक्लनामानः ।**
**श्लेष इव वर्णबन्धस्य, कर्मबन्धस्थितिविधात्र्यः ॥ २ ॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ४४ नी टीका० ***

તે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુક્લ એ *નામની છ લેશ્યાઓ છે.* વર્ણબંધના મેળાપની પેઠે એ લેશ્યાઓ કર્મનું બંધન અને કર્મની સ્થિતિ કરવાવાળી છે. ૨.

કૃષ્ણ લેશ્યાઃ—

**अतिरौद्रः सदा क्रोधी, मत्सरी धर्मवर्जितः ।**
**निर्दयो वैरसंयुक्तः, कृष्णलेश्याऽधिको नरः ॥ ३ ॥**

उपदेशप्रासाद ( भाषांतर ), भाग ४, पृ० ९०. ( प्र. स. )

જે માણુસ અતિ રૌદ્ર–ક્રૂર–વિચારનો હોય, સદા ક્રોધી હોય, ઇર્ષ્યાળુ હોય, ધર્મરહિત હોય, દયારહિત હોય, વૈરયુક્ત હોય, તે પુરૂષ કૃષ્ણુલેશ્યાવાળો હોય છે. ૩.

નીલ લેશ્યાઃ—

**अलसो मन्दबुद्धिश्च, स्त्रीलुब्धः परवञ्चकः ।**
**कातरश्च सदा मानी, नीललेश्याऽधिको भवेत् ॥ ४ ॥**

उपदेशप्रासाद ( भाषांतर ), भाग ४, पृ० ९०. ( प्र. स. )

આળસુ, મંદ બુદ્ધિવાળો, સ્ત્રીમાં લુબ્ધ, બીજાને છેતરનારો, કાયર અને સદા માનવાળો પ્રાણી નીલલેશ્યાવાળો હોય છે. ૪.

પીત લેશ્યાઃ—

**विद्यावान् करुणायुक्तः, कार्याकार्यविचारकः ।**
**लाभालाभे सदा प्रीतः, पीतलेश्याऽधिको नरः ॥ ५ ॥**

उपदेशप्रासाद ( भाषांतर ), भाग ४, पृ० ९१. ( प्र. स. )

જે માણુસ વિદ્યાવાળો હોય, દયાવાન હોય, કાર્ય અને અકાર્યનો વિચાર કરનાર હોય, તથા લાભ અને અલાભમાં સદા પ્રસન્ન હોય, તે માણુસ પીતલેશ્યાવાળો હોય છે. ૫.

પદ્મલેશ્યાઃ—

क्षमावांश्च सदा त्यागी, देवार्चनरतो यमी ।
शुचीभूतः सदाऽऽनन्दी, पद्मलेश्याऽधिको भवेत् ॥ ६ ॥

उपदेशप्रासाद ( भाषान्तर ), भाग ४, पृ० ९१. ( प्र. स. )

જે માણુસ ક્ષમાવાન હોય, સદા દાની હોય, દેવપૂજનમાં રક્ત હોય, અહિંસાદિક પાંચ યમવાળો હોય, સદા પવિત્ર હોય અને સદા આનંદવાળો હોય તે માણુસ પદ્મલેશ્યાવાળો હોય છે. ૬.

શુક્લ લેશ્યાઃ—

रागद्वेषविनिर्मुक्तः, शोकनिन्दाविवर्जितः ।
परमात्मत्वसंपन्नः, शुक्ललेश्यो भवेन्नरः ॥ ७ ॥

उपदेशप्रासाद ( भाषान्तर ), भाग ४, पृ० ९१. ( प्र. स. )

રાગદ્વેષથી રહિત, શોક તથા નિંદાથી રહિત અને પરમાત્મભાવને પામેલો માણુસ શુક્લલેશ્યાવાળો હોય છે. ૭.

લેશ્યાનું ફળઃ—

यादृशी जायते लेश्या, समयेऽन्त्ये शरीरिणः ।
तादृश्येव भवेल्लेश्या, प्रायस्तस्यान्यजन्मनि ॥ ८ ॥

धर्मपरीक्षा, पृ० ५. ( आत्मा. स. ) ॐ

પ્રાણીને અંત્ય સમયે ( મરણુકાળે ) જેવી લેશ્યા હોય છે, તેવી જ લેશ્યા તેને પ્રાયે કરીને અન્ય જન્મને વિષે હોય છે. ૮.

## पांच समिति ( ८३ )

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં નામઃ—

**ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गसंज्ञिकाः ।**
**पञ्चाहुः समितीस्तिस्रो गुप्तीस्त्रियोगनिग्रहात् ॥ १ ॥**

योगशास्त्र, प्रकाश १, श्लो० ३५. ( प्र. स. )

ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમીતિ, આદાનનિક્ષેપ-સમિતિ અને ઉત્સર્ગ—પારિષ્ઠાપનિકા—સમિતિ; આ નામની આ પાંચ સમિતિઓ કહેલી છે, તથા મન, વચન અને કાયા એ ત્રણ યોગનો નિગ્રહ કરવાથી મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ નામની ત્રણ ગુપ્તિઓ કહેલી છે. ૧.

ઇર્યાસમિતિઃ—

**लोकातिवाहिते मार्गे, चुम्बिते भास्वदंशुभिः ।**
**जन्तुरक्षार्थमालोक्य, गतिरीर्या मता सताम् ॥ २ ॥**

योगशास्त्र, प्रकाश १, श्लो० ३६. ( प्र. स. )

જે માર્ગે ઘણા લોકો ચાલ્યા હોય અને ચાલતા હોય, તથા જે માર્ગે સૂર્યનાં કિરણો પડતાં હોય તેવા માર્ગ ઉપર જંતુઓની રક્ષાને માટે ઉપયોગ પૂર્વક જોઇને જે ચાલવું. તેને સત્પુરૂષોએ ઈર્યા કહેલી છે એટલે કે તે ઈર્યાસમિતિ કહે-

વાય છે. ( ઈર્યા એટલે ગતિ-ગમન-તેની સમિતિ એટલે ચેષ્ટા તે ઈર્યાસમિતિ. એ પ્રમાણે સર્વત્ર જાણવું. ) ૨.

**युगान्तरप्रेक्षणतः स्वकार्याद्दिवा पथा जन्तुविवर्जितेन ।**
**यतो मुनेर्जीवविराधहान्या, गतिर्वरेर्यासमितिः समुक्ता ॥३॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० २२३.

જીવોની વિરાધના ન થાય એટલા માટે દિવસને સમયે યુગાંતર ( સાડા ત્રણ હાથ ) સુધી બરાબર જોવા પૂર્વક, કોઇ પણ પ્રકારના જન્તુથી રહીત એવા માર્ગેથી મુનિનું જે શુભ ગમન તેને ઈર્યાસમિતિ કહે છે. ૩.

**नोर्ध्वं न तिर्यग् दूरं वा, निरीक्षन् पर्यटेद्बुधः ।**
**युगमात्रं महीपृष्ठं, नरो गच्छेद्विलोकयन् ॥ ४ ॥**

विष्णुपुराण, खण्ड ४, श्लो० ३९.

પંડિત જને ઉંચે જોઇને ચાલવું નહીં, આડું અવળું કે દૂર જોઈને ચાલવું નહીં. પરંતુ ગાડીની ધુસરી પ્રમાણ ભૂમિને જોતાં જોતાં ચાલવું. ૪.

**ભાષાસમિતિઃ—**

**अवद्यत्यागतः सर्वजनीनं मितभाषणम् ।**
**प्रिया वाचंयमानां सा, भाषासमितिरुच्यते ॥ ५ ॥**

योगशास्त्र, प्रकाश १, श्लो० ३७. ( प्र, स. )

દોષ રહિત અને સર્વ જનને હિતકારક જે પરિમિત વચન બોલવું, તે મુનિઓને પ્રિય એવી ભાષાસમિતિ કહેવાય છે. ૫.

आत्मप्रशंसापरदोषहासपैशुन्यकार्कश्यविरुद्धवाक्यम् ।
विवर्ज्य भाषां वदतां मुनीनां, वदन्ति भाषासमितिं जिनेन्द्राः६

सुभाषितरत्नसन्दोह, श्लो० २२४.

પોતાની પ્રશંસા, પારકાના દોષ, હાસ્ય, ચાડીયાપણું, કઠોરપણું, વિરૂદ્ધત્તા; આ દોષોથી યુક્ત વાક્યને છોડીને મુનિજનો જે ભાષા બોલે છે તેને ભાષાસમિતિ કહે છે. ૬.

એષણાસમિતિઃ—

द्विचत्वारिंशता भिक्षादोषैर्नित्यमदूषितम् ।
मुनिर्यदन्नमादत्ते, सैषणासमितिर्मता ॥ ७ ॥

योगशास्त्र, प्रकाश १, श्लो० ३८. ( प्र. स. )

મુનિ ભિક્ષાના બેંતાળીશ દોષ રહિત જે અન્ન હમેશાં ગ્રહણ કરે છે, તે એષણાસમિતિ કહેલી છે. ૭.

अनुद्गमोत्पादनवल्भदोषा, मनोवचःकायविकल्पशुद्धा ।
स्वकारणा या मुनिपस्य भुक्तिस्तामेषणाख्यां समितिं वदन्ति ८

सुभाषितरत्नसन्दोह, श्लो० २२५.

ઉદ્‌ગમ અને ઉત્પાદન આદિ ૪૨ દોષથી રહિત, મન, વચન અને કાયાના વિકલ્પોથી રહિત, એવું અને પોતાના શરીરને ખાતરજ મુનિનું જે ભોજન તેને એષણાસમિતિ કહે છે. ૮.

## આદાનનિક્ષેપસમિતિઃ—

आसनादीनि संवीक्ष्य, प्रतिलिख्य च यत्नतः ।
गृह्णीयान्निक्षिपेद्वा यत्, साऽऽदानसमितिः स्मृता ॥९॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ३९. ( प्र. स. )

આસન, વસ્ત્ર, પાત્ર વિગેરે દરેક વસ્તુ યત્નથી જોઈને તથા પડિલેહીને-પુંજીને-જે ગ્રહણુ કરવી અથવા મૂકવી, તેને આદાન-નિક્ષેપસમિતિ કહેલી છે. ૯.

आदाननिक्षेपविधेर्विधाने, द्रव्यस्य योग्यस्य मुनेः स यत्नः
आदाननिक्षेपणनामधेयां, वदन्ति सन्तः समितिं पवित्राम् १०

सुभाषितरत्नसन्दोह, श्लो० २२६.

ઉચિત વસ્તુના મૂકવા અને લેવાની ક્રિયામાં મુનિનો જે પ્રયત્ન છે તેને સજ્જન પુરૂષો પવિત્ર એવી આદાનનિક્ષેપણ-સમિતિ કહે છે. ૧૦.

## ઉત્સર્ગ ( પારિષ્ઠાપનિકા ) સમિતિઃ—

कफमूत्रमलप्रायं, निर्जन्तुजगतीतले ।
यत्नाद्यदुत्सृजेत्साधुः, सोत्सर्गसमितिर्भवेत् ॥ ११ ॥

योगशास्त्र, प्रकाश १, श्लो० ४०. ( प्र. स. )

કફ, મૂત્ર, મળ વિગેરે નાંખી દેવાની વસ્તુને સાધુ યત્ન પૂર્વક જંતુ રહિત પૃથ્વીતળ ઉપર જે ત્યાગ કરે તે ઉત્સર્ગસમિતિ છે. ( તેનું બીજું પારિષ્ઠાપનિકાસમિતિ પણ કહેવાય છે. ) ૧૧.

**दूरे विशाले जनजन्तुमुक्ते, गूढेऽविरुद्धे त्यजतो मलानि ।**
**पूतां प्रतिष्ठापननामधेयां, वदन्ति साधोः समितिं जिनेन्द्राः १२**

सुभाषितरत्नसन्दोह, श्लो० २२७.

દૂર રહેલા, પહોળા, મનુષ્ય અને જીવજંતુ વગરના, એકાંતમાં રહેલા અને કોઇને આડા ન આવે એવા સ્થાનમાં મળનું જે નાખવું તેને જિનેશ્વરોએ સાધુની પવિત્ર એવી પ્રતિષ્ઠાપન-સમિતિ કહી છે. ૧૨.

## સમિતિનું ફળ:—

**समस्तजन्तुप्रतिपालनार्थाः, कर्माश्रवद्वारनिरोधदक्षाः ।**
**इमा मुनीनां निगदन्ति पञ्च, पञ्चत्वमुक्ताः समितीर्जिनेन्द्राः १३**

सुभाषितरत्नसन्दोह, श्लो० २२८.

મરણથી મુકત થયેલા એવા શ્રી જિનેશ્વર ભગવાને મુનિઓની આ પાંચ સમતિઓ તમામ પ્રાણીઓની રક્ષાને માટે કહેલી છે અને તે સમિતિઓ કર્મોના આશ્રવના દ્વારને અટકાવવામાં કુશળ છે. ૧૩.

# त्रण गुप्ति ( ८४ )

## ત્રણ ગુપ્તિનું સ્વરૂપઃ—

**प्रवृत्तयः स्वान्तवचस्तनूनां, सूत्रानुसारेण निवृत्तयो वा ।**
**यास्ता जिनेशाः कथयन्ति तिस्रो गुप्तीर्विधूताखिलकर्मबन्धाः१**

सुभाषितरत्नसंदोह, श्लो० २२९.

મન, વચન અને કાયાની, શ્રી જિનેશ્વર ભગવાનના આગમની અનુસારે, જે પ્રવૃત્તિ કરવી અને નિવૃત્તિ કરવી તેને શ્રી જિનેશ્વરદેવો ત્રણ ગુપ્તિ કહે છે કે જેથી તમામ કર્મનો બંધ દૂર થાય છે. ૧.

## મનોગુપ્તિઃ—

**विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥२॥**

योगशास्त्र, प्रकाश १, श्लो० ४१. ( प्र. स. )

જે મન સંકલ્પવિકલ્પના સમૂહથી રહિત હોય, રાગદ્વેષ રહિત સમપણાને વિષે રહેલું હોય, તથા પોતાના આત્માને વિષે જ રમણ કરતું હોય, એવા મનને મુનિઓએ મનોગુપ્તિ કહેલી છે. ૨.

વચનગુપ્તિઃ—

संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृतिर्वा यां, सा वाग्गुप्तिरिहोच्यते ॥ ३ ॥

योगशास्त्र, प्रकाश १, श्लो० ४२. ( प्र. स. )

હાથ, નેત્ર વિગેરેની ચેષ્ટા કર્યા વિના જ જે મૌનનું અવલંબન કરવું-મૌન ધારણ કરવું-તે વાગ્ગુપ્તિ કહેવાય છે. (અથવા બોલવાની ક્રિયા મુખવસ્ત્રિકાવડે મુખને ઢાંકી યતના પૂર્વક કરવી તે પણ વાક્‌વૃત્તિના સંવરરૂપ વાગ્ગુપ્તિ કહેવાય છે.) ૩.

કાયગુપ્તિઃ—

उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥ ४ ॥

शयनासननिक्षेपाऽऽदानचङ्क्रमणेषु यः ।
स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु साऽपरा ॥ ५ ॥

योगशास्त्र, प्रकाश १, श्लो० ४३, ४४. ( प्र. स. )

ઉપદ્રવો પ્રાપ્ત થાય તો પણ કાયોત્સર્ગ રહેલા મુનિનું શરીર જે સ્થિર-નિશ્ચળ-રહે તે કાયગુપ્તિ કહેવાય છે. તથા શયન, આસન, બેસવું, મૂકવું, ગ્રહણ કરવું અને ગતિ કરવી; આ સર્વ સ્થાનકોમાં જે ચેષ્ટાનો નિયમ એટલે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સર્વ ક્રિયા કરવી તે પણ બીજી કાયગુપ્તિ કહેલી છે. ૪, ૫.

# योग ( ८५ )

યોગની વિશેષતાઃ—

**योगः सर्वविपद्वल्लीविताने परशुः शितः ।**
**अमूलमन्त्रतन्त्रं च, कार्मणं निर्वृतिश्रियः ॥ १ ॥**

योगशास्त्र, पृ० १०, श्लो० ५. ( प्र. स. )

યોગ એ સર્વ વિપત્તિરૂપી લતાના સમૂહને છેદવામાં તીક્ષ્ણ કુહાડા સમાન છે, તથા મુક્તિરૂપી લક્ષ્મીનું, મૂલ, મંત્ર અને તંત્ર વિનાનું, કામણ છે. ૧.

**अहो योगस्य माहात्म्यं, प्राज्यं साम्राज्यमुद्वहन् ।**
**अवाप केवलज्ञानं, भरतो भरताधिपः ॥ २ ॥**

योगशास्त्र, पृ० १५, श्लो० १०. ( प्र. स. )

અહો ! યોગનું માહાત્મ્ય આશ્ચર્ય કારક છે, કે જેથી મોટા સામ્રાજ્ય ( ચક્રવર્તીપણા )ને ધારણ કરનાર છ ખંડ ભરતના સ્વામી ભરતચક્રવર્તી કેવળજ્ઞાનને પામ્યા. ૨.

**चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।**
**ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ॥ ३ ॥**

योगशास्त्र, पृ० ३५, श्लो० १५. ( प्र. स. )

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; આ ચાર વર્ગને વિષે મોક્ષ અગ્રેસર-સૌથી શ્રેષ્ઠ-છે, તે મોક્ષનું કારણ યોગ છે, અને તે યોગ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નરૂપ છે. ૩.

## યોગની ભાવનાઃ—

त्यक्तसङ्गो जीर्णवासा मलक्लिन्नकलेवरः ।
भजन् माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये ॥ ४ ॥

योगशास्त्र, पृ० २७०, श्लो० १४२. ( प्र. स. )

સર્વ સંગનો ત્યાગ કરી, જીર્ણ વસ્ત્રને ધારણ કરી, શરીર-પર મેલવડે વ્યાપ્ત થઇ તથા માધુકરી વૃત્તિનો આશ્રય કરી ક્યારે હું મુનિચર્યાનો આશ્રય કરીશ ? ૪.

त्यजन् दुःशीलसंसर्गं, गुरुपादरजः स्पृशन् ।
कदाऽहं योगमभ्यस्यन्, प्रभवेयं भवच्छिदे ॥ ५ ॥

योगशास्त्र, पृ० २७०, श्लो० १४३. ( प्र. स. )

દુષ્ટ શીલવાળાના સંગનો ત્યાગ કરી, ગુરૂના ચરણની રજનો સ્પર્શ કરી, યોગનો અભ્યાસ કરતો હું ક્યારે સંસારનો નાશ કરવા સમર્થ થઇશ ? ૫.

वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ॥ ६ ॥

योगशास्त्र, पृ० २७०, श्लो० १४५. ( प्र. स. )

વનને વિષે, ખોળામાં મૃગના બાલકને રાખીને પદ્માસને

બેઠેલા એવા મારા મુખને, વૃદ્ધ મૃગોના સમૂહો ક્યારે સુંઘશે? ( હું પદ્‌માસન વાળીને આત્મધ્યાનમાં તલ્લીન થયો હોઉં, તે વખતે મારા ખોળામાં મૃગના બાળકો આળોટે અને વૃદ્ધ મૃગો મારૂં મુખ સુંઘે, તેની મને ખબર પણ ન પડે એવી તલ્લીન અવસ્થા મારી ક્યારે થાય ? ) ૬.

## મનોનિગ્રહ વગરનો યોગ નકામોઃ—

**अनिरुद्धमनस्कः सन् , योगश्रद्धां दधाति यः ।**
**पद्भ्यां जिगमिषुर्ग्रामं, स पङ्गुरिव हस्यते ॥ ७ ॥**

**योगशास्त्र, प्रकाश ४, श्लो० ३७.**

જે મનુષ્ય મનને રૂંધ્યા વિના-વશ કર્યા વિના-યોગની શ્રદ્ધાને ધારણ કરે છે એટલે કે મન રૂંધ્યા વિના પણ યોગ થઇ શકે એમ જે માને છે, તે પુરૂષ બે પગવડે પરગામ જવાને ઇચ્છતા પંગુ( પાંગળા )ની જેમ હસાય છે-મશ્કરીને પાત્ર થાય છે. ૭.

## યોગનું ફળઃ—

**भूयांसोऽपि हि पाप्मानः, प्रलयं यान्ति योगतः ।**
**चण्डवाताद् घनघना घनाघनघटा इव ॥ ८ ॥**

**योगशास्त्र, पृ० १०, श्लो० ६. ( प्र. स. )**

જેમ પ્રચંડ વાયુથી અત્યંત ઘણી મેઘની ઘટાઓ નાશ પામે છે- વીખરાઇ જાય છે, તેમ યોગથી ઘણા પાપો નાશ પામે છે. ૮.

**क्षिणोति योगः पापानि, चिरकालार्जितान्यपि ।**
**प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशुक्षणिः ॥ ९ ॥**

योगशास्त्र, पृ० १०, श्लो० ७. ( प्र. स. )

જેમ અગ્નિ લાકડાના સમૂહને ક્ષણવારમાં બાળી નાંખે છે, તેમ યોગ ચિરકાળથી એકઠાં કરેલાં પાપનો ક્ષય કરે છે. ૯.

**कफविप्रुण्मलामर्शसर्वौषधिमहर्द्धयः ।**
**संभिन्नश्रोतोलब्धिश्च, यौगं ताण्डवडम्बरम् ॥ १० ॥**

योगशास्त्र, पृ० १०, श्लो० ८. ( प्र. स. )

કફ, વિષ્ટા, શરીરનો મેલ અને આમર્શ–સ્પર્શ આ તથા બીજાં મૂત્ર, કેશ, નખ વિગેરે સર્વ અવયવો, યોગના પ્રભાવથી, ઔષધિરૂપ થાય છે તેરૂપ મહર્દ્ધિઓ, અથવા અણિમાદિક મહર્દ્ધિઓ, તથા સંયોગ પામેલી ઇંદ્રિયોની લબ્ધિ ( એટલે દરેક ઇંદ્રિયવડે સર્વ ઇંદ્રિયોના વિષય જાણવામાં આવે તેવી લબ્ધિ ); આ સર્વ પ્રાપ્ત થાય છે, તે યોગના જ નૃત્યનો આડંબર છે. ૧૦.

**ब्रह्मस्त्रीभ्रूणगोघातपातकान्नरकातिथेः ।**
**दृढप्रहारिप्रभृतेर्योगो हस्तावलम्बनम् ॥ ११ ॥**

योगशास्त्र, पृ० ३१, श्लो० १२. ( प्र. स. )

બ્રાહ્મણ, સ્ત્રી, બાળ અને ગાય; આ ચારના ઘાતના મોટા પાપથી નરકના અતિથિ થવાને લાયક દૃઢપ્રહારી વિગેરેને યોગ જ હાથના અવલંબનરૂપ થયો છે.–( ઘાતના પાપથી મુક્ત થઇ સદ્‌ગતિને ( મોક્ષને ) પામ્યા છે તે યોગનો જ પ્રભાવ છે. ) ૧૧.

# सात क्षेत्र ( ८६ )

**સાતક્ષેત્રનાં નામઃ—**

**जिनभुवने जिनबिम्बे जिनागमे जिनवरस्य वरसङ्घे ।**
**विहितसदानिजवित्तः, स एव पुरुषोत्तमो लोके ॥ १ ॥**

જિનેંદ્રના ચૈત્યને વિષે, જિનેંદ્રની પ્રતિમાને વિષે, જિનેંદ્રે કહેલા આગમને વિષે તથા જિનેશ્વરના ( સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ) ચતુર્વિંધ શ્રેષ્ઠ સંઘને વિષે જે મનુષ્ય નિરંતર પોતાના વિત્તનો વ્યય કરે છે, તે જ લોકમાં ઉત્તમ પુરૂષ છે. ૧.

**સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશઃ—**

**चैत्यप्रतिमापुस्तकवेदश्रीसङ्घभेदरूपेषु ।**
**क्षेत्रेषु सप्तसु धनं, वपेद्भूरिफलाप्तये ॥ २ ॥**

आचारोपदेश, वर्ग ६, श्लो० ९.

દેરાસર, પ્રતિમા, આગમ અને ચતુર્વિધ શ્રીસંઘ ( એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ) રૂપ સાત ક્ષેત્રોમાં, અધિક ફળ મેળવવા માટે ધનને વાવવું ( વાપરવું ). ૨.

**क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-**
**द्यातासि तत्परभवे किमिदं गृहीत्वा ।**

**तस्यार्जनादिजनिताघचयार्जिताच्चे,**
**भावि कथं नरकदुःखभराच्च मोक्षः ? ॥ ३ ॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार ४, श्लो० ७.

તારી પાસે દ્રવ્ય છે છતાં પણ તું ( સાત ) ક્ષેત્રમાં વાપરતો નથી ત્યારે શું તું પરભવે ધનને તારી સાથે લઇ જવાનો છે ? વિચાર કર કે પૈસા મેળવવા વિગેરેથી થએલા પાપ સમૂહથી મેળવેલાં નારકીનાં દુઃખોમાંથી તારો મોક્ષ ( છુટકારો ) કેમ થશે ? ૩.

**क्षेत्रेषु सप्तस्वपि पुण्यपुष्टये,**
**वपेद्धनं सम्प्रतिराजवद्धनी ।**
**कृषीवलः केवलशालितण्डुलान्,**
**वपेत किं योऽखिलसस्यलालसः ॥ ४ ॥**

योगवासिष्ठ, अ० २३, श्लो० ८१.

ધનવાન પુરૂષે સંપ્રતિ રાજાની જેમ પુણ્યની પુષ્ટિને માટે ધર્મના સાતે ક્ષેત્રોમાં ધન વાવવું–વાપરવું–યોગ્ય છે. જેમકે સમગ્ર ધાન્યની ઇચ્છાવાળો ખેડુત શું એકલા શાલિચોખાને જ પોતાના ક્ષેત્રમાં વાવે છે ? ના, સર્વ ધાન્ય વાવે છે. ૪.

## જિનમૂર્તિ ભરાવવાનું ફળઃ—

**स्वर्णरुप्यरत्नमयीं, दृषल्लेख(प्य)मयीमपि ।**
**कारयेद्योऽर्हतां मूर्तिं, स वै तीर्थकरो भवेत् ॥५॥**

आचारोपदेश, वर्ग ६, श्लो० १२.

જે માણુસ સોનાની, ચાંદીની, રત્નની, પત્થરની કે માટીની અરિહંત ભગવાનની મૂર્તિ કરાવે છે તે તીર્થંકર થાય છે. ૫.

अङ्गुष्ठमात्रामपि यः, प्रतिमां परमेष्ठिनः।
कारयेदाप्य शक्रत्वं, स लभेत्परमं पदम् ॥ ६ ॥

आचारोपदेश, वर्ग ६, श्लो० १३.

જે માણુસ અંગુઠાના પ્રમાણુ જેવડી પણુ પરમાત્માની મૂર્તિ કરાવે છે તે માણુસ ઇંદ્રપણાને પામી છેવટે પરમ-પદ–મોક્ષ–ને પામે છે. ૬.

## જિનચૈત્ય કરાવવાનું ફળઃ—

चैत्यं यः कारयेद्धन्यो जिनानां भक्तिभावतः।
तत्परमाणुसङ्ख्यानि, पल्यान्येष सुरो भवेत् ॥ ७ ॥

आचारोपदेश, वर्ग ६, श्लो० १०.

જે માણુસ ભક્તિ પૂર્વક શ્રી જિનેશ્વર ભગવાનનું દહેરૂં કરાવે છે તે માણુસ, તે દેરાસરના જેટલા પરમાણુઓ હોય તેટલા પલ્યોપમ સુધી દેવ થાય છે. ૭.

रम्यं येन जिनालयं निजभुजोपात्तेन कारापितं,
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा।
वेद्यं तेन नरामरेन्द्रमहितं तीर्थेश्वराणां पदं,
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्द्योतितम् ॥ ८ ॥

कुमारपालप्रबन्ध, पत्र ९०. *

જે સદાચારી પુરૂષે પોતાના બાહુબળથી મેળવેલા પૈસા-વડે નિર્મળ ચિત્તથી મોક્ષને માટે રમણીય જિન-મંદીર કરાવ્યું, તેને નરેન્દ્રો અને દેવેન્દ્રોવડે પૂજાયેલી તીર્થંકર-પદવી વેદવા યોગ્ય થાય છે, અથાત્ તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે, તેણે જન્મનું ફળ મેળવ્યું, જિનમત કર્યો એટલે જિનેશ્વર પ્રભુની આજ્ઞા પાળી, અને પોતાના ગોત્રને અજવાળ્યું. ૮.

## જીર્ણોદ્ધારનું ફળઃ—

**नवीनजिनगेहस्य, विधाने यत्फलं भवेत् ।**
**तस्मादष्टगुणं पुण्यं, जीर्णोद्धारेण जायते ॥ ९ ॥**
**जीर्णोद्धारः कृतो येन, विभवेन सुचारुणा ।**
**जिनाज्ञा पालिता तेन, क्लेशाऽकूपारपारदा ॥ १० ॥**

कुमारपालप्रबन्ध, पत्र ११. *

નવું જિન-મંદિર કરાવવાથી જે પુણ્ય-ફળ થાય, તેના કરતાં જીર્ણોદ્ધાર કરાવવાથી આઠગણું પુણ્ય થાય છે. જેણે પોતાના સારા વૈભવવડે જીર્ણોદ્ધાર કર્યો, તેણે સંસારના ક્લેશરૂપી સમુદ્રથી પાર પમાડનારી જિનેન્દ્ર-પ્રભુની આજ્ઞા યથાર્થ પાળી. ૯, ૧૦.

## જિનાગમનું મહત્વઃ—

**जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदना ग्रस्ते ।**
**जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ॥ ११ ॥**

प्रशमरति, श्लो० १५२.

જન્મ જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ-વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રી જિનેશ્વર ભગવાનના વચન થકી અન્યથા ક્યાંઈ શરણ નથી. ૧૧.

प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु-
रालोक्यते न च हरो न हिरण्यगर्भः ।
तेषां स्वरूपगुणमागमसम्प्रभावात्,
ज्ञात्वा विचारयथ कोऽत्र परापवादः ? ॥ १२ ॥

लोकतत्वनिर्णय, श्लो० २१.

પ્રત્યક્ષપણે ભગવાન ઋષભદેવ દેખાતા નથી, વિષ્ણુ ભગવાન પણ દેખાતા નથી, મહાદેવ પણ દેખાતા નથી, બ્રહ્મા પણ દેખાતા નથી. પરંતુ તેમના પ્રરૂપેલા આગમો પ્રત્યક્ષ છે તેના પ્રભાવથી તેમનું સ્વરૂપ અને ગુણ વિગેરે જાણીને તમે જ વિચાર કરો કે કયા દેવ સત્ય છે ? આવી પરીક્ષા કરવામાં પરનો અપવાદ શી રીતે લાગે ? ૧૨.

## જિનાગમ-સેવાફળોઃ—

लेखयन्ति नरा धन्या ये जिनागमपुस्तकम् ।
ते सर्वे वाङ्मयं ज्ञात्वा, सिद्धिं यान्ति न संशयः ॥ १३ ॥

कुमारपालप्रबन्ध, पत्र श्लो० ९४ *

જે ભાગ્યશાળી મનુષ્યો જિનાગમ-ગ્રન્થોને લખાવે છે, તેઓ સર્વ શાસ્ત્રના જાણકાર થઈને સિદ્ધિગતિ પામે છે, તેમાં સંશય નથી. ૧૩.

न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।
नैवाऽन्धतां बुद्धिविहीनतां च, ये लेखयन्त्यागमपुस्तकानि ।१४।

कुमारपालप्रबन्ध, पत्र ९४ *

જેઓ અગામ-ગ્રન્થોને લખાવે છે, તે મનુષ્યો દુર્ગતિ, મૂંગાપણું, જડતા, અંધપણું અને બુદ્ધિરહિતપણાને પામતા નથી. ૧૪.

ये लेखयन्ति जिनशासनपुस्तकानि,
व्याख्यानयन्ति च पठन्ति च पाठयन्ति ।
श्रृण्वन्ति रक्षणविधौ च समाद्रियन्ते,
ते मर्त्यदेवशिवशर्म नरा लभन्ते ॥ १५ ॥

कुमारपालप्रबन्ध, पत्र ९३-९४. *

જે માણુસો જિનેશ્વરના મતના પુસ્તકો લખાવે છે, તેનું વ્યાખ્યાન કરે છે, ભણે છે, ભણાવે છે, સાંભળે છે, અને એ પુસ્તકોની રક્ષા કરવામાં સારી રીતે આદર રાખે છે; તેઓ મનુષ્ય, દેવ અને મોક્ષનું સુખ પામે છે. ૧૫.

સંઘનું મહત્વઃ—

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयन्ति पावनतया येनास्ति नान्यः समः ।
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परा वसन्ति च गुणा यस्मिन् स सङ्घोऽर्च्यताम् १६

सिन्दूरप्रकरण, श्लो० २२.

હે ભવ્યો! તમે તે સંઘની પૂજા-સેવા-કરો; જે સંઘ સંસારનો ત્યાગ કરવામાં લાલસાયુક્ત મતિવાળો થયો છતો મુક્તિને માટે સાવધાન રહે છે, જેને પવિત્રપણે તીર્થ કહે છે, જેના તુલ્ય બીજો કોઇ નથી, જેને તીર્થંકર પ્રભુ પણ નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો મહિમા ઉત્કૃષ્ટ છે, અને જેને વિષે ધૈર્ય ગાંભીર્યાદિ બધાય ગુણો વસે છે. ૧૬.

**रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव,**
**स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव,**
**पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा-**
**वित्यालोच्य विरच्यतां भगवतः सङ्घस्य पूजाविधिः ॥१७॥**

सिन्दूरप्रकरण, श्लो० २१.

જેમ રત્નનું સ્થાન રોહણાચળ પર્વત છે, જેમ તારાઓનું સ્થાન આકાશ છે, જેમ કલ્પવૃક્ષોનું સ્થાન સ્વર્ગ છે, જેમ કમળોનું સ્થાન સરોવર છે, જેમ પાણીનું સ્થાન સમુદ્ર છે, અને જેમ તેજનું સ્થાન ચંદ્ર છે, તેમ સર્વ ગુણોનું સ્થાન આ સંઘ છે, એમ વિચારીને પૂજ્ય સંઘની પૂજાવિધિ કરો. ૧૭.

## સંઘની સેવાનું ફળઃ—

**लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्त्तिस्तमालिङ्गति,**
**प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।**
**स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,**
**यः सङ्घं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥ १८ ॥**

सिन्दूरप्रकरण, श्लो० २३.

શ્રેયની એટલે કલ્યાણની કે મોક્ષની ઇચ્છાવાળો જે પુરૂષ ગુણના સમૂહને ક્રીડા કરવાના ઘરરૂપ સંઘની સેવા કરે છે, તેની પાસે લક્ષ્મી પોતે જ આવે છે, કીર્તિ તેને શીઘ્રપણે આલિંગન કરે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ-બુદ્ધિ-તેને મેળવવા માટે ઉત્કંઠાવડે યત્ન કરે છે, સ્વર્ગની લક્ષ્મી તેને આલિંગન કરવાને ઇચ્છે છે, અને મુક્તિ તેની સન્મુખ વારંવાર જોયા કરે છે. ૧૮.

**यद्भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यव-**
**चक्रित्वत्रिदशेन्द्रतादि तृणवत्प्रासङ्गिकं गीयते ।**
**शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः,**
**सङ्घः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥१९॥**

सिन्दूरप्रकरण, श्लो० २४.

જેમ ખેતીનું મુખ્ય ફળ ધાન્ય છે, તેમ સંઘની ભક્તિનું મુખ્ય ફળ અરિહંતાદિકની પદવી પ્રાપ્ત થાય તે છે, અને ખેતીનું પ્રાસંગિક-ગૌણ-ફળ જેમ ઘાસ છે, તેમ ચક્રવર્તીપણું અને દેવેંદ્રપણું વિગેરે પ્રાસંગિક ફળ કહેવાય છે. જે સંઘના મહિમાની સ્તુતિ કરવામાં બૃહસ્પતિની વાણી પણ શક્તિને ધારણ કરતી નથી-શક્તિમાન નથી, તે પાપને હરણ કરનાર પૂજ્ય સંઘ પોતાના ચરણના સ્થાપનવડે સત્પુરૂષોના ઘરને પવિત્ર કરો. ૧૯.

## દેવદ્રવ્ય અને ગુરૂદ્રવ્ય ન વાપરવું:—

**देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनं ।**
**तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत् ॥ २० ॥**

योगवासीष्ठ, अ० १६, श्लो० २९.

દેવદ્રવ્યવડે જે વૃદ્ધિ અને ગુરૂદ્રવ્યવડે જે ધન થાય, તે ધન કુળના નાશ માટે છે, અને મર્યા પછી પણ નરકે જવાનું છે. ૨૦.

## સાત ક્ષેત્રમાં ધન વાપરવાનું ફળઃ—

**तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कण्ठिता श्रीः,**
**स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्तित्वऋद्धिः ।**
**पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसंपत्,**
**सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥ २१ ॥**

सिंदूरप्रकरण, श्लो० ८०.

જે પુરૂષ પોતાના વિપુલ-ઘણા-ધનરૂપી બીજ સાત ક્ષેત્રમાં વાવે છે, તેની પાસે રતિ-સમાધિ-આવીને રહે છે. કીર્તિ તેની દાસી થાય છે, લક્ષ્મી તેને માટે ઉત્કંઠિત થાય છે, બુદ્ધિ તેના પર સ્નેહ રાખે છે, ચક્રવર્તીપણાની લક્ષ્મી તેના પરિચયમાં આવે છે, સ્વર્ગની લક્ષ્મી તેના હાથમાં પ્રાપ્ત થાય છે, અને મોક્ષલક્ષ્મી તેની કામના-ઈચ્છા-કરે છે. ૨૧.



# तीर्थ ( ८७ )

## તીર્થયાત્રાવિધિઃ—

एकाहारी भूमिसंस्तारकारी,
पद्भ्यां चारी शुद्धसम्यक्त्वधारी ।
यात्राकाले सर्वसच्चित्तहारी,
पुण्यात्मा स्याद्ब्रह्मचारी विवेकी ॥ १ ॥

उपदेशतरङ्गिणी, पृ० २४३. ( य. वि. ग्रं. )

યાત્રા કરનાર પુણ્યશાળી વિવેકી મનુષ્યે યાત્રાને સમયે હમેશાં એક વખત ભોજન કરવું, ભૂમિપર શય્યા કરવી, પગે ચાલવું, શુદ્ધ ( અતિચાર રહિત ) સમકિત ધારણ કરવું, સર્વ સચિત્તનો ત્યાગ કરવો, અને બ્રહ્મચર્ય પાળવું. ૧.

## ભાવતીર્થઃ—

आत्मा वै सुमहत्तीर्थं, यदाऽसौ प्रशमे स्थितः ।
यदाऽसौ प्रशमे नास्ति, ततस्तीर्थं निरर्थकम् ॥ २ ॥

तत्त्वामृत, श्लो० ३१६.

જો આત્મા પ્રશમને વિષે રહેલો હોય તો તે આત્મા જ અત્યંત મોટું તીર્થ છે, અને જો આત્મા પ્રશમને વિષે રહેલો ન હોય તો તીર્થે જવું નિરર્થક—વ્યર્થ છે. ૨.

**मनो विशुद्धं पुरुषस्य तीर्थं, वाक्संयमश्चेन्द्रियनिग्रहश्च ।**
**त्रीण्येव तीर्थानि शरीरभाजां, स्वर्गं च मोक्षं च निदर्शयन्ति ॥३॥**

धर्मकल्पद्रुम, पृ० ४, श्लो० १३. ( प्र. स. ) *

મનની વિશુદ્ધિ પુરૂષનું તીર્થ છે, વાણીનો સંયમ ( નિયમ ) એ પણ પુરૂષનું તીર્થ છે અને ઇંદ્રિયોનો નિગ્રહ પણ તીર્થ છે. આ ત્રણ તીર્થો પ્રાણીઓને સ્વર્ગ તથા મોક્ષ બતાવે છે -આપે છે. ૩.

**ज्ञानं तीर्थं क्षमा तीर्थं, तीर्थमिन्द्रियनिग्रहः ।**
**शमस्तीर्थं दया तीर्थं, सत्यं तीर्थमथार्जवम् ॥ ४ ॥**

इतिहाससमुच्चय, अ० २५, श्लो० ९.

જ્ઞાન તીર્થ છે, ક્ષમા તીર્થ છે, ઇંદ્રિયોનો નિગ્રહ તીર્થ છે, શમતા તીર્થ છે, દયા તીર્થ છે, સત્ય તીર્થ છે, અને આર્જવ-સરળતા પણ તીર્થ છે. ૪.

**रागाद्यम्भाः प्रमादव्यसनशतचलद्दीर्घकल्लोलपालः,**
**क्रोधेर्ष्यावाडवाग्निर्मृतिजननमहानक्रचक्रौघरोदः ( धः ) ।**
**तृष्णापातालकुम्भो भवजलधिरयं तीर्यते येन तूर्णं,**
**तज्ज्ञानादिस्वभावं कथितमिह सुरेन्द्रार्चितैर्भावतीर्थम् ॥५॥**

रामायण, अरण्यकाण्ड, अ० ३९, श्लो० ११.

આ સંસારરૂપી સમુદ્ર રાગાદિક જળથી ભરેલો છે, તેની પાળ સાથે પ્રમાદ અને વ્યસન( દ્યૂતાદિક અથવા કષ્ટ )રૂપી *સેંકડો મોટાં મોજાઓ અથડાય છે, જેમાં ક્રોધ અને ઇર્ષ્યા-*

રૂપ વડવાનળ રહેલો છે, જેને કિનારે જન્મ મરણરૂપ મોટા મત્સ્યોના સમૂહો રહેલા છે, તથા જેમાં તૃષ્ણારૂપી પાતાલ કળશો રહેલા છે; આવો સંસારસમુદ્ર જેણે કરીને શીઘ્ર તરી જવાય છે, તે જ્ઞાનાદિક સ્વભાવવાળું ભાવતીર્થ દેવેંદ્રપૂજિત તીર્થંકરોએ કહેલું છે. ૫.

**ज्ञानं तीर्थं धृतिस्तीर्थं, दानं तीर्थमुदाहृतम् ।**
**तीर्थानामपि यत्तीर्थं, विशुद्धिर्मनसः परा ॥६॥**

ब्रह्माण्डपुराण, अ० १९, श्लो० १७.

જ્ઞાન તીર્થ છે, ધૈર્ય તીર્થ છે, દાનને તીર્થ કહેલું છે, તથા મનની જે અત્યંત શુદ્ધિ તે સર્વ તીર્થોને વિષે ઉત્તમ તીર્થ કહ્યું છે. ૬.

**सत्यं तीर्थं तपस्तीर्थं, तीर्थमिन्द्रियनिग्रहः ।**
**सर्वभूतदया तीर्थमेतत् तीर्थस्य लक्षणम् ॥ ७ ॥**

महाभारत, शान्तिपर्व, अ० २८, श्लो० ७७.

સત્ય તીર્થ છે, તપ પણ તીર્થ છે, ઇંદ્રિયોનો નિગ્રહ પણ તીર્થ છે, અને સર્વ પ્રાણીઓપરની દયા પણ તીર્થ છે, આ તીર્થનું લક્ષણ છે. ૭.

**दानं तीर्थं दमस्तीर्थं, संतोषस्तीर्थमुच्यते ।**
**ब्रह्मचर्यं परं तीर्थमहिंसा तीर्थमुच्यते ॥ ८ ॥**

दानचन्द्रिका, श्लो० ८०.

દાન આપવું તે તીર્થ છે, દમ પણ તીર્થ છે, સંતોષ પણ તીર્થ કહેવાય છે, બ્રહ્મચર્ય મોટું તીર્થ છે, અને અહિંસા પણ મોટું તીર્થ કહેલું છે. ૮.

## તીર્થયાત્રાનું ફળઃ—

आरम्भाणां निवृत्तिर्द्रविणसफलता सङ्घवात्सल्यमुच्चै-
नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्णचैत्यादिकृत्यम् ।
तीर्थौन्नत्यं च सम्यग् जिनवचनकृतिस्तीर्थसत्कर्मकत्वं,
सिद्धेरासन्नभावः सुरनरपदवी तीर्थयात्राफलानि ॥ ९ ॥

उपदेशतरङ्गिणी, पृ० २४२. ( य. वि. ग्रं. )

તીર્થયાત્રા કરવાથી અનેક પ્રકારના આરંભોની નિવૃત્તિ, ધનની સફળતા, સંઘનું વાત્સલ્ય (ભક્તિ), સમકિતની નિર્મળતા, પ્રેમી લોકોનું હિત, જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર વિગેરે કાર્ય થાય છે, તીર્થની ઉન્નતિ થાય છે, સમ્યક્ પ્રકારે જિનેશ્વરના વચનનું પાલન થાય છે, તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, મોક્ષ સમીપે આવે છે, તથા દેવ અને મનુષ્યનું પદ એટલે ઉચ્ચ જન્મ પ્રાપ્ત થાય છે; આ સર્વ તીર્થયાત્રાનું ફળ છે. ૯.

श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति,
तीर्थेषु विभ्रमणतो न भवे भ्रमन्ति ।
तीर्थव्ययादिह नराः स्थिरसम्पदः स्युः,
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः ॥ १० ॥

उपदेशतरङ्गिणी, पृ० २४६.

શ્રીતીર્થના માર્ગની ધૂળવડે મનુષ્યો રજ (કર્મ) રહિત થાય છે, તીર્થને વિષે ભ્રમણ કરવાથી તે ભવને વિષે ભ્રમણ કરતા નથી, તીર્થને વિષે ધનનો વ્યય કરવાથી સ્થિર સંપદા પ્રાપ્ત થાય છે, અને જગદીશની પૂજા કરવાથી તેઓ જગતને પૂજ્ય થાય છે. ૧૦.

## संसार ( ८८ )

સંસારનો સ્વભાવઃ—

**अन्योऽन्यं भवचक्रे याताः सर्वेऽप्यनन्तशो जीवाः ।**
**मात्रादिबन्धुभावं, शत्रूदासीनभावं च ॥ १ ॥**

ज्ञानशतक, श्लो० ३८.

આ સંસારચક્રમાં સર્વ જીવો પરસ્પર અનંતવાર માતા પિતા વિગેરેરૂપ બંધુપણાને પામેલા છે, શત્રુપણાને પામેલા છે, અને ઉદાસીનપણાને ( મધ્યસ્થપણાને ) પણ પામેલા છે. અથાત્ તેથી આ સંસારમાં કોઇ પણ જીવ કોઇ પણ જીવનો વાસ્તવિક રીતે મિત્ર, શત્રુ કે મધ્યસ્થ નથી. ૧.

**सुस्थे हृदि सुधासिक्तं, दुःस्थे विषमयं जगत् ।**
**वस्तु रम्यमरम्यं वा, मनःसङ्कल्पतस्ततः ॥ २ ॥**

नलविलास, अङ्क. ५, श्लो० १०.

આ જગત એટલે જગતમાં રહેલી વસ્તુ, જો મન સ્વસ્થ –શાંતિ યુક્ત–હોય તો અમૃતથી જાણે સિંચાયેલી હોય તેમ પ્રિય લાગે છે, અને જો મન અસ્વસ્થ હોય તો આખું જગત વિષયમય ભાસે છે. તેથી મનની કલ્પનાથી જ વસ્તુની સુંદરતા અને અસુંદરતા છે. વાસ્તવિક રીતે તો વસ્તુઓ એક જ સ્થિતિવાળી છે. ૨.

स्वभावतः प्रवृत्तानां, निवृत्तानां स्वभावतः ।
नाहं कर्तेति भूतानां, यः पश्यति स पश्यति ॥ ३ ॥

आचाराङ्गसूत्र, पृ० १७. ( आग. स. ) *

સ્વભાવથી જ પ્રવૃત્તિ કરનારા અને સ્વભાવથી જ નિવૃત્તિ કરનાર ભૂતોનો-પ્રાણીઓનો-હું કર્તા નથી, એમ જે જુએ છે, તે જ જુએ છે-પંડિત છે. ( એટલે કે બધા જીવો સ્વયં-સિદ્ધ છે, કોઇ કોઇનો કર્તા નથી. ) ૩.

## સંસાર-વૈચિત્ર્યઃ—

केनाञ्जितानि नयनानि मृगाङ्गनानां,
कोऽलङ्करोति रुचिराङ्गरुहान्मयूरान् ? ।
कश्चोत्पलेषु दलसन्निचयं करोति,
को वा दधाति विनयं कुलजेषु पुंसु ? ॥ ४ ॥

आचारांङ्गसूत्र, पृ० १७. ( आग. स. ) *

મૃગલીઓનાં નેત્રોને કોણે આંજ્યાં છે ? મોરના પીંછાંને વિચિત્ર વર્ણવાળાં મનોહર કોણે કર્યાં છે ? કમળની પાંખડીઓનો સમૂહ કોણે બનાવ્યો છે ? અને કુળવાન પુરૂષોને વિષે કોણે વિનયને સ્થાપન કર્યો છે ? કોઇએ નહીં. કિંતુ જગતનો એવો સ્વભાવ જ છે. ૪.

कः कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं,
विचित्रभावं मृगपक्षिणां च ।
स्वभावतः सर्वमिदं प्रवृत्तं,
न कामचारोऽस्ति कुतः प्रयत्नः ? ॥ ५ ॥

आचाराङ्गसूत्र पृ० १७. ( आ. स. ) *

કાંટાઓનું તીક્ષ્ણપણું કોણ કરે છે ? તથા પશુ પક્ષીઓનું વિચિત્રપણું કોણ કરે છે ? કોઇ કરતું નથી. પરંતુ આ સર્વ જગત સ્વભાવથી જ પ્રવર્તેલું છે. તેમાં કોઇની ઇચ્છા કામ લાગતી નથી. તો પછી પ્રયત્ન શા માટે કરવો ? ૫.

**बालस्तावत् क्रीडाऽऽसक्तः तरुणस्तावत् तरुणीरक्तः ।**
**वृद्धस्तावच्चिन्तामग्नः, परमे ब्रह्मणि कोऽपि न लग्नः ॥ ६ ॥**

**मोहमुद्गर ( शङ्कराचार्य ).**

મનુષ્ય બાળક હોય ત્યારે ક્રીડા કરવામાં આસક્ત હોય છે, જુવાન થાય ત્યારે સ્ત્રીને વિષે રાગી થાય છે, તથા વૃદ્ધ થાય ત્યારે ચિંતામાં મગ્ન થાય છે. પરંતુ કોઇ પણ પરબ્રહ્મને વિષે એટલે મોક્ષ મેળવવા માટે તત્પર થતો નથી. ૬.

**बालो यौवनसंपदा परिगतः क्षिप्रं क्षितौ लक्ष्यते,**
**वृद्धत्वेन युवा जरापरिणतो व्यक्तं समालोक्यते ।**
**सोऽपि क्वापि गतः कृतान्तवशतो न ज्ञायते सर्वथा,**
**पश्यैतद्यदि कौतुकं किमपरैस्तैरिन्द्रजालैः सखे ? ॥ ७ ॥**

**वैराग्यशतक ( पद्मानंद ), श्लो० ३३.**

આ સંસારમાં જે પ્રથમ બાળક હતો તે તત્કાળ યુવાવસ્થાની સંપત્તિવડે યુક્ત થયેલો જોવામાં આવે છે, અને જુવાન માણસ જરાવડે યુક્ત થઇ વૃદ્ધપણાએ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે, તથા તે વૃદ્ધ પણ યમરાજના વશથી કોઇ ઠેકાણે ચાલ્યો ગયો તે સર્વથા દેખાતો જ નથી. તો હે મિત્ર ! તારા

મનમાં કૌતુક જોવાની ઇચ્છા હોય તો આ સર્વ તું જો! બીજા ઇંદ્રજાળોવડે શું છે? આ સંસાર જ મોટું ઇંદ્રજાળ છે. ૭.

## સંસારનું પલટાતું રૂપઃ—

**न समा वासराः सर्वे, नैकरूपमिदं जगत् ।**
**भवन्ति विविधैर्भावैः, प्रायशः प्राणिनां दशाः ॥ ८ ॥**

**पाण्डवचरित्र ( गद्य ). ***

કોઇ પણ મનુષ્યના સર્વે દિવસો એક સરખા હોતા નથી, આ જગત જ એક રૂપવાળું નથી, પ્રાયે કરીને વિવિધ પ્રકારના ભાવોવડે પ્રાણીઓની દશા ફરતી જાય છે. ૮.

**यौवनं नगनदास्पदोपमं,**
**शारदाम्बुदविलासि जीवितम् ।**
**स्वप्नलब्धधनविभ्रमं धनं,**
**स्थावरं किमपि नास्ति तत्त्वतः ॥ ९ ॥**

**धर्मबिन्दु, अ० ३, सूत्र २२१ टीका.**

યૌવન પર્વતની મોટી નદીઓના સ્થાનની ઉપમા વાળું છે–જેમ પર્વતની મોટી નદીઓના પાણી સ્થીર રહેતાં નથી તેમ યૌવન અવસ્થા પણ અસ્થિર છે, જીવિત છે તે શરદઋતુના વાદળાના વિલાસવાળું છે–જેમ શરદઋતુંના વાદળા લગાર વારમાં વીંખાઇ જાય છે તેની માફક જીવિત છે, અને ધન છે તે સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ ધનની માફક ભ્રમભરેલું છે. તત્ત્વથી કાંઇ પણ સ્થિર નથી. ૯.

## સંસારઃ કર્માધીનપણું:—

न याति कतमां योनिं, कतमां वा न मुञ्चति ।
संसारी कर्मसंबन्धादवक्रयकुटीमिव ॥ १० ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ६६.

સંસારી પ્રાણી કર્મના સંબંધથી ભાડાની કોટડી પેઠે કઈ યોનિમાં જતો નથી અને કઇ યોનિને છોડતો નથી ? અર્થાત્ સંસારી જીવને કર્મના યોગે દરેક યોનિમાં રઝળવું પડે છે. ૧૦.

कर्मोदयाद् भवगतिर्भवगतिमूला शरीरनिर्वृत्तिः ।
देहादिन्द्रियविषया विषयनिमित्ते च सुखदुःखे ॥११॥

प्रशमरति, श्लो० ३९.

કર્મોદયથી ભવભ્રમણ, અને ભવભ્રમણથી શરીરનું નિર્માણ, શરીર થકી ઇંદ્રિયજન્ય વિષયો અને વિષય નિમિત્તથી સુખ દુઃખ પ્રવર્તે છે. ૧૧.

## સંસારઃ સ્વપ્નઃ—

स्वप्ने यथाऽयं पुरुषः प्रयाति,
ददाति गृह्णाति करोति वक्ति ।
निद्राक्षये तच्च न किञ्चिदस्ति,
सर्वं तथेदं हि विचार्यमाणम् ॥ १२ ॥

उपदेशमाला ( भाषांतर ), पृ० ५०. ( प्र. स. )*

જેમ સ્વપ્નમાં આ પુરૂષ અમુક ઠેકાણે જાય છે, કોઇને કાંઈ આપે છે, કોઇ પાસેથી કાંઇ ગ્રહણ કરે છે, કાંઇ કાર્ય કરે છે, તથા કોઇની સાથે વાતચીત કરે છે. પરંતુ નિદ્રાનો નાશ થાય ત્યારે તેમાંનું કાંઇ પણ સત્ય નથી, તે જ પ્રમાણે વિચાર કરીએ તો આ સર્વ સંસારનું સ્વરૂપ પણ તેવું જ છે–ખોટું છે. ૧૨.

## સંસારઃ મોહમદિરાઃ—

**आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं,**
**व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालोऽपि न ज्ञायते ।**
**दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते,**
**पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥१३॥**

હમેશાં સૂર્યના જવા આવવાવડે જીવિત–આયુષ્ય–ઓછું થતું જાય છે, ઘણા કાર્યના સમૂહવડે મોટા મોટા વ્યાપારોવડે કાળ જતો રહે છે તેની ખબર પણ પડતી નથી, તથા નિરંતર પ્રાણીઓના જન્મ, જરા, વ્યાધિ અને મરણ થતા જોઇને ત્રાસ પણ ઉત્પન્ન થતો નથી. તો અહો! આ આખું જગત ( સર્વ જીવો ) મોહમય પ્રમાદરૂપી મદિરાનું પાન કરીને ઉન્માદ પામેલું જ છે. ૧૩.

## સંસારઃ જન્મ–મરણઃ—

**यावज्जननं तावन्मरणं, तावज्जननीजठरे शयनम् ।**
**इति संसारे स्फुटतरदोषः, कथमिह मानव ! तव सन्तोषः ॥१४॥**

मोहमुद्गर ( शङ्कराचार्य ), श्लो० १४.

જ્યાં સુધી જન્મ છે ત્યાં સુધી મરણુ છે, અને ત્યાં સુધી માતાના ઉદરમાં શયન કરવાનું છે. આ પ્રમાણે સંસારમાં પ્રગટ જ દોષ જોવામાં આવે છે, તો તેવા સંસારમાં હે મનુષ્ય! કેમ તને સંતોષ-પ્રીતિ-થાય છે? સર્વથા સંતોષ થવો ન જોઈએ. ૧૪.

## સંસારઃ કેદખાનું:—

तुङ्गं वेश्म सुताः सतामभिमताः सङ्ख्याऽतिगाः सम्पदः,
कल्याणी दयिता वयश्च नवमित्यज्ञानमूढो जनः ।
मत्वा विश्वमनश्वरं निविशते संसारकारागृहे,
सन्दृश्य क्षणभङ्गुरं तदखिलं धन्यस्तु संन्यस्यति ॥१५॥

वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० २०.

મારે મોટું ઘર છે, સત્પુરૂષોને માનવા લાયક સારા પુત્રો છે, અસંખ્ય સંપદા-લક્ષ્મી-છે, કલ્યાણુકારક સુંદર સ્રી છે અને નવું યૌવન વય છે; આ પ્રમાણે અજ્ઞાનથી મૂઢ થયેલો મનુષ્ય આ વિશ્વને અનશ્વર-નિત્ય-માનીને સંસારરૂપી કારાગૃહમાં પ્રવેશ કરે છે-રહે છે. પરંતુ ધન્ય એવો જ્ઞાની પુરૂષ તો તે સર્વને ક્ષણુમાં નાશ પામનારૂં જોઇને-જાણીને-તથા સર્વનો ત્યાગ કરીને સંન્યાસ-ચારિત્ર-જ ગ્રહણુ કરે છે. ૧૫.

## સંસારઃ કેવળ દુઃખઃ—

आधिव्याधिजरामृत्युज्वालाशतसमाकुलः ।
प्रदीप्ताङ्गारकल्पोऽयं, संसारः सर्वदेहिनाम् ॥ १६ ॥

त्रिषष्टि, पर्व १, सर्ग ३, श्लो० ५५६.

આધિ-મનની પીડા, વ્યાધિ-શરીરની પીડા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુરૂપી સેંકડો જ્વાળાએ કરીને સહિત આ સંસાર સર્વ પ્રાણીઓને ધગધગતા અંગારા જેવો છે. ૧૬.

**यच्चेह स्यात्सुखं किञ्चिद्विषयाद्युपभोगजम् ।**
**दुःखानुषङ्गात् तदपि, दुःख एव निमज्जति ॥ १७ ॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), पृ० २०४. (आत्म. स.)*

આ જગતમાં વિષયાદિકના ઉપભોગથી ઉત્પન્ન થતું જે કાંઇ પણ સુખ માલમ પડે છે, તે પણ દુઃખના સંબંધને લીધે દુઃખમાં જ ડુબેલું છે. ૧૭.

**जन्मरोगजराशोकमृत्युदौःस्थ्याद्युपद्रवैः ।**
**व्याकुलेऽत्र भवे दुःखमेव प्रायो भवेद्विशाम् ॥ १८ ॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), पृ० २०४. (आत्मा.स.)*

આ સંસાર જન્મ, રોગ, વૃદ્ધાવસ્થા, શોક, મૃત્યુ અને દરિદ્રતા વિગેરે ઉપદ્રવોથી વ્યાપ્ત છે, તેથી સંસારમાં પ્રાયે કરીને પ્રાણીઓને દુઃખ જ છે. ૧૮.

**यत एव च संसारो दुःखानामेकमास्पदम् ।**
**प्रपद्यन्ते मोक्षमार्गमत एव विवेकिनः ॥ १९ ॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), पृ० २०४. (आत्मा. स.)*

કારણ કે આ સંસાર દુઃખોનું અદ્વિતીય સ્થાન છે, તેથી કરીને જ વિવેકી જનો મોક્ષમાર્ગને અંગીકાર કરે છે. ૧૯.

**वातोद्धूतध्वजप्रान्तचञ्चलैश्वर्यशर्मणि ।**
**चलेष्टजनसङ्गेऽस्मिन्, भवे सौख्यं न किञ्चन ॥२०॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), पृ० २०४. (आत्म. स.)❀

આ સંસારમાં ઐશ્વર્યનું સુખ વાયુથી ઉડાડેલા ધ્વજના છેડાની જેવું ચંચળ છે તથા ઇષ્ટ જનનો સમાગમ પણ ચંચળ છે, તેથી આ સંસારમાં જરા પણ સુખ નથી. ૨૦.

**विग्रहा गदभुजङ्गमालयाः, सङ्गमा विगमदोषदूषिताः ।**
**सम्पदो विपदा कटाक्षिता,नास्ति किञ्चिदनुपद्रवं स्फुटम् ॥२१॥**

धर्मबिन्दु, अ० ३, सूत्र २१ नी टीका.

શરીરો છે તે રોગરૂપી સર્પને રહેવાનાં ઘરો છે, સંયોગો છે તે વિયોગરૂપી દોષથી દૂષિત છે અર્થાત્ જ્યાં સંયોગો છે ત્યાં વિયોગો છે, લક્ષ્મીઓ પણ કષ્ટવડે કટાક્ષ કરાએલી છે. જગતમાં એવી કોઈ સ્ફૂટ વસ્તુ નથી કે જે ઉપદ્રવ રહીત હોય. ૨૧.

**अस्मिन्नसारे संसारे, निसर्गेणातिदारुणे ।**
**अवधिर्न हि दुःखानां, यादसामिव वारिधौ ॥ २२ ॥**

अमरचंद्रसूरि.

સ્વભાવથી જ અત્યંત ભયંકર આ અસાર સંસારને વિષે, સમુદ્રમાં જેમ જળચરોની સંખ્યા નથી તેમ, દુઃખોની અવધિ-સંખ્યા-નથી. ૨૨.

**स्फूर्जल्लोभकरालवक्त्रकुहरो हुङ्कारगुञ्जारवः,**
**कामक्रोधविलोललोचनयुगो मायानखश्रेणिभाक् ।**

**स्वैरं यत्र स बम्भ्रमीति सततं मोहाह्वयः केसरी,**
**तां संसारमहाटवीं प्रतिवसन्को नाम जन्तुः सुखी ? ॥२३॥**
वैराग्यशतक ( पद्मानन्द ), श्लो० १०.

જે સંસારરૂપી અટવીમાં સ્ફુરાયમાન ( ઉછળતા ) લોભ-રૂપી-ભયંકર મુખરૂપી ગુફાવાળો, હુંકારરૂપી ગર્જના કરનાર, કામ અને ક્રોધરૂપી ચપળ નેત્ર યુગવાળો અને માયારૂપી નખની શ્રેણિવાળો તે મોહ નામનો કેસરી સિંહ નિરંતર ઇચ્છા પ્રમાણે ભમ્યા ફરે છે, તે સંસારરૂપી અટવીમાં વસનારો કયો પ્રાણી સુખી હોય ? કોઇ પણ સુખી હોય જ નહીં. ૨૩.

**न संसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलं,**
**विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः ।**
**महद्भिः पुण्यौघैश्चिरपरिगृहीताश्च विषया**
**महान्तो जायन्ते व्यसनमिव दातुं विषयिणाम् ॥२४॥**
वैराग्यशतक ( भर्तृहरि ), श्लो० ३.

સંસારમાં ઉત્પન્ન થયેલા સુખાદિક ચરિત્રને હું સારા જોતો નથી. કારણ કે તે બાબત વિચાર કરતાં મને પુણ્યનો વિપાક પણ ભય ઉત્પન્ન કરે છે. કેમકે મોટા પુણ્યના સમૂહવડે ચિર-કાળથી ગ્રહણ કરેલા મોટા વિષયો પણ વિષયી જીવોને જાણે કે દુઃખ આપનારા જ થાય છે. ( અર્થાત્ પુણ્યનો ક્ષય થવાથી દેવ પણ પૃથ્વીપર આવે છે તેથી તે દુઃખી જ છે. ) ૧૪.

**जन्ममृत्युजरादुःखैर्व्याधिभिर्मानसक्लमैः ।**
**दृष्ट्वैव सततं लोकं; घटेन्मोक्षाय बुद्धिमान् ॥ २५ ॥**
महाभारत, शांतिपर्व, अ० ११७, श्लो० २.

બુદ્ધિમાન પુરૂષે જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાના દુઃખવડે, વ્યાધિવડે અને માનસિક દુઃખોવડે નિરંતર પીડાતા લોકને જોઇને જ મોક્ષને માટે તૈયાર થવું જોઇએ. ૨૫.

**सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-**
**र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।**
**तथाऽपि दुःखं न विनाशमेति,**
**सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥२६॥**

સર્વ કોઇ મનુષ્ય દુઃખના નાશને માટે અને સુખને મેળવવા માટે નિરંતર સર્વ ઠેકાણે પ્રવૃત્તિ કરે છે. તો પણ તેનું દુઃખ નાશ પામતું નથી અને કોઇને સુખ સ્થિર થઇને રહ્યું નથી. ( સુખને પ્રાપ્ત કરવા અને દુઃખને દૂર કરવા મનુષ્ય સમર્થ નથી, પણ તેના કર્મ જ સમર્થ છે. ) ૨૬.

## સંસારભીરૂનું આચરણ:—

**यथा मृगा मृत्युभयेन भीता उद्धृत्य कर्णौ न करन्ति निद्राम् ।**
**एवं बुधा ज्ञानसमन्विता हि, संसारभीता न करन्ति पापम् ॥२७॥**

धर्मकल्पद्रुम, पृ० ३४, श्लो० १५२. ( प्र. स. )

જેમ મૃત્યુના ( પારધિના ) ભયથી ભય પામેલા મૃગો ઉંચા કાન રાખીને નિદ્રા કરતા નથી—કાન ઉંચા રાખી સાવચેત રહે છે અને નિદ્રા લેતા નથી, તેમ સંસારથી ભય પામેલા ડાહ્યા પુરૂષો જ્ઞાનમાં લીન થાય છે અને કાંઇ પણ પાપકાર્ય કરતા નથી. ૨૭.

**સંસારમાં સારઃ—**

**मनोलयान्नास्ति परो हि योगो**
**ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।**
**समाधिसौख्यान्न परं च सौख्यं,**
**संसारसारं त्रयमेतदेव ॥ २८ ॥**

મનનું જે એકાગ્રપણું થવું તેનાથી બીજો કોઇ યોગ નથી, અર્થાત મનની એકાગ્રતા જ યોગ છે, તાત્ત્વિક અર્થના વિચાર કરતાં બીજું કોઈ જ્ઞાન નથી અથાત્ તત્ત્વાર્થનો વિચાર કરવો એ જ જ્ઞાન છે, તથા સમાધિના સુખ કરતાં બીજું કોઇ સુખ નથી-સમાધિ ( શમતા ) જ ઉત્તમ સુખ છે. આ ત્રણ જ પદાર્થ સંસારમાં સારભૂત છે. ૨૮.



# पुण्य ( ८९ )

પુણ્યનું મહત્વઃ—

**का कामधेनुरिह कश्चिन्तामणिरपि च कल्पशाखी कः ?।**
**सर्वाण्यमूनि भुवने पर्यायवचांसि पुण्यस्य ॥ १ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० १७.

આ જગતમાં કામધેનુ કોણ છે? ચિંતામણિ પણ કોણ છે? અને કલ્પવૃક્ષ પણ કોણ છે? કોઈ જ નથી. પરંતુ તે સર્વે આ ભુવનને વિષે પુણ્યના જ પર્યાયવાચી શબ્દો છે. ૧.

**अग्निस्तम्भो जलस्तम्भः, शस्त्रस्तम्भस्तथैव च ।**
**दुष्टानां दमनं चैव, पुण्यकारस्य दर्शनात् ॥ २ ॥**

પુણ્યશાળી પુરૂષના દર્શનથી જ અગ્નિ થંભાઈ જાય છે, જળનું પૂર થંભાઇ જાય છે, શસ્ત્ર પણ થંભાઇ જાય છે, તથા દુષ્ટ પ્રાણીઓનું દમન થાય છે. (સિંહ વિગેરે પ્રાણીઓ પણ થંભાઇ જાય છે.) ૨.

**पुण्यमेव भवमर्मदारणं,**
**पुण्यमेव शिवशर्मकारणम् ।**
**पुण्यमेव हि विपत्तिशामनं,**
**पुण्यमेव जगदेकशासनम् ॥ ३ ॥**

પુણ્ય જ સંસારના મર્મને વિદારનાર—નાશ કરનાર—છે, પુણ્ય જ મોક્ષસુખનું કારણ છે, પુણ્ય જ વિપત્તિને શમાવનાર છે, અને પુણ્ય જ જગતનું એક—અદ્વિતીય શાસન છે. ૩

**પુણ્યનાં કારણો:—**

**दाने शक्तिः श्रुते भक्तिर्गुरूपास्तिर्गुणे रतिः ।**
**दमे मतिर्दयावृत्तिः, षडमी सुकृताङ्कुराः ॥ ४ ॥**

सूक्तरत्नावली, पृ० ४६, श्लो० ४९०. (आत्मा. स.)

દાનને વિષે શક્તિ એટલે શક્તિ પ્રમાણે દાન દેવું, શાસ્ત્ર શ્રવણને વિષે ભક્તિ, ગુરૂની સેવા, ગુણને વિષે પ્રીતિ, દમને વિષે બુદ્ધિ અને દયાને વિષે વૃત્તિ; આ છ પુણ્યના અંકુરા છે. ૪.

**પુણ્ય વગર નકામું:—**

**सुखमास्से सुखं शेषे, भुङ्क्षे पिबसि खेलसि ।**
**न जाने त्वग्रतः पुण्यैर्विना ते किं भविष्यति ? ॥ ५ ॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १०, श्लो० २४.

સુખે બેસે છે, સુખે સુવે છે, સુખે ખાય છે, સુખે પીએ છે અને સુખે ખેલે છે, પણ અગાડી પૂણ્ય વગર તારા શા હાલ થશે તે હું જાણતો નથી. ૫.

**विना तेजोऽन्तरं चक्षुर्निर्णयोऽपि हि निर्नयः ।**
**यथा तथा विना पुण्यं, विक्रमोऽपि हि विक्रमः ॥ ६ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० २०.

જેમ બીજા સૂર્યાદિકના તેજ વિના ચક્ષુનો નિર્ણય પણ ન્યાય રહિત–અસત્ય છે, બીજા તેજની સહાયથી જ ચક્ષુ પદાર્થનો નિર્ણય કરી શકે છે, તે જ પ્રમાણે પુણ્ય વિનાનું પરાક્રમ પણ પક્ષીની ચાલ જેવું–નિષ્ફળ છે–પુણ્ય હોય તો જ પરાક્રમ પણ સફળ થાય છે. ૬.

**सकलाऽपि कला कलावतां, विकला पुण्यकलां विना खलु ।**
**सफले नयने वृथा यथा, तनुभाजां हि कनीनिकां विना ॥७॥**

કળાવાન પુરૂષોની સમગ્ર કળા પણ પુણ્યરૂપી કળાથી જો રહિત હોય તો કળાહીન છે, જેમકે પ્રાણીઓનાં વિકસ્વર નેત્રો પણ જો કીકી વિનાનાં હોય તો તે વૃથા–નિષ્ફળ–છે. ૭

**પુણ્ય વગર અપ્રાપ્ય:—**

**मानुष्यं वरवंशजन्म विभवो दीर्घायुरारोग्यता,**
**सन्मित्रं च सुतः शुचिः प्रियतमा भक्तिश्च तीर्थङ्करे ।**
**विद्वत्त्वं सुजनत्वमिन्द्रियजयः सत्पात्रदाने रतिः,**
**सत्पुण्येन विना त्रयोदश गुणाः संसारिणां दुर्लभाः ॥८॥**

મનુષ્ય ભવ ૧, ઉચ્ચ કુળમાં જન્મ ૨, વૈભવ ૩, દીર્ઘ આયુષ્ય ૪, નીરોગીપણું ૫, સારો મિત્ર ૬, પુત્ર ૭, પવિત્ર–સતી–ભાર્યા ૮, તીર્થંકરને વિષે ભક્તિ ૯, વિદ્વત્તા ૧૦, સજ્જનતા ૧૧, ઇંદ્રિયોનો જય ૧૨ અને સત્પાત્રને વિષે દાન દેવાની પ્રીતિ ૧૩; આ તેર ગુણો સંસારી જીવોને સારા પુણ્ય વિના દુર્લભ છે. ૮.

જ્યાં પુણ્ય ત્યાં બધું:—

तावच्चन्द्रबलं ततो ग्रहबलं ताराबलं भूबलं,
तावत्सिध्यति वाञ्छितार्थमखिलं तावज्जनः सज्जनः ।
विद्यामण्डलमन्त्रतन्त्रमहिमा तावत्कृतं पौरुषं,
यावत्पुण्यमिदं नृणां विजयते पुण्यक्षये क्षीयते ॥ ९ ॥

જ્યાં સુધી મનુષ્યોને આ પુણ્ય વિજયવંત વર્તે છે-જાગતું છે, ત્યાં સુધી જ ચંદ્રનું બળ, ગ્રહોનું બળ, તારાનું બળ અને ભૂમિનું બળ છે, ત્યાં સુધી જ સમગ્ર ઈચ્છિત અર્થની સિદ્ધિ થાય છે, ત્યાં સુધી જ માણસ સજ્જન રહી શકે છે, ત્યાં સુધી જ વિદ્યા, મંડલ, મંત્ર અને તંત્રનો પ્રભાવ છે અને ત્યાં સુધી જ કરેલો પુરૂષાર્થ સફળ થાય છે. પરંતુ જ્યારે પુણ્યનો ક્ષય થાય છે, ત્યારે તે સર્વ ક્ષય પામે છે. ૯.

પુણ્યનું ફળ:—

जैनो धर्मः कुले जन्म, शुभ्रा कीर्तिः शुभा मतिः ।
गुणे रागः श्रियां त्यागः, पूर्वपुण्यैरवाप्यते ॥ १० ॥

सूक्तरत्नावली, पृ० ४६, श्लो० ४९१. (आत्मा. स.)

જૈનધર્મની પ્રાપ્તિ, ઉત્તમ કુળમાં જન્મ, ઉજ્વળ કીર્તિ, સારી બુદ્ધિ, ગુણને વિષે પ્રીતિ અને લક્ષ્મીનો ત્યાગ-સદ્વ્યય (દાન); આટલા પદાર્થો પ્રાણીને પૂર્વના પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. ૧૦.

**परोपकारकरणात्, पापमुज्जृम्भते सताम् ।**
**पुण्यं हि सर्वसम्पत्तिवशीकरणकार्मणम् ॥ ११ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० १६.

સત્પુરૂષોને પરોપકાર કરવાથી પુણ્ય ઉત્પન્ન થાય છે, અને પુણ્ય જ સર્વ સંપત્તિઓને વશ કરવાનું કામણ છે. ૧૧.

**कल्प्यते किमिति कार्मणचिन्ता-**
**खेदमेदुरमिदं निजचेतः ।**
**वश्यतां नयति पूर्वभवात्तं,**
**पुण्यमेव भुवनानि किमन्यत् ? ॥ १२ ॥**

करुणावज्रायुधनाटक, श्लो० १८.

પોતાના ચિત્તને કામણની ચિંતાથી ઉત્પન્ન થતા ખેદવડે વ્યાપ્ત શા માટે કરવું જોઈએ ? ન જ કરવું. કેમકે પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલું પુણ્ય જ ત્રણ જગતને વશ કરે છે. આથી વધારે શું કહેવું ? ૧૨.

**वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा ।**
**सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥१३॥**

नीतिशतक (भर्तृहरि), श्लो० ९९.

વનમાં, રણસંગ્રામમાં, શત્રુ, જળ કે અગ્નિની મધ્યે, મહા સમુદ્રમાં કે પર્વતના શિખર ઉપર, સુતેલો, પ્રમાદી કે વિષમ સ્થિતિવાળો કોઇ પણ પ્રાણી હોય તો તેનું તેનાં પૂર્વે કરેલાં પુણ્યો જ રક્ષણ કરે છે. ૧૩.

जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके,
विद्वद्गोष्ठिर्वचनपटुता कौशलं सत्क्रियासु ।
साध्वी लक्ष्मीश्चरणकमलोपासनं सद्गुरूणां,
शुद्धं शीलं सुमतिरमला प्राप्यते नाल्पपुण्यैः ॥१४॥

सूक्तमुक्तावली, पृ० २, श्लो० ९. (ही. हं.)*

જૈનધર્મ, પ્રગટ વૈભવ, સજ્જનનો સંગ, વિદ્વાનની સાથે ગોષ્ઠી, વચનની ચતુરાઈ, શુભ ક્રિયાને વિષે કુશળતા, સારી લક્ષ્મી, સદ્ગુરૂના ચરણકમળની સેવા, શુદ્ધ શીયળ, સારી બુદ્ધિ અને નિર્મળતા; આ સર્વ અલ્પ પુણ્યથી મળી શકતાં નથી. (ઘણા પુણ્યથી પ્રાપ્ત થાય છે.) ૧૪.

जन्मिनां पूर्वजन्माप्तभाग्यमन्त्राभिमन्त्रितः ।
अचेतनोऽपि वश्यः स्यात्, किं पुनर्यः सचेतनः ? ॥१५॥

नलविलास, अङ्क २, श्लो० १९.

પ્રાણીઓને પૂર્વ જન્મમાં પ્રાપ્ત થયેલા પુણ્યરૂપી મંત્રથી મંત્રિત થયેલો અચેતન ( ચૈતન્ય રહિત ) પદાર્થ પણ વશ થાય છે, તો પછી સચેતન વશ થાય તેમાં શું કહેવું ? ૧૫.

पत्नी प्रेमवती सुतः सविनयो भ्राता गुणालङ्कृतः,
स्निग्धो बन्धुजनः सखाऽतिचतुरो नित्यं प्रसन्नः प्रभुः ।
निर्लोभोऽनुचरः स्वबन्धुसुमुनिप्रायोपयोग्यं धनं,
पुण्यानामुदयेन सन्ततमिदं कस्यापि सम्पद्यते ॥१६॥

सूक्तमुक्तावली, अधिकार ४, श्लो० ९.*

પ્રેમવાળી સ્ત્રી, વિનયવાળો પુત્ર, ગુણથી શોભતો ભાઈ, સ્નેહવાળો બંધુજન-સગો, અતિ ચતુર મિત્ર, નિરંતર પ્રસન્ન સ્વામી, લોભ રહિત નોકર અને ઘણે ભાગે પોતાના બંધુ તથા ઉત્તમ મુનિઓના જ ઉપયોગમાં આવે તેવું ધન; આ સર્વ નિરંતર પુણ્યના ઉદયથી કોઈક પુરૂષને જ પ્રાપ્ત થાય છે. ૧૬.

कान्ता प्रीतिपराऽनुजो विनयवान् हृन्नन्दनो नन्दनो
भाग्यं स्वर्ललनोपभोग्यममला लक्ष्मीः सुखं निस्तुषम् ।
पूजा राजकुले यशोऽतिविशदं गोष्ठी समं कोविदै-
र्दानेऽतिव्यसनं रतिर्जिनमते स्यात् कस्यचित् पुण्यतः ।१७।

वृद्धचाणक्यनीति, अ० ७, श्लो० ७३.

પ્રીતિવાળી કાંતા-પ્રિયા, વિનયવાળો નાનો ભાઈ, હૃદયને આનંદ આપનાર પુત્ર, દેવાંગના જેવી સ્ત્રીઓ ભોગવવા લાયક ભાગ્ય, નિર્મળ લક્ષ્મી, આંતરા વિનાનું સુખ, રાજદ્વારમાં સન્માન, અતિ ઉજ્વળ યશ, પંડિતોનો સમાગમ, દાનને વિષે વ્યસન અને જિનેશ્વરના ધર્મમાં પ્રીતિ; આ સર્વ કોઈકને જ પુણ્યના યોગથી પ્રાપ્ત થાય છે. ૧૭.

## पाप ( १० )

**ધર્મના નામે પાપઃ—**

पापबुद्ध्या भवेत् पापं, को मुग्धोऽपि न वेत्त्यदः ?।
धर्मबुद्ध्या तु यत् पापं, तच्चिन्त्यं निपुणैर्बुधैः ॥ १ ॥

योगसार, प्रस्ताव २, श्लो० ३१.

પાપની બુદ્ધિથી કરેલું પાપ, પાપ જ હોય એમ કોણુ મુઢ પણુ નથી જાણતો ? સર્વ જાણે છે. પરંતુ 'હું તો ધર્મ કરૂં છું' એવી બુદ્ધિથી જે પાપ કરવામાં આવે છે, તે નિપુણુ પંડિતોએ વિચારવાનું છે. ૧.

**પાપનું અનિવાર્ય ફળઃ—**

न स मन्त्रो न सा बुद्धिर्न स दोष्णां पराक्रमः ।
अपुण्योपस्थितं येन, व्यसनं प्रतिरुध्यते ॥ २ ॥

नलविलास, अङ्क १, श्लो० ९.

પાપથી પ્રાપ્ત થયેલું દુઃખ જેવડે રોકી શકાય એવો કોઇ મંત્ર નથી, એવી કોઇ બુદ્ધિ નથી અને એવું કોઇ ભુજાનું પરાક્રમ પણુ નથી. ૨.

પાપનું ફળઃ—

भवेयुः प्राणिनः पापात्, कासश्वासज्वरादयः ।
सखायोऽपि कदर्याश्च, नागश्रीवन्महीतले ॥ ३ ॥

हिंगुलप्रकरण, पापप्रक्रम, श्लो० १.

પાપથી પ્રાણીઓને કાસ, ( ખાંસી ), શ્વાસ, તથા જ્વરાદિક વ્યાધિઓ થાય છે. તથા આ પૃથ્વીમાં તેને નાગશ્રીની પેઠે નીચ સોબત થાય છે. ૩.

अमृतं कालकुटं स्यात्, मित्रं शत्रुः सुधीरधीः ।
सज्जनो दुर्जनः पापाद्विपरीतं फलं त्विह ॥ ४ ॥

हिंगुलप्रकरण, पापप्रक्रम, श्लो० २.

પાપથી અમૃત ઝેર થાય છે, મિત્ર શત્રુ થાય છે, ઉત્તમબુદ્ધિવાળો નિર્બુદ્ધિ થાય છે, તથા સજ્જન દુર્જન થાય છે; એવી રીતે પાપથી વિપરીત ફલ થાય છે. ૪.

गुणश्च दोषतां याति, पापतो हृच्च शून्यताम् ।
ज्ञानमज्ञानतामेव, भ्रमरोगादि देहिनः ॥ ५ ॥

हिंगुलप्रकरण, पापप्रक्रम, श्लो० ३.

પાપથી પ્રાણીઓના ગુણો દોષપણાને પામે છે, હૃદય શૂન્યપણાને પ્રાપ્ત થાય છે, જ્ઞાન અજ્ઞાનપણાને પામે છે, તથા ભ્રમ અને રોગ વિગેરે થાય છે. ૫.

दुष्टा रामा सुता दुष्टा, दुष्टाः परिजना जनाः ।
भ्रातरो दुःखदातारः, पापाद्भवन्ति सर्वदा ॥ ६ ॥

हिंगुलप्रकरण, पापप्रक्रम, श्लो० ४.

પાપથી હંમેશ સ્ત્રીઓ, પુત્રો, તથા ચાકરો, પણ દુષ્ટ થાય છે. અને ભાઇઓ હંમેશા દુઃખ દેનારાઓ થાય છે. ૬.

श्रीब्रह्मदत्तो नरचक्रवर्ती, मृत्वा गतः सोऽपि हि सप्तमीं च ।
निर्गत्य तस्माद्भवपङ्कमग्नस्तत्रापि हेतुः किल पातकस्य ॥७॥

हिंगुलप्रकरण, पापप्रक्रम, श्लो० ५.

શ્રી બ્રહ્મદત્તચક્રી મૃત્યુ પામીને જે સાતમી નરકે ગયા તથા ત્યાંથી નીકળીને તે જે સંસારરૂપી કાદવમાં ડુબ્યા તેમાં પણ પાપનું જ કારણ જાણવું. ૭.

एकस्य जन्मनोऽर्थे मूढाः, कुर्वन्ति यानि पापानि ।
जनयन्ति तानि दुःखं, तेषां जन्मान्तरसहस्रम् ॥ ८ ॥

पञ्चतन्त्र, पृ० ४०, श्लो० १७३.

એક જ જન્મને ( ભવને ) માટે મૂઢ પ્રાણીઓ જે પાપ કરે છે, તે પાપ તેમને હજારો જન્મસુધી દુઃખ ઉત્પન્ન કરે છે. ૮.

बन्धुर्वैरिजनायते गुणवती कान्ता च सर्पायते,
मित्रं चापि खलायते गुणनिधिः पुत्रोऽप्यमित्रायते ।
श्रीखण्डं दहनायते श्रवणयोः सूक्तं तु शूलायते,
जाते पुण्यविपर्यये तनुभृतामर्थोऽप्यनर्थायते ॥ ९ ॥

धर्मकल्पद्रुम.

જ્યારે મનુષ્યોનું પુણ્ય વિપરીત થાય છે—પુણ્યનો ક્ષય થાય છે, ત્યારે તેમના બંધુ વેરી જેવા થાય છે, ગુણવાળી સ્ત્રી પણ સર્પ જેવી થાય છે, મિત્ર પણ ખળ જેવો થાય છે, ગુણના નિધિ સમાન પુત્ર પણ શત્રુ જેવો થાય છે, ચંદન પણ અગ્નિ જેવું થાય છે, સારાં નીતિનાં વચનો પણ કાનને શૂળ સમાન થાય છે અને અર્થ પણ અનર્થકારક થાય છે. ૯.

## પાપ પુણ્યનાં કારણ:—

**हिंसाऽनृतादयः पञ्च, तत्त्वाश्रद्धानमेव च ।**
**क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ॥ १० ॥**
**विपरीतास्तु धर्मस्य, एत एवोदिता बुधैः ।**
**एतेषु सततं यत्नः, सम्यक्कार्यः सुखैषिणा ॥ ११ ॥**

शास्त्रवार्तासमुच्चय, स्तबक १, श्लो० ४, ५.

હિંસા, અસત્ય વિગેરે ( ચોરી, મૈથુન અને પરિગ્રહ ) પાંચ આશ્રવ, દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વને વિષે અશ્રદ્ધા, તથા ક્રોધાદિક ચાર કષાય; આ સર્વે પાપના હેતુ—કારણ છે.

આનાથી જે વિપરીત ( અહિંસાદિક ) છે તે જ ધર્મના હેતુ છે એમ પંડિતો કહે છે. તેથી સુખને ઇચ્છનારા પુરૂષે આ અહિંસાદિકને વિષે જ સારી રીતે યત્ન કરવો. ૧૦, ૧૧.

**अष्टादशपुराणेषु, व्यासस्य वचनद्वयम् ।**
**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥ १२ ॥**

भागवत, स्कंध ११, अ० १६, श्लो० ३०.

અઢારે પુરાણોમાં સંક્ષેપથી કહીએ તો વ્યાસ ભગવાનના બે જ વચન છે, તે એ કે-પરોપકાર પુણ્યને માટે છે અને પરને પીડા કરવી તે પાપને માટે છે. ૧૨.

### પાપ અને પુણ્યનું ફળઃ—

अत्युग्रपुण्यपापानामिहैव फलमाप्यते ।
त्रिभिर्वर्षैस्त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ॥ १३ ॥

सूक्तमुक्तावली, अधिकार ११, श्लो० ५.*

અત્યંત ઉગ્ર પુણ્ય કે પાપ કર્યાં હોય તો તેનું ફળ આ ભવમાં જ ત્રણ વર્ષે, ત્રણ માસે, ત્રણ પખવાડીએ અથવા ત્રણ દિવસે જ મળે છે. ૧૩.

सर्वत्र शुचयो धीराः, स्वकर्मबलगर्विताः ।
कुकर्मनिहतात्मानः, पापाः सर्वत्र शङ्किताः ॥ १४ ॥

योगशास्त्र, पृ० ५०. ( प्र. स. ) *

પોતાના શુભ કર્મના બળથી ગર્વવાળા ધીર પુરૂષો સર્વત્ર પવિત્ર જ હોય છે, અને જેમનો આત્મા કુકર્મથી હણાયો હોય એવા પાપી જનો સર્વત્ર શંકાવાળા જ હોય છે. ૧૪.

### પાપના નાશનો ઉપાયઃ—

जीवितं यस्य धर्मार्थं, धर्मो ज्ञानार्थमेव च ।
ज्ञानं च ध्यानयोगार्थं, सर्वपापैः स मुच्यते ॥ १५ ॥

इतिहाससमुच्चय, अ० १८, श्लो० ८८.

જેનું જીવિત ધર્મને માટે જ છે, જેનો ધર્મ જ્ઞાનને માટે જ છે, અને જેનું જ્ઞાન ધ્યાનયોગને માટે જ છે, તે પુરૂષ સર્વ પાપથી મુક્ત થાય છે. ૧૫.

# आश्रव ( ९१ )

**આશ્રવનું સ્વરૂપ :—**

मनोवाक्कायकर्माणि, योगाः कर्म शुभाशुभम् ।
यदाश्रवन्ति जन्तूनामाश्रवास्तेन कीर्तिताः ॥ १ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७४.

મન, વચન અને કાયાના વ્યવહારરૂપ યોગો, પ્રાણીઓને શુભ અશુભ કર્મ પમાડે છે, તેથી તે આશ્રવો કહેવાય છે. ૧.

**આશ્રવનાં કારણ :—**

कषाया विषया योगाः, प्रमादाविरती तथा ।
मिथ्यात्वमार्तरौद्रे चेत्यशुभं प्रति हेतवः ॥ २ ॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७८.

કષાયો, વિષયો, ( મન, વચન, કાયાના ) યોગો, પ્રમાદ, અવરતિ, મિથ્યાત્વ અને આર્ત, રૌદ્ર એ બે ધ્યાન; આ સર્વ અશુભ આશ્રવનાં કારણ છે. ૩.

**આશ્રવ નિરોધ-ઉપાય :—**

येन येन ह्युपायेन, रुध्यते यो य आश्रवः ।
तस्य तस्य निरोधाय, स स योज्यो मनीषिभिः ॥३॥

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८१. ( प्र. स. )

જે જે ઉપાયવડે જે જે આશ્રવ રૂંધાતો હોય, તે તે ઉપાય તે તે આશ્રવના નિરોધને માટે ડાહ્યા પુરૂષોએ જોડવો-કરવો. ૪.

# संवर ( १२ )

## સંવરનું સ્વરૂપઃ—

**सर्वेषामाश्रवाणां तु, निरोधः संवरः स्मृतः ।**
**स पुनर्भिद्यते द्वेधा, द्रव्यभावविभेदतः ॥ १ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ७९.

સર્વ આશ્રવોનો જે નિરોધ કરવો તેને સંવર કહેલો છે. તે સંવર દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો છે. ૧.

## સંવર-નિર્જરાનું સ્વરૂપઃ—

**सर्वेषामाश्रवाणां यो रोधहेतुः स संवरः ।**
**कर्मणां भवहेतूनां, जरणादिह निर्जरा ॥ २ ॥**

योगशास्त्र, पृ० ३८. ( प्र. स. )

સર્વ આશ્રવોના નિરોધનો જે હેતુ છે તેને સંવર કહેવાય છે, અને સંસારના હેતુરૂપ કર્મોનો જે ક્ષય થવો તે અહીં નિર્જરા કહેવાય છે. ૨.

## દ્રવ્ય-ભાવ સંવરઃ—

**यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्यसंवरः ।**
**भवहेतुक्रियात्यागः, स पुनर्भावसंवरः ॥ ३ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८०.

કર્મના પુદ્ગલોને ગ્રહણ કરવાનો જે વિચ્છેદ કરવો તે દ્રવ્ય સંવર કહેવાય છે, અને સંસારના કારણરૂપ ક્રિયાનો જે ત્યાગ કરવો, તે ભાવ સંવર કહેવાય છે. ૩.

# बंध ( १३ )

બંધનું સ્વરૂપઃ—

**सकषायतया जीवः, कर्मयोग्यांस्तु पुद्गलान् ।**
**यदादत्ते स बन्धः स्याज्जीवास्वातन्त्र्यकारणम् ॥ १ ॥**

योगशास्त्र, पृ० ३८, श्लो० ५९. ( प्र. स. )

( ક્રોધ, માન, માયા અને લોભ આદિ) કષાય સહિતપણાએ કરીને જીવ કર્મને યોગ્ય એવા પુદ્ગલોને જે ગ્રહણ કરે છે તે બંધ કહેવાય છે. તે બંધ જીવની અસ્વતંત્રતાનું કારણ છે. ૧.

સંવર-બંધનું સ્વરૂપઃ—

**संवरस्तन्निरोधेन, तथा जीवस्य कर्मणा ।**
**यः संबन्धस्तयोरैक्यं, स बन्धस्तत् प्रकीर्तितः ॥ २ ॥**

पार्श्वनाथचरित्र ( पद्य ), सर्ग ३, श्लो० १०५६. (य. वि. ग्रं.)

તે આશ્રવનો ( નવા આવતા કર્મોનો ) જે નિરોધ તે સંવર કહેવાય છે, તથા જીવને કર્મની સાથે જે સંબંધ અને તેથી જીવ અને કર્મનું જે એકપણું થવું તે બંધ કહ્યો છે. ૨.

## निर्जरा ( १४ )

### સકામ નિર્જરા: તપ:—

**सदोषमपि दीप्तेन, सुवर्णं वह्निना यथा ।**
**तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ॥ १ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८८.

જેમ મલિન પણ સુવર્ણ દેદીપ્યમાન અગ્નિવડે શુદ્ધ થાય છે, તેમ જીવ પણ તપરૂપી પ્રબળ અગ્નિવડે તપાવેલો છતો શુદ્ધ થાય છે ( કર્મરૂપ મેલ નષ્ટ કરી પોતાના અસલ સ્વરૂપે પ્રકાશે છે.) ૧.

### સકામ–અકામ નિર્જરા:—

**ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ।**
**कर्मणां फलवत् पाको यदुपायात् स्वतोऽपि हि ॥ २ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८७.

સકામ ( ઇચ્છા પૂર્વકની ) નિર્જરા યતિઓને હોય છે, અને બીજા પ્રાણીઓને અકામ નિર્જરા હોય છે. જેમ ફળનો પાક વૃક્ષાદિ ઉપર સ્વત: થાય છે અને ઘાસ વિગેરેમાં રાખવા દ્વારા ઉપાયથી થાય છે; તેમ કર્મનો પાક પણ ઉપાયથી અને સ્વત: થાય છે. ( ઉપાયથી થયેલ કર્મના પાકને સકામ નિર્જરા અને સ્વત: થયેલ કર્મના પાકને અકામ નિર્જરા કહે છે. ) ૨.

## નિર્જરાનું સ્વરૂપઃ—

**संसारबीजभूतानां, कर्मणां जरणादिह ।**
**निर्जरा सा स्मृता द्वेधा, सकामा कामवर्जिता ॥ ३ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ८६.

સંસારના મૂળ કારણભૂત એવાં કર્મોનું જે જરવું, એટલે ભોગવેલા રસવાળા કર્મ પુદ્‌ગલોનો આત્મપ્રદેશો થકી નાશ થવો, તેને આગમમાં નિર્જરા કહી છે. તે નિર્જરા સકામ અને નિષ્કામ એમ બે પ્રકારે છે. ૩.

## નિર્જરા-મોક્ષનું સ્વરૂપઃ—

**बद्धस्य कर्मणः शाटो यतस्तु निर्जरा मता ।**
**आत्यन्तिको वियोगश्च, देहादेर्मोक्ष उच्यते ॥ ४ ॥**

पार्श्वनाथचरित्र ( पद्य ), सर्ग ३, श्लो० १०५७. (य. वि. ग्रं)

જેનાથી પૂર્વે બાંધેલાં કર્મનો વિનાશ થાય, તે નિર્જરા માનેલી છે-કહેલી છે. અને કર્મનો દેહાદિકથી અત્યંત વિયોગ થાય અથવા દેહાદિકનો આત્માથી અત્યંત વિયોગ થાય, તે મોક્ષ કહેવાય છે. ૪.

## અકામ નિર્જરાનું ફળઃ—

**अकामनिर्जरारूपात्, पुण्याज्जन्तोः प्रजायते ।**
**स्थावरत्वात् त्रसत्वं वा, तिर्यक्त्वं वा कथञ्चन ॥ ५ ॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० १०७.

અકામ નિર્જરારૂપ પુણ્યથી જંતુને કોઇ પણ પ્રકારે સ્થાવરપણામાંથી બેઇન્દ્રિય વિગેરે ત્રસપણું અથવા પંચેન્દ્રિય તિર્યંચપણું પ્રાપ્ત થાય છે. ૫.

## નિર્જરાનો ઉપાયઃ—

शमं नयति भूतानि, यः शक्तो देशनाविधौ ।
द्रव्यादिलब्धियुक्तो यः, प्रत्यहं तस्य निर्जरा ॥ ६ ॥

तत्त्वामृत, श्लो० २६४.

દેશના દેવામાં શક્તિમાન એવો જે મહાત્મા પોતાની દેશનાવડે પ્રાણીઓને શમતા પમાડે છે, તથા જે દ્રવ્યાદિક લબ્ધિવડે યુક્ત છે, તે મહાત્માને હમેશાં કર્મની નિર્જરા થાય છે. ૬.

# भाव शौच ( १५ )

ભાવ શૌચઃ—

**आत्मानं स्नापयेन्नित्यं, ज्ञाननीरेण चारुणा ।**
**येन निर्मलतां याति, जीवो जन्मान्तरेष्वपि ॥ १ ॥**

तत्त्वामृत, श्लो० ३१९.

મનોહર જ્ઞાનરૂપી જળવડે નિરંતર આત્માને સ્નાન કરાવવું. તેથી જીવ બીજા જન્મમાં પણ નિર્મળતાને પામે છે. ૧.

**ध्यानाम्भसा तु जीवस्य, सदा यच्छुद्धिकारणम् ।**
**मलं कर्म समाश्रित्य, भावस्नानं तदुच्यते ॥ २ ॥**

स्नानाष्टक ( हरिभद्र ), श्लो० ६.

જીવને ધ્યાનરૂપી જળવડે કર્મરૂપી મળને આશ્રીને નિરંતર જે શુદ્ધિનું કારણ છે, તે ભાવસ્નાન કહેવાય છે. ૨.

**समता सर्वभूतेषु, मनोवाक्कायनिग्रहः ।**
**पापध्यानकषायाणां, निग्रहेण शुचिर्भवेत् ॥ ३ ॥**

पद्मपुराण, अ० ४३, श्लो० ६४.

સર્વ પ્રાણીઓને વિષે સમતા–તુલ્યતા–રાખવી, મન, વચન અને કાયનો નિગ્રહ કરવો–કબજે રાખવાં, તથા આર્ત, રૌદ્રરૂપી

અશુભ ધ્યાન અને ( ક્રોધાદિક ચારે ) કષાયનો નિગ્રહ કરવો. આ પ્રમાણે કરનાર મનુષ્ય પવિત્ર થાય છે. ૩.

**वाचां शौचं च मनसः, शौचमिन्द्रियनिग्रहः ।**
**सर्वभूतदया शौचमेतच्छौचं परार्थिनाम् ॥ ४ ॥**

वृद्धचाणक्यनीति, अ० ७, श्लो० २०.

વાણીની પવિત્રતા, મનની પવિત્રતા, ઇંદ્રિયોના નિગ્રહરૂપી કાયાની પવિત્રતા અને સર્વ પ્રાણીઓપર દયારૂપી પવિત્રતા; આ સર્વ મોક્ષના અર્થીઓની પવિત્રતા છે-આ સત્ય શૌચ છે. ૪.

**आत्मा नदी संयमतोयपूर्णा,**
**सत्यावहा शीलतटा दयोर्मिः ।**
**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र !**
**न वारिणा शुद्ध्यति चान्तरात्मा ॥ ५ ॥**

महाभारत, शान्तीपर्व, अ० ११, श्लो० ७७.

હે પાંડુપુત્ર! આત્મારૂપી નદી છે, તે સંયમરૂપી જળવડે પરિપૂર્ણ છે, તેમાં સત્યરૂપી પ્રવાહ છે, તેને શીળરૂપી તટ ( કિનારા ) છે, તેમાં દયારૂપી તરંગો છે. આવી નદીમાં તું સ્નાન કર. કેમકે અંતરાત્મા પાણીથી પવિત્ર થતો નથી. ૫.

### ભાવશૌચનું મહત્વઃ—

**न तथा पुष्करे स्नात्वा, गयायां कुरुजाङ्गले ।**
***मुच्यते पुरुषः पापाद्यथा स्नातः क्षमादिषु ॥ ६ ॥***

पाराशरसंहिता, प्रकरण २, श्लो० ७९.

જેવી રીતે ક્ષમાદિકને વિષે સ્નાન કરનારો પુરૂષ પાપથી મુકાય છે, તેવી રીતે પુષ્કરમાં, ગયામાં અને કુરૂજાંગલમાં સ્નાન કરવાથી -પાપમુક્ત થતો નથી. ૬.

परदारपरद्रव्यपरद्रोहपराङ्मुखः
गङ्गा, ब्रूते कदाऽऽगत्य, मामयं पावयिष्यति ॥ ७ ॥

स्कन्दपुराण, काशीखण्ड, अ० ६, श्लो० ९५.

ગંગા નદી કહે છે કે–પરસ્ત્રી, પરધન અને પરના દ્વેષથી પરાઙ્મુખ ( રહિત ) એવો પવિત્ર મનુષ્ય ક્યારે આવીને મને પવિત્ર કરશે ? ( અર્થાત્ હું સર્વ જીવોને પવિત્ર કરૂં છું, પરંતુ આવો પુરૂષ ઉલટો મને પવિત્ર કરે છે. ) ૭.

चित्तं शमादिभिः शुद्धं, वदनं सत्यभाषणैः ।
ब्रह्मचर्यादिभिः कायः, शुद्धो गङ्गां विनाऽप्यसौ ॥ ८ ॥

स्कन्दपुराण, काशीखण्ड, अ० ६, श्लो० ८९.

શમાદિકવડે ચિત્ત શુદ્ધ થાય છે, સત્ય વચનવડે મુખ શુદ્ધ થાય છે, અને ગંગામાં સ્નાન કર્યા વિના પણ બ્રહ્મચર્યાદિકવડે કાયા શુદ્ધ થાય છે. ૮.

## ભાવશૌચ એ જ સાચું શૌચઃ—

अशुचिः पापकर्मा यः, शुद्धकर्मा शुचिर्भवेत् ।
तस्मात्कर्मात्मकं शौचमन्यच्छौचं निरर्थकम् ॥ ९ ॥

आत्मपुराण, अ० १७, श्लो० ६३.

જે પાપ કર્મ કરનાર હોય તે અપવિત્ર છે, અને જે શુદ્ધ કર્મ કરનાર હોય તે પવિત્ર છે. તેથી પવિત્રતા એ કર્મના સ્વરૂપવાળી છે, તે સિવાયની જળાદિકથી થતી પવિત્રતા નિરર્થક-નિષ્ફળ-છે. ૯.

नोदकक्लिन्नगात्रोऽपि, स्नात इत्यभिधीयते ।
स स्नातो यो दमस्नातः, स बाह्याभ्यन्तरःशुचिः ॥१०॥

भागवत, स्कंध ५, अ० ३०, श्लो० ३०.

પાણીથી શરીરને ભીંજવવું તેથી કાંઇ સ્નાન કર્યું એમ કહેવાતું નથી. પરંતુ જેણે ઇંદ્રિયોના દમનરૂપી સ્નાન કર્યું હોય તે જ સ્નાન કરેલો કહેવાય છે, અને તે જ બહારથી અને અંદરથી પવિત્ર છે. ૧૦.

जायन्ते च म्रियन्ते च, जलेष्वेव जलौकसः ।
न च गच्छन्ति ते स्वर्गमविशुद्धमनोमलाः ॥ ११ ॥

स्कन्दपुराण, काशीखण्ड, अ० ६, श्लो० ३९.

જળ જંતુઓ-માછલાં વિગેરે-જળને વિષે જ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. તો પણ તેમના મનનો મળ શુદ્ધ ન થવાથી તેઓ સ્વર્ગે જતાં નથી. ૧૧.

## ભાવશૌચ વગર નકામું:—

शौचमाध्यात्मिकं त्यक्त्वा, भावशुद्ध्यात्मकं शुभम् ।
जलादिशौचं यत्रेदं, मूढविस्मापनं हि तत् ॥ १२ ॥

*उमास्वाति वाचक.*

ભાવશુદ્ધિના સ્વરૂપવાળા અને શુભ એવા આત્મિક શૌચનો ત્યાગ કરીને જ્યાં જળાદિક શૌચ કહેવામાં આવે છે, તે તો મૂઢ જનોને ખુશી કરવા જેવું છે. ૧૨.

ભાવશૌચનાં સાધનોઃ—

**अद्भिर्गात्राणि शुध्यन्ति, मनः सत्येन शुध्यति ।**
**विद्यातपोभ्यां भूतात्मा, बुद्धिर्ज्ञानेन शुध्यति ॥ १३ ॥**

मनुस्मृति, अ० ५, श्लो० १०९.

જળવડે શરીરના અવયવો શુદ્ધ થાય છે, સત્યવડે મન શુદ્ધ થાય છે, બ્રહ્મવિદ્યા અને તપવડે જીવાત્મા શુદ્ધ થાય છે, તથા જ્ઞાનવડે બુદ્ધિ શુદ્ધ થાય છે. ૧૩.

**क्षान्त्या शुध्यन्ति विद्वांसो दानेनाकार्यकारिणः ।**
**प्रच्छन्नपापा जापेन, तपसा सर्व एव हि ॥१४॥**

मनुस्मृति, अ० ५, श्लो १०७.

વિદ્વાનો ક્ષમાવડે શુદ્ધ થાય છે, અકાર્ય કરનારાઓ દાનવડે શુદ્ધ થાય છે, છાનું પાપ કરનારાઓ જપવડે શુદ્ધ થાય છે, અને સર્વ જનો તપવડે શુદ્ધ થાય છે. ૧૪.

# परीषह ( १६ )

ઇચ્છા પૂર્વક સહન કરવું:—

**शीतातपाद्यान्न मनागपीह,**
**परीषहांश्चेत् क्षमसे विसोढुम् ।**
**कथं ततो नारकगर्भवास–**
**दुःखानि सोढासि भवान्तरे त्वम् ॥१॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ३०.

અહિં આ–આ ભવમાં–જો તું ટાઢ, તડકો વિગેરે પરીષહોને, જરાપણ, સહન કરવાને શક્તિમાન નહિં થાય તો પછી પરલોકમાં નારકીનાં કે ગર્ભવાસનાં દુઃખોને તું કેવી રીતે સહન કરીશ ? ૧.

**सह तपोयमसंयमयन्त्रणां, स्ववशतासहने हि गुणो महान् ।**
**परवशस्त्वति भूरि सहिष्यसे, न च गुणं बहुमाप्स्यसि कञ्चन ।२।**

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ३५.

તું તપ, યમ અને સંયમનાં કષ્ટોને સહન કર ! કારણ કે પોતાના વશ રહીને ( પોતાની મેળે પરીષહાદિક ) સહન કરવામાં મોટો ગુણ છે. તું જ્યારે પરવશ પડીશ ત્યારે તારે ઘણું સહન કરવું પડશે અને એનું કંઇ પણ ફળ નહિં થાય. ૨.

આક્રોષ પરીષહઃ—

**आक्रुष्टेन मतिमता, तत्त्वार्थालोचने मतिः कार्या ।**
**यदि सत्यं कः कोपः, स्यादनृतं किं नु कोपेन ? ॥ ३ ॥**

उत्तराध्ययनसूत्रटीका (कमलसंयम), पृ० २५८.*

કોઇએ આક્રોશ કર્યો હોય તો બુદ્ધિમાન માણસે તાત્વિક ( સત્ય ) અર્થનો વિચાર કરવામાં બુદ્ધિ કરવી, કે આનું કહેલું વચન જો સત્ય છે તો મારે શા માટે કોપ કરવો જોઈએ ? અને જો તેનું વચન અસત્ય છે તો તેથી મારે શું ? મારે શા માટે કોપ કરવો ? ૩.

વધ પરીષહઃ—

**भिन्नः शरीरतो जीवो जीवाद्भिन्नश्च विग्रहः ।**
**विदन्निति वपुर्नाशेऽप्यन्तः खिद्येत कः कृती ? ॥ ४ ॥**

उत्तराध्ययनसूत्रटीका (भावविजय), अ० २, पृ० ६०.*

જીવ શરીરથી ભિન્ન છે, અને શરીર જીવથી ભિન્ન છે, એમ જાણતો કયો પંડિત પુરૂષ શરીરનો નાશ થાય તો પણ મનમાં ખેદ પામે ? કોઇ પણ પંડિત ખેદ ન પામે. ૪.

પરીષહને જીતનાર સાચો શૂરવીરઃ—

**परीषहजये शूराः, शूराश्चेन्द्रियनिग्रहे ।**
**कषायविजये शूरास्ते शूरा गदिता बुधैः ॥ ५ ॥**

तत्त्वामृत, श्लो० २१२.

જેઓ પરીષહને જીતવામાં શૂરવીર હોય, ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં શૂરવીર હોય અને કષાયોનો વિજય કરવામાં શૂરવીર હોય તેમને જ પંડિતો સાચા શૂરવીર કહે છે. ૫.

## પરીષહ નહિ સહવાથી નુકસાનઃ—

**त्यज स्पृहां स्वःशिवशर्मलाभे, स्वीकृत्य तिर्यङ्नरकादिदुःखम् ।**
**सुखाणुभिश्चेद्विषयादिजातैः, सन्तोष्यसे संयमकष्टभीरुः ॥६॥**

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ३७.

સંયમ પાળવાનાં દુઃખો–પરીષહો–થી બીજઈને તું જો વિષયાદિકથી ઉત્પન્ન થયેલા અલ્પ સુખોથી સંતોષ પામે તો તારે તિર્યંચ અને નરકાદિકના દુઃખનો સ્વીકાર કરીને સ્વર્ગ અને મોક્ષની ઇચ્છા છોડી દેવી. ૬.

## પરીષહના જયનું ફળઃ—

**अणीयसा साम्यनियन्त्रणाभुवा, मुनेऽत्र कष्टेन चरित्रजेन च ।**
**यदि क्षयो दुर्गतिगर्भवासगासुखावलेस्तत्किमवापि नार्थितम् ? ७**

अध्यात्मकल्पद्रुम, अधिकार १३, श्लो० ३६.

હે મુનિ, અહિંયા સમતા અને પરીષહથી ઉત્પન્ન થયેલ અને ચારિત્ર પાળવાથી ઉત્પન્ન થયેલ થોડા માત્ર દુઃખથી જો દુર્ગતિ અને ગર્ભવાસમાં રહેલા દુઃખની પંરપરાનો નાશ થતો હોય તો પછી તેં કઇ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત નથી કરી ? ૭.

## प्रायश्चित्त (९७)

### પ્રાયશ્ચિત્તનું સ્વરૂપઃ—

**मनोवचःकायवशादुपागतो विशोध्यते येन मलो मनीषिभिः।**
**श्रुतानुरूपं मलशोधनं तपो विधीयते तद् व्रतशुद्धिहेतवे ॥१॥**

सुभाषितरत्नसन्दोह, श्लो० ८८७.

પોતાના વ્રતની શુદ્ધિ કરવાને માટે બુદ્ધિશાળી લોકો, જેનાવડે, મન, વચન, અને કાયાના યોગથી લાગેલ ( કર્મરૂપી ) મળનું શોધન કરે છે તેને શાસ્ત્રની દૃષ્ટિએ મળશોધનતપ અર્થાત્ પ્રાયશ્ચિત્તતપ કહેલ છે. ૧.

### પ્રાયશ્ચિત્તનું ફળઃ—

**प्रतिसंवत्सरं ग्राह्यं, प्रायश्चित्तं गुरोः पुरः ।**
**शोध्यमानो भवेदात्मा, येनादर्श इवोज्ज्वलः ॥ २ ॥**

धर्मकल्पद्रुम, पृ० ५, श्लो० ७५. (दे. ला.)

દર વર્ષે ( એટલે જઘન્યથી વર્ષમાં એક વાર ) ગુરૂની પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું જોઇએ, કે જેથી શુદ્ધ થયેલો આત્મા અરિસાની જેમ ઉજ્વળ થાય. ૨.

# जैनेतर दर्शन ( ९८ )

## [ बौद्ध–दर्शन ]

**બૌદ્ધોની માન્યતાઃ—**

**बौद्धानां सुगतो देवो विश्वं च क्षणभङ्गुरम् ।**
**आर्यसत्ताऽऽख्यया तत्त्वचतुष्टयमिदं क्रमात् ॥ १ ॥**
**दुःखमायतनं चैव, ततः समुदयो मतः ।**
**मार्गश्चैतस्य च व्याख्या, क्रमेण श्रूयतामतः ॥ २ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २६५, २६६.

બૌદ્ધોને સુગત નામના દેવ છે, તેઓ વિશ્વને ક્ષણભંગુર માને છે, તથા આર્યસત્તાના નામથી ચાર તત્ત્વ માને છે, તે અનુક્રમે આ પ્રમાણે છે–દુઃખ ૧, આયતન ૨, સમુદય ૩ અને માર્ગ ૪; આ ચાર તત્ત્વોની વ્યાખ્યા અનુક્રમે સાંભળો.–૧, ૨.

**બૌદ્ધોનાં પ્રમાણ અને ભેદઃ—**

**प्रत्यक्षमनुमानं च, प्रमाणद्वितयं पुनः ।**
**चतुःप्रस्थानिका बौद्धाः, ख्याता वैभाषिकादयः ॥ ३ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७१.

બૌદ્ધો પ્રત્યક્ષ અને અનુમાન એવા બે પ્રમાણને માને છે, અને વૈભાષિક ૧, સૌત્રાંતિક ૨, યોગાચાર ૩ અને માધ્યમિક ૪; એવા બૌદ્ધના ચાર પ્રકાર છે. ૩.

## વૈભાષિક અને સૌત્રાન્તિકનો મતઃ—

**अर्थो ज्ञानान्वितो वैभाषिकेण बहु मन्यते ।**
**सौत्रान्तिकेन प्रत्यक्षग्राह्योऽर्थो न बहिर्मतः ॥ ४ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७२.

સર્વ પદાર્થ જ્ઞાન સહિત છે એમ વૈભાષિક માને છે. અને સૌત્રાંતિક લોકો કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રહણ કરી શકાય એવી બાહ્ય વસ્તુને માનતા નથી. ૪.

## યોગાચાર અને માધ્યમિકનો મતઃ—

**आचारसहिता बुद्धिर्योगाचारस्य सम्मता ।**
**केवलां संविदं स्वस्थां, मन्यन्ते माध्यमाः पुनः ॥ ५ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७३.

યોગાચાર મતવાળાને આચાર સહિત બુદ્ધિ સંમત છે, તથા માધ્યમિક મતવાળા કેવળ પોતાને વિષે જ રહેલી સંવિદ્ (જ્ઞાન)ને માને છે. ૫.

## પાંચ સ્કંધઃ—

**दुःखं संसारिणः स्कन्धास्ते च पञ्च प्रकीर्तिताः ।**
**विज्ञानं वेदना संज्ञा, संस्कारो रूपमेव च ॥ ६ ॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ५.

સંસારી જીવોના જે સ્કંધો તે દુઃખ કહેવાય છે. તે સ્કંધો

પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-વિજ્ઞાનસ્કંધ ૧, વેદના-સ્કંધ ૨, સંજ્ઞાસ્કંધ ૩, સંસ્કારસ્કંધ ૪, અને રૂપસ્કંધ ૫. ૬.

સમુદય:—

रागादीनां गणो यस्मात्, समुदेति नृणां हृदि ।
आत्मात्मीयस्वभावाख्यः, स स्यात्समुदयः पुनः ॥ ७ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २६९.

જેનાથી મનુષ્યોના હૃદયમાં રાગ દ્વેષાદિકનો સમૂહ ઉત્પન્ન થાય છે, તે આત્મીયાત્મીય સ્વભાવ ( પોત પોતાનો સ્વભાવ ) એવા નામનો સમુદય કહેવાય છે. ૭.

બાર આયતન:—

पञ्चेन्द्रियाणि शब्दाद्या विषयाः पञ्च मानसम् ।
धर्मायतनमेतानि, द्वादशायतनानि च ॥ ८ ॥

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ८.

પાંચ ઇંદ્રિયો, તેના પાંચ શબ્દાદિક વિષયો, એક મન અને એક ધર્માયતન; આ પ્રમાણે બાર આયતન કહેવાય છે. ૮.

બૌદ્ધ ભિક્ષુ:—

कृत्तिः कमण्डलुर्मौण्ड्यं, चीरं पूर्वाह्णभोजनम् ।
सङ्घो रक्ताम्बरत्वं च, शिश्रिये बौद्धभिक्षुभिः ॥ ९ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २७५.

ચર્મ, કમંડળ, મુંડન, ચીર, બપોરે ભોજન, સંઘ અને રાતા વસ્ત્ર; એટલી વસ્તુ બૌદ્ધના ભિક્ષુઓએ અંગીકાર કરી છે. ૯.

**મુક્તિનું સ્વરૂપઃ—**

**क्षणिकाः सर्वसंस्कारा इति या वासना स्थिरा ।**
**स मार्ग इति विज्ञेयः, स च मोक्षोऽभिधीयते ॥ १० ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७०.

સર્વે સંસ્કારો ક્ષણિક—એક ક્ષણવાર જ રહેવાના છે, એ પ્રમાણે જે સ્થિર વાસના—મનની પરિણતિ થાય, તે માર્ગ કહેવાય છે એમ જાણવું, અને તે જ મોક્ષ કહેવાય છે. ૧૦.

**रागादिज्ञानसन्तानवासनोच्छेदसम्भवा ।**
**चतुर्णामपि बौद्धानां, मुक्तिरेषा प्रकीर्तिता ॥ ११ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७४.

રાગાદિકજ્ઞાનના સંતાનની ( પરંપરાની ) વાસનાનો ઉચ્છેદ થવાથી મુક્તિ થાય છે, એમ ઉપર કહેલા ચારે પ્રકારના બૌદ્ધો કહે છે. ૧૧.

## [ शैव–दर्शन ]

**શૈવના બે ભેદઃ નૈયાયિક અને વૈશેષિકઃ—**

**शिवस्य दर्शने तर्कावुभौ न्यायविशेषकौ ।**
**न्याये षोडशतत्त्वी स्यात्, षट्तत्त्वी च विशेषके ॥ १२ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २८५.

શિવના દર્શનમાં નૈયાયિક અને વૈશેષિક એવા બે તર્ક છે. તેમાં નૈયાયિક વિષે સોળ તત્ત્વો અને વૈશેષિકને વિષે છ તત્ત્વો માનેલાં છે. ૧૨.

## નૈયાયિક-વૈશેષિકની વિશેષતાઃ—

**अन्योऽन्यतत्त्वान्तर्भावाद् द्वयोर्भेदोऽस्ति नास्ति वा ।**
**द्वयोरपि शिवो देवो नित्यः सृष्ट्यादिकारकः ॥ १३ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २८६.

એક બીજાનાં તત્ત્વોમાં પરસ્પર સમાવેશ થવાથી આ બન્ને મતમાં ભેદ છે પણ ખરો અને નથી પણ-અર્થાત્ અભેદ જેવું પણ છે. તથા બન્નેના શિવ દેવ છે. તે નિત્ય છે અને સૃષ્ટિ, સ્થિતિ તથા સંહારના કર્તા છે. ૧૩.

## નૈયાયિકના દેવઃ—

**आक्षपादमते देवः, सृष्टिसंहारकृच्छिवः ।**
**विभुर्नित्यैकसर्वज्ञो नित्यबुद्धिसमाश्रयः ॥ १४ ॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० १३.

નૈયાયિકના મતમાં દેવને જગતનો કર્તા અને નાશ કરનાર માનેલો છે. તથા તે સર્વવ્યાપક, સર્વજ્ઞ અને નિત્ય બુદ્ધિના આશ્રયવાળો છે. ૧૪.

## નૈયાયિકનાં પ્રમાણઃ—

नैयायिकानां चत्वारि, प्रमाणानि मतानि च ।
प्रत्यक्षमागमोऽन्यच्चानुमानमुपमाऽपि च ॥ १५ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २८७.

નૈયાયિકોના મતમાં ચાર પ્રમાણુ માનેલાં છે, તે આ પ્રમાણે-પ્રત્યક્ષ પ્રમાણુ ૧, આગમ પ્રમાણુ ૨, અનુમાન પ્રમાણુ ૩, અને ઉપમા પ્રમાણુ ૪. ૧૫.

## નૈયાયિકનાં સોળ તત્ત્વઃ—

प्रमाणं च प्रमेयं च, संशयश्च प्रयोजनम् ।
दृष्टान्तोऽप्यथ सिद्धान्तावयवौ तर्कनिर्णयौ ॥ १६ ॥
वादो जल्पो वितण्डा च, हेत्वाभासाश्छलानि च ।
जातयो निग्रहस्थानानीति तत्त्वानि षोडश ॥ १७ ॥

षड्दर्शनसमुच्चय (हरिभद्र), श्लो० १४, १५.

પ્રમાણુ ૧, પ્રમેય ૨, સંશય ૩, પ્રયોજન ૪, દૃષ્ટાંત ૫, સિદ્ધાંત ૬, અવયવ ૭, તર્ક ૮, નિર્ણય ૯, વાદ ૧૦, જલ્પ ૧૧, વિતંડા ૧૨, હેત્વાભાસ ૧૩, છળ ૧૪, જાતિ ૧૫ અને નિગ્રહ-સ્થાન ૧૬. આ સોળ તત્ત્વો-પદાર્થો ન્યાયના મતમાં છે. ૧૬, ૧૭.

## નૈયાયિકની મુક્તિઃ—

विषयेन्द्रियबुद्धीनां, वपुषः सुखदुःखयोः ।
अभावादात्मसंस्थानं, मुक्तिर्नैयायिकैर्मता ।

विवेकविलास, उल्लास ८, श्लो० ३००.

વિષયો, ઇંદ્રિયો, બુદ્ધિ, શરીર, સુખ, અને દુઃખ; આટલી વસ્તુનો અત્યંત અભાવ થવાથી આત્માનું જે આત્મસ્વરૂપમાં જ રહેવું તે મુક્તિ કહેવાય છે એમ નૈયાયિકો માને છે. ૧૮.

## વૈશેષિક ઔલૂક્ય કેમ કહેવાય છેઃ—

**शिवेनोलूकरूपेण, कणादस्य मुनेः पुरः ।**
**मतमेतत् प्रकथितं, तत औलूक्यमुच्यते ॥१९॥**

षड्दर्शनसमुच्चय (राजशेखर), श्लो० ३०.

ઘુવડનું રૂપ ધારણ કરેલા શિવજીએ, કણાદ નામના મુનિની આગળ, આ મતનું કથન કર્યું હતું તેથી તે મત ઔલૂક્યમત કહેવાય છે. ૧૯.

## વૈશેષિકનાં પ્રમાણઃ—

**वैशेषिकाणां योगेभ्यो मानतत्त्वगता भिदा ।**
**प्रत्यक्षमनुमानं च, मते तेषां प्रमाद्वयम् ॥ २० ॥**

षड्दर्शनसमुच्चय (राजशेखर), श्लो० १४.

વૈશેષિકોનો, યોગોથી પ્રમાણ-તત્ત્વની બાબતમાં મતભેદ છે. તેમના મતમાં પ્રત્યક્ષઅને અનુમાન એમ બે જ પ્રમાણ છે.

## વૈશેષિકનાં છ તત્ત્વઃ—

**द्रव्यं गुणस्तथा कर्म, सामान्यं च चतुर्थकम् ।**
**विशेषसमवायौ च, तत्त्वषट्कं हि तन्मते ॥ २१ ॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ६०.

તેના–વૈશેષિકના–મતમાં છ તત્ત્વ માનેલાં છે:— દ્રવ્ય ૧, ગુણ ૨, કર્મ ૩, સામાન્ય ૪, વિશેષ ૫, અને સમવાય ૬. ૨૧.

**द्रव्यं गुणस्तथा कर्म, सामान्यं सविशेषकम् ।**
**समवायश्च षट्तत्त्वी, तद्व्याख्यानमथोच्यते ॥२२॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २९१.

દ્રવ્ય ૧, ગુણ ૨, કર્મ ૩, સામાન્ય ૪, વિશેષ ૫, અને સમવાય ૬; આ છ તત્ત્વો–પદાર્થો–વૈશેષિકના મતમાં છે. તેનું વ્યાખ્યાન હવે કહેવાય છે:—૨૨.

## વૈશેષિકની મુક્તિઃ—

**चतुर्विंशतिवैशेषिकगुणान्तर्गुणा नव ।**
**बुद्ध्यादयस्तदुच्छेदो मुक्तिर्वैशेषिकी तु सा ॥ २३ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० ३०१.

વૈશેષિકના ચોવીશ ગુણોની અંદર રહેલા બુદ્ધયાદિક ( એટલે બુદ્ધિ ૧, સુખ ૨, દુ:ખ ૩, ઇચ્છા ૪, દ્વેષ ૫, પ્રયત્ન ૬, ધર્મ ૭, અધર્મ ૮ અને સંસ્કાર ૯, આ ) નવ ગુણોનો જે સર્વથા નાશ તે મુક્તિ કહેવાય છે, એમ વૈશેષિક માને છે. ૨૩.

## દ્રવ્યના નવ ભેદ:—

**द्रव्यं नवविधं प्रोक्तं, पृथिवीजलवह्नयः ।**
**वायुर्दिक्काल आत्मा च, गगनं मन एव च ॥ २४ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २९२.

દ્રવ્ય નવ પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે-પૃથ્વી ૧, જળ ૨, અગ્નિ ૩, વાયુ ૪, દિશા ૫, કાળ ૬, આત્મા ૭, આકાશ ૮ અને મન ૯. ૨૪.

## નિત્ય-અનિત્ય દ્રવ્યઃ—

नित्यानित्यानि चत्वारि, कार्यकारणभावतः ।
व्योम दिक्काल आत्मा च, मनो नित्यानि पञ्च च ॥२५१॥

विवेकविलास, उल्लास ८, श्लो० २९३.

તેમાં પહેલા-પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ-ચાર દ્રવ્ય કાર્યને આશ્રીને અનિત્ય છે અને કારણને આશ્રીને નિત્ય છે. તથા આકાશ, દિશા, કાળ, આત્મા અને મન; આ પાંચ દ્રવ્ય નિત્ય જ છે. ૨૫.

## ચોવીશ ગુણઃ—

स्पर्शो रूपं रसो गन्धः, सङ्ख्याऽथ परिमाणकम् ।
पृथक्त्वमथ संयोगो विभागश्च परत्वकम् ॥ २६ ॥
अपरत्वं बुद्धिसौख्ये, दुःखेच्छे द्वेषयत्नकौ ।
धर्माधर्मौ च संस्कारो गुरुत्वं द्रवतेत्यपि ॥ २७ ॥
स्नेहः शब्दो गुणा एवं, विंशतिश्चतुरन्विता ।
अथ कर्माणि वक्ष्यामः, प्रत्येकमभिधानतः ॥ २८ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २९४, २९५, २९६.

સ્પર્શ ૧, રૂપ ૨, રસ ૩, ગંધ ૪, સંખ્યા ૫, પરિમાણ ૬, પૃથક્ત્વ ૭, સંયોગ ૮, વિભાગ ૯, પરત્વ ૧૦, અપરત્વ ૧૧, બુદ્ધિ ૧૨, સુખ ૧૩, દુઃખ ૧૪, ઈચ્છા ૧૫, દ્વેષ ૧૬, પ્રયત્ન

૧૭, ધર્મ ૧૮, અધર્મ ૧૯, સંસ્કાર ૨૦, ગુરૂપણું ૨૧, દ્રવપણું ૨૨, સ્નેહ ૨૩ અને શબ્દ ૨૪; આ ચોવીશ ગુણો વૈશેષિકમતમાં છે. હવે પ્રત્યેકનું નામ આપીને કર્મના પ્રકાર કહીએ છીએ.–૨૬, ૨૭, ૨૮.

પાંચ કર્મ:—

**उत्क्षेपणापक्षेपणाकुञ्चनं च प्रसारणम् ।**
**गमनानीति कर्माणि, पञ्चोक्तानि तदागमे ॥ २९ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २९७.

વૈશેષિકના આગમમાં પાંચ કર્મો કહેલાં છે, તે આ પ્રમાણે:- ઉત્ક્ષેપણ–ઉંચે ફેંકવું ૧, અપક્ષેપણ–નીચે ફેંકવું ૨, આકુંચન –ખેંચી લેવું ૩, પ્રસારણ–વિસ્તારવું ૪ અને ગમન ૫. ૨૯.

પર–અપર સામાન્ય અને વિશેષ:—

**सामान्यं भवति द्वेधा, परं चैवापरं तथा ।**
**परमाणुषु वर्तन्ते, विशेषा नित्यवृत्तयः ॥ ३० ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २९८.

પર અને અપર એ બે પ્રકારનું સામાન્ય છે, તથા પરમાણુઓને વિષે નિરંતર રહેનાર હોય તે વિશેષ કહેવાય છે. ૩૦.

સમવાય સંબંધ:—

**य इहायुतसिद्धानामाधाराधेयभूतभावानाम् ।**
**सम्बन्ध इह प्रत्ययहेतुः प्रोक्तः स समवायः ॥ ३१ ॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ६६.

અયુતસિદ્ધ એટલે એક બીજાથી જુદા ન પાડી શકાય એવા આધાર અને આધેયરૂપ પદાર્થોનો જે સંબંધ તેને સમવાય સંબંધ કહે છે. અને એ સમવાય સંબંધ પદાર્થના જ્ઞાનનું કારણ છે. ૩૧.

भवेदयुतसिद्धानामाधाराधेयवर्तिनाम् ।
सम्बन्धः समवायाख्य इहप्रत्ययहेतुकः ॥३२॥

विवेकविलास, उल्लास ८, श्लो० २९९.

આધાર અને આધેયમાં વર્તનારા ગુણ અને ગુણી વિગેરે અયુતસિદ્ધોનો જે પરસ્પર સંબંધ હોય છે તે સમવાય કહેવાય છે, તે સમવાયથી સમવેત વસ્તુનું જ્ઞાન થાય છે. (અયુતસિદ્ધ એટલે એક બીજાથી જુદા ન પાડી શકાય એવા હોય તે). ૩૨.

## તપસ્વીઓના ભેદઃ—

आधारभस्मकौपीनजटायज्ञोपवीतिनः ।
मन्त्राचारादिभेदेन, चतुर्धा स्युस्तपस्विनः ॥ ३३ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० ३०२.

આધાર-પાત્ર, ભસ્મ, કૌપીન, જટા અને યજ્ઞોપવીતને-જનોઇને-ધારણ કરનારા તેના તપસ્વીઓ મંત્ર અને આચાર *વિગેરેના ભેદથી ચાર પ્રકારના હોય છે.* ૩૩.

# [ साङ्ख्य–दर्शन ]

## દેવની માન્યતાઃ—

साङ्ख्या निरीश्वराः केचित्, केचिदीश्वरदेवताः ।
सर्वेषामपि तेषां स्यात्, तत्त्वानां पञ्चविंशतिः ॥ ३४ ॥

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ३६.

સાંખ્યોમાં કેટલાક ઇશ્વરને માનવાવાળા નથી અને કેટલાક ઇશ્વરને માનવાવાળા છે. પણ એ બધાયનાં તત્ત્વો તો પચીશ જ છે. ૩૪.

साङ्ख्यैर्देवः शिवः कैश्चिन्मतो नारायणः परैः ।
उभयोः सर्वमप्यन्यत्तत्त्वप्रभृतिकं समम् ॥ ३५ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २७६.

કેટલાક સાંખ્યમતી લોકો શિવને દેવ માને છે અને કેટલાક નારાયણને–વિષ્ણુને–દેવ માને છે. બીજું સર્વ–તત્ત્વ વિગેરે–બન્નેને સરખું જ સંમત છે. ૩૫.

## પ્રકૃતિનું સ્વરૂપઃ—

एतेषां या समाऽवस्था, सा प्रकृतिः किलोच्यते ।
प्रधानाव्यक्तशब्दाभ्यां, वाच्या नित्यस्वरूपिका ॥ ३६ ॥

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ३४.

આમના મતમાં ( સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોની )

જે સરખી અવસ્થા હોય તેને પ્રકૃતિ કહે છે. તે નિત્ય સ્વરૂપ વાળી છે અને 'પ્રધાન' કે 'અવ્યક્ત' એ એનાં પર્યાય-વાચી નામો છે. ૩૬.

**साङ्ख्यानां स्युर्गुणाः सत्त्वं, रजस्तम इति त्रयः ।**
**साम्याऽवस्था भवत्येषां, त्रयाणां प्रकृतिः पुनः ॥ ३७ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७८.

સાંખ્યના મતમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણ ગુણ માનેલા છે, અને તે ત્રણ ગુણોની સ્થિતિ સરખા પ્રમાણમાં હોય તો તે પ્રકૃતિ કહેવાય છે. ૩૭.

પચીશ તત્ત્વો—

**प्रकृतेः स्यान्महत्तत्त्वमहङ्कारस्ततोऽपि च ।**
**पञ्च बुद्धीन्द्रियाणि स्युश्चक्षुरादीनि पञ्च च ॥ ३८ ॥**
**कर्मेन्द्रियाणि वाक्पाणिचरणोपस्थपायवः ।**
**मनश्च पञ्चतन्मात्राः शब्दो रूपं रसस्तथा ॥ ३९ ॥**
**स्पर्शो गन्धोऽपि तेभ्यः स्यात्, पृथ्व्याद्यं भूतपञ्चकम् ।**
**इयं प्रकृतिरेतस्याः, परस्तु पुरुषो मतः ॥ ४० ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २७९, २८०, २८१.

પ્રકૃતિથી મહતત્ત્વ ઉત્પન્ન થાય છે, મહતત્ત્વથી અહંકાર ઉત્પન્ન થાય છે, અહંકારથી ચક્ષુ આદિક ( ચક્ષુ, શ્રોત્ર, જિંહા, ઘ્રાણ-નાસિકા-અને ત્વચા ) પાંચ જ્ઞાનેન્દ્રિયો, તથા પાંચ કર્મે-

દ્રિયો-વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ, તથા મન, તથા પાંચ તન્માત્રા-શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ-ઉત્પન્ન થાય છે. ત્યાર પછી તેમનાથી પૃથ્વી વિગેરે ( પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ ) પાંચ મહાભૂત ઉત્પન્ન થાય છે; આ કુલ ચોવીશ તત્ત્વવાળી પ્રકૃતિ કહેવાય છે, અને તે પ્રકૃતિથી પર-ભિન્ન-પુરૂષ માનેલો છે. ( ચોવીશ તત્ત્વ પ્રકૃતિના અને એક પુરૂષઃ એમ કુલ પચીશ તત્ત્વ થયાં. ) ૩૮, ૩૯, ૪૦.

## જગત્ અને પ્રમાણઃ—

**पञ्चविंशतितत्त्वीयं, नित्यं साङ्ख्यमते जगत् ।**
**प्रमाणत्रितयं चात्र, प्रत्यक्षमनुमाऽऽगमः ॥ ४१ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २८२.

આ પચીશ તત્ત્વોથી થયેલું આ જગત્ નિત્ય છે એમ સાંખ્યો માને છે. તેના મતમાં પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણ છે. ૪૧.

## આત્માનું સ્વરૂપઃ—

**अमूर्तश्चेतनो भोगी, नित्यः सर्वगतोऽक्रियः ।**
**अकर्ता निर्गुणः सूक्ष्म आत्मा कापिलदर्शने ॥ ४२ ॥**

षड्दर्शनसमुच्चय ( राजशेखर ), श्लो० ५२.

કપિલના-સાંખ્ય-દર્શનમાં આત્માને અમૂર્ત, ચેતનાવાળો, ભોગી, નિત્ય, સર્વવ્યાપક, ક્રિયાશૂન્ય, અકર્તા, ગુણ રહીત અને સૂક્ષ્મ મનેલો છે. ૪૨.

## સંન્યાસીનું સ્વરૂપઃ—

**साङ्ख्यः शिखी जटी मुण्डी, कषायाद्यम्बरोऽपि च ।**
**वेषेऽनास्थैव साङ्ख्यस्य, पुनस्तत्त्वे महाग्रहः ॥ ४३ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २८४.

સાંખ્ય મતનાં સંન્યાસી શિખા રાખે છે, જટા રાખે છે અથવા મુંડન કરાવે છે, કાષાય-ભગવાં-વસ્ત્ર પહેરે છે. આ વેષને વિષે સાંખ્યોને પૂર્ણ શ્રદ્ધા નથી, પરંતુ તેમણે માનેલાં તત્ત્વો ઉપર મોટો આગ્રહ-પૂર્ણ શ્રદ્ધા-છે. ૪૩.

## મોક્ષનું સ્વરૂપઃ—

**प्रकृतेर्विरहो मोक्षस्तन्नाशे स स्वरूपगः ।**
**बध्यते मुच्यते चैव, प्रकृतिः पुरुषो न तु ॥ ४४ ॥**

षड्दर्शनसमुच्चय ( राजशेखर ), श्लो० ५३.

પ્રકૃતિનો જ્યારે વિરહ થાય છે ત્યારે મોક્ષ થાય છે. કારણ કે પ્રકૃતિના નાશમાં તે-આત્મા-પોતાના સ્વરૂપને પામે છે. વળી પ્રકૃતિ જ બંધાય છે અને મૂકાય છે પુરૂષને કંઈ નથી થતું. ૪૪.

**यदैव जायते भेदः, प्रकृतेः पुरुषस्य च ।**
**मुक्तिरुक्ता तदा साङ्ख्यैः, ख्यातिः सैव च भण्यते ॥ ४५ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २८३.

જ્યારે પ્રકૃતિ અને પુરૂષનો ભેદ થાય છે–તે જુદા પડે છે, ત્યારે મોક્ષ થાય છે એમ સાંખ્યો કહે છે. અને તે મુક્તિ જ ખ્યાતિ નામે કહેવાય છે. ૪૫.

મીમાંસકના ભેદઃ—

**मीमांसका द्विधा कर्मब्रह्ममीमांसकत्वतः ।**
**वेदान्ती मन्यते ब्रह्म, कर्म भट्टप्रभाकरौ ॥ ४६ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २५८.

કર્મમીમાંસક અને બ્રહ્મમીમાંસક એમ બે પ્રકારે મીમાંસકો હોય છે. તેમાં વેદાંતીઓ બ્રહ્મને માને છે અને ભટ્ટ--કુમારિલ ભટ્ટ–તથા પ્રભાકર કર્મને માને છે. ૪૬.

સર્વજ્ઞનો અભાવઃ—

**जैमिनीयाः पुनः प्राहुः, सर्वज्ञादिविशेषणः ।**
**देवो न विद्यते कोऽपि, यस्य मानं वचो भवेत् ॥४७॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ६८.

જૈમિનીય–મીમાંસક–લોકોનું કહેવું છે કે–સર્વજ્ઞાદિ વિશેષણોવડે કરીને સહિત એવો કોઈ દેવ જ નથી કે જેનું વચન પ્રમાણભૂત માની શકાય. ૪૭.

ભટ્ટનાં છ પ્રમાણઃ—

**प्रत्यक्षमनुमानं च, शब्दश्चोपमया सह ।**
**अर्थापत्तिरभावश्च, भट्टानां षट्प्रमाण्यसौ ॥ ४८ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २५९.

પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, શબ્દ ૩, ઉપમા ૪, અર્થાપત્તિ ૫ અને અભાવ ૬; આ છ પ્રમાણો ભટ્ટના મતમાં છે. ૪૮.

**પ્રભાકરનાં પાંચ પ્રમાણઃ—**

**प्रभाकरमते पञ्चैवैतान्यभाववर्जनात् ।**
**अद्वैतवादिवेदान्तिप्रमाणं तु यथा तथा ॥ ४९ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २६०.

પ્રભાકરના મતમાં એક અભાવ–અનુપલબ્ધિ–સિવાય બાકીનાં પાંચ પ્રમાણો છે. (પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, આગમ ૩, ઉપમા ૪ અને અર્થાપત્તિ ૫.) અદ્વૈતવાદી વેદાંતી પણ એમ જ માને છે. ૪૯.

**સંન્યાસીઃ—**

**भगवन्नामधेयास्तु, द्विजा वेदान्तदर्शने ।**
**विप्रगेहभुजस्त्यक्तोपवीता ब्रह्मवादिनः ॥ ५० ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २६३.

વેદાંત દર્શનમાં રહેલા બ્રાહ્મણો સંન્યાસી થાય છે, તેઓ ભગવાનના નામથી ઓળખાય છે, બ્રાહ્મણને ઘેર જ ભોજન કરે છે, જનોઇનો ત્યાગ કરે છે અને તેઓ બ્રહ્મવાદી હોય છે એટલે કેવળ બ્રહ્મને જ સત્ય માને છે. ૫૦.

**સંન્યાસીના ભેદઃ—**

**चत्वारो भगवद्भेदाः, कुटीचरबहूदकौ ।**
**हंसः परमहंसश्चाधिकोऽमीषु परः परः ॥ ५१ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० २६४.

ભગવાનના નામથી કહેવાતા સંન્યાસીઓ ચાર પ્રકારના હોય છે-કુટીચર ૧, બહૂદક, ૨, હંસ ૩ અને પરમહંસ ૪; આ ચારે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. ૫૧.

મોક્ષનું સ્વરૂપઃ—

सर्वमेतदिदं ब्रह्म, वेदान्तेऽद्वैतवादिनाम् ।
आत्मन्येव लयो मुक्तिर्वेदान्तिकमते मता ॥ ५२ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २६१.

અદ્વૈતવાદી વેદાંતીના મતમાં આ સર્વ જગત્ બ્રહ્મરૂપ જ છે, તથા તે વેદાંતિકના મતમાં પોતાના આત્માને વિષે જ જે લય થવો તે જ મુક્તિ છે, એમ માનેલું છે. ૫૨.

## [ नास्तिक–दर्शन ]

નાસ્તિકની માન્યતાઃ—

लोकायता वदन्त्येवं, नास्ति देवो न निर्वृतिः ।
धर्माधर्मौ न विद्येते, न फलं पुण्यपापयोः ॥ ५३ ॥

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ८०.

નાસ્તિક લોકો આ પ્રમાણે બોલે છે-(સંસારમાં) દેવ નથી, મોક્ષ નથી, ધર્મ કે અધર્મ નથી પુણ્ય કે પાપનું ફળ પણ નથી. ૫૩.

पञ्चभूतात्मकं वस्तु, प्रत्यक्षं च प्रमाणकम् ।
नास्तिकानां मते नान्यदात्माऽमुत्र शुभाशुभम् ॥५४॥

विवेकविलास, उल्लास ८, श्लो० ३०४.

નાસ્તિકના મતમાં સર્વ વસ્તુ પાંચ મહાભૂતથી જ બનેલી છે, પ્રમાણોમાં એક પ્રત્યક્ષ જ પ્રમાણ છે, તે સિવાય આત્મા, પરલોક, પુણ્ય, પાપ, વિગેરે કાંઇ પણ નથી. ૫૪.

નાસ્તિકના વિચારોઃ—

**पिब खाद च चारुलोचने !, यदतीतं वरगात्रि ! तन्न ते ।**
**न हि भीरु ! गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥५५॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ८२.

હે મનોહર નેત્રવાળી! પી અને ખા. હે ઉત્તમ શરીરવાળી! જે વીતી ગયું, તે તારૂં નથી, કેમકે હે ભીરૂ ! જે ગયું તે પાછું આવતું નથી, આ શરીર માત્ર પંચ મહાભૂતના સમુદાયરૂપ છે. ૫૫

## [ प्रमाण—स्वरूप ]

પ્રત્યક્ષ અને અનુમાનઃ—

**प्रत्यक्षमविसंवादि, ज्ञानमिन्द्रियगोचरः ।**
**लिङ्गतोऽनुमितिर्धूमादिव वह्नेरवस्थितिः ॥ ५६ ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० ३०५.

જે વિસંવાદ રહિત એટલે સત્ય હોય તે પ્રત્યક્ષ કહેવાય છે. ઇંદ્રિયોના વિષયવાળું જે જ્ઞાન છે તેનો પણ પ્રત્યક્ષમાં જ સમાવેશ થાય છે. લિંગથી-હેતુથી-અનુમાન થાય છે. જેમકે ધૂમાડો જોવામાં આવે તે હેતુથી અગ્નિ છે એમ અનુમાન થાય છે. ૫૬.

અનુમાનના પ્રકાર:—

अनुमानं त्रिधा पूर्वशेषसामान्यतो यथा ।
वृष्टेः सस्यं नदीपूराद्वृष्टिरस्ताद्रवेर्गतिः ॥ ५७ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ३०६.

અનુમાનના ત્રણ પ્રકાર છે--પૂર્વ અનુમાન ૧, શેષ અનુમાન ૨ અને સામાન્ય અનુમાન ૩. તેમાં વૃષ્ટિને જોઈ ધાન્ય પાકવાનું જે અનુમાન કરવું તે પૂર્વ અનુમાન ૧, નદીનું પૂર જોઈ વૃષ્ટિનું અનુમાન કરવું તે શેષ અનુમાન ૨ અને સૂર્યનો અસ્ત જોઈ સૂર્ય ગતિ કરે છે એમ જે જાણવું તે સામાન્ય અનુમાન ૩ કહેવાય છે. ૫૭.

ઉપમાન:—

ख्यातं सामान्यतः साध्यसाधनं चोपमा यथा ।
स्याद्गोवद्गवयः सास्नादिमत्त्वमुभयोरपि ॥ ५८ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० ३०७.

સિદ્ધ કરવા લાયક વસ્તુનું સાધન–કારણ–જે સામાન્યથી જ પ્રસિદ્ધ હોય તે ઉપમા કહેવાય છે. જેમકે બળદ જેવો ગવય–રોઝ હોય છે. અહીં સાસ્ના ( ડોકની નીચે લટકતી ઝુલ ) વિગેરે સામાન્ય અવયવ બન્નેમાં સરખા જ છે. ૫૮.

આગમ અને અર્થાપત્તિ :—

आगमश्चाप्तवचनं, स च कस्यापि कोऽपि च ।
वाच्याप्रतीतौ तत्सिद्धयै, प्रोक्ताऽर्थापत्तिरुत्तमैः ॥ ५९ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० ३०८.

આપ્તજનનું-રાગદ્વેષ રહિત હિતકારી જનનું-જે વચન તે આગમ કહેવાય છે. તે આપ્તજન સર્વ દર્શનોમાં જુદા જુદા હોય છે. શબ્દના અર્થની પ્રતીતિ ( જ્ઞાન ) બરાબર ન થતી હોય તો તેની સિદ્ધિને માટે ઉત્તમ પુરૂષોએ અર્થાપત્તિ કહી છે. ૫૯.

**અભાવઃ—**

**बटुः पीनो दिवा नात्ति, रात्रावित्यर्थतो यथा ।**
**पञ्चप्रमाणासामर्थ्ये, वस्तुसिद्धिरभावतः ॥ ६० ॥**

विवेकविलास, उल्लास ८, श्लो० ३०९.

જેમ કોઇએ કહ્યું કે-" પુષ્ટ એવો બટુક દિવસે ખાતો નથી " આ ઉપરથી તે રાત્રે ખાય છે એમ જે અર્થાત્‌થી સિદ્ધ કરવું તે અર્થાપત્તિ કહેવાય છે. જ્યાં આ પાંચે પ્રમાણોનો વિષય ન હોય ત્યાં અભાવ પ્રમાણથી વસ્તુની સિદ્ધિ થાય છે. ( જેમકે ઓરડામાં ઘટ નથી, કારણ કે તે દેખાતો નથી. એ અભાવ પ્રમાણ જાણવું. ) ૬૦.

## जीव सम्बन्धी शङ्का–समाधान ( ११ )

शङ्का-

आत्मानं मन्यते नैकश्चार्वाकस्तस्य वागियम् ।
जतुनीरन्ध्रिते भाण्डे, क्षिप्तश्चौरो मृतोऽथ सः ॥ १ ॥
निर्जगाम कथं तस्य, जीवः प्रविविशुः कथम् ।
अपरे कृमिरूपाश्च, निश्छिद्रे तत्र वस्तुनि ॥ २ ॥

समाधान-

तथैव मुद्रिते भाण्डे, क्षिप्तः शङ्खयुतो नरः ।
शङ्खात्तद्वादितान्नादो निष्क्रामति कथं बहिः ? ॥ ३ ॥
अग्निर्मूर्तः कथं ध्माते, लोहगोले विशत्यहो ।
अमूर्तस्यात्मनस्तत्किं, विहन्येतां गमागमौ ? ॥ ४ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ७४, ७५, ७६, ७७.

શંકા—એક ચાર્વાક મતવાળો જીવને માનતો નથી, તે કહે છે કે-લાખવડે છિદ્રોને બંધ કરી એક કોઠીને વિષે કોઈ ચોરને નાંખ્યો, તેમાં તે મરણ પામ્યો, તે વખતે (જો જીવ ભિન્ન હોય તો) તેનો જીવ તેમાંથી શી રીતે બહાર નીકળ્યો ? અને છિદ્રો રહિત તે વસ્તુ( કોઠી )માં બીજા કૃમિઓ શી રીતે પેદા ? (તેથી જણાય છે કે જીવ કોઈ જુદી ચીજ નથી.)

**ઉત્તર**—તેજ પ્રમાણે બંધ કરેલા ભાંડમાં શંખ સહિત એક માણુસને નાંખ્યો, તે માણુસે તેમાં રહી શંખ વગાડ્યો, તે વખતે તેનો નાદ–શબ્દ–બહાર નીકળ્યો તે શી રીતે ? તથા મૂર્તિમાન અગ્નિ ધમેલા લોઢાના ગોળાને વિષે શી રીતે પ્રવેશ કરે છે ? કેમકે તેની અંદર પેસવામાટે કાંઈ પણ છિદ્રો નથી. તે જ રીતે અમૂર્તિમાન આત્માનું જવું આવવું થાય તેમાં શો વિરોધ છે ? કંઈ પણ વિરોધ નથી. ( મૂર્તિમાન પદાર્થો પણ છિદ્રરહિત વસ્તુની બહાર નીકળે છે અને તેની અંદર પેસે છે તો અમૂર્તિમાન પદાર્થ જવું આવવું કરે તેમાં શી શંકા ? ) ૧, ૨, ૩, ૪.

**शङ्का**—

**दस्योरन्यस्य काये च, शतशः शकलीकृते ।**
**न दृष्टः क्वचिदप्यात्मा, सोऽस्ति चेत्किं न दृश्यते ? ॥५॥**

**समाधान**—

**खण्डितेऽप्यरणेः काष्टे, मूर्तो वह्निर्वसन्नपि ।**
**न दृष्टो दृश्यते किं वा, जीवो मूर्तिविवर्जितः ॥ ६ ॥**

विवेकविलास, उल्लास ११, श्लो० ७८, ७९.

**શંકા**—કોઇ બીજા ચોરના શરીરના નાના નાના સેંકડો કકડા કર્યા તો પણ તેમાં કોઈ પણ ઠેકાણે જીવ જોવામાં આવ્યો નહીં.જો કદાચ જીવ હોય તો તે કેમ ન દેખાય ?

**ઉત્તર**—અરણિના કાષ્ઠને ખાંડીને ભૂકો કરીએ તો પણ તેની અંદર રહેલો મૂર્તિમાન અગ્નિ દેખાતો નથી, તો પછી અ-મૂર્તિમાન જીવ તો શી રીતે જ દેખાય ? ન જ દેખાય. ૫, ૬.

शङ्का—

जलपिष्टादियोगस्य, मद्यस्य मदशक्तिवत् ।
अचेतनेभ्यश्चैतन्यं, भूतेभ्यस्तद्वदेव हि ॥ ७ ॥

समाधान—

शक्तिर्न विद्यते येषां, भिन्नभिन्नस्थितिस्पृशाम् ।
समुदायेऽपि नो तेषां, शक्तिर्भीरुषु शौर्यवत् ॥ ८ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ८२, ८३.

શંકા—પાણી અને લોટ વિગેરેની મેળવણી કરવાથી જેમ મદિરામાં મદની શક્તિ આવે છે, તેમ ચેતના રહિત એવા પૃથ્વી વિગેરે મહાભૂતોથકી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. (તો પછી સ્વતંત્ર જીવ કેમ માનવો ?)

ઉત્તર—જુદી જુદી સ્થિતિવાળા જે પદાર્થોમાં જે શક્તિ ન હોય તે શક્તિ તેમના સમુદાયને વિષે પણ આવતી નથી. જેમકે ઘણા બીકણ માણસો ભેળા થાય તો પણ તેમનામાં શૌર્ય આવતું નથી. ૭, ૮.



# जैन-दर्शन (१००)

જૈનદર્શનની માન્યતાઃ—

स्याद्वादश्च प्रमाणे द्वे, प्रत्यक्षं च परोक्षकम् ।
नित्यानित्यं जगत्सर्वं, नव तत्त्वानि सप्त वा ॥ १ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २४९.

જૈનમતમાં ' स्यादस्ति, स्यान्नास्ति ' ઇત્યાદિ ભંગવાળો સ્યાદ્વાદ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે પ્રમાણ મનાય છે. સર્વ જગતના પદાર્થો ( દ્રવ્યથી ) નિત્ય અને ( પર્યાયથી ) અનિત્ય છે, તથા નવ તત્ત્વ અથવા સાત તત્ત્વ માનેલાં છે. ૧.

प्रोक्तोऽर्हन् यत्र देवः सकलगुणगणैर्युक्त एनोविमुक्तो
हिंसा-मिथ्यादिदोषैरपरिगतमना मन्यते सन् गुरुश्च ।
स्याद्वादस्तत्त्वरम्यस्त्रिभुवनगतकं वस्तु सन्निश्चिनोति,
प्रोक्तं षड्द्रव्यजातं प्रशमदमगुणाविष्टधर्मः स जैनः ॥ २ ॥

धर्मवियोगमाला, श्लो० ३८.

જેમાં સઘળા ગુણોથી યુક્ત અને સઘળા પાપ-દોષોથી રહિત એવા અરિહંતને દેવ કહ્યા છે, જેમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આદિ દોષોથી રહિત એવા ગુરુને સાચા ગુરુ મનાય છે, જ્યાં તત્ત્વોમાં શ્રેષ્ઠ એવો સ્યાદ્વાદ

જગત્‌ની તમામ સત્ વસ્તુઓનો નિશ્ચય કરે છે, ( જ્યાં ધર્માસ્તિકાય વિગેરે ) છ દ્રવ્યો બતાવ્યાં છે તથા જે શાંતિ અને ઇન્દ્રિયદમન વિગેરે ગુણોથી શોભિત છે. તે **જૈનધર્મ** છે. ૨.

### અનેકાન્તવાદઃ—

**एकान्तेऽघटमानत्वाद् वस्तुतत्त्वस्य सर्वथा ।**
**अनेकान्तस्ततः कान्तः, स्वीकार्यः सौख्यमिच्छता ॥ ३ ॥**

हिमांशुविजय ( अनेकान्ती )

એકાન્ત નિત્યતા વિગેરેમાં કોઇ પણ રીતે વસ્તુની સિદ્ધિ થતી નથી. તેથી સુખની ચાહના કરનારે મનોહર એવા અનેકાન્તવાદનો સ્વીકાર કરવો જોઈએ. અર્થાત્ અનેકાન્તવાદ ( સ્યાદ્વાદ )નો સ્વીકાર કરવાથી જ પદાર્થોની સિદ્ધિ થઈ શકે છે. અન્યથા નહિ. ૩.

### અનન્તધર્માત્મક વસ્તુઃ—

**येनोत्पादव्ययध्रौव्ययुक्तं यत् सत् तदिष्यते ।**
**अनन्तधर्मकं वस्तु, तेनोक्तं मानगोचरः ॥ ४ ॥**

षड्दर्शनसमुच्चय ( हरिभद्र ), श्लो० ५७.

ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા; આ ત્રણવડે કરીને સહિત જે હોય તેને જ વસ્તુ માનેલી છે અને એમ હોવાના કારણે જ પ્રમાણના વિષયભૂત વસ્તુને અનન્ત ધર્મવાળી માનેલી છે. ૪.

નવ તત્ત્વ:—

जीवाजीवौ पुण्यपापे, आस्रवः संवरोऽपि च ।
बन्धो निर्जरणं मुक्तिरेषां व्याख्याधुनोच्यते ॥ ५ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २५०.

જીવ ૧, અજીવ ૨, પુણ્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, બંધ ૭, નિર્જરા, ૮ અને મોક્ષ ૯, આ નવ તત્ત્વો છે, (તેની વ્યાખ્યા હવે કહેવાય છે.) ૫.

છ દ્રવ્ય:—

धर्माधर्मौ नभः कालः, पुद्गलश्चेतनस्तथा ।
द्रव्यषट्कमिदं ख्यातं, तद्भेदास्त्वागमे स्मृताः ॥ ६ ॥

षड्दर्शनसमुच्चय ( राजशेखर ), श्लो० ११.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ; આ છ પ્રકારનું દ્રવ્ય કહેલું છે અને તેના ભેદો આગમમાં કહેલા છે. ૬.

શ્વેતામ્બર અને દિગમ્બરનો ભેદ:—

भुङ्क्ते न केवली न स्त्रीमोक्षः प्राहुर्दिगम्बराः ।
एषामयं महान्भेदः, सदा श्वेताम्बरैः सह ॥ ७ ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २५७.

કોઇ પણ કેવળજ્ઞાની ભોજન કરતા નથી અને સ્રી મોક્ષે જઇ શકતી નથી, એમ દિગંબરો કહે છે. આ તેમનો નિરંતર શ્વેતાંબરો સાથે મોટો ભેદ છે. ૭.

## શ્વેતામ્બર સાધુઃ—

**सरजोहरणा भैक्ष्यभुजो लुञ्चितमूर्द्धजाः ।**
**श्वेताम्बराः क्षमाशीला निःसङ्गा जैनसाधवः ॥ ८ ॥**

**विवेकविलास, उल्लास ८, श्लो० २५५.**

જેઓ રજોહરણને-ઓઘાને-ધારણ કરે છે, દોષ રહિત ભિક્ષાનું ભોજન કરે છે, મસ્તકના કેશનો લોચ કરે છે, શ્વેત વસ્ત્ર ધારણ કરે છે, જેમનો ક્ષમા જ સ્વભાવ છે અને જેઓ સર્વ સંગ રહિત છે, તે ( શ્વેતાંબર ) જૈન સાધુઓ કહેવાય છે. ૮.

## દિગમ્બર સાધુઃ—

**लुञ्चिताः पिच्छिकाहस्ताः, पाणिपात्रा दिगम्बराः ।**
**ऊर्ध्वाशिना गृहे दातुर्द्वितीयाः स्युर्जिनर्षयः ॥ ९ ॥**

**विवेकविलास, उल्लास ८, श्लो० २५६.**

કેશનો લોચ કરનારા, મોરપીંછીરૂપ ઓઘાને હાથમાં રાખનારા, હાથરૂપી પાત્રમાં જ ભિક્ષા લઇને ખાનારા, દિગંબર-વસ્ત્ર રહિત-અને દાતારને ઘેર જ ઉભા રહીને ભોજન કરનારા જેઓ હોય તે બીજા પ્રકારના ( દિગંબર ) જૈનમુનિઓ-જિનકલ્પી-હોય છે. ૯.

મોક્ષનું સ્વરૂપઃ—

लब्धानन्तचतुष्कस्य, लोकाग्रस्थस्य चात्मनः ।
क्षीणाष्टकर्मणो मुक्तिरव्यावृत्तिर्जिनोदिता ॥ १० ॥

विवेकविलास, उल्लास ८, श्लो० २५४.

( જ્ઞાન, દર્શન, બળ અને વીર્ય એ ) ચાર અનંતા જેને પ્રાપ્ત થયા હોય, જેનો આત્મા લોકના અગ્રભાગને વિષે ( સિદ્ધ-શિલા પર ) રહેલો હોય, જેનાં આઠે કર્મ ક્ષીણ થયાં હોય, અને જેમાં ગયા પછી ફરીથી કદાપિ સંસારમાં આવવાનું ન હોય, તે મુકિત છે એમ જિનેશ્વરે કહ્યું છે. ૧૦.



# मोक्ष ( १०१ )

મોક્ષનું સ્વરૂપઃ—

**यन्न दुःखेन सम्भिन्नं, न च ग्रस्तमनन्तरम् ।**
**अभिलाषापनीतं यत्, तज्ज्ञेयं परमं पदम् ॥ १ ॥**

मोक्षाष्टक ( हरिभद्र ), श्लो० २.

જે દુઃખથી મિશ્ર નથી, દુઃખથી ગ્રસ્ત–વ્યાપ્ત–નથી, જે આંતરા વિનાનું છે અને જે કોઈ પણ પ્રકારની ઇચ્છાથી પર છે તેને પરમ પદ–મોક્ષ–જાણવું. ૧.

**अभावे बन्धहेतूनां, घातिकर्मक्षयोद्भवे ।**
**केवले सति मोक्षः स्याच्छेषाणां कर्मणां क्षये ॥ २ ॥**

योगशास्त्र, पृ० ३८, श्लो० ६४. ( प्र. स. )

કર્મબંધના હેતુનો અભાવ થવાથી ચાર ઘાતિ કર્મના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે, અને પછી બાકીના ચાર અઘાતી કર્મનો ક્ષય થાય ત્યારે મોક્ષ થાય છે. ૨.

સાચો મોક્ષઃ—

**नाशाम्बरत्वे न सिताम्बरत्वे, न तर्कवादे न च तत्त्ववादे ।**
**न पक्षसेवाऽऽश्रयणेन मुक्तिः, कषायमुक्तिः किल मुक्तिरेव ॥३॥**

अष्टक ( हरिभद्र ).

દિગંબરપણામાં મુકિત નથી, શ્વેતાંબરપણામાં મુક્તિ નથી, તર્કશાસ્ત્રમાં મુક્તિ નથી, તત્ત્વવાદમાં મુકિત નથી, તથા પક્ષ-સેવાનો આશ્રય કરવાથી પણ મુકિત પ્રાપ્ત થતી નથી. માત્ર કષાયનો ત્યાગ કરવાથી જ મુકિત થાય છે. ૩.

**मोक्षस्य नहि वासोऽस्ति, न ग्रामान्तरमेव वा ।**
**अज्ञानहृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृतः ॥ ४ ॥**

शिवगीता, अ० १३, श्लो० ३२.

મોક્ષનું કોઈ જૂદું વાસસ્થાન-રહેવાનું સ્થાન નથી, તેમ જ તેનું કોઇ જૂદું ગામ નથી. પરંતુ હૃદયમાં રહેલા અજ્ઞાનની ગ્રંથિનો જે નાશ તે જ મોક્ષ છે એમ કહેલું છે. ૪.

### મોક્ષ-સુખનું મહત્વઃ--

**सुरासुरनरेन्द्राणां, यत्सुखं भुवनत्रये ।**
**तत्स्यादनन्तभागोऽपि, न मोक्षसुखसम्पदः ॥ ५ ॥**

योगशास्त्र, पृ० ३८, श्लो० ६५. ( प्र. स. )

દેવેંદ્ર, ભુવનપતિના ઇંદ્ર અને નરેંદ્રને આ ત્રણ ભુવનમાં જે સુખ છે, તે સુખ મોક્ષસુખની સંપદા પાસે અનંતમે ભાગે પણ નથી. ૫.

**संवेद्यं योगिनामेव, परेषां श्रुतिगोचरम् ।**
**उपमाऽभावतो व्यक्तमभिधातुं न शक्यते ॥ ६ ॥**

*मोक्षाष्टक ( हरिभद्र ), श्लो० १.*

( મોક્ષના સુખને ) કેવળ યોગીઓ જ જ્ઞાનથી જાણી શકે છે. બાકી બીજાઓ તો માત્ર એનું વર્ણન કાનથી જ સાંભળી શકે છે. વળી ( સંસારમાં મોક્ષને યોગ્ય ) ઉપમાનો અભાવ હોવાથી તેનું સ્પષ્ટ રીતે વર્ણન થઇ શકતું નથી. ૬.

**समस्तकर्मक्षयतोऽखिलार्थ-**
**प्रकाशयुक्तं सुखमद्वितीयम् ।**
**यस्मिन् त्रिलोकीसुखमस्ति बिन्दु-**
**र्मुक्तौ क इच्छेन्नहि को भवेद् द्विट् ? ॥७॥**

अध्यात्मतत्त्वालोक, प्रकरण २, श्लो० ४३.

( જે મોક્ષમાં ) બધાય કર્મનો ક્ષય થવાથી તમામ પદાર્થના પ્રકાશથી યુકત એવું અદ્વિતીય સુખ પ્રગટ થાય છે અને જેની આગળ ત્રણ લોકનું સુખ પણ એક બિંદુ સમાન છે એવા મોક્ષની કોણ ઇચ્છા ન કરે અથવા એનો કોણ દ્વેષી થાય ? ૭.

**परमानन्दरूपं तद्गीयतेऽन्यैर्विचक्षणैः ।**
**इत्थं सकलकल्याणरूपत्वात् साम्प्रतं ह्यदः ॥ ८ ॥**

मोक्षाष्टक ( हरिभद्र ), श्लो० ८.

આ પ્રમાણે એ ( મોક્ષનું સુખ ) બધાય કલ્યાણરૂપ હોવાના કારણે બીજા દર્શનકાર વિદ્વાનો તેને પરમાનન્દરૂપ કહે છે તે યોગ્ય જ છે. ૮.

**अपरायत्तमोत्सुक्यरहितं निष्प्रतिक्रियम् ।**
**सुखं स्वाभाविकं तत्र, नित्यं भयविवर्जितम् ॥ ९ ॥**

मोक्षाष्टक ( हरिभद्र ), श्लो० ७.

ત્યાં-મોક્ષમાં-કોઈ બીજાને આધીન નહિ ( એટલે કે પોતાને આધીન ) એવું, ઉત્સુકતારહિત, કોઈ પણ પ્રકારના વિરોધ વગરનું, સ્વાભાવિક, શાશ્વતું અને દરેક પ્રકારના ભય વગરનું એવું સુખ હોય છે. ૯.

## મોક્ષપ્રાપ્તિનો ઉપાયઃ—

**अयमात्मैव चिद्रूपः, शरीरी कर्मयोगतः ।**
**ध्यानाग्निदग्धकर्मा तु, सिद्धात्मा स्यान्निरञ्जनः ॥१०॥**

योगशास्त्र, प्रकाश ४, श्लो० ४.

ચૈતન્યના સ્વરૂપવાળો આ આત્મા જ કર્મના સંબંધથી શરીરને ધારણ કરે છે (એટલે સંસારમાં ભમ્યા કરે છે), અને તેજ આત્મા, જો ધ્યાનરૂપી અગ્નિવડે કર્મને બાળી નાંખે તો કર્મ રહિત થઇને સિદ્ધાત્મા થઈ જાય છે. ૧૦.

**समतैकलीनचित्तो ललनाऽपत्यस्वदेहममतामुक् ।**
**विषयकषायाद्यवशः शास्त्रगुणैर्दमितचेतस्कः ॥११॥**

अध्यात्मकल्पद्रुम, अधि० १, श्लो० ३.

( હે મોક્ષાર્થી પ્રાણી ) તું સમતામાં લીન ચિત્તવાળો થા, સ્ત્રી, પુત્ર, પૈસા અને શરીર ઉપરથી મમતા છોડી દે. ( વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે ) ઈંદ્રીયોના વિષયો અને ( ક્રોધ, માન, માયા અને લોભ એ ) કષાયોને વશ થા નહિ. શાસ્ત્રરૂપ લગામવડે તારા મનરૂપ અશ્વને કાબુમાં રાખ. ૧૧.

**तृणतुल्यं परद्रव्यं, परं च स्वशरीरवत् ।**
**पररामां समां मातुः, पश्यन् याति परं पदम् ॥ १२ ॥**

तत्त्वामृत, श्लो० ३२८.

જે મનુષ્ય પર ધનને તૃણ સમાન જાણે, અન્ય જીવના શરીરને પોતાના શરીર સમાન જાણે, અને પરસ્રીને માતા સમાન જાણે, તે મનુષ્ય મોક્ષપદને પામે છે. ૧૨.

जन्तूनामवनं जिनेशमहनं भक्त्याऽऽगमाकर्णनं,
साधूनां नमनं मदापनयनं सम्यग् गुरोर्माननम् ।
मायाया हननं क्रूधश्च शमनं लोभद्रुमोन्मूलनं,
चेतःशोधनमिन्द्रियस्य दमनमेतच्छिवोपायनम् ॥१३॥

पाण्डवचरित्र ( गद्य ).

સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવું, જિનેશ્વરની પૂજા કરવી, શ્રદ્ધાથી આગમનું શ્રવણ કરવું, સાધુઓને વંદના કરવી, જાત્યાદિ મદને દૂર કરવા, ગુરૂ જનનું સમ્યક્ પ્રકારે બહુમાન કરવું, માયાને હણવી, ક્રોધને શમાવી દેવો, લોભરૂપી વૃક્ષને ઉખેડી નાંખવો, ચિત્તને શુદ્ધ કરવું, અને ઇંદ્રિયોનું દમન કરવું; આ સર્વ મોક્ષનો ઉપાય છે. ૧૩.

भक्तिं तीर्थकरे गुरौ जिनमते सङ्घे च हिंसाऽनृत-
स्तेयाब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ।
सौजन्यं गुणिसङ्गमिन्द्रियदमं दानं तपो भावनाम्,
वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गन्तुं मनः ॥ १४ ॥

सिन्दूरप्रकरण, श्लो० ८.

જો મોક્ષ સ્થાનમાં જવાનું મન હોય તો તીર્થંકર, ગુરૂ, જિનમત અને ચતુર્વિધ સંઘને વિષે તું ભક્તિ રાખ, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, અને પરિગ્રહાદિકનો ત્યાગ કર, ક્રોધા-

દિક શત્રુઓનો વિજય કર, સજ્જનતા ધારણુ કર, ગુણીજનોનો સંગ કર, ઇંદ્રિયોનું દમન કર, દાન આપ, યથાશકિત તપ કર, ( ન બની શકે તેવા ધર્મકાર્યમાં ) ભાવના રાખ, તથા વૈરાગ્ય ધારણુ કર ! ૧૪.

**त्रिसन्ध्यं देवार्चां विरचय चयं प्रापय यशः,**
**श्रियः पात्रे वापं जनय नयमार्गं नय मनः ।**
**स्मरक्रोधाद्यारीन् दलय कलय प्राणिषु दयां,**
**जिनोक्तं सिद्धान्तं शृणु वृणु जवान्मुक्तिकमलाम् ॥१५॥**

सिन्दूरप्रकरण, श्लो० ९४.

હે ભવ્ય પ્રાણી ! તું ત્રિકાળ દેવપૂજા કર, યશના સમૂહને પ્રાપ્ત કર, સુપાત્રને વિષે લક્ષ્મીનું વાવવું કર-દાન કર, મનને નીતિ માર્ગમાં લઇ જા, કામ, ક્રોધ વિગેરે શત્રુઓને દળી નાંખ, પ્રાણીઓને વિષે દયા રાખ, જિનેશ્વરે પ્રરૂપેલા સિદ્ધાંતનું શ્રવણુ કર; આ પ્રમાણે કરવાથી શીઘ્રપણે મુકિતરૂપી લક્ષ્મીને તું વર. ૧૫.

**पूजा जिनेन्द्रेषु रतिर्व्रतेषु,**
**रुचिश्च सामायिकपौषधेषु ।**
**दानं सुपात्रे श्रवणं श्रुते च,**
**सत्साधुसेवा शिवमार्ग एषः ॥ १६ ॥**

**पुण्यधनकथा.**

જિનેશ્વરની પૂજા કરવી, વ્રતોને વિષે પ્રીતિ રાખવી, સામાયિક અને પોષધને વિષે રૂચિ રાખવી, સુપાત્રને વિષે દાન દેવું, શાસ્ત્રનું શ્રવણુ કરવું, અને સારા સાધુની સેવા કરવી; આ સર્વ મોક્ષનો માર્ગ છે. ૧૬.

देवो दलितरागारिः, गुरुस्त्यक्तपरिग्रहः।
धर्मः प्रगुणकारुण्यो मुक्तिमूलमिदं मतम् ॥ १७ ॥

सूक्तरत्नावली, पृ० ४७, श्लो० ४९२. ( आत्मा. स. )

રાગરૂપી શત્રુનો નાશ કરનાર દેવ, પરિગ્રહ રહિત ગુરૂ અને ઉત્કૃષ્ટ દયામય ધર્મ; આ ત્રણ મુક્તિના કારણરૂપ કહેલ છે. ૧૭.

तस्मात्त्वमपि राजेन्द्र ! देहि न्यायार्जितं धनम् ।
दानाज्ज्ञानं च तत्प्राप्य, ज्ञानात् सिद्धिं च यास्यसि ॥ १८ ॥

इतिहाससमुच्चय, अ० ३, श्लो० ६०.

—તેથી કરીને હે રાજેંદ્ર ! તું પણ ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનનું દાન કર, દાનથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જ્ઞાન પ્રાપ્ત થવાથી તું સિદ્ધિને પામીશ. ૧૮.

इन्द्रियाणां निरोधेन, रागद्वेषक्षयेण च ।
अहिंसया च भूतानाममृतत्वाय कल्पते ॥ १९ ॥

मनुस्मृति, अ० ६, श्लो० ६०.

ઇંદ્રિયોનો નિરોધ કરવાથી, રાગદ્વેષનો ક્ષય કરવાથી અને પ્રાણીઓની હિંસા ન કરવાથી પુરૂષ મોક્ષ મેળવવા સમર્થ થાય છે. ૧૯.

मुक्तिमिच्छसि चेत्तात ! विषयान् विषवत् त्यज ।
क्षमाऽऽर्जवदयाशौचं, सत्यं पीयूषवत् पिब ॥ २० ॥

वृद्धचाणक्यनीति, अ० ९, श्लो० १.

હે તાત (ભાઇ)! જો તું મુક્તિને ઈચ્છતો હોય તો વિષયોનો વિષની જેમ ત્યાગ કર, તથા ક્ષમા, સરળતા, દયા, શૌચ, અને સત્યને અમૃતની જેમ પી(-તેમનો આદર કર ). ૨૦.

**शत्रौ मित्रे पुत्रे बन्धौ, मा कुरु यत्नं विग्रहसन्धौ ।**
**भव समचित्तः सर्वत्र त्वं, वाञ्छस्यचिराद् यदि विष्णुत्वम् ॥२१॥**

मोहमुद्गर ( शङ्कराचार्य ), श्लो० १०.

હે પ્રાણી ! જો તું શીઘ્રપણે વિષ્ણુપણાને-વિષ્ણુરૂપ થવાને-ઇચ્છતો હોય તો તું શત્રુ, મિત્ર, પુત્ર અને બંધુ સર્વને વિષે કજીયો કરવામાં કે સંધિ કરવામાં ( અર્થાત્ શત્રુને વિષે કજીયો અને મિત્રાદિકને વિષે સંધિ કરવામાં ) યત્ન ન કર અને સર્વને વિષે સમાન ચિત્તવાળો થા. ૨૧.

**समं पश्यन् हि सर्वत्र, समवस्थितमीश्वरम् ।**
**न हिनस्त्यात्मनाऽऽत्मानं, ततो याति परां गतिम् ॥२२॥**

भगवद्गीता, अ० १३, श्लो० २८.

સર્વત્ર વ્યાપીને રહેલા ઇશ્વરને સરખી રીતે જોનાર પુરૂષ પોતાના આત્માવડે બીજા કોઇ પણ આત્માને હણુતો નથી, તેથી તે મોક્ષ ગતિને પામે છે. ૨૨.

**सर्वसङ्गपरित्यागः, सर्वद्वन्द्वसहिष्णुता ।**
**सर्वद्वन्द्वसमत्वं च, मोक्षस्य विधिरुत्तमः॥ २३ ॥**

इतिहाससमुच्चय, अ० १८, श्लो० ८९.

સર્વ સંગનો ત્યાગ કરવો, સર્વ ( સુખ દુઃખાદિક ) દ્વંદ્વને સહન કરવા, સર્વ (શુભ અશુભ વિષયો તથા વસ્તુઓરૂપી) દ્વંદ્વને વિષે સમદૃષ્ટિ રાખવી, આ મોક્ષનો ઉત્તમ વિધિ છે. ૨૩.

**यस्य चित्तं द्रवीभूतं, कृपया सर्वजीविषु ।**
**तस्य ज्ञानं च मोक्षश्च, किं जटाभस्मचीवरैः ? ॥२४॥**

पद्मपुराण, अ० ८१, श्लो० ३३.

જેનું મન સર્વ જીવોને વિષે કૃપાએ કરીને ભીંજાયેલું હોય, તેને જ જ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે. જટા રાખવાથી, ભસ્મ ચોળવાથી કે ચીવર પહેરવાથી ( અર્થાત્ કોઇ પણ જાતનો સાધુવેષ રાખવાથી ) શું ફળ છે ? કંઇ જ નથી. ૨૪. ????

**कर्मेन्धनं समाश्रित्य, दृढा सद्भावनाऽऽहुतिः ।**
**धर्मध्यानाग्निना कार्या, दीक्षितेनाग्निकारिका ॥ २५ ॥**

बृहदारण्यक, उत्तरभाग, श्लो० २१.

જેણે ( મોક્ષ મેળવવા ) દીક્ષા લીધી હોય તેણે કર્મરૂપી ઈંધનનો આશ્રય કરી ધર્મધ્યાનરૂપી અગ્નિવડે ઉચ્ચ ભાવનારૂપી દૃઢ આહુતિ આપીને, અગ્નિકારિકા કરવી–અગ્નિહોત્ર કરવું ૨૫.

**गतपङ्कं यथा तुम्बं, जले यात्युपरि स्वयम् ।**
**क्षीणकर्ममलो जीवस्तथा याति शिवालयम् ॥ २६ ॥**

જેમ કાદવના લેપ રહિત થયેલું તુંબડું પોતાની મેળે જળ ઉપર આવે છે–તરે છે, તેમ કર્મરૂપી મળથી રહિત થયેલો જીવ પોતે જ શિવાલયમાં–મોક્ષમાં–જાય છે. ૨૬.

निर्ममत्वं विरागाय, वैराग्याद्योगसङ्गतिः ।
योगात्सञ्जायते ज्ञानं, ज्ञानान्मुक्तिः प्रजायते ॥ २७ ॥

મમતાનો ત્યાગ વૈરાગ્ય માટે છે એટલે મમતાનો નાશ થવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, વૈરાગ્યથી યોગની પ્રાપ્તિ થાય છે. (એટલે મન, વચન, કાયાનું નિયમિતપણું અથવા ધ્યાનયોગ પ્રાપ્ત થાય છે.) યોગથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૨૭.

जिनपतिपदभक्तिर्भावना जैनतत्त्वे,
विषयसुखविरक्तिर्मित्रता सत्त्ववर्गे ।
श्रुतिशमयमशक्तिर्मूकताऽन्यस्य दोषे,
मम भवतु च बोधिर्यावदाप्नोमि मुक्तिम् ॥ २८ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २१.

શ્રીજિનેશ્વરના ચરણની સેવા, જિનેશ્વરના તત્ત્વને વિષે ભાવના, વિષયસુખથી વૈરાગ્ય, પ્રાણીઓ પ્રત્યે મિત્રતા, શાસ્ત્ર-શ્રવણ, શાંતિ અને ઇંદ્રિયદમનની શક્તિ, પારકાના દોષ (ના કથન) પ્રત્યે મુંગાપણું અને સમકિત; આટલી વસ્તુઓ, જ્યાં સુધી હું મોક્ષને ન પામું ત્યાં સુધી મને હોજો! (કારણ કે આ મોક્ષના ઉપાયરૂપ છે.) ૨૮.

## મોક્ષની યોગ્યતાઃ—

शुद्धस्फटिकसङ्काशो निष्कलश्चात्मनाऽऽत्मनि ।
परमात्मेति स ज्ञातः, प्रदत्ते परमं पदम् ॥ २९ ॥

योगशास्त्र, प्रकाश १, श्लो० ४.

શુદ્ધ સ્ફટિક રત્નની જેવો નિર્મળ અને અવયવ રહિત ( સંપૂર્ણ ) પરમાત્મા છે, એમ જ્યારે તેને આત્માને વિષે આત્માવડે જ જાણ્યો હોય ત્યારે તે મોક્ષ પદને આપે છે. ૨૯.

**समतां सर्वभूतेषु, यः करोति सुमानसः ।**
**ममत्वभावनिर्मुक्तो यात्यसौ पदमव्ययम् ॥ ३० ॥**

तत्त्वामृत, श्लो० २१५.

ઉત્તમ મનવાળો અને મમતા રહિત એવો જે પુરૂષ સર્વ પ્રાણીઓને વિષે સમતાને ધારણ કરે છે, તે પુરૂષ મોક્ષપદને પામે છે. ૩૦.

**सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते,**
**सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्ता ।**
**सदाऽनुभूत्या दृढनिश्चयो य-**
**स्तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥ ३१ ॥**

हृदयप्रदीप, श्लो० ३.

જેના ચિત્તમાં સમ્યક્ પ્રકારનો વૈરાગ્ય છે, જેના ગુરૂ તત્ત્વને જાણનાર છે, અને જેને સદા અનુભવવડે દૃઢ નિશ્ચય છે, તે જ પુરૂષની સિદ્ધિ થાય છે, બીજાની થતી નથી. ૩૧.

**एकाग्रचित्तस्य दृढव्रतस्य, पञ्चेन्द्रियप्रीतिनिवर्तकस्य ।**
**अध्यात्मयोगे गतमानसस्य, मोक्षो ध्रुवं नित्यमहिंसकस्य॥३२॥**

सूक्तमुक्तावली, पृ० २०५, श्लो० ४. ❋

જેનું ચિત્ત એકાગ્ર ( સ્થિર ) હોય, જે વ્રતમાં દૃઢ હોય, જે પાંચ ઇંદ્રિયોની પ્રીતિ( વિષયો )થી નિવૃત્તિ પામ્યો હોય,

જેનું મન અધ્યાત્મયોગને વિષે રહેલું હોય, તથા જે નિરંતર હિંસાથી નિવૃત્તિ પામ્યો હોય, તેને અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. ૩૨

**शीतोष्णादिभिरत्युग्रैर्यस्य बाधा न विद्यते ।**
**न भीतिमेति चान्येभ्यस्तस्य सिद्धिरुपस्थिता ॥ ३३ ॥**

मार्कण्डपुराण, अ० ३६, श्लो० ६४.

અત્યંત ઉગ્ર એવા શીત અને ઉષ્ણાદિકવડે જેને પીડા થતી ન હોય તથા જે બીજાથી ભય પામતો ન હોય, તેવા પુરૂષને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૩૩.

**अनुरागं जनो याति, परोक्षे गुणकीर्त्तनम् ।**
**न बिभ्यति च सत्त्वानि, सिद्धेर्लक्षणमुत्तमम् ॥ ३४ ॥**

मार्कण्डपुराण, अ० ३६, श्लो० ६३.

જેને જોઇને મનુષ્યો પ્રીતિ પામે છે, જે પરોક્ષમાં પણ (ગુણીના ગુણનું) કીર્તન કરે છે, અને જેનાથી કોઇ પણ પ્રાણી ભય પામતા નથી (તે સિદ્ધિપદને પામે છે). આ સિદ્ધિનું ઉત્તમ લક્ષણ છે. ૩૪.

**एकान्तशीलस्य दृढव्रतस्य,**
**मोक्षो भवेत् प्रीतिनिवर्तकस्य ।**
**अध्यात्मयोगैकरतस्य सम्यग्**
**मोक्षो भवेन्नित्यमहिंसकस्य ॥ ३५ ॥**

જે પુરૂષ એકાંત (અવશ્ય) શીયળવાળો હોય, વ્રત પાળવામાં દૃઢ હોય, અને પ્રીતિ (રાગ) રહિત હોય તેનો મોક્ષ

થાય છે. તથા જે સમ્યક્ પ્રકારે અધ્યાત્મયોગને વિષે જ ખૂબ તત્પર હોય અને નિરંતર અહિંસક હોય એટલે કોઇની હિંસા કરતો ન હોય તેનો જ મોક્ષ થાય છે. ૩૫.

विनष्टलोभा विषयेषु निःस्पृहाः,
प्रशान्तचित्ताः परिहीनमत्सराः ।
व्रजन्ति विष्णोः परमेव तत्पदं,
सनातनं यत् प्रवदन्ति योगिनः ॥ ३६ ॥

જેમનો લોભ નાશ પામ્યો હોય, જેઓ વિષયોમાં સ્પૃહા રહિત હોય, જેમનાં ચિત્ત અત્યંત શાંત હોય અને જેમનો મસ્તર ( ઇર્ષ્યા ) અત્યંત નષ્ટ થયો હોય, તે પુરૂષો, જે પદને યોગીઓ સનાતન પદ કહે છે એવા, વિષ્ણુના ઉત્કૃષ્ટ પદને પામે છે. ૩૬.

निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥ ३७ ॥

જેઓએ ( જાત્યાદિક આઠ ) મદ અને કામને જીત્યા હોય, જેઓ વાણી, કાયા અને મનના વિકાર રહિત હોય તથા જેઓ પરની આશાથી નિવૃત્ત થયા હોય તેવા સુવિહિત ( શાસ્ત્રોક્ત ક્રિયા કરનારા ) જનોને આ સંસારમાં જ મોક્ષ છે. ( તેઓ અહીં જ મોક્ષ સુખનો અનુભવ કરે છે એમ જાણવું ). ૩૭.

મોક્ષ પછી કર્મ નથી લાગતું:—

क्षीरात्समुद्धृतं त्वाज्यं, न पुनः क्षीरतां व्रजेत् ।
पृथक् कृतस्तु कर्मभ्यो नात्मा स्यात् कर्मवान् पुनः ॥३८॥

**यथा नीता रसेन्द्रेण, धातवः शातकुम्भताम् ।**
**पुनरावृत्तये न स्युस्तद्वदात्माऽपि योगिनाम् ॥ ३९ ॥**

જેમ દૂધમાંથી કાઢેલું ઘી ફરીથી કોઇ પણ પ્રકારે દૂધપણાને પામતું નથી એટલે દૂધરૂપ થઇ શકતું નથી, તેમ કર્મથી જુદો થયેલો આત્મા ફરીથી કર્મયુક્ત થતો નથી. જેમ સિદ્ધરસવડે સુવર્ણરૂપ થયેલી ધાતુઓ ફરીથી આવર્તન પામતી નથી એટલે ધાતુપણાને પામતી નથી તેમ યોગીઓનો આત્મા પણ મુક્તિને પામ્યા પછી ફરીથી સંસારમાં આવતો નથી. ૩૮, ૩૯.

## મોક્ષમાં અનન્ત જીવોનો અવિરોધઃ—

**नानादीपप्रकाशेषु, मूर्तिमत्स्वपि दृश्यते ।**
**न विरोधः प्रदेशेऽल्पे, हन्तामूर्त्तेषु किं पुनः ? ॥ ४० ॥**

થોડા પ્રદેશમાં, મૂર્તિમાન અનેક પ્રકારના દીવાઓનો પ્રકાશ પડતા છતાં તેમાં જરા પણ વિરોધ ( સંકડાશ વિગેરે ) દેખાતો નથી, તો પછી મોક્ષ સ્થાનમાં રહેલા અમૂર્ત જીવોનો વિરોધ શી રીતે હોય ? ૪૦.

**अल्पक्षेत्रे तु सिद्धानामनन्तानां प्रसज्यते ।**
**परस्परोपरोधोऽपि, नावगाहनशक्तितः ॥ ४१ ॥**

ન્હાના સિદ્ધક્ષેત્રમાં અવગાહના( રહેવાની તેવા પ્રકાર )ની શક્તિ હોવાથી અનંત સિદ્ધોને પણ પરસ્પર ઉપરોધ ( બાધા ) થતો નથી. ૪૧.

## આત્માના જ મોક્ષ અને સંસારઃ—

**अयमात्मैव संसारः, कषायेन्द्रियनिर्जितः ।**
**तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ॥ ४२ ॥**

योगशास्त्र, पृ० २७९, श्लो० ५. ( प्र. स. )

જો આ આત્મા જ કષાય અને ઇંદ્રિયોથી પરાભવ પામેલો હોય તો તે સંસાર કહેવાય છે, અને આ આત્મા જ જો તે કષાય અને ઇંદ્રિયોને જીતનાર હોય તો તે આત્મા જ મોક્ષ છે એમ પંડિતો કહે છે. ૪૨.

## બાહ્ય સુખમાં મોક્ષ નથીઃ—

**न शब्दशास्त्राभिरतस्य मोक्षो, न चैव रम्यावसथप्रियस्य ।**
**न भोजनाच्छादनतत्परस्य, न लोकचित्तग्रहणे रतस्य ॥४३॥**

आपस्तम्बस्मृति, अ० १०, पृ० ४४, श्लो० ७.

વ્યાકરણ શાસ્ત્રમાં નિપુણ હોય તેનો કાંઇ મોક્ષ થતો નથી, મનોહર પ્રાસાદમાં રહેવાની પ્રીતિવાળો હોય તેનો પણ મોક્ષ નથી, ઉત્તમ ભોજન અને વસ્ત્ર પહેરવામાં તત્પર હોય તેનો પણ મોક્ષ થતો નથી, તથા જે લોકોનું ચિત્ત રંજન કરવામાં આસક્ત હોય તેનો પણ મોક્ષ થતો નથી. ૪૩.

## મોક્ષઃ જ્ઞાનક્રિયા સાધ્યઃ—

**न ज्ञानं केवलं मुक्त्यै, न क्रिया केवला भवेत् ।**
**संयोगादुभयोः सम्यग् मुक्तिमाहुर्मनीषिणः ॥ ४४ ॥**

धर्मपरीक्षा, पृ० २३. ( आत्मा. स. )

એકલું જ્ઞાન મુક્તિને માટે નથી, તેમજ એકલી ક્રિયા પણ મુકિતને માટે નથી. પરંતુ તે બન્નેનો સમ્યક્ પ્રકારે સંયોગ થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ મુનિઓ કહે છે. ૪૪.

**મોક્ષઃ સ્વયં સાધ્યઃ—**

नैतद्भूतं भवति वा, भविष्यति न जातुचित् ।
यदर्हन्तोऽन्यसाहाय्यादर्जयन्ति हि केवलम् ॥ ४५ ॥

केवलं केवलज्ञानं, प्राप्नुवन्ति स्ववीर्यतः ।
स्ववीर्येणैव गच्छन्ति, जिनेन्द्राः परमं पदम् ॥ ४६ ॥

महावीरचरित्र, सर्ग ३, श्लो० ३०, ३१.

અરિહંતો બીજા(ઈંદ્રાદિક)ની સહાયથી કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવું કદાપિ થયું નથી, થતું નથી અને થશે પણ નહીં. પરંતુ જિનેંદ્રો માત્ર પોતાના જ વીર્યથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને પોતાના જ વીર્યથી મોક્ષ સ્થાનમાં જાય છે. ૪૫, ૪૬.

**જીવની મોક્ષ તરફ ઊર્ધ્વ ગતિઃ—**

**ऊर्ध्वं यथाऽलाबुफलं समेति, लेपेऽपयाते सलिलाशयस्थम् ।**
**ऊर्ध्वं तथा गच्छति सर्वकर्मलेपप्रणाशात् परिशुद्ध आत्मा ॥४७॥**

अध्यात्मतत्त्वालोक, प्रकरण ८, श्लो० १४.

જેવી રીતે પાણીમાં રહેલું તુંબડું (ઉપરનો માટીનો) લેપ દૂર થતાંની સાથે ઉપર આવી જાય છે તેવી જ રીતે બધા કર્મરૂપી મેલનો નાશ થવાથી શુદ્ધ થયેલો આત્મા ઉંચે જાય છે. ૪૭.

## સ્વર્ગ અને મોક્ષમાં ફેરઃ—

स्वर्गापवर्गौ भवतो विभिन्नौ,
स्वर्गाद् यतः स्यात् पतनं न मोक्षात् ।
स्वर्गे सुखश्रीः पुनरिन्द्रियोत्था,
ज्ञेया परब्रह्ममयी तु मोक्षे ॥ ४८ ॥

अध्यात्मतत्त्वालोक, प्रकरण ३, श्लो० २.

સ્વર્ગ અને મોક્ષ બન્ને જુદા જુદા છે. કારણ કે સ્વર્ગથી પતન થાય છે પણ મોક્ષમાંથી પતન નથી થતું. વળી સ્વર્ગમાં ઇંદ્રિયજન્ય સુખ છે જ્યારે મોક્ષમાં પરબ્રહ્મમય સુખ છે. ૪૮.

## કર્મના ક્ષયથીજ મોક્ષઃ—

तृष्णासमाप्तिर्जगतां भवेद् यदि,
शुष्यन्ति हेतुं च विनैव सागराः ।
सदागतिश्चेत् स्थिरतां भजेत् सदा,
मोक्षस्तदा कर्मविमोचनाद् विना ॥ ४९ ॥

हिमांशुविजय.

જો સમસ્ત જગતના પ્રાણીઓના લોભનો અન્ત આવે, કોઇ દૈવિક ( દેવતાઇ ) કારણ વગર બધાય સમુદ્રો સુકાઇ જાય અને પવન હંમેશાંને માટે સ્થિર થઇ જાય તો જ કર્મનો મૂળથી ક્ષય થયા વગર મોક્ષ થાય. (અર્થાત્ કર્મનો સર્વથા ક્ષય થયા વિના કદી પણ મોક્ષ થઇ શકતો નથી.) ૪૯.

**पुण्यार्थमपि नारम्भं, कुर्यान्मुक्तिपरायणः ।**
**पुण्यपापक्षयान्मुक्तिः, स्यादतः समतापरः ॥ ५० ॥**

विवेकविलास, उल्लास ११, श्लो० ७०.

મુક્તિને માટે તત્પર માણસે પુણ્યને માટે પણ આરંભ કરવો નહિ. કારણ કે પુણ્ય અને પાપના ક્ષયથી જ મોક્ષ મળે છે. તેથી સમતામાં તત્પર થવું. ( પુણ્ય અને પાપ બન્ને કર્મ જ છે. અને કર્મ હોય ત્યાં સુધી મોક્ષ ન થાય. તેથી પુણ્યને પણ દૂર કરવું જોઇએ. ) ૫૦

**कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्ममृत्य्वादिवर्जितः ।**
**सर्वबाधाविनिर्मुक्त एकान्तसुखसङ्गतः ॥ ५१ ॥**

मोक्षाष्टक ( हरिभद्र ), श्लो० १.

તમામ કર્મોનો ક્ષય થવાથી જ મોક્ષ મળે છે. તે મોક્ષ જન્મ અને મરણ વિગેરેથી રહિત, દરેક પ્રકારની ( શારીરિક માનસિક વિગેરે ) પીડાથી રહિત અને એકાંત સુખથી યુક્ત હોય છે. ૫૧.

# समाप्तोऽयं
## श्री सुभाषित-पद्य-रत्नाकरस्य
## द्वितीयो भागः ।